Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર પ્રભાત



વિ. સ. ખાંડેકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતવ પ્રભાત



પિ.સ. ખાંડેકર

6 ૪ ૫
20

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સંસ્કાર ગ્રંથાવલિ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાભરના સિદ્ધહસ્ત લેખકોનાં જ પુસ્તકો આપતી આ ગ્રંથાવલિ ૧૯૩૫થી શરૂ થઇ છે. એક રૂપિયો પ્રવેશ ફી ભરવાથી ગ્રંથાવલિનાં બધાં જ પુસ્તકો કાયમને માટે સસ્તી કિંમતે મળે છે.

[પહેલાં સાત વર્ષનાં પુસ્તકો]

૧	ભારેલો અગ્નિ	ર. વ. દેસાઈ ૫-૮
૨	ભૈરવી	શરદબાબુ ૪-૦
૩	કુમુદિની	ટાગોર ૪-૦
૪	પંકજ	ર. વ. દેસાઈ ૪-૦
૫	સાવકી મા	શરદબાબુ ૩-૧૨
૬	પ્રેમાશ્રમ-૧ લો	પ્રેમચંદજી ૪-૮
૭	પ્રેમાશ્રમ-૨ જો	પ્રેમચંદજી ૪-૮
૮	વિપદાસ	શરદબાબુ ૪-૮
૯	ઠગ (આયેશા)	ર. વ. દેસાઈ ૪-૦
૧૦	અનુરાધા-બડીદિદિ	શરદબાબુ ૪-૮
૧૧	શુભદા	શરદબાબુ ૩-૦
૧૨	ચરિત્રહીન	શરદબાબુ ૫-૮
૧૩	પ્રભાતકિરણો	પ્રભાતકુમાર ૩-૮
૧૪	નવીના (શેષ પ્રશ્ન)	શરદબાબુ ૪-૮
૧૫	ક્ષિતિજ-પૂર્વાર્ધ	ર. વ. દેસાઈ ૪-૮
૧૬	ગૃહદાહ	શરદબાબુ ૫-૦
૧૭	દરિદ્રનારાયણ પૂર્વાર્ધ	ગુ. આચાર્ય ૪-૦
૧૮	દરિદ્રનારાયણ ઉત્તરાર્ધ	ગુ. આચાર્ય ૪-૦
૧૯	બીડેલાં દ્વાર	મેઘાણી ૩-૦
૨૦	શોભના	ર. વ. દેસાઈ ૩-૮
૨૧	જય સોમનાથ	ક. મા. મુનશી ૫-૦
૨૨	પિયાસી	સુન્દરમ્ ૪-૦
૨૩	તુલસીક્યારો	મેઘાણી ૪-૦
૨૪	હૃદયવિભૂતિ	ર. વ. દેસાઈ ૩-૦
૨૫	ક્ષિતિજ-ઉત્તરાર્ધ	ર. વ. દેસાઈ ૪-૮
૨૬	રામકહાણી	ગુ. આચાર્ય ૪-૮
૨૭	અધૂરું સ્વપ્ન-પૂર્વાર્ધ	બચુભાઈ શુકલ ૫-૦
૨૮	અધૂરું સ્વપ્ન-ઉત્તરાર્ધ	બચુભાઈ શુકલ ૪-૦

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

/20
, ३ ६
की निशानियां
द्रह दिन से
स नहीं रख
पुनः आज्ञा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२५०३६

शाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



नूतन प्रभात



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી વિ. સ. ખાંડેકરનાં પુસ્તકો

[ભાષાંતરકર્તા : ગોપાળ ગ. વિદ્વાંસ]

પ્રગટ થયેલાં

ક્રૌંચવધ (બીજી આવૃત્તિ)	૫–૮
ઉલ્કા ,,	૪–૮
સુલભા (હિરવા ચાંદ્રા)	૪–૮
દાઝેલાં હૈયાં (જળેલેલા મોહર)	૩–૮
સૂનાં મંદિર (રિકામા ઢેવ્હારા)	૪–૮
નૂતન પ્રભાત (ટૂંકી વાર્તાઓ)	૪–૮

હવે પછી પ્રગટ થવાનાં

પહેલી પ્રીત (નવલકથા)	છપાય છે
દોન મનેં	નવલકથા
પાંઢરે ઢગ	,,
રૂપક-કથાઓ	(ટૂંકી વાર્તાઓ)

અને અન્ય પુસ્તકો ક્રમશઃ પ્રગટ થશે.

કેવડાના કાંટા (ટૂંકી વાર્તાઓ) ૩–૮

[ભાષાંતરકર્તા : શ્રી. વાડીલાલ દેસાઈ]

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ

પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ગ્રંથાવલિ પુસ્તક ત્રેપનમું

નૂતન પ્રભાત

(ટૂંકી વાર્તાઓનો સંગ્રહ)

મૂળ લેખક
વિ. સ. ખાંડેકર
ભાષાંતરકર્તા
ગોપાળ ગ વિક્રાંસ

આ૨. આ૨. શેઠની કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :
અ ચ ર ત લા લ ર. શે ઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ · (સૌરાષ્ટ્ર)

રૂ. ૪-૮-૦

પહેલી વાર : : ૧ : ૬ : '૪૯

: મુદ્રક :
દેવાશંકર હરિશંકર બન્સી
શ્રી આમલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ · (સૌરાષ્ટ્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

નવી આવૃત્તિ અને અનુવાદ-ભાષાંતરોને કારણે લાંબે સમયે લેખકને પોતાનાં જૂનાં લખાણો ફરી તપાસી જવાં પડે છે. એ વેળા એની દશા સહેજ મનોરંજક બને છે. એની સરખામણી જેને પૂર્વ-જન્મનાં ઝાંખાં ઝાંખાં સંસ્મરણો છે, છતાં વર્તમાન જન્મમાં જ જે વધારે તલ્લીન બની ગયો છે, તેવા માનવી સાથે થઈ શકે. બાણ-ભટ્ટની કાદંબરીમાં પુંડરીક મહાશ્વેતાના વિરહથી વ્યાકુળ બની જઈ પ્રાણત્યાગ કરે છે. વૈશંપાયન તરીકે તે નવો અવતાર ધારણ કરે છે. રાજકુમાર ચંદ્રાપીડ સાથે નવા જન્મે તે શિકારે જાય છે અને વનમાં ભટકતાં ભટકતાં શુભ્ર વસ્ત્ર પરિધાન કરેલી તપસ્વિની મહાશ્વેતાને તે જુએ છે. તેને જોતાં જ તેને ભારે સંભ્રમ પેદા થાય છે, અને એ તપસ્વિની સ્ત્રી જ પોતાની પૂર્વ જન્મની પ્રણયિની છે એવી ઝાંખી—અસ્ફુટ ભાવના તેને ઘેરો બનાવે છે. દસબાર વરસ પહેલાં લખેલા પોતાના સાહિત્ય તરફ નજર નાખતાં લેખક પણ એ જ તરેહની મૂંઝવણ અનુભવે છે. એ દૃષ્ટિ એને જાણીતાપણા સાથે અજાણ્યા-પણાના ભાવોનો મિશ્ર અનુભવ કરાવે છે. એ સાહિત્યનો સર્જક પોતે જ છે એ વાત તે વીસરી શકતો નથી. પણ તે સાથે હવે તે થોડેઘણે અંશે પોતાનો ટીકાકાર પણ બની શકે છે. સર્જનકાળે લેખક પોતાની સાહિત્યકૃતિ પ્રત્યે અવલોકનકારનું દૃષ્ટિબિંદુ પણ

ન્યૂ A.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવવા ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ તેમાં તેને બહુ ઓછી સફળતા મળે છે. પ્રેમમાં પડેલો ચિત્રકાર પોતાની પ્રિયતમાના સૌંદર્યનું કેવળ સૌંદર્યની દૃષ્ટિ રાખીને જ પૃથક્કરણ કરી શકે ખરો? સાહિત્યસર્જકનું પણ એવું જ છે.

એ તો નિઃસંદેહ વાત છે કે કોઈ પણ તરેહનું અંતર—ચાહે તો તે કાળનું હો, સ્થળનું હો, સંસ્કારોનું હો અગર તો દૃષ્ટિબિંદુઓનું હો—માનવીની ટીકાવૃત્તિને જાગ્રત કરી શકે જ છે. ચિત્રપટમાં પાઠ ભજવનાર કોઈ પણ નટ પોતે સુંદર અભિનય કરે છે એમ ખરેખરા દિલથી માને છે. છતાં જ્યારે થિયેટરમાં પ્રેક્ષકોને સ્થાને બેસી પડદા પર દેખાતાં પોતાનાં પ્રતિબિંબોનાં ભાવદર્શનો તે નિહાળે છે ત્યારે વારેવારે તે નારાજ થયા કરે છે, ગુસ્સે થાય છે, અને જાત પર ઘણીવાર ચિડાય પણ છે! આ દૃશ્ય વેળા પોતે આ તરેહનો અભિનય કર્યો હોત તો વધારે સારું, આ વાક્ય તો પોતે છેક જડસાની પેઠે બોલી ગયેલ છે, પોતાની દિલચાલ અમુક દૃશ્યમાં વધારે ઝડપી થવાની જરૂર હતી—આવી અનેક નાની મોટી ક્ષતિઓ પ્રેક્ષક તરીકે ચિત્ર જોતી વેળા એ નટ જોઈ શકે છે.

'નૂતન પ્રભાત' માંહેની ટૂંકી વાર્તાઓ ફરી વાંચી જતાં વેળા મેં પણ આવો જ અનુભવ તીવ્રતાપૂર્વક અનેક વેળા લીધો. આ આ સંગ્રહ માંહેની 'નૂતન પ્રભાત' અને 'બળી ગયેલો મોર' એ વાર્તાઓ પૈકી પહેલી વાર્તા મરાઠી વાચકવર્ગને ખૂબ ગમી ગયેલી છે; એની સરખામણીમાં 'બળી ગયેલો મોર' વાળી વાર્તા પ્રત્યે મરાઠી વાચકવર્ગે ઘણી ઉપેક્ષા દાખવી છે. પરંતુ મને તો એ બંને વાર્તાઓ લખતી વેળા લગભગ સરખો જ આનંદ થયેલો. એ બંને વાર્તાઓ લખતી વેળા હું બંનેમાં સરખી રીતે જ તલ્લીન બન્યો હતો. એવી તલ્લીનતાને કાળે વાર્તાની ગૂંથણી—રચનાતંત્ર વગેરે બધા સિદ્ધાંતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુ પર રહી જાય છે. વંટોળ સાથે ઊંચે ચડી જતું પાંદડું પોતાની ગતિ પર કોઈ તરેહનો કાબૂ કયાં રાખી શકે છે ? લેખન ચાલતું હોય ત્યારે મારી માનસિક સ્થિતિ લગભગ એ જ તરેહની બની જાય છે.

પણ આજે દસ વરસ પછી મને લાગે છે કે મારી આ બંને વાર્તાઓ સહેજ વધારા પડતી લાંબી થઈ છે. છેલ્લાં દશ વર્ષમાં ટૂંકી વાર્તાઓના સ્વરૂપમાં જે ફેરફારો થયા છે એ પરથી પણ મને એમ લાગતું હોય. છતાં એટલું કહેવું જોઈએ કે મેં એ વાર્તાઓ જ્યારે લખી ત્યારે મને આ વિચાર સહેજ પણ સ્પર્શી ગયેલ નહિ. ઝૂલો ગમે તેટલો ચગાવો તોપણ હીંચકા બાનારનું દિલ કદી પણ સંતોષ અનુભવતું નથી. આ વાર્તાઓ લખતી વેળા મારા મનની દશા પણ એ જ તરેહની હતી. ઊલટું તે વેળા હું એમ જ માનતો હતો કે મારે જે કહેવાનું છે તે યથાયોગ્ય વ્યક્ત કરવાને હિસાબે આ વાર્તાઓ જરા ટૂંકી જ રહી ગઈ છે ! સર્જનકાળે કલ્પનાઓ અને ભાવનાઓ જે પ્રક્ષુબ્ધતા અનુભવે છે, તેની પણ એ અસર હોઈ શકે છે ! લાંબા સમયથી હૈયામાં સતત ખૂંચ્યા કરતું કોઈ શલ્ય આપણે અતિ હળવે હાથે ખેંચી લઈએ, ઘનઘોર ઘેરાયેલા આકાશમાંથી વરસાદની જળધારાઓ ફૂટવા લાગે અને પછી ધીરે ધીરે આકાશ ચોખ્ખું થઈ જાય, તેવો જ ભાર હળવો થયાનો અનુભવ મારું મન મેળવે છે. તેમાં પણ મને મનગમતું લેખનકાર્ય જ્યારે હું કરતો હોઉં ત્યારે તો આ તરેહની લાગણી મને વધારે પ્રમાણમાં થાય છે. ઉક્ત બંને વાર્તાઓ લખતી વેળા મેં એવી જ લાગણી અનુભવી હતી. કોઈ સુંદર ખીલેલું ફૂલ કરમાઈ જાય છતાં પોતે અનુભવેલ એની સુગંધનું સ્મરણ મનમાં રમ્યા કરે, એવી લાગણી અત્યારે પણ હું એ વાર્તાઓ વિષે અનુભવું છું.

અને એ વાર્તાઓ આજે પ્રમાણમાં મને વધારા પડતી લાંબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતી હોય તોપણ ફેરફાર અર્થે તેમાંના ભાગો કાપી નાખવા હું જરા ય રાજી નથી. કોઈ માણસ વધારે પડતો ઊંચો હોય તો તેની ઊંચાઈ માફકસરની બનાવી દેવા કાંઈ તેનું માથું અગર પગ કાપી નાખવામાં નથી આવતા! નવસર્જનની ધૂન ઊતરી ગયા પછી પોતાના પાંડિત્યના પ્રદર્શન અર્થે કલાકાર જાણીબૂઝીને જે ફેરફારો કરે તે એના સર્જનના બાહ્ય સૌંદર્યમાં કદાચ ને ઉમેરો કરવામાં સહાયભૂત થાય. પણ એ શસ્ત્રક્રિયા કરવા જતાં ખુદ કલાકૃતિના જીવંતપણાને જ હાનિ પહોંચવાનો સંભવ વધારે હોય છે, એ કલાકારે ભૂલવું જોઈએ નહિ! એ સિદ્ધાંતનો સ્વીકાર કરીને જ મેં આ સંગ્રહ માંહેની વાર્તાઓ બધી જેમની તેમ જ રહેવા દીધી છે. માત્ર વર્ષો પસાર થયા પછી એ વાર્તાઓ ફરી વાંચી જતાં મારા મનમાં જે તરેહ-તરેહની ઊર્મિઓ ઊછળી રહી છે, તે અહીં પ્રસ્તાવનારૂપે ટૂંકમાં રજૂ કરવાનું અપ્રાસંગિક નહિ લેખાય એમ માનું છું.

દાખલા તરીકે 'નૂતન પ્રભાત' વાળી વાર્તા લઈએ. એ માંહેનો રમાકાંતનો પત્ર વાંચતી વેળા કોંકણમાં એક નાના ગામડામાં વિતાવેલાં જીવનનાં કિંમતી અઢાર વર્ષોની જ જાણે કોઈ ચિકિત્સા કરી રહ્યું છે એમ મને થઈ આવે છે.

એ વાર્તા માંહેનું રમાકાંતનું પાત્ર કેવળ કાલ્પનિક નથી. એ મારા જ એક વિદ્યાર્થીનું ચિત્ર છે. ગરીબાઈને કારણે મૂંઝાયેલો અને દૂબળા હૈયાને પરિણામે વધારે દુઃખી બનેલો પંદર વરસ પૂર્વેનો એ મુગ્ધ ખીલતી કળી જેવો કિશોર આજે ય હજુ મારી આંખ સામે તરવરે છે. નિશાળમાં મેં તેને માથીમાં રાખ્યો હતો, તેની પ્રગતિ પ્રત્યે હમેશાં હું સહાનુભૂતિ દાખવતો હતો. એ મૅટ્રિક પાસ થયો ત્યારે પોતે કોઈ મહાન લડાઈ જીત્યો હોય એવી માન્યતાથી તેણે મને જે પત્ર લખેલો તે વાંચતાં મેં પણ ખૂબ ખૂબ હર્ષ અનુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવેલો! પણ—

પણ એનો એ આનંદ ક્ષણિક નીવડ્યો! મૅટ્રિક પાસ કર્યા છતાં એને ક્યાંઈ નોકરી મળતી નહોતી. પોતાનાં નાનેરાં ભાંડુઓના ક્ષુધાર્ત ચહેરા તેની નજર સામે સતત નાચી રહ્યા હતા. આખરે એ ગરીબ ઉજળિયાત વર્ગનો કિશોર-કુમાર એક મિલમાં દાખલ થયો. નાનપણમાંથી જ દારિદ્રયને કારણે કોતરાઈ રહેલા એના દૂબળા દેહથી મિલની નોકરીનો બોજો સહી ન શકાયો. એ માંદો પડ્યો. એને ક્ષય લાગુ પડશે એવાં ચિહ્નો દેખાવા લાગ્યાં. હવાફેર માટે એ શિરોડા પાછો આવ્યો ત્યારે મને મળ્યો. શૉર્ટહૅન્ડ અને ટાઇપ-રાઇટિંગનું શીખીને ક્યાંઈક નોકરી કરવાનું એણે નક્કી કર્યું હતું. મેં એને મારાથી બનતી મદદ આપી. સહેજ આરામ થતાં જ પાછો એ મુંબઈ ભણવા ગયો. શૉર્ટહૅન્ડ ટાઇપિંગ શીખીને ફરી એણે નોકરીની શોધ કરવા માંડી. પણ—

પણ 'એ ભગવાન એના એ'નો એને ફરીથી અનુભવ થયો. જે મુંબઈમાં ઘોડાઓ અને મોટરો તેમ જ મદિરા અને મદિરાક્ષીની પાછળ હજારો નાલાયક ગર્ભશ્રીમંતો પળે પળે પૈસો પાણીની પેઠે વાપરી રહ્યા છે, એ મુંબઈમાં પ્રામાણિક મહેનત કરીને એક જુવાનને બે ટંક સૂકા રોટલા ખાઈને પણ પેટનો ક્ષુધાગ્નિ શાંત કરવાનું શક્ય નથી, એ વિષે એની ખાતરી થઈ ચૂકી. નાનપણમાં એણે સાંભળેલું કે મુંબઈમાં માબાપ વિનાનું બધું મળે છે; પણ અનુભવે એણે કડવું સત્ય જોયું કે મુંબઈમાં માનો હેતાળ હાથ તો નથી જ, પરંતુ એક ટંક રોટલો પણ મળવાની જ્યાં મારામાર છે ત્યાં બીજું બધું તો મળે જ શાનું? આવા રાક્ષસી શહેરમાં પોચા અને ભલા માણસો ભૂખે મરે છે, જ્યારે માતેલા ગુંડાઓ જાતજાતની મજાઓ માણી શકે છે! આ પરિસ્થિતિ એને શલ્ય પેઠે ખૂંચવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. કોઈ જાતના વગવસીલા વિના, તરેહતરેહની હાથચાલાકીની રમતો રમ્યા વિના, 'અ' અને 'બ' બંને જીવજાન મિત્રો હોવા છતાં વખતપર એ મિત્રો જ સામસામે ગળાં કરી નાખ્યા વિના આ દુનિયામાં જીવી શકે નહિ એ નવા તત્ત્વજ્ઞાનને આત્મસાત કર્યા સિવાય સામાન્ય માનવીનું આ માયાવી શહેરમાં કશું જ ચાલી શકે એવું નથી એ જાણ થતાં રમાકાંત દિલમાં ખૂબ રંજ પામ્યો—નિરાશ થયો. આખરે કંટાળીને અને પ્રવર્તમાન દુનિયા પર ચિડાઈને એ અભાગી કિશોર આપઘાત કરવા તૈયાર થયો! પરંતુ—

પરંતુ આત્મહત્યા કરવી એ શું સહેલું કામ છે? આપઘાત કરવાના નિશ્ચય સાથે રેલ્વેના પાટા પર માથું રાખી સૂઈ ગયા પછી મનમાં ઊઠેલા વિચારોનું ભયંકર તોફાન એણે ત્યાર પછી મને એક પત્રમાં લખી જણાવ્યું હતું. સીતાને 'કારુણ્યની મૂર્તિ' કહેનાર ભવભૂતિએ એ પત્ર વાંચ્યો હોત તો અવશ્ય એમાંથી એક શ્રેષ્ઠ નાટક સરકી પડત! મારામાં એવી પ્રતિભા કે સામર્થ્ય નથી; પણ એ પત્ર વાંચ્યા પછી હું ખૂબ જ બેચેન બની ગયો. મારી એ માનસિક અસ્વસ્થતાનું ફળ તે 'નૂતન પ્રભાત.'

એ વાર્તા માંહેનો રમાકાંતનો પત્ર વાંચતાં વાંચતાં—ખાસ કરી એ પત્રનો છેવટનો ભાગ વાંચતાં વાંચતાં આજે પણ હું અગાઉના જેટલો જ બેચેન બની ગયો છું. પોતાના ત્યાગી ગુરુને તે લખે છે:

"આપ્તાસાહેબ! આપના સ્વાર્થત્યાગ વિષે મારા દિલમાં પુષ્કળ આદરભાવ છે. પણ કેવળ ભણતરની શાળાઓ ચલાવવાથી લોકો સુખી થાય ખરા? તમારી શાળામાંથી ભણી ઊતરેલા આગલી હરોલના કેટલાક વિદ્યાર્થીઓ જરૂર સારી પાયરીએ પહોંચ્યા હશે. પણ એનો જશ એ જમાનાને છે. તમારે ત્યાં તમને અપાયેલ માનપત્ર મેં વાંચ્યું. સાચું કહું છું, એ માનપત્ર આપનાર પ્રત્યે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા છૂટી ! શૂરવીર હિંમતબાજ લડવૈયાને લશ્કરમાં રસોડું સંભાળવાનું સોંપાય તો તેને માનપત્ર આપનારાઓની બુદ્ધિ વિષે જેટલો આદર..... એ વાત જ જવા દઈએ !

" શૂરવીરતા અને ત્યાગ જેવા સદ્‌ગુણો ઠેર ઠેર મળી આવે એવા રેઢા નથી પડ્યા. પણ એનો યોગ્ય ઉપયોગ થવાની જરૂર નથી શું ?

" આબાસાહેબ ! તમે ત્યાગનું મહામંદિર બંધાવ્યું ખરું, પણ તેનો પાયો રેતીમાં નખાયેલ છે ! આજની અમારી પેઢી એ ભૂલનું પુનરાવર્તન ન કરે એમ હું ઇચ્છું છું. કરોડો લોકો આજે વિપરીત પરિસ્થિતિરૂપી જેલમાં સબડ્યાં કરે છે. જેલની એ દીવાલો સામે ઝૂઝવામાં ખરું શૌર્ય સમાયું છે. મારા સરખા જુવાનો કશા ય અંગત અપરાધ વિના જીવનનો પ્રાતઃકાળ પૂરો કરતા પહેલાં જ સંધ્યાના ઘેરા ઓળા તળે સપડાય છે ! એ ઓળા છો વધારે ઘેરાતા. જેલની એ નક્કર દીવાલો તોડવામાં જુવાનોનું જે રુધિર છંટાશે એને લીધે જ એ ઘેરા ઓળામાં પણ પ્રભાતની લાલી પ્રસરશે. આ નૂતન પ્રભાત સવેળા પ્રગટે એવા તમારા આશીર્વાદ માગું છું."

એ લીટીઓ મેં પોતે જ લખી છે. પણ એ વાંચતી વેળા જાણે હું આરોપીના પાંજરામાં ઊભો છું, અને રમાકાંત ન્યાયમૂર્તિને સ્થાને બેસી પુષ્કળ સહાનુભૂતિ સાથે એટલી જ ન્યાયનિષ્ઠુરતાપૂર્વક મારા ભૂતકાળના જીવનની જાણે ચિકિત્સા કરી રહેલ છે !

કેળવણીમાં સમાયેલી શક્તિ ઉપર મારી શ્રદ્ધા હતી, આજે પણ છે. પણ —

ખરેખર શું કેવળ ભણતરની શાળાઓ ચલાવવાથી લોકો સુખી થાય ખરા ? અને જે લોકોને આપણે સુખી કરવા માગીએ છીએ તેઓ પેઢીઘર સ્વાતંત્ર્યમાં ઊછરેલા, બુદ્ધિવાદી જીવન જીવતાં જીવતાં તે સાથે તેને પોષક થાય એવું તત્ત્વજ્ઞાન નિર્માણ કરનારા, શારીરિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખના જેટલી જ આત્માના સુખની કિંમત કરનારા લોકો તો નથી જ! સો દોઢસો વર્ષો સુધી સામ્રાજ્યશાહીની રક્તશોષણની ચક્કીમાં સપડાઈને ચકદાઈ રહેલા, અજ્ઞાન દારિદ્રય અને અંધશ્રદ્ધાના ઘેરા અંધકારમાં પેઢીઓથી માર્ગ શોધવા માટે અટવાતા, જાતિભેદ ધર્મભેદ અને મતભેદને કારણે ઐકય અને લડાયકવૃત્તિનો નાશ થતાં ચેતનહીન થઈ ગયેલા અને આત્માની અધિરતાને કારણે જામી ગયેલી માનસિક ગુલામી વૃત્તિને પરિણામે ગોકળગાય જેવા બનેલા અભાગી દેશના તેઓ વતનીઓ છે! દુનિયાની નજરે આજે તેઓ આઝાદી પામ્યા છે; આઝાદ હિંદનો ત્રિરંગી ઝંડો તેઓ અભિમાનભેર ઊંચે ગગનમાં ફરકાવી પણ શકે છે. પરંતુ તે સાથે તેમનાં મન સ્વતંત્ર રીતે વિચાર કરતાં થયાં છે, એમની બુદ્ધિને ઢાંકી દેનારાં પડળ ખસી ગયાં છે, એમના આત્માને અંધ બનાવનારી મોહની છાયા હટી ગઈ છે, એમ — એમ હું કહી શકતો નથી! આ શબ્દો કાઢતાં મને અસહ્ય દુઃખ થાય છે. પણ માત્ર દુઃખ થાય એ જ કારણે સત્યને છુપાવી રાખવાથી શો લાભ?

સરખામણી અર્થે બે સાદા દાખલાઓ હું આપવા ધારું છું. છેલ્લા મહાયુદ્ધે ઈંગ્લાંડના સુખી જીવનની અક્ષરશઃ ધૂળધાણી કરી નાખી છે. દુર્ભાગ્યની આ ઊંડી ખાઈમાંથી દેશને ઉગારી ઊંચે ચડાવવાના વ્યવસ્થિત અને પદ્ધતિસરના પ્રયત્નો ત્યાંનો હરેક નાગરિક કરી રહ્યો છે — પ્રાથમિક શાળાના શિક્ષકથી માંડીને વડા પ્રધાન સુધીની હરેક વ્યક્તિ એમાં તનમનથી પ્રયત્નશીલ બની રહી છે! ઉચ્ચ અભ્યાસ અર્થે ઈંગ્લાંડમાં ગયેલા મારા એક વિદ્યાર્થીનો મારા પર તાજેતરમાં એક પત્ર છે. તેમાં તે લખે છે. "અહીંના લોકો ખૂબ સાદા છે. ખાસ કરીને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તો અતિશય સાદાઈથી રહે છે. એકનો એક કોટ આખું વરસ વાપરનારા અંગ્રેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓ અહીં પુષ્કળ નજર આવે છે. આપણા દેશના કૉલેજના વિદ્યાર્થીઓ ફૅશન માટે જાણીતા છે, તો અહીં કૉલેજના વિદ્યાર્થીઓ તેમની સાદાઈને કારણે જ જુદા તરી આવે છે."

બહુ જ થોડાં વાક્યો છે! પણ એ વાંચતાં વાંચતાં આપણે ત્યાંના કૉલેજના વિદ્યાર્થીઓની લાંબી કતાર મારી આંખ સામે મંડાઈ ગઈ! કેવળ એમના ઉદાર આશ્રયને પરિણામે જ આપણા દેશના હોશિયાર દરજીઓ એક પદવીધર શિક્ષક કરતાં પાંચદસ ગણી માસિક કમાણી સહેજે મેળવી શકે છે! અંગ્રેજોએ આપણા દેશ-માંથી વિદાય લીધાં દોઢ વરસ થઈ ગયું છે, પણ એના કોટપેન્ટની ફૅશન હજી અહીં જ ધામા નાખીને પડી છે! જે દેશના કેળવાયેલ જુવાનોના દિલમાં પણ અંધ અનુકરણ અને પ્રવાહપતિત રહેણીમાંથી મુક્તિ મેળવવાના પ્રયત્નો આદરવાની પ્રબળ આકાંક્ષા જેસભેર જાગી નથી ઊઠતી, ત્યાં બીજાઓની તો વાત જ શી કરવી? નજર નાખો ત્યાં ચોપાસ કાપડની ખેંચ વિષે હરેક જણ ખૂબ પાડતો દેખાય છે. જાતજાતની અને ભાતભાતની નવી ફૅશનનાં પોશાકો અગર જંપર પહેરીને મહાલવાની ઇચ્છા ન સંતોષાવાને કારણે મધ્યમ વર્ગની સ્ત્રીઓ સરકાર પ્રત્યે નારાજ છે, અને બારીક મર્સરાઇઝ ધોતીજોટા બહુ મોંઘા થવાથી તેમના પતિરાજો પણ આજની કફોડી સ્થિતિને ભાંડવાનું છોડતા નથી. હરેકહરેક જણ અસંતુષ્ટ છે. પણ આ દેશની ગરમ આબોહવામાં આપણે પુષ્કળ કપડાં પહેરવાની જે અભિલાષા સેવીએ છીએ તેટલાં કપડાં પહેરવાની જરૂર જ નથી એ વાત કોણ સાંભળે છે? અગાઉના જમાનામાં (મહારાષ્ટ્રમાં તો ખાસ કરીને) છોકરાઓ લંગોટી પહેરતા, પુરુષો પંચિયાં વીંટતા અને સ્ત્રીઓને એક સાડી અને એક ચોળી બસ થઈ રહેતી. એ હકીકત કોઈ મહાન ઇતિહાસસંશોધક પુરાતત્ત્વની પેઠે શોધ તરીકે જાહેર ન કરે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી આજે કોઈ માનવાને તૈયાર નથી એનું શું થાય?

બીજો દાખલો પણ ઇંગ્લાંડનો જ છે. દોઢ વરસ પહેલાં મજૂરોની પરિસ્થિતિ અને તેમના સવાલોનો અભ્યાસ કરવા ગયેલા એક સદ્‌ગૃહસ્થે હમણાં જ મને આ માહિતી આપી છે. ત્યાંની સરકારને વીજળીના પુરવઠામાં કાપ મૂકવાની જરૂર જણાઈ હતી. સરકાર તરફથી એવો વટહુકમ જાહેર પણ થઈ ગયો; એનો અમલ પણ શરૂ થયો. આખો દિવસ ઉદ્યોગધંધામાં રોકાયેલા લાખો લંડન-વાસીઓ માટે રાત્રિ જ સાચી વિશ્રાંતિ આપનારી છે. એના સાથમાં જ માનસિક તાણથી ઉત્તેજિત બનેલા જ્ઞાનતંતુઓને વિશ્રાંતિ આપવાનું અને થાકી ગયેલા શરીરને ફરી પાછું તાજું કરવાનું શક્ય બને છે. બળબળતા તાપમાંથી ઉતાવળે ઘેર આવી પોચી કુમાશભરી તળાઈમાં આળોટી જે જાતનો આરામ અને તાજગી મેળવી શકાય છે, તે જ જાતની તાજગી અને શાંતિ ઑફિસોમાં, કારખાનાંઓમાં, યંત્રોના ઘરઘરાટમાં અને વાહનોની દોડીદોડી વચ્ચે આખો દિવસ રખડપાટ કરતા લંડનવાસીને રાતનાં નૃત્યગીતોના કાર્યક્રમોમાં મળે છે.

પણ વીજળીની ખેંચ ઊભી થતાં જ ચોમેર અંધકારનું સામ્રાજ્ય પથરાઈ ગયું. હિંદમાંથી ત્યાં પહોંચેલા પેલા ભાઈને લાગ્યું કે હવે આ લોકોના રાતના મનરંજનના કાર્યક્રમો શી રીતે ચાલવાના છે? અને એ કાર્યક્રમો ન હોય તો દિવસ આખો ગતિમાન રહેતાં એ માનવી-ચક્રોને સ્નિગ્ધતા કયાંથી પ્રાપ્ત થશે? છેવટ રાતના બેચાર કલાકને માટે પણ અનેક ચિંતાઓના માનસિક બોજાઓને બાજુએ ફેંકી દઈ, નિષ્ઠુર જીવનસંગ્રામે કાપી નાખેલી પાંખો ક્ષણમાત્રમાં નવી ઉગાડી ઉડ્ડયન કરતાં કોઈ નવી સૃષ્ટિમાં પ્રવેશ કરવો: મોજ – કેફ – ગંમત – આનંદ – ઉન્માદ એ સિવાયના બધા શબ્દોને એ બેચાર કલાકો સુધી દેશવટો આપી દેવો, એ જાતની ટેવ તો લંડન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસીઓને રોજની થઈ પડેલી. હવે વીજળી વિનાના અંધારિયા શહેરમાં આ રોજનો કાર્યક્રમ પૂર્વે ચાલતો હતો તેમ શી રીતે ચાલશે?

પણ લંડનવાસીઓ સન્મુખ ખડો થયેલ આ ભયસૂચક પ્રશ્નાર્થ તેમને ગભરાવી ન શક્યો. લોકો સમજી ગયા હતા કે અત્યંત નાઇલાજ બની જવાથી જ સરકારે વીજળીના પુરવઠા પર કાપ મૂક્યો છે. આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક જણાતો અરજીઓ-વિનતિઓ – તકરારો વગેરે પદ્ધતિઓનો આશ્રય લેવાનો વિચાર પણ તેમના મનમાં પેદા ન થયો. મનોરંજનના કાર્યક્રમો પહેલાંની પેઠે જ ચાલુ રહ્યા. અંધારાની પરવા રાખ્યા વિના લોકો અગાઉની પેઠે જ એ કાર્યક્રમોમાં પણ ભાગ લેતા હતા. અજવાળાને અભાવે અકસ્માત ન થાય તે માટે મોટરોની ગતિઓ ધીમી પાડવામાં આવી, લોકો પણ વધારે સાવચેત બની રસ્તાઓ ઓળંગવા લાગ્યા. દરેક પોતાનું શું કર્તવ્ય છે તે જાણી લેવામાં ધ્યાન પરોવ્યું. અને જાણે કે વીજળી-પુરવઠાની ખેંચ ઊભી જ નથી થઈ એવી ભાવના સાથે શહેર આખાનો વહેવાર સરલતાપૂર્વક ચાલ્યા કર્યો. આ તરેહની સામાજિક વહેવારની સમજણ આપણે ત્યાં પ્રજામાં કેટલે અંશે પેદા થઈ છે? 'વાવે તેવું લણે' વાળી કહેવત અમે શિક્ષકો નિશાળમાં રોજ ભણાવશું, પરંતુ રોજ-બ-રોજના સામાજિક જીવનમાં નૂતન વિચારોનાં બીજ વાવવા માટે કમર કસવાની તૈયારી અમે કદી નહિ દાખવીએ! ભારતીય સંસ્કૃતિનાં શાબ્દિક વખાણ આપણે પુષ્કળ ગાયા કરીએ છીએ. પણ એ સંસ્કૃતિનું આચરણ થોડે અંશે પણ આપણે કરી બતાવીએ છીએ કે કેમ, એની ચિંતા આપણે કદી જ રાખતા નથી. વિચારો અને આચાર, ઇચ્છા અને કૃતિ, હક્ક અને કર્તવ્ય એ દ્વંદ્વની વચમાં આડે એક ઊંચી મજબૂત દીવાલ ઊભી કરી આપણે નિરાંતે બેસી ગયા છીએ. એ દીવાલ એમ આપોઆપ થોડી જ તૂટી પડવાની છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયના પસાર થવા સાથે એ દીવાલો તો વધારે ને વધારે મજબૂત થતી જાય છે. હાથમાં બુદ્ધિવાદરૂપી ત્રિકમ ઉઠાવી, શરીરે પરસેવાના રેલા ચાલ્યા જતા હોય તોપણ ઘા ઉપર ઘા મારતા જઈ, ઢીલો થયેલો દીવાલનો કોઈ પથરો અચાનક માથે ખરી પડશે તો મૃત્યુ આણશે તેવી બીકની પરવા પણ રાખ્યા વિના – એ બીકને તુચ્છકારી કાઢી, જ્યારે પ્રજાના લાખો અને કરોડો આદમીઓ એ દીવાલને તોડી પાડવા તત્પર થશે ત્યારે જ —

એ સમય હજુ આવી લાગ્યો નથી. તેથી જ તો રમાકાંતે આશ્રમશાળાને પૂછેલ સવાલ વાંચતાં જ મારા મનમાં અનેક વિચાર-તરંગો પેદા થાય છે. રમાકાંત આશ્રમશાળાને લખે છે: "કેવળ ભણતરની શાળાઓ ચલાવવાથી લોકો સુખી થાય ખરા?" બેશક, આશ્રમશાળાની શક્તિઓ પુષ્કળ મર્યાદિત છે. એના જમાનામાં જે કાર્ય એને સમાજના હિતનું લાગ્યું તે કરી છૂટવા તેણે કમર કસી હતી. એ કાર્ય પાર પાડતા દરમિયાન એને જે કાંઈ થોડું ઘણું સહન કરવું પડેલું તે તેણે હસતે મોંએ સહી લીધું. રમાકાંતના સવાલનો સંતોષકારક જવાબ તે આપી શકે તેમ નથી જ. પણ રમાકાંતે એ જ સવાલ ખુદ ગાંધીજીને પૂછ્યો હોત તો? "કેવળ રેંટિયા ફેરવવાથી લોકો સુખી થાય ખરા?" એવો સવાલ તેણે હિંમતપૂર્વક મહાત્માજીને પૂછ્યો હોત તો?

ગાંધીજીની અલૌકિક કર્તૃત્વશક્તિ વિષે મારા દિલમાં ભક્તિ-ભર્યો આદર છે. ચંપારણથી માંડીને નોઆખલી સુધીનો તેમનો જીવનપટ કોઈ મહાકવિની કલ્પનાશક્તિ પણ ચીતરી ન શકે એવા ભવ્ય અને ઉદાત્ત સ્વપ્નસમો છે. શિબિરાજા, દધીચિ, ભગીરથ, રામચંદ્ર વગેરેના ભારતીય સંસ્કૃતિના આદર્શભૂત અનેક સદ્‌ગુણોને એકીસાથે વણીને પ્રકૃતિએ તેમનો આત્મા સરજ્યો હતો એ વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા જ નથી. પરંતુ તેમના પ્રત્યેના મારા ભક્તિભાવમાં અંધશ્રદ્ધા નથી. મારામાં રહેલો રમાકાંત રહીરહીને જાગી ઊઠે છે અને કહે છે: 'જનતાને જાગ્રત કરવા અર્થે, જે નવી દુનિયાનું સ્વપ્નું માનવતા સેવે છે તેના પાયાના ચણતર અર્થે, ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ બરાબર છે. પણ એ કામ કરવામાં જ મોટાં મોટાં અગત્યનાં મોરાં રોકાઈ જવાથી આજની ઘડીએ અત્યંત જરૂરી એવી જે સામાજિક ક્રાંતિ ઊભી કરવાની છે તે જાણેઅજાણે પાછળ ધકેલાતી નથી શું? ગાંધીજીની રામરાજ્યની કલ્પના અવશ્ય હિમાલયના અતિ ઉચ્ચ શિખર સમી છે; એને પહોંચવાનો સાહસિક શોધકોએ જરૂર પ્રયત્ન કરવો જોઈએ. પણ એ પ્રયત્નમાં સાધારણ માનવી બહુ મોટો ભાગ લઈ શકતો નથી. ગાંધીજીના ઉચ્ચ આદર્શો વ્યક્તિગત જીવનમાં ઉતારવાનું ભલે કષ્ટસાધ્ય હોય, છતાં શક્ય છે. પરંતુ નૈતિક મૂલ્યોની બાબતમાં વધારે ને વધારે દેવાળિયા બનતા જતા આપણા સામાજિક જીવનમાં તુરત ક્રાંતિ આણવાનું કાર્ય પણ એ સાધી શકશે એવી આશા રાખીએ, તો શું તે કેવળ સ્વપ્નું જ નહિ ગણાય?

મારી નજર સામે અનેક આદરણીય વ્યક્તિઓ તરી આવે છે. ૧૯૨૦ ની પહેલી ઑગસ્ટથી ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટ સુધીનાં લગભગ પચીશ વર્ષો સુધી (બે તપ સુધી) નિર્ભય રીતે ગાંધીજીને પગલે પગલે ચાલીને આ વ્યક્તિઓએ દેશની સેવા બજાવી છે. એમની બુદ્ધિશક્તિ વધારે કે તેમનો ત્યાગ વધારે, એ નક્કી કરવું પણ મુશ્કેલ છે. તે સેવકોની કર્તૃત્વશક્તિની તલવારમાં જેટલું પાણી છે તેટલી જ કિંમતી તેની મૂઠ પણ છે. ઉપલક દૃષ્ટિએ અતિ સામાન્ય દેખાતી પણ ખરું જોતાં અસાધારણ હોય એવી આ વ્યક્તિઓની સઘળી શક્તિ એકાદ કોઈ ગામડામાં કોઈ હરિજન છાત્રાલય ચલાવવામાં, અગર તો કોઈ નાનું એવું બાલકેન્દ્ર ટકુમકુ ટકાવી રાખ-

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં, અથવા કોઈ સારી બાબત અંગે પ્રામાણિક રીતે પરંતુ નિષ્ફળતાભર્યો પ્રચાર કરવામાં આવ્યો છે. મહાત્માજીના આ સાચા સેવકો તેમની હાકલ પડતાં જ હરકોઈ ચળવળ માટે આનંદથી દોડી જતા; હસતે મોંએ જેલનિવાસ સ્વીકારતા; ત્યાંની અનેક યાતનાઓ આનંદથી સહી લેતા; અને બહાર આવતાં જ પાછા પોતે સ્વીકારેલા કાર્યમાં તલ્લીન બની જતા! આ લોકોએ જ જેલને મહેલ બનાવી, ત્યાંની બેડીઓને કિંમતી ઘરેણાંનું રૂપ આપ્યું, ત્યાંના કુગ્રાસ અન્નમાં પકવાન્તની મીઠાશ પેદા કરી! ત્યાંના ભંગીકામ માટે તો હરીફાઈમાં ઊતરી એ દ્વારા સાચો સેવક પોતાના આત્માના જોરે જીવે છે, ઇંદ્રિયોના જોરે નહિ, એ સત્ય આખી દુનિયાને દેખાડી આપ્યું. આવા સેવકોના સહવાસમાં આસપાસના અંધકારમાં પ્રકાશ પથરાય છે, અને આપણાં દૂષળાં હૈયાંને છેવટ ક્ષણભર પણ એક તરેહનો દિલાસો મળે છે, એવો મારો અનુભવ છે.

બાડિલકરે લખેલા 'સત્ત્વપરીક્ષા' નાટકમાં રોહીદાસ પોતાનું બિરુદ સાચવવા પોતાની માતાને સંભળાવે છે: 'લો, હું મારા પેટનો જ ત્યાગ કરું છું!' ઉક્ત મહાપુરુષોએ પણ 'હું મારાં સઘળાં શારીરિક સુખોનો ત્યાગ કરું છું.' એવાં આશ્વાસન-વચનો ભારત-માતાને સંભળાવીને જ પોતાનો જીવનપ્રવાસ અખંડિત રીતે આગળ ચલાવે જવો જોઈએ એ કબૂલ કર્યા વિના શે ચાલે?

આવા અસાધારણ ત્યાગનાં અતિ સુંદર ફળો આવવાં જોઈતાં હતાં, આખા સમાજનો કેવળ કાયાપલટો જ નહિ પરંતુ તેમનાં અંતરંગોમાં પણ ભારે જબરો પલટો આવવો જોઈતો હતો.

પરંતુ—

પરંતુ આપણી આજની પ્રગતી કીડીને વેગે પણ આગળ વધે છે કે કેમ એ વિષે શંકા છે. ભય છે કે ગરોળી પેઠે સહેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ વધી કદાચ ને આપણે ઊલટા પાછાં જ પગલાં ભરતા હોઈશું !

આ સઘળું જોતાં મને રમાકાંતના શબ્દો ફરી ફરી યાદ આવે છેઃ " શૂરવીરતા અને ત્યાગ જેવા સદ્‌ગુણો ઠેરઠેર મળી આવે તેવા રેઢા નથી પડ્યા. પણ તેમનો યોગ્ય ઉપયોગ થવાની જરૂર નથી શું ? "

હરિજનોની બાબતમાં જૂની અનેક પેઢીઓને હાથે અજાણે થયેલાં સઘળાં પાપો વર્તમાન પેઢીએ ધોઈ કાઢવાં જોઈએ એ તો દીવા જેવી વાત છે. પરંતુ કેવળ છાત્રાલયો ચલાવવાથી અગર તો હરિજનપ્રવેશ માટે મંદિરો ખુલ્લાં મુકાવવાથી આ સવાલનો નિકાલ આવશે ખરો ? આ રોગ હોમીઓપેથીની ગોળીઓથી હઠે તેવો નથી; ગંભીર શસ્ત્રક્રિયા વડે જ તેને નાબૂદ કરવાની જરૂર છે.

દસપંદર હરિજન વિદ્યાર્થીઓ માટે એકાદ છાત્રાલય ચલાવવું હોય તોપણ તેને માટે એક આદર્શ કાર્યકર્તાને કેટલી જહેનત ઉઠાવવી પડે છે ! અનેક જગ્યાએ ભટકીને છાત્રાલય માટે ફંડ એકઠું કરવામાં (એ નાણાં પણ દાતાઓ રાજીખુશીથી આપતા જ નથી ! દાતાની દાનવૃત્તિ કરતાં તેમની લાચારીનું પ્રમાણ જ એમાં અધિક હોય છે !) એનો એટલો બધો સમય ખરચાઈ જાય છે કે જેને આપણે સમાજક્રાંતિના વિચારો કહીએ છીએ, તે માટેના આવશ્યક ઊંડાણનો અવસર એને જ્યાં સાંપડતો નથી, ત્યાં નવા વિચારોનું વાવેતર કરવાનો તો સવાલ જ ક્યાંથી આવે ? પોતાના પ્રભાવી અભિનયને પરિણામે પ્રેક્ષકોને મુગ્ધ કરી દેનારા કોઈ નટને નાટક-કંપનીના વ્યવસ્થાપકનું કામ સોંપવા જેવી જ આ દશા છે.

ગાંધીજીએ આપણને અંતર્મુખ થતાં શીખવ્યું, આપણને ત્યાગના પાઠો ભણાવ્યા એ નિઃસંશય વાત છે. પણ એ ત્યાગનો યથાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ કરવાનું—

રમાકાંત કહે છે તેમ "એ નૂતન પ્રભાત સવેળા પ્રગટે" તે સારુ પ્રયત્ન કરવામાં જ એ ત્યાગનો સાચો યથાર્થ ઉપયોગ રહેલો છે. "રાત્ર સરે તેવ્હાં ઉગવે સૂર્ય પૂર્વવાટે"* એ સિદ્ધાંત કુદરતના પ્રદેશમાં સાચો હોય તોપણ માનવીએ સરજેલી રાત્રિ—એ રાત્રિ અજ્ઞાનને લીધે આવી હો, વિષમતાના અનેક ઘાટા થરોને લીધે પેદા થઈ હો, ગુલામગીરીને કારણે ઊતરી હો અગર બીજી કોઈ તરેહની હો—આપોઆપ કદી ખૂટતી જ નથી. ઊલટાનું એ રાત્રિનું કાળરાત્રિમાં ઝપાટાભેર રૂપાંતર થતું જાય છે! આપણા દેશમાંથી પરતંત્રતાની—ગુલામીની કાળરાત્રિ ખલાસ થઈ છે. છતાં હવે નૂતન પ્રભાત ઊઘડી ચૂકયું છે એમ આપણે હજુ કહી શકીએ તેમ નથી. જાણે કે સૂર્યના ઉદય સાથે જ તેનું ગ્રહણ શરૂ થયું છે. એ ગ્રહણ પણ સામાન્ય તરેહનું નથી. આપણા દંભ, આપણી નબળાઈઓ, આપણી બહિર્મુખવૃત્તિ, આપણી ઈંદ્રિયલોલુપતા, જીવવા કરતાં ભોગ ભોગવવા ખાતર ચાલી રહેલી આપણી દોડાદોડી, વગેરેનાં દુષ્ટ વર્તુળોમાંથી એ સરજાયું છે. એ ગ્રહણનું તો સમતાના પાયા પર રચાયેલી પ્રામાણિક સામાજિક ક્રાંતિ જ હઠાવી શકશે!

* * *

'નૂતન પ્રભાત'વાળી વાર્તાના દુઃખનો ઉગમ આર્થિક વિષમતામાં છે. એ આર્થિક વિષમતાનું અઘોર તાંડવ અગાઉના જ રૂપમાં આજે પણ હજુ ચાલી રહ્યું છે. એ વિષમતાએ મારા દિલમાં ઉદ્વેગ પેદા કર્યો હોય અને એથી હલી ગયેલા દિલના વિચારો ઉપલી વાર્તામાં ઊતર્યા હોય એમ વાચકોને ઘડીભર લાગી જવાનો સંભવ છે. પણ આ સંગ્રહમાં બીજી પણ અનેક વાર્તાઓ છે, જેમને સીધી

* રાત ખૂટી જાય એટલે પૂર્વ દિશામાં સૂર્ય ઊગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે આર્થિક વિષમતા સાથે ઝાઝો સંબંધ નથી. છતાં એ વાર્તાઓ વાંચીને પણ મારું મન એટલા જ પ્રમાણમાં અસ્વસ્થ બન્યું છે.

દાખલા તરીકે 'તોફાન'વાળી વાર્તા લઈએ. એ વાર્તા પ્રગટ થઈ તે વેળાનો એક બનાવ હું હજી પણ ભૂલ્યો નથી. રાત્રિના દસ-અગિયારનો સુમાર હતો. મારા ઘરનું બારણું કોઈ જોરથી ખખડાવતું હતું. આટલી મોડી રાત્રે કોણ આવ્યું હશે એની કશી કલ્પના હું કરી ન શક્યો. પથારીમાંથી ઊભા થઈ મેં બારણું ઉઘાડ્યું. મારા ઓળખીતા એક વિદ્વાન ગૃહસ્થ પગથિયે ઊભા હતા. મારે એમની સાથે સારો પરિચય હતો. પણ આટલી મોડી રાત્રે એમને મારે ત્યાં શા માટે આવવું પડ્યું હશે તે મારે મન સવાલ થઈ પડ્યો. ઊંઘમાં ખલેલ પડે ત્યારે માણસ સહેજે થોડુંક ચિડાય છે. હું પણ એવી જ ચિડાયેલી મનોદશામાં હતો. પણ પગથિયે ઊભેલા સદ્‌ગૃહસ્થના મોં તરફ નજર જતાં જ હું સમજી શક્યો કે તેઓ કોઈ અતિ ગંભીર કામ માટે આવ્યા છે. મેં તેમને અંદર લીધા; ઓરડામાં જઈ અમે સામસામે બેઠા, અને પ્રશ્ન પૂછતો હોઉં એ ભાવથી મેં તેમની સામે જોયું. તેમણે એકદમ સીધો સવાલ કર્યો: 'તમે આ શું માંડ્યું છે?' એટલા ટૂંકા અને અણધાર્યા સવાલનો મર્મ હું શી રીતે સમજી શકું? કોઈ માણસ ચોરીછૂપીથી દારૂ પીતો હોય અને એનો કોઈ જિગરનો મિત્ર હાથ ઝાલી ખખડાવીને તેને સવાલ પૂછે: 'આ તેં શું માંડ્યું છે?' એવો જ ભાવ મને પૂછેલા એમના એ અણધાર્યા સવાલથી મારા દિલમાં પેદા થયો. સદ્‌ભાગ્યે એમણે મને લાંબો વખત શંકામાં રહેવા ન દીધો. તેમણે ગુસ્સાભેર કહેવા માંડ્યું: 'તમારા જેવા લેખકે પૂરેપૂરી જવાબદારી સમજીને જ કાંઈ પણ લખવું જોઈએ. તમારી પેલી નવી વાર્તા— 'વાદળ' મારી બંને બહેનોએ વાંચી. વાર્તા બહુ સુંદર હોવાનાં તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાતનાનું ચિત્ર મેં દોર્યું છે; બીજું કશું નથી. કોઈ પણ તરેહના બંધનનો અતિરેક થતાં જ એને તોડવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. કુદરતનો એ કાયદો જ છે. ગુલામોને બળવો કરવાનું કોઈએ કહેવા જવું નથી પડતું!

* * *

'ખંડિત મૂર્તિ' 'ભગવાન તેવા ભાવ' 'પુષ્પો અને પથરા' તથા 'નવી દુનિયા' એ ચાર વાર્તાઓનો ઉગમ આ જ તરેહના મારા માનસિક અનુભવમાં રહેલો છે. આથી એ દરેક વિષે અહીં વિસ્તારથી લખવાનું રહેતું નથી. 'બળી ગયેલો મોર' 'શીતળ લહરી' 'અવલોકનકારનું અવસાન' 'ખાટી દ્રાક્ષ' 'કઢી ભાત' વગેરે વાર્તાઓનો એક જુદો જ વર્ગ છે. સામાન્ય વાચકની દૃષ્ટિએ 'બળી ગયેલો મોર' અને 'શીતળ લહરી' એ વાર્તાઓ કૌટુંબિક કથાઓ ગણાવા સંભવ છે. પણ કેવળ ભાવનાને ઉત્તેજવા ખાતર મેં વાર્તાઓ લખી જ નથી. દરેક કુટુંબમાં વારે ઘડીએ વાસણ સાથે વાસણ અથડાઈને થતા કર્ણકટુ અવાજ હમેશાં કાને અથડાયા કરતા હોય, સગળતી ખડની ગંજીઓ પેઠે ભાઈ ભાઈ વચ્ચેના કલહાગ્નિની જ્વાળાઓ ભભૂકી ઊઠતી હોય, ઘેરઘેર બંને વેળા સળગતા ચૂલાઓ પેઠે જાતજાતના ભેદભાવો ધૂંધવાયા કરતા હોય ત્યાં ક્વચિત જ નજરે ચડતી શુદ્ધ, ઉત્કટ, નિરપેક્ષ ભાવનાઓને આજકાલનાં કૌટુંબિક ચિત્રોમાં વધારે તેજસ્વી રંગોથી ચીતરવાનું મને પસંદ નથી. માતાનું બાળક પરનું વહાલ, બહેનનો ભાઈ પ્રત્યેનો પ્રેમ, પત્નીએ પતિ ખાતર બતાવેલ ત્યાગ, વગેરે ભાવો આપણી પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપે મળેલા આદર્શો સાથે બંધ બેસતા છે એમાં તો શંકા જ નથી. સંસ્કારને પરિણામે આપણને તે પુષ્કળ ગમે પણ છે. માણસનું એવું છે કે પોતાને જે અતિશય ગમતું હોય તે રોજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યક્ષ જીવનમાં નજર આવે છે કે નહિ તે જાણી લેવાનું પણ તેને ભાન નથી રહેતું. કૌટુંબિક જીવનના નવા ઉજ્જવળ આદર્શો આપણે ત્યાં હજુ નિર્માણ થવાના બાકી છે. યંત્રયુગને લીધે, અંગ્રેજી રાજ્ય-અમલને કારણે, તથા એ બંને સાથે ખેંચાઈ આવેલા નવી તરેહના જીવનક્રમને અંગે, ને સૌથી વધારે જીવન વિષેના સિદ્ધાંતોમાં થયેલા ક્રાંતિકારી ફેરફારોને પરિણામે આપણા જૂના કૌટુંબિક આદર્શો તો કચારના છિન્નભિન્ન થઈ ચૂકયા છે. આજે તો આપણે આ બે જાતના આદર્શોની વચ્ચે કચાંઈક અટવાયા કરીએ છીએ—લટકી રહ્યા છીએ—ટંગાઈ રહ્યા છીએ! પરંતુ આ વસ્તુસ્થિતિનું ચિત્ર રજૂ કરવાનું આપણા અનેક લેખકોને આવશ્યક નથી લાગતું. એટલું છે કે એમાં બહુ લાભ નથી મળતો એ વાત તો સાચી જ છે! એથી ઊલટું વાચકોના પૂર્વગ્રહોને સહેજ ખુશ કરવાનું—એ દ્વારા વાચકોનું મનોરંજન કરવાનું હમેશાં લાભકારક બને છે. વાચકના મનમાં રમી રહેલા જૂના આદર્શો પ્રત્યેના આદરભાવનો લાભ લેવામાં તો વસ્તુસ્થિતિ પ્રત્યે આંખમીંચામણાં કરીને માત્ર ભાવનાને જ ઉત્તેજ્યા વિના બીજો કોઈ માર્ગ રહેતો નથી. આવા ભાવનાતિરેકમાંથી પેદા થયેલી કૌટુંબિક વાર્તાઓનું વિડંબન 'કઢીભાત' વાળી વાર્તામાં મેં કરી બતાવ્યું છે. એથી ઊલટું 'બળી ગયેલો મોર' અને 'શીતળ લહરી' વાળી વાર્તાઓમાં આજના મધ્યમ વર્ગના ગૃહ-જીવનમાં જે કેટલાક તરેહતરેહના અસંતોષો પ્રસરી રહ્યા છે—ધૂંધવાઈ રહ્યા છે, તે બતાવવાનો મેં પ્રયત્ન કર્યો છે.

આપણી કુટુંબવ્યવસ્થા, આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોપણ ઝપાટાભેર બદલાતી જાય છે. મધ્યમ વર્ગના જીવનના આર્થિક અને સાંસ્કૃતિક અંગોમાં ભાગ્યે જ ઓળખી શકાય એવા જબરા ફેરફારો થઈ ચૂકયા છે. અને હવે પછીના દાયકામાં તો એથી ય ભારે મોટાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ઘસાવું, મારે શા માટે મરવું, એવા અશ્રદ્ધાભર્યા ઉદ્‌ગારો પણ તે કાઢે તેવો સંભવ ખરો. પણ એવો માનવી પણ વાત્સલ્યની ભાવનાને ઠોકર મારી નહિ શકે. એ દૃષ્ટિએ નિસર્ગ અને સમાજને જોડનારી અભેદ્ય કડીની ગરજ વાત્સલ્યની ભાવના સારે છે. "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવનાવાળા ગણ્યાગાંઠ્યા માણસોને આ અનુભવની આવશ્યકતા ન પણ લાગે. પરંતુ ઇતર સઘળાં માણસો તો—બુદ્ધિથી અગર કર્તૃત્વપણાથી તે ગમે તેવી મહાન્ વ્યક્તિ હોય તોપણ—વાત્સલ્યને કારણે જ સાચેસાચાં માનવી બની શકે છે.

આ બધી બાબતો સહજમાં જોઈ શકાય તેમ જ સહેલાઈથી ગળે ઊતરી જાય તેવી છે. પરંતુ રૂઢિનાં બંધનોથી બંધાયેલ, માન્યતાઓના પાંજરામાં અટવાયેલ, અને પોતાને સ્થાને જ બંધાઈ રહી ઉડ્ડયન માટે કેવળ પાંખો જ ફફડાવી જાણનાર મધ્યમવર્ગ, અદ્દલાતાં જીવનમૂલ્યોનો વિચાર નક્કર વસ્તુસ્થિતિને ધ્યાનમાં રાખીને ભાગ્યે જ કરે છે. આ કારણે એ વર્ગ માંહેની પ્રૌઢ-કુમારિકાઓનો જીવનક્રમ છેલ્લાં વીશપચીશ વરસમાં ભારે વિચિત્ર અવસ્થામાંથી પસાર થઈ રહ્યો છે. ખરું જોતાં વ્યક્તિગત બુદ્ધિશક્તિ, ગમાઅણગમા અને ભાવિ જીવનની કલ્પના વગેરે પર હરેક કન્યાની કેળવણીની મર્યાદા આંકવી જોઈએ. પણ એ બાબતમાં તો કોઈ ઊંડું ઊતરીને જોતું જ નથી! 'છોકરી મૅટ્રિક પાસ થઈ ગઈ? તો ભલે હવે કૉલેજમાં ભણતી!' એમ શરૂઆતમાં વડીલો બોલે છે, ને પછીથી કૉલેજમાં ભણતી છોકરી માટે સારો વર મેળવવાની મુશ્કેલી નડે છે એવી ફરિયાદ પણ કરવા માંડે છે! આ બાજુ છોકરી તો કૉલેજમાં વરસે વરસે આગળ વધતી જાય છે, ને ઉંમરમાં મોટી થતી જાય છે. એ ઉંમરે મનથી તે પ્રણયસૃષ્ટિમાં વિચરતી થાય એ તો સ્વાભાવિક જ છે. આ રીતે આગળ જતાં બી.એ. અગર એમ.એ. થયેલી છોકરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નાર્થી કોઈ મૂરતિયાને બતાવવામાં છોકરીનું કેવળ અપમાન જ થતું નથી, પરંતુ આવાં આવાં નિષ્ફળ પ્રદર્શનોથી એના સ્વાભિમાની અંતઃકરણમાં ઊંડા જખમો પણ પડે છે. બીજી તરફ આવી કન્યાનાં લગ્ન એની મેળાએ થઈ જશે એવી શક્યતા તો ઓછી જ હોય છે, તેથી વડીલોથી પણ છાનામાના બેસી રહી શકાતું નથી. પ્રેમલગ્નના જે દાખલાઓ આપણે જોઈએ છીએ તે કાં તો નાટકો-નવલ-કથાઓમાં અગર તો સિનેમાના પડદા ઉપર જ હોય છે! આપણા સામાન્ય જીવનમાં પ્રેમલગ્નોના બનાવો ઘણા થોડા – દુર્લભ જ હોય છે. સમાજના ગોઠવાયેલા લોખંડી ચોકઠામાં આ જાતનાં લગ્નો શક્ય બને તેવા ફેરફારો હજુ કયાં થયા છે?

આ સઘળી પરિસ્થિતિનું પરિણામ ભારે વિચિત્ર આવે છે. બાલવિવાહ તેમ જ પ્રૌઢવિવાહ બંનેના લાભો મળવા તો બાજુએ જ રહે છે, જ્યારે બંનેના ગેરલાભો પ્રૌઢ-કુમારિકાને તો અચુક ભોગવવા-જ પડે છે! પરણવાની પ્રચલિત ઉંમર પસાર થઈ ગઈ હોવાથી મનમાં તે ઝૂરે છે. કોઈ સમાજસેવાના કાર્યનો અંગીકાર કરીને દિવસના ચોવીસે કલાક મનને એમાં જ પરોવી રાખવાનું કામ સાધારણ વ્યક્તિથી બની શકે તેવું નથી હોતું. વિરલ વ્યક્તિઓથી જ તે થઈ શકે છે કેમકે એ તો એક તરેહની યોગસાધના છે!

ખરું જોતાં આ પરિસ્થિતિમાં જે બની રહ્યું છે તેમાં કોઈની ભૂલ છે એમ તો કહેવાય એવું જ નથી. પણ 'ગતાનુગતિકઃ લોકઃ' એ ન્યાયે અગર આંધળો આંધળાને દોરે તેમ આપણા સઘળા વ્યવહારો ચાલી રહ્યા છે. પ્રવાહપતિત આખરે ડૂબ્યા વિના રહેતો નથી એ સત્ય આપણે તે વેળા ભૂલી જઈએ છીએ!

'તોફાન' વાળી વાર્તામાં સમાજની આવી લાચાર દશાને લીધે એક કુમારિકાને ભોગવવી પડેલી માનસિક મૂંઝવણ – કારાવાસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી પાસે વખાણ કર્યાં. સાધારણ રીતે હું તમારું આ સુંવાળું – ગલીપચી આણે તેવું લલિત સાહિત્ય વાંચતો જ નથી. પણ જ્યારે એ બંને છોકરીઓએ તમારી વાર્તાનાં બહુ બહુ વખાણ કરવા માંડ્યાં ત્યારે મને થયું કે ચાલો વાંચી જોઈએ, ને તમારી વાર્તા 'તોફાન'નાં પાનાં મેં ફેરવી જોયાં. મને લાગે છે કે તમે આવી વાતો લખીને મર્કટને મદિરા પાયા જેવું કરો છો. તમે તમારી જાતને મોટા લેખક ભલે ગણતા હો. પરંતુ સ્ત્રી એ શી ચીજ છે તેનો તમને હજુ પૂરેપૂરો ખ્યાલ આવ્યો લાગતો નથી!' તેમણે એવા જ ગુસ્સામાં અને તોરમાં બીજું ઘણું ઘણું કહ્યું. વચ્ચે વચ્ચે હું તેમને સમજાવવાનો પ્રયત્ન કરતો હતો, પરંતુ એની નિષ્ફળતા હું તુરત જ જોઈ શકયો. આવેલા ગૃહસ્થ વિદ્વાન તો હતા જ; બોલવામાં અવારનવાર તેઓ શેનાં નાટકોના દાખલાઓ આપતા હતા, તો કડકડાટ વળી અંગ્રેજીમાં પણ ઝીંકવે જતા હતા. લગભગ એક કલાક સુધી તેમણે પોતાનું ભાષણ મને સંભળાવ્યા કર્યું. આખરે તેઓ અટકયા – થાકયા હશે અગર તો મોં દુખવા આવ્યું હશે તે કારણે! તેમણે રજા લીધી.

એ મહેરબાન રવાના થયા પછી 'તોફાન'વાળી વાર્તાથી એમનામાં આવું ભૂત શા કારણે ભરાયું તેનો હું વિચાર કરવા લાગ્યો. આખરે મને સૂઝી આવ્યું કે એ ભાઈની પેલી બંને બહેનો પ્રૌઢ-કુમારિકાઓ છે. એમને પરણાવવાની જવાબદારી આ ભાઈના પર છે, પરંતુ પોતે એ સંબંધે જરા ય વિચાર કરવા માગતા નથી – કદાચ મેળ પણ ન ખાતો હોય! એમનું માથું ફરી જવાનું કારણ આ જ બાબત હોવી જોઈએ. એમણે એમ પણ માની લીધું હશે કે 'તોફાન' વાળી વાર્તા દ્વારા હું અપરિણીત પ્રૌઢ-કુમારિકાઓને ઘરમાંથી નાસી જવાની જ જાણે સલાહ – પ્રેરણા આપી રહ્યો છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બનાવને દસ વર્ષો પસાર થઈ ગયાં છે. પણ મધ્યમ વર્ગની પ્રૌઢ-કુમારિકાઓનો તે વેળા હાથ ધરેલો સવાલ—એનું અણુકથ્યું દુઃખ—હજુ જેમનું તેમ જ છે. અંગ્રેજી આમદાની પહેલાંના કાળમાં સ્ત્રીના પગમાં જૂની રૂઢિઓની શૃંખલાઓ—બેડીઓ જડેલી હતી; અંગ્રેજી અમલ શરૂ થયા પછી એ પગમાં નવી માન્યતાઓની નવી બેડીઓ જડાઈ; આપણા સ્ત્રીજીવનમાં કોઈ સુધારો દાખલ થયો હોય તો તે આટલો જ છે! આ નવી માન્યતાઓ (આદર્શો) સ્ત્રીના જીવનવિકાસને કેટલે અંશે પોષે છે, આજની આપણી સામાજિક પરિસ્થિતિમાં એનું અનુકરણ આંખ મીંચીને કર્યે જવાથી આમવર્ગની કુમારિકાઓનાં જીવન કુંઠિત થશે કે તેનો વિકાસ થશે, એ બાબતોનો વિચાર સરખો કરવાનો અવકાશ છેલ્લાં પચીશ વરસમાં જાણે આપણને મળ્યો જ નથી! સર્વસાધારણ અને મોટા ભાગની સ્ત્રીના જીવનની સફળતા એને મળતા સંસારસુખ ઉપર અવલંબે છે, એ કેટલું સાદું અને સરલ સત્ય છે! પરંતુ—

યોગ્ય સમયે લગ્ન થાય અને યોગ્ય વયે બાળક જન્મે, વગેરે સ્વાભાવિક બાબતોને સુધારાને નામે નિંદવામાં સાર નથી. આજની—આવતી કાલની સ્ત્રીઓ રસોઈ તેમ જ બાળઉછેરથી આગળ વધવું જ પડશે એ તો નિઃસંદેહ છે. પરંતુ જીવનનાં આ બંને અતિ અગત્યનાં પાસાંઓને સહેલાઈથી વટાવી જઈ સ્ત્રી આગળની પાયરીએ પહોંચી જશે, એ તો કેવળ ભ્રમ છે. ચૂલો ફૂંકવાથી માણસ ગમે તેટલો કંટાળતો હોય તોપણ બપોરે પેટમાં ભૂખ લાગતાં એનો જ આશરો લેવો પડે છે; બાળકોની બાબતમાં પણ એવું જ છે. માનવી જીવનના વિકાસની દૃષ્ટિએ વાત્સલ્યની ભાવના શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે. સાધારણ માનવી કદાચ કોઈ ધર્મમાં માનતો જ ન હોય, આચરતો પણ ન હોય; પાપપુણ્યને ગણકારતો જ ન હોય; બીજાની ખાતર મારે શા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિત્યંતરો વેગભેર આવી જ રહ્યાં છે! કાળ આપણને આગળ ધસડી રહ્યો છે, પણ તેની જાણ આપણા મધ્યમ વર્ગના પુરુષોને અગર સ્ત્રીઓને બહુ થોડે અંશે થઈ છે. પરિણામે સામાન્ય ગ્રહ-જીવનમાં ભાવનામાંથી પેદા થતી ઉત્કટ શાંતિ–દિલનું સમાધાન આજે જાણે દુર્લભ થઈ પડયું છે.

'શીતળ લહરી' વાળી વાર્તાના નાયકનો જ દાખલો લઈએ. જૂની અવિભક્ત (સંયુક્ત) કુટુંબરચનામાં તો ઘરમાં કામ કરનારી સ્ત્રીઓ ઘણી હોવાથી પુરુષવર્ગને કોઈ રાજા-મહારાજા જેવી અનુકૂળતા કાયમ મળતી. પણ આજે તો પતિ રાજા અને પત્ની રાણી એ તરેહના જ ગૃહસંસારો હવે રૂઢ બની ગયા છે; એમાં શહેરી રહેણીકરણીનો ઉમેરો થતાં આખો જીવનક્રમ જ ઘરમૂળથી બદલાઈ ગયો છે. એ પરિસ્થિતિમાં પણ જૂની રીતની સુખસગવડોની આશા–અપેક્ષા રાખવામાં જ ભૂલ નથી થતી? જે રાજમાં રાજા, રાણી અને ઘોડિયામાં અગર ચકીદ્રોકમાં ફરતાં બેત્રણ પ્રજાજનો સિવાય અન્ય કોઈની વસ્તી જ નથી, ત્યાં રાજાએ જ પોતાના રાજમહેલમાં ઝાડુ લગાવવું જોઈએ, અને રાણીસાહેબે જ વાસણ માંજવા રોજ બેસી જવું જોઈએ! એમાં બાલી બબડાટ કર્યે શો ફાયદો? પણ ખુદ એ જ સિવા 'શીતળ લહરી' માંહેના પતિરાજના ખ્યાલમાં આવતી નથી! તે પોતાની પત્નીને ચાહતો નથી એવું તો છે જ નહિ; પણ તેનો આત્મપ્રેમ એથી ય વધારે છે. આ તેના અંધ આત્મપ્રેમને કારણે જ તે ત્રાહિતની દૃષ્ટિથી પોતાની પત્ની તરફ, ગૃહજીવન તરફ અગર તો ખુદ પોતાની જ ભાવનાઓ તરફ જોઈ શકતો નથી. તેનામાં એક તરેહની આત્માની બધિરતા વ્યાપી ગઈ છે. જૂની તરેહના ગૃહજીવનમાં પુરુષોએ જે સુખસગવડો માણી તે આપખુદ સત્તા ભોગવતા રાજાના રોફથી માણી! આજે તો દુનિયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરમાં એ રુઆબ હવે ધૂળમાં મળી ગયેા છે. હવે પછી કેવળ રાજ-કીય ક્ષેત્રમાં જ નહિ પરંતુ જીવનના કેાઈ પણ ક્ષેત્રમાં હુકમશાહી ચાલી શકે તેવું રહ્યું જ નથી – પછી એ ક્ષેત્ર કેાઈ શાળાનિશાળનું હેા, કુટુંબનું હેા, અગર ગમે તે નાની મેાટી કેાઈ સામાજિક સંસ્થાનું હેા. આપણી ઇચ્છા હેાય યા ન હેાય, તેાપણ હવે પછીનેા જમાનેા લેાકશાહીનેા જ જમાનેા છે.

પ્રજાજનને જ્યારે પેાતાના હક્ક જેટલું જ પેાતાનાં કર્તવ્યેાનું ભાન પણ આપેાઆપ સહજ રીતે થવા માંડે, ત્યારે જ સાચી લેાકશાહી આરંભાય છે. આપણે ત્યાંના મધ્યમ વર્ગના ગૃહસંસારના સવાલેાનેા ઉકેલ માત્ર એ પદ્ધતિએ જ થઈ શકશે. સ્ત્રી આર્થિક દૃષ્ટિએ સ્વતંત્ર થાય અગર અન્ય બીજી ગમે તે સુધારણા આવે, તેાપણ તેટલાથી છિન્નભિન્ન થયેલ કૌટુંબિક સુખની પુનઃ સ્થાપના નહિ થઈ શકે. ગૃહસંસાર તેા પતિપત્નીએ સાથે મળી પરસ્પરનાં સુખદુઃખેા વહેંચી લેવાનું સ્થાન છે; એકબીજાના બલિદાન લઈને સુખેા માણવાનું એ સ્થાન નથી! પતિપત્ની ઉભયમાં હરેકના દિલમાં ન કહી શકાય એવા અનેક પરિતાપેા – અનેક દુઃખેા વાસ્તવ્ય કરતાં જ હેાય છે. અનેક વાર પરસ્પરના વહાલને કારણે જ તે એકબીજાને કહી શકાતાં નથી. પણ તે જાણી ન શકાવાને કારણે જ આપસ-આપસમાં ગેરસમજ પેદા થાય છે! જાણકાર પતિપત્નીએ આ બધી બાબતેા હવે સમજી લેવી જોઈએ. જૂની જાતની કુટુંબવ્યવસ્થાએ અનેક સારામાઠા મનેાગંડેા (ગ્રંથિઓ) પેદા કર્યા છે. એ ગંડેા સહેલાઈથી દૂર નથી જ થવાના. કેાઈ પણ જૂના ચીલામાંથી માણસનું મન ઝડપથી બહાર નીકળી શકતું નથી. જાતજાતના બળબળતા વાયરાથી દાઝી રહેલા મધ્યમ વર્ગને જો અવારનવાર પણ શીતળ લહરીઓ જોઈતી હેાય, તેા ગૃહસંસારના કેવળ બાહ્ય સ્વરૂપમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના મગજમાં કદી ઊગતી પણ નહિ હોય! પતિને પરાક્રમો માટે પ્રેરણા આપવાનો વિચાર સરખો આજની આર્યપત્નીઓને કદી નહિ આવે! પરિણામે સુખી ઘરસંસાર પણ આખરે તો જેલરૂપ જ બને છે. એટલું ખરું કે એ જેલમાં પતિ અને બાળકોની સંભાળ 'અ' વર્ગના કેદીઓ જેટલી અવશ્ય લેવાય છે. પરંતુ એ 'અ' વર્ગના કેદીઓ પણ જેલ બહાર તો ડગલું પણ નથી દઈ શકતા! દરેક વધતા જતા વરસની સાથે એ જેલની દીવાલો ઊંચી ને ઊંચી વધ્યે જ જાય છે! એ દીવાલોને વટાવી બહાર કૂદી જનારો કેદી સાંપડે ખરો? લાખે કદાચ એકાદ નીકળે પણ ખરો! પરંતુ એ એકમાં હું તો નથી જ એવી મનની પાકી ખાતરી થઈ હોવાને કારણે, એમ થઈ આવે છે કે કોઈ દૂરદૂર એકાંત સ્થળે ચાલ્યા જવું અને હૈયું મોકળું મૂકી રડી લઈ હૃદયનો ભાર હળવો કરવો!"

* * *

'બળી ગયેલો મોર' વાળી વાર્તાનાં પાનાં ફેરવતાં ફેરવતાં ટૂંકી વાર્તાઓની રચના–શૈલી અંગે વારેવારે પુછાતા અનેક પ્રશ્નો મને સાંભરી આવ્યા. ટૂંકી વાર્તાઓની તંત્ર–રચનામાં શી વિશિષ્ટતા છે, એનો અભ્યાસ શી રીતે કરવો, વગેરે સવાલો હવે મારા માટે રોજિંદા સવાલો બની ગયા છે. મારી કેટલીએક રીતિઓ અંગે ટીકાઓ પણ થઈ છે. દાખલા તરીકે 'બળી ગયેલો મોર' માં યોજેલી રોજ-નીશીની કલ્પના. ઘણાઓને તેમાં કૃત્રિમપણાનો ભાસ થાય છે. પરંતુ મેં મારા મનથી એ નવી યોજના છે એમ ગણીને આ વાર્તામાં અગર બીજે કોઈ ઠેકાણે એને ઉપયોગમાં લીધી નથી. આ વાર્તામાં મને 'રોજનીશી'ની યોજના શા માટે સૂઝી હશે એ વિના વાર્તાના આત્મા તરફ વધારે બારીકાઈથી જોનારને સહેજે સમજાઈ જાય તેવી છે. ભાઉરાવ સરખા પ્રામાણિક માનવીનો ધ્યેયવાદ ધીરેધીરે કઈ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરમાઈ ચાલ્યો, એ શી રીતે કુંઠિત બન્યો, એનું ચિત્રણ મુખ્યત્વે મારે આ વાર્તામાં કરવું હતું. કૌટુંબિક ચોકઠામાં અને સુખસગવડભર્યા જીવનમાંથી પેદા થતાં બંધનોમાં એ કેવી રીતે નિષ્ક્રિયતાને પામ્યો એ મારે બતાવવું હતું. અર્થાત્ કૉલેજમાં દાખલ થનાર પંદરસોળ વરસના ભાઉરાવથી માંડીને ચાળીસની ઉંમરે પહોંચેલા અને ચાર બાળકોના પિતા બનેલા ભાઉરાવ સુધીની વ્યક્તિના માનસિક પરિવર્તનના આઘાત–પ્રત્યાઘાતો વાર્તામાં દર્શાવવા મારા માટે જરૂરી હતા. આ સઘળા ફેરફારો પંદરવીશ પાનાંની ટૂંકી વાર્તાના મર્યાદિત ક્ષેત્રવિસ્તારમાં જો મારે દાખવવા હોય તો ચારચાર વર્ષોના કાળ દરમિયાન દેખાતાં સ્થિત્યંતરો એકાદ ટૂંકા પારીગ્રાફમાં વ્યક્ત કર્યા વિના બીજો માર્ગ નહોતો. પરિણામે રોજનીશીની યોજનાનો અવલંબ કરવો મારે માટે સહજ–સ્વાભાવિક બન્યું. દુનિયામાં કેટલી વ્યક્તિઓ ડાયરીઓ લખે છે, અને લખનારાઓ પૈકી કેટલી વ્યક્તિઓના લખાણમાં માત્ર જમાખર્ચના આંકડા જ લખાય છે અને કેટલા ગણ્યાગાંઠ્યા લોકો રોજનીશીમાં પોતાનાં નાજુક સુખદુઃખો નોંધી રાખે છે, વગેરે તરેહની શંકાઓ લાવી આ જાતની યોજના ઉપર ટીકા કરનારાઓને સાહિત્યનો સાચો મર્મ સમજ્યો નથી એમ હું કહેવા માગું છું. હેમ્લેટમાં આવતું ભૂત અને હેમ્લેટને રંગભૂમિ પર જોતાં જ દુનિયામાં ભૂતપ્રેતના બનાવો સાચા છે કે જૂઠા એ વિષે જોર શોરથી વાદવિવાદ કરનારાઓ લલિતસાહિત્યની પાસે ટૂંકે જ નહિ તો વધારે સારું એમ મને લાગે છે! ટૂંકી વાર્તાની ગૂંથણીમાં લેખકે અંગીકારેલી રચના–શૈલીથી નિવેદનનો પ્રવાહ સ્વાભાવિક અને અખંડ વહેતો રહ્યો છે કે કેમ, વાર્તાનાં સઘળાં મહત્ત્વનાં અંગોનું કેન્દ્રીકરણ કરીને વાચકના મન પર જે વિશિષ્ટ અને જોરદાર છાપ ઉઠાવવા લેખક માગે છે તેને એ શૈલી પોષક છે કે કેમ, કોઈ હોશિયાર દરજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિલાઓ બનવાનું સદ્‌ભાગ્ય તેમને ન સાંપડે તોપણ એ મંદિરના પાયામાં પુરાઈ જવાની–દટાઈ જવાની સદ્‌ઇચ્છા તેમના દિલમાં અખંડ જાગ્રત રહ્યા કરે છે કે નહિ, તેના પર જ માનવી જીવનના પ્રવાહની વિશુદ્ધિ અવલંબે છે.

પરંતુ આ તરેહના આદમીઓને એક વિચિત્ર દુઃખ હમેશાં ત્રાસ આપ્યા કરે છે. તેમના નિકટના માનવીઓ પણ તેમની આ મનોદશા પારખી શકતાં નથી. માતા, પત્ની, બહેન, ભાઈ, બાળકો, એમાંથી કોઈ પણ પાંખો કાપી નાખેલા એ આત્માના નિષ્ક્રિય બનેલા ધ્યેયવાદ સાથે સહાનુભૂતિ દાખવી શકતાં નથી; જ્યારે અન્ય બહિર્મુખ માનવીઓ તો પોતાની જાત પરથી જ એની તુલના કરી લે છે. આ કારણે કોઈ બાલવિધવા નિષ્ફળ ગયેલા પ્રણયની સ્મૃતિથી મનમાં મનમાં જેમ ઝૂર્યા કરે છે, તેના સરખી આવા ધ્યેયવાદી માનવીના દશા થોડે ઘણે અંશે થાય છે. મધ્યમ વર્ગમાં વધારે પ્રમાણમાં નજર આવતું આ એક વિચિત્ર દુઃખ છે. બીજી અનેક દૃષ્ટિએ આ વર્ગના કુટુંબનાં માણસો એક જ સપાટી પર હોય છે, પણ ધ્યેયવાદની દૃષ્ટિએ તેમનામાં ઉત્તર-દક્ષિણ જેટલું અંતર અનેક વાર સાંપડે છે. આમ હોય ત્યાં પતિપત્ની પરસ્પર ગમે તેટલું વહાલ રાખતાં હોય છતાં એકબીજાને મદદગાર બની શકતાં નથી; તેઓ પરસ્પરના વિકાસ અર્થે પ્રયત્ન કરતાં હોય એમ દેખાતું નથી. જે નવી દુનિયા અને નવા યુગનાં ઝાંખા સ્વપ્નો કોઈ ધન્યક્ષણે આપણે જોઈ એ છીએ, તે કોઈ કાળે જો સાચાં પડવાનાં હોય તો પતિપત્ની વચ્ચેથી આ તરેહના પડદાઓ હવે દૂર ખેંચાઈ જવા જોઈએ.

'બળી ગયેલો મોર' માંહેની શાંતા ખરેખર સરલ સ્વભાવની સ્ત્રી છે. ભાઉરાવ પ્રત્યે તેનામાં વહાલ છે. વહેવારિક નજરે જોતાં તેમના ઘરસંસારમાં કોઈ જાતની ઊણપ નથી. છતાં એક વાત શાંતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદી પણ સમજી શકી નથી. સાચો પ્રેમ કેવળ શારીરિક નથી હોતો, કેવળ તે નાજુક પણ નથી હોતો; કંઈક અંશે તે જેમ માનસિક પણ હોય છે તેમ વખત પર તે અત્યંત કઠોર પણ બની શકે છે. હિંદની સ્ત્રીઓ પરંપરાથી પતિના ભોજન અંગેની, તેના ગમાઅણગમાની, એનાં સર્વ તરેહનાં ઐહિક સુખોની કાળજી રાખતાં શીખી ગયેલી છે. એ પુરાણી પરંપરા હજુ અખંડપણે જળવાઈ રહી છે. પરંતુ પતિના ધ્યેયવાદમાં સમરસ બની જવું, તેના આત્માને સ્ફૂર્તિ-પ્રેરણા આપનારી શક્તિ બનવું, વગેરે સીતા-સાવિત્રીનાં ચરિતોમાં વ્યક્ત થતી સ્ત્રીમનની એ ઉચ્ચતાને આજની ક્ષણે આપણી સ્ત્રીઓ વીસરી ગઈ છે. સ્ત્રીઓનું આ વિસ્મરણ ભાઉરાવ જેવા પતિને કેટલે અંશે મૂંઝવનારું બને છે તે તેના નીચેના ઉદ્ગારો પરથી જોઈ શકાશે. તે લખે છે—

"જીવન જાણે કેવળ યંત્રસમું બનતું જાય છે. શાળામાં જાઉં છું, ભણાવું છું, ઘેર પાછો આવું છું, બાળકો અને શાંતા સાથે બે ઘડી મોજ ઉડાવું છું. પણ જાગ્રત અવસ્થામાં માનવી યંત્ર બની શકે તોપણ રાતની સ્વપ્નસૃષ્ટિ પર એની માલેકી નથી ચાલી શકતી! પડેલી પચીસી માંડેનો મારો એ આદર્શવાદ ક્યાં ગયો? છાપાંની ઝીણીઝીણી હકીકત વાંચતાં ગુનેગાર હૈયું નાસભાગ કરવા માંડે છે. કોઈ જેલમાં રાજદ્વારી કેદીઓએ અન્નસત્યાગ્રહ કર્યાનું વાંચ્યું; પણ પછી મને પોતાને જ જમવાનું જરા ય ભાવ્યું નહિ! શાંતાએ અનેક રીતે બોલી બોલીને પૂછી જોયું, પણ હું એને શો જવાબ આપું? હૃદય પર પડતા મૂઢ મારની વાત હું તેને શી રીતે સમજાવી શકું? એને એનો ખ્યાલ શી રીતે આવે? મહિને દહાડે પતિને બસું ભરી પગાર મળે છે; ઘરમાં પ્રભુનાં દીધાં ભલા ચાર ગભરુ બાળકો છે; ધણીનું પોતા પર અખૂટ વહાલ છે. આ ઉપરાંત બીજી વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પરંતુ એને જોવાના પોતાના દૃષ્ટિકોણમાં જ તેણે ધરમૂળથી ફેરફાર કરવો પડશે. લગ્નમાં લગ્નઘટિકા દર્શાવવા માટે પુરાણા ઘટિકા-પાત્રમાંથી આધુનિક ઘડિયાળને દાખલ કરવા જેટલું જ તે પહેલી નજરે મુશ્કેલીભર્યું લાગશે. પરંતુ આજના વિષમ ચક્રાવામાંથી એણે બહાર નીકળવું હશે તો તેનો માર્ગ કેવળ ક્રાંતિ જ—બુદ્ધિવાદ પર રચાયેલી, સદ્‌સદ્‌વિવેકનો મર્મ સમજેલી, સમય પારખીને તેને અનુકૂળ વરતે તે જ કાળને જીતી જાય એવું જ્ઞાન ધરાવનારી—ક્રાંતિ જ બતાવી શકશે.

'બળી ગયેલો મોર' વાળી વાર્તા એક રીતે 'શીતળ લહરી' ની વાર્તાની પૂરક ગણી શકાય. 'શીતળ લહરી' માં પત્નીની વણ—કથી વેદનાઓ પતિ સમજી શકતો નથી. આ બીજી વાર્તામાં પતિના એવા જ એક નાજુક હૃદયશલ્યની જાણ પત્નીને થઈ શકતી નથી. એટલું ખરું કે એ પતિનું દુઃખ શારીરિક નથી, ગૃહજીવનને લગતું પણ નથી, વ્યાવહારિક અડચણના સ્વરૂપનું તો તે નથી જ નથી. પણ એ શલ્યનો પ્રકાર ઉક્ત કોઈ તરેહનો ન હોવાને કારણે જ ઘણી વાર તે પોતાના પ્રિયજનના ધ્યાનમાં આવતો નથી! હું એને આત્માના દુઃખ તરીકે ગણાવીશ. રાખના ખોટારવા તળે જ જેમના તેજનો, સદ્‌સદ્‌વિવેક-બુદ્ધિનો અગર તો માનવતાનો સ્ફુલ્લિંગ (અગ્નિકણ) સળગ્યા કરે છે, એવા માણસોને જ આવાં આત્માનાં દુઃખો વધારે તીવ્રતાથી સંતાપે છે. વાર્તા માંહેનો ભાઉરાવ આવી વ્યક્તિઓનો એક પ્રતિનિધિ છે. કોઈ પણ રીતે જોતાં તે અસાધારણ વ્યક્તિ તો નથી જ. અસાધારણ વ્યક્તિઓ જગતમાં બહુ ઓછી હોય છે. જેમને આપણે અસાધારણ માનીએ છીએ તેમનામાં પણ સામાન્યતાના અંશો પુષ્કળ હોય છે. અને જીવનનો વ્યાપક ખ્યાલ કરીએ તો એમ હોવું સ્વાભાવિક છે એ આપણે સમજી શકીએ તેવું છે. રૂપાનાણામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એકલી શુદ્ધ ચાંદી નથી હોતી; એમાં પણ ભેગ તો કરવો જ પડે છે. આ બાબતમાં પણ એવું જ છે.

ભાઉરાવ એક સર્વસામાન્ય સદ્‌ભાવનાભર્યો આદમી છે. પણ એની સદ્‌ભાવના પરિસ્થિતિને કારણે સદા ય બીજરૂપે જ રહે છે; તેને કદી અંકુર ફૂટતા નથી. તે સાથે બહારના પ્રતિકૂળ વાતાવરણથી તે બીજ બળી પણ જતું નથી. આંતરશક્તિની સ્નિગ્ધતા તેને સદૈવ જીવંત રાખ્યા કરે છે. આવો જીવતા–જાગ્રત મનનો માનવી રોજ-બ-રોજના જીવનમાં ભારે હેરાન મળે છે. આસપાસ બડકાયેલાં ઢગલાબંધ લોકહિતનાં કામો તે જોઈ શકે છે, પણ તે ઢગલાઓ ઉથામવાની તાકાત તેનામાં હોતી નથી. ચોપાસ સળગી રહેલા દાવાનળની અગ્નિજ્વાળાઓ તેને સ્પર્શે છે, પણ તે ઓલવવાની શક્તિ એનામાં જણાતી નથી. મનમાં મનમાં તે બેદ પામે છે, દુઃખી થાય છે, ફફડ્યા કરે છે; પણ એ કરતાં વિશેષ કશું તેનાથી બની શકતું નથી! પણ માનવતાના ઉજ્જ્વળ ભાવિનો વિચાર કરતાં એની એ વ્યાકુળતા મારા મનથી ભારે મહત્ત્વની બાબત છે. કૉલેજમાં ભણતા હોઈએ તે વેળા અગર તો નાટકો-નવલકથાઓ વાંચતા હોઈએ ત્યારે જીવન જેટલું મુક્ત, જેટલું બંધન રહિત હોવાનો ભાસ થાય છે તેટલું સ્વતંત્ર વસ્તુતઃ તે હોતું જ નથી. એનો વિકાસ થતો જાય તેમતેમ તે તરેહ તરેહની બેડીઓથી જકડાતું જાય છે. પરંતુ પગમાં પડેલી એ બેડીઓનો કર્ણકટુ ખણખણાટ દરેક પગલે કાનમાં ઘૂમ્યા કરતો હોય છતાં જેઓ પોતાના આત્માના સૂક્ષ્મ પરંતુ ગંભીર અવાજને સાંભળી શકે છે, તેઓ જ માનવતાના સાચા સંરક્ષકો બને છે. તેઓ ખરેખર શું કરી દાખવે છે એ બહુ અગત્યનું નથી; તેમનાં મન જીવતાં–જાગ્રત છે કે નહિ, બહારનાં વિશાલ સ્વપ્નો સાથે તેઓ સમરસ બની શકે છે કે નહિ, માનવતાના મંગલ મંદિરમાં ભારે મહત્ત્વની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં અંગોનાં માપ લીધા પછી સીવેલાં કપડાં જેવી એ દેખાય છે કે માત્ર દેખાવમાં આકર્ષક હોવા ખાતર જ કોઈનાં ઉછીનાં આણીને પહેરેલાં કપડાં જેવી એ કદંગી દેખાય છે, વગેરે બાબતો જ રસિક વાચકની દૃષ્ટિએ વધારે અગત્યની છે.

અંગ્રેજી ભાષામાં ટૂંકી વાર્તાની રચના—શૈલી અંગેની ચર્ચાઓ કરનારાં ઘણાં પુસ્તકો છે. આપણે ત્યાંના ઊગતા લેખકોના હાથમાં આમાંના કોઈ પુસ્તકો આવી જતાં તે વાંચી લીધા પછી વાર્તાલેખનની ગુરુચાવી પોતાને મળી ગઈ છે એમ તેમાંના ઘણા માનવા લાગી જાય છે. ધંધાદારી દૃષ્ટિએ ટૂંકી વાર્તાઓ લખનારા પ્રૌઢ લેખકો પણ પોતાની નિર્જીવ અને ચોક્કસ લક્ષણવાળી વાર્તાઓ લખીને ઊગતા લેખકોના ઉક્ત ભ્રમમાં ઉમેરો જ કર્યે જાય છે. પરિણામે છેલ્લાં પચીસ વર્ષમાં આપણા દેશની સઘળી ભાષાઓમાં ટૂંકી વાર્તા ઘણી લોકપ્રિય બની હોવા છતાં, એનો ફાલ ઘણો વિપુલ ઊતરતો હોવા છતાં, આપણે હજુ એના અવિરૂઢ સૌંદર્યની આસપાસ જ ફર્યા કરીએ છીએ એમ હું માનું છું. કવિની પેઠે જ નવલિકા-લેખક પણ જન્મે છે; તેને કૃત્રિમ રીતે પેદા કરી શકાતો નથી. હરેક કવિના સર્જનમાં એનું વિશિષ્ટ વ્યક્તિત્વ જેમ સૌંદર્યરૂપે પ્રગટે છે, તેવું જ નવલિકા-લેખકની બાબતમાં પણ બનવું જોઈએ. પણ આ કલામાં અનુકરણનું સ્થાન ગૌણ છે, સ્વાનુભવ અને આવિષ્કાર જ વધારે મહત્ત્વના છે, એ બાબતો તરફ આપણા લક્ષિત લેખકોનું ધ્યાન જોઈએ તેટલું ખેંચાયું નથી. એથી આપણે ત્યાંની ટૂંકી વાર્તાઓનું ક્ષેત્ર જીવનના પ્રમાણમાં વિસ્તૃત બન્યું નથી, જોઈએ તેટલું તે વિવિધતાભર્યું પણ થયું નથી. આપણે ત્યાં લોકપ્રિય લેખકોના નમૂના નજર સામે રાખીને એની નકલો બહુ મોટા પ્રમાણમાં થયા કરે છે! જરાશા મધુર કંઠવાળી કોઈ બાલિકા જેમ એકાદબે ગીતો ગ્રામોફોનમાં ગાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણતાં જ મોટી ગાયિકા બની બેસે છે, તેવો જ ઘાટ આ ટૂંકી વાર્તાઓ લખવાની બાબતમાં પણ બનવા પામ્યો છે. શૈલીનું મહત્ત્વ અતિઘણું વધ્યાર્થી આવા કૃત્રિમ અને નિર્જીવ લેખનનો ફાલ પુષ્કળ વધી પડવાનો સંભવ છે. ગમે તે કોઈ ટૂંકી વાર્તા લ્યો– પ્રસંગો, સ્વભાવ, વિષય, વાતાવરણ વગેરે પૈકી ગમે તે એકાદ અંગ એનો આત્મા હોય–ઉત્કટ સ્વાનુભવ (અનુભૂતિ) અને કલાત્મક ચિંતનમાંથી જ તેનું નિર્માણ થયું હોવું જોઈએ. ટૂંકી વાર્તાઓ અંગેનાં પરદેશી પુસ્તકોમાં વારંવાર એવાં વિધાનો સાંપડી આવે છે કે દૈનિક છાપાંઓના હરકોઈ અંકમાં વાર્તા માટેના હજારો વિષયો રોજ રોજ મળી આવે છે. પણ એથી તો ઊગતા લેખકો માર્ગ જ ભૂલે છે. એ પરત્વે મારો અંગત અનુભવ જરા જુદો છે. આવા સેંકડો વિષયો ચોપાસ દેખાયા કરતા હોય છતાં, વાર્તાઓ ગૂંથવાને ટેવાઈ ગયેલી બુદ્ધિ એ વિષયમાંથી પહેલી નજરે આકર્ષક લાગતાં વાર્તા માટેનાં બોખાં અનાયાસે ગોઠવ્યા કરતી હોય છતાં, અજાણપણે કોઈ નવી જ બાબત અચાનક તેના મનની પકડ લઈ લે છે. અતિ સૂક્ષ્મ રીતે તે કલાકારની આસપાસ ઘૂમ્યા કરે છે; પુષ્પના નાજુક છતાં મોહક સુગંધની પેઠે તેના અસ્તિત્વને પરિણામે કલાકાર મુગ્ધ–ઘેલો બને છે; એ સુગંધને પોતાના હૃદયના ઊંડાણમાં સાચવી રાખવાનો તે પ્રયત્ન કરે છે; ત્યાં કેટલા ય દિવસો સુધી–મહિનાઓ સુધી સર્જકની કલ્પના, તેની ભાવના, તેના વિચારો ઊંડે સાચવી રાખેલા (પૂરી રાખેલા) એ સુગંધ સાથે ભેળ્યા કરે છે. અને પછી એક દિવસ એ અદૃશ્ય સુવાસ અત્તરમાં ફેરવાઈ ગયાની, બીજાને હાથે લગાડીને એ સુગંધની મધુરતા અંગે એની ખાતરી કરાવવાની શક્યતા ઊભી થયાની જાણ કલાકારને એકાએક થઈ આવે છે! ટૂંકી વાર્તાના આ ઘડતર–વિકાસ દરમિયાનની ક્રિયામાં રચના–શૈલીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર ક્યારે ગોઠવાઈ જાય છે એ નક્કી કહી શકાતું નથી. પણ એટલું તો ચોક્કસપણે કહી શકાય કે લેખકના દિલમાં એ વિચાર શરૂઆતથી તો નથી જ હોતો. 'નૂતન પ્રભાત' 'બળી ગયેલો મોર' 'શીતળ લહરી' 'પુષ્પો અને પથરા' 'ખંડિત મૂર્તિ' 'તોફાન' વગેરે આ સંગ્રહ માંહેની ટૂંકી વાર્તાઓ વાંચનારને મારા કથનની – લેખક કલાત્મક આવિષ્કાર માટે પ્રયત્ન કરતો હોય છે તે દરમિયાન અનાયાસે એને માટેની યોગ્ય રચના – શૈલીનો તે આશરો લઈ લે છે એ કથનની ખાતરી થશે એમ હું માનું છું.

* * *

આ સંગ્રહમાંની અન્ય વાર્તાઓ પરત્વે પણ આવું કાંઈક કાંઈક જરૂર કહી શકાય. પણ હું માનું છું કે દસબાર વરસ પહેલાં જ્યારે આ વાર્તાઓ લખાઈ, તેના કરતાં આજનો વાચક વધારે ચતુર બન્યો છે. ગયાં દસ વર્ષમાં જીવનનાં વિવિધ સુખદુઃખોનું એને ખૂબ જ નિકટથી દર્શન થયું છે. એથી આ સઘળી વાર્તાઓનો રસાસ્વાદ લેવા માટે તેને આથી વધારે કશું કહેવાની જરૂર મને જણાતી નથી. ઉત્કૃષ્ટ કાવ્યની પેઠે જ ઉત્કૃષ્ટ લઘુકથા (ટૂંકી વાર્તા) પણ ભાગ્યે જ જોવા મળે છે. આથી મારી આ વાર્તાઓની ત્રૂટિઓ હું કાયમ તીવ્રતાથી જોઈ શકયો છું; મારા વાચકોને પણ એ ત્રૂટિઓ ખૂંચશે. પરંતુ આવી બાબતોમાં લેખક લાચાર બની જાય છે. એની વિશિષ્ટ શક્તિઓને કારણે જ એના લેખનમાં પણ અનેક મર્યાદાઓ સહજ ઊભી થાય છે. ગરુડના સરખો ગગનવિહાર પારેવું કરી ન શકે તો તે કેવળ એનો જ દોષ નથી એટલું રસિકોને જણાવવું જરૂરનું છે ખરું?

શાહુપુરી, કોલ્હાપુર
૨૧ : ૪ : ૪૯

વિ. સ. ખાંડેકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૂતન પ્રભાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૂતન પ્રભાત

હમેશાંની ટેવ મુજબ આજે પણ હેડમાસ્તર દેશપાંડે દરિયાકાંઠે ફરવા નીકળ્યા હતા. રોજની પેઠે હાથમાં એક પુસ્તક પણ હતું. વાંકા હાથાવાળી ધોળી લાકડી દરિયાની રેતમાં ઊંડી ખોડી એમણે એ ઝીણી રેતમાં આસન જમાવ્યું. એ સૂંવાળા મખમલિયા ગાલીચા સરખી રેતમાં છીપો ને કરચલાઓએ પગવડે સુંદર નકસી પાડી હતી. સામે મુક્ત હાસ્ય કરી રહેલાં સાગરનાં મોજાં તરફ તેમણે દૃષ્ટિ ફેંકી; ક્ષિતિજમાં ધૂમાડાનાં વર્તુળો પાડતી જતી મોટરની આગબોટ તરફ જોયું અને પછી નીચે જોઈ હાથમાંહેનું પુસ્તક વાંચવા અર્થે ખોલ્યું.

એ પુસ્તક ખલિલ જિબ્રાનનું 'પ્રોફેટ' હતું. દેશપાંડે સાહેબના મોટા દીકરાએ તે તાજેતરમાં મોકલ્યું હતું. પોતાને હવે તત્ત્વજ્ઞાનના પુસ્તકો વાંચવાનો શોખ જાગ્યો છે એ જિના પોતાના પ્રોફેસર–પુત્રે જાણી લીધા પછી ખાસ એણે એ મોકલ્યું હતું. તેમણે પહેલું પાનું ખોલ્યું. સુંદર હસ્તાક્ષરે તે પાના પર લખ્યું હતું—

"પૂજ્ય આબાને—

તેમના વનપ્રવેશ વેળા સપ્રેમ આદરપૂર્વક ભેટ

—ભાઉ"

પુત્રના એ મોતીના દાણા સરખા હસ્તાક્ષરો આબાસાહેબ સહેજ અભિમાન પૂર્વક નીરખી રહ્યા. તેમને પોતાના અક્ષરો સાંભર્યા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડીના ટાંગા સરખા એ અક્ષરો આંખને અણગમો પેદા કરે તેવા હતા. પણ ભાઉ તરફ પોતે શરૂઆતથી જ ધ્યાન આપ્યું; સ્વભાવ પ્રમાણે તેના અક્ષરોને પણ સારું વલણ આપવા પ્રયત્ન કર્યો, તેનું એ ફળ હતું! એક સામાન્ય ગણાતા નાના શહેરમાં પૂરાં પચીશ વર્ષ સુધી પોતાને ગોંધાઈ રહેવું પડયું છતાં પુત્રને પોતે પ્રોફેસર બનાવી શક્યા તેનું —

પશ્ચિમ દિશામાં સંધ્યારંગ અને સંધ્યાછાયા ઉભયનું નયનમનોહર મિશ્રણ શરૂ થયું હતું. એ તરફ તાકી રહેલા આબાસાહેબને અગાઉ કોઈ વાર સાંભળેલી નીચેની લીટીઓ સાંભરી આવી—

[૧] **सध्याछाया भिवविति हृदया**
आतां मधूचें नांव कासया!

કડીઓનો અર્થ મનમાં ઘોળાતાં તે જરા હસી પડયા. તેમને વિચાર થયો : માનવીને સંધ્યાનો આટલો બધો ભય શા સારુ જણાતો હશે? સવારથી સાંજ સુધી પ્રામાણિક મહેનત કરનાર આદમીને સંધ્યાકાળ વધારે આકર્ષક કેમ ન લાગવો જોઈએ? મધ્યાહ્નના પ્રખર તાપ પછી સાંજની શીતળ લહરીઓ કેવી સુખદ ભાસે છે? અને પોતા માટે તો હવે આ જિંદગીનો પણ સંધ્યાકાળ શરૂ થયો ન ગણાય શું? આજે પચાસમી વર્ષગાંઠ છે! આવતી કાલે પોતે શરૂ કરેલી ને આજ પચીસ વર્ષો સુધી ચલાવેલી શાળાનો રજત મહોત્સવ થવાનો છે. જુવાની પૂરી થઈ એ વિચારે જ માનવી શું સંધ્યાના અંધારા ઓળાથી ગભરાતો હશે? માનવી એ હકીકત ભૂલી જાય છે કે જુવાનીમાં પોતે જ વાવેલાં કાર્યોનું વૃક્ષ હવે જ ફળભારથી લચી પડવાનો સમય આવે છે!

---

૧ સંધ્યાના ઓળા હૃદયમાં ભીતિ પ્રેરી રહ્યા છે; હવે મધુ (પુષ્પરસ અગર વસંતઋતુ)નું નામ લેવામાં પણ શો ફાયદો છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આછા સ્મિત સહ આબાસાહેબે પુસ્તક વાંચવા માંડયું. નીચેનો ભાગ વાંચતાં વાંચતાં તેમનું હૈયું હર્ષથી નાચી રહ્યું —

"માનવી કહે છે, અમે યોગ્ય માણસને જ દાન દઈશું. પણ તેના બગીચામાં ઊગેલાં વૃક્ષો આવી મર્યાદા કદી નથી બાંધતાં. બીડમાં ચરતાં ઘેટાંબકરાંના ટોળાં આવું કદી વિચારે છે?

"દાન એ જ જીવનનો ધર્મ છે. ન દેવું એટલે આત્મનાશને પંથે વિચરવું.

"જીવન અન્ય જીવનને કશુંક આપ્યા જ કરે છે."

તુરત આબાસાહેબને કૉલેજમાં વાંચેલી કવિ વર્ડઝવર્થની નીચેની પંક્તિઓ સાંભરી આવી —

What man has made of man!*

સાથે સાથે એ વેળા પોતાને કવિની એ પંક્તિઓ અતિશય અર્થ-પૂર્ણ જણાઈ હતી તેનું તેમને આશ્ચર્ય થયું.

માનવી જ માનવીનો સદા ય દુશ્મન છે? સાવ જૂઠી વાત. જો એમ હોત તો આ નાનકડા ગામમાં પચીશ વરસ સુધી ધનની, પ્રતિષ્ઠાની કે કશાની પરવા વિના પોતે શાળા શા સારુ ચલાવતા રહ્યા હોત? કાંઈ નહિ તો સોળસોથી સત્તરસો વિદ્યાર્થીઓ પોતાના હાથ નીચે ભણી ગયા હશે. આટલા વિદ્યાર્થીઓનું—આટલાં કુટુંબોનું જીવતર સુખી કરવાનો ફાળો પોતે આપી શક્યા! જેને બીજા ખાતર કશું કરવાનું દિલ હોતું નથી તેઓ જ ખૂમરાણ મચાવે છે કે માનવી માનવીનો દુશ્મન છે! જો માનવી માનવીનો દુશ્મન હોત તો —

પવનથી પુસ્તકનું પાનું ઊડયું અને પહેલા પાના પરના ભાઉના અક્ષરો તરફ વળી તેમનું ધ્યાન ખેંચાયું. હાઈસ્કૂલમાં ભણતો ભાઉ

---

*માનવીએ માનવીની શી દશા કરી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની કલ્પનાચક્ષુ સામે ખડો થયો. તુરત ભાઉ સાથેના એક બીજા વિદ્યાર્થીનું ચિત્ર પણ આવી ઊભું—રમાકાંત આજગાંવકર.

રમાકાંતનું સ્મરણ થતાં જ આપ્પાસાહેબને થયું, સારું થયું કે વર્ડઝવર્થ ગયા શતકમાં જન્મ્યો હતો. આજે જો એ જીવતો હોત તો તેનો કાન પકડી પોતે તેને હિંદુસ્તાનમાં ખેંચી આણત, રમાકાંતને મુંબઈમાંથી શોધી કાઢી તેના સામે હાજર કરી દેત અને એ મહાકવિને ઢંઢોળીને પૂછતઃ 'બોલો કવિરાજ! આ રમાકાંત પણ માનવી છે, અને આ આપ્પાસાહેબ દેશપાંડે પણ એક માનવી છે. આપ તો એમ માનો છો કે માનવી માનવીનો દુશ્મન છે, ખરું? ત્યારે હવે ધ્યાન દઈને સાંભળી લ્યો. એક ગામડાંની એક વિધવા બાઈ આ વિદ્યાર્થીને લઈને મારા પાસે આવી હતી. છોકરો પાંચ અંગ્રેજી ભણી ચૂકયો હતો. કુટુંબમાં પાંચસાત માણસોનાં પેટ ભરવાનાં હતાં, પણ કમાનાર કોઈ નહોતું! એ ગરીબ વિધવા પાસે છોકરાને ભણાવવાનું કશું સાધન નહોતું. રમાકાંતને મેં બે વરસ સુધી મારે ઘેર રાખ્યો. ભાઉ અને રમાકાંત વચ્ચે ખાવાપીવામાં, કપડાંલત્તામાં કે કશામાં મેં ભેદભાવ બતાવ્યો નહોતો. લોકોએ તો વાત વહેતી પણ કરેલી કે આપ્પાસાહેબ પોતાની કમળાને આ રમાકાંત સાથે જ પરણાવશે! બે વર્ષ મારે ત્યાં રહી એ મેટ્રિક પાસ થયો. પરીક્ષામાં ભાઉ કરતાં એનો નંબર ઊંચો હતો! પણ તેને માથે કુટુંબના ભરણપોષણની જવાબદારી હતી એટલે કમાવાને ઈરાદે તે મુંબઈ જતો રહ્યો. કહો કવિરાજ! હવે—"

સંધ્યાની ઘેરી છાયા વધારે ઘાટી બનતી જતી હતી. આપ્પાસાહેબ ઊભા થયા. કપડાં પરથી રેતી ખંખેરતાં ખંખેરતાં તે મનમાં વિચારી રહ્યાઃ 'આ કવિઓ ઘરમાં બેઠા ફાવે તેવા તુક્કાઓ અડાવે છે. કહે છેઃ **संध्या छाया भिवविति हृदया!**' એ બિચારા ભૂલી જતા લાગે છે કે એ ઘેરી છાયામાં જ તારલિયા વધારે ચમકે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આબાસાહેબ ખડખડાટ હસી ઊઠ્યા. એમને થયું, કવિના શસ્ત્ર વડે પોતે જ કવિને હરાવેલ છે! તારલિયા વગેરે ઉપમાનો ઇન્દિરો શું એકલા કવિઓને જ હોય છે?

ઘરના ઓટલાનાં પગથિયાં ચડતાં સુધી આબાસાહેબ આ જ બાબતનો વિચાર કર્યા કરતા હતા. સંધ્યાકાળ કેવો રમણીય છે! રસ્તે એક પારિજાતક પર ફૂલો ખીલી રહ્યાં હતાં. લાંબી વધેલી એક ડાળી નમાવી તેમણે વીશપચીશ ફૂલો ચૂંટી લીધાં. બાજુએ ખેતરમાંથી ઘર તરફ પાછા ફરતા બળદો જતા દેખાયા; તેમને ગળે બાંધેલા ટોકરાનો આછો ઘંટારવ બાબાસાહેબને મંદિરમાં કોઈ ભાવિક ભક્ત ટોકરી વગાડતો હોય તેની યાદ આપવા લાગ્યો. આગળ વધતાં એક ફળીમાં તુલસીના કચારા પાસે એક યુવતી ઘીનો દીવો પ્રગટી હાથ જોડી ઊભી રહેલી દેખાઈ. મંદિરની સામેના તળાવનાં ઘેરાં બનતાં જતાં જળ ઉપર કમળકળીઓ નમીને ઢળી પડી હતી. એટલામાં મંદિરની નોબત ગગડી; સરણાઈના સૂર ફૂટી નીકળ્યા; આરતીના દીવાઓ આછા મંદ પવનમાં ઝૂલતા દેખાયા. પૂજારીએ આરતી કરવી શરૂ કરી.

આવાં સુંદર દૃશ્યો હમેશાં સંધ્યાકાળને સવિશેષ રમણીય બનાવતાં હોય છે. બાબાસાહેબ પગથિયાં ચડતાં ચડતાં વિચારતા હતા: 'આમાં વળી ભય પામવા સરખું છે શું?'

મનમાં આ વિચાર પસાર થયો તે જ વેળા પગથિયાની સામેની બાજુએ વાડમાં સૂકાં પાંદડાંમાં કશો ખડખડાટ થતો સંભળાયો. તુરત તેમને પહેલો વિચાર એ સૂઝ્યો: 'સંભવ છે કદાચ કોઈ લાંબો જીવ હોય!' બીજી પળે તેમણે મનને સમજાવવા માંડ્યું: 'ખડખડાટ થાય ત્યાં હમેશાં સર્પ જ હોય એવું થોડું જ છે? કાકીડો કે એવું કોઈ પ્રાણી પણ હોઈ શકે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટલા પર બેસતી વેળા આબાસાહેબે રાંગોળી કાઢેલી જોઈ. તેમણે ટીકા કરીઃ 'કમળા! આ શું? ઘડપણ એટલે બીજું બાળપણ એમ તને લાગે છે શું?'

કમળા વચલા ઓરડામાં બેઠી બેઠી પોતાના પાટવીને અડકણ દડકણ કરી રમાડી રહી હતી. બાળકને કેડ પર તેડી રસોડામાં આવતાં તેણે કહ્યુંઃ

'શું કહો છો, આબા?'

'કહું છું, તારી બાએ હવે એક જ વાત બાકી રાખી છે.'

'શું?' આશ્ચર્ય પામી કમળાએ પૂછયું.

'અડકણ દડકણ' કરી મને પણ રમાડવાની!'

માતા શરમાય અને પુત્રી મસ્કરી કરે એવો પ્રસંગ ઊભો થયો હતો! કમળાએ કહ્યુંઃ 'આબા, એમ કેમ કહો છો? આજ તો તમારો જન્મદિવસ છે. સવારે જો કશું ભારે જમવાનું હોય તો શાળામાં કામ થઈ ન શકે એવી તમારી કાયમી સૂચના છે, એટલે બાએ અત્યારે—'

'એ વાત તો બરાબર, બેટા! પણ દરેક જન્મદિવસે માણસ જ્યાં સુધી જુવાન થતો જતો હોય ત્યાં સુધી જ એ ઊજવવામાં મગ્ન છે!'

બધાં હસી પડ્યાં. કમળાના અરુણે પણ તેમાં સાથ આપ્યો.

'લુચ્ચા! એમાં તું શાનો હસે છે?' દાદીમાએ તેને ગાલે ચૂંટી લેતાં હર્ષકાભર્યા સ્વરે કહ્યું.

આબાસાહેબને થયેલો હર્ષાવેગ કેવળ હસવાથી બરાબર વ્યક્ત થાય એમ નહોતો. ફૂરીનો કકડો ભાંગી મોંમાં મૂકતાં મૂકતાં તેમણે ઉમેર્યુંઃ 'ખરેખર, પતિનો વનપ્રવેશ પત્નીઓ હર્ષથી ઊજવતી હોવી જોઈએ.'

કમળા આબાસાહેબ તરફ ઈતેજારીપૂર્વક તાકી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આબાસાહેબે હસતાં હસતાં જણાવ્યું: 'સ્ત્રીઓને વધારેમાં વધારે ભય શોક્યનો હોય! પણ પતિ વનપ્રવેશ કરે, એટલે હવે કોઈ કન્યા તેને પરણવાના કોડ નહિ સેવે એવી ખાતરી પત્નીને મળી જાય છે!'

'બળ્યું! શું તમે ય પણ બોલો છો!' સરસ્વતીબહેને છણકો કર્યો. તે સાથે અત્યાર સુધીનાં પચીશ વર્ષોનાં પતિના ઉત્કટ પ્રેમનાં સ્મરણો તાજાં થઈ આવતાં તેમની આંખોના ખૂણા સજળ બન્યા.

અને રાત્રે તેમના અર્ધપળીવાળા અંબોડામાં જ્યારે આબાસાહેબે પારિજાતકનાં ફૂલો ભરાવ્યાં ત્યારે તો તેમનાં હર્ષાશ્રુનો પ્રવાહ અખંડ બન્યો! એ આંસુને લૂછતાં લૂછતાં આબાસાહેબે કહ્યું: 'સાંભરે છે? આ ગામમાં રહેવાની તારી મરજી જ નહોતી!'

'એમાં અમે સ્ત્રીઓ શું સમજીએ?'

'પુરુષોને જે ન સમજાય તે! હું કોઈ બીજે સ્થળે ગયો હોત તો ખૂબ પૈસા કમાત, મનગમતા દાગીનાથી તને ઢાંકી શકત—'

'પણ એ દાગીના ય આની તોલે તો ન જ આવત!'

'શાની તોલે?'

હસતાં હસતાં સરસ્વતીબહેને પોતાના અંબોડાનાં પારિજાતકનાં ફૂલો હથેળીમાં લઈ આગળ ધર્યાં.

આબાસાહેબને ઘડીભર થઈ આવ્યું: એ ફૂલો પારિજાતકનાં ફૂલો નથી; પત્નીના પ્રેમળ હૈયામાંથી નીતરતા મધુર ભાવોનો જાણે એ સુમનસંચય છે!

તે સાથે તેમને **संध्या छाया भिवविति हृदया** વાળા ચરણનું સ્મરણ થતાં ફરી હસવું આવ્યું કેમકે પ્રીતિના પ્રાતઃકાલ કરતાં એનો સાયંકાળ જ વધારે રમણીય હોય છે, એનો પોતે જાતે અનુભવ લઈ રહ્યા હતા.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ : નૂતન પ્રભાત

બીજે દહાડે રજતમહોત્સવની આખા દિવસની ધમાલને કારણે આપ્પાસાહેબ પુષ્કળ થાકી ગયા. સભાઓ, વ્યાખ્યાનો, રમતો, નાસ્તા-પાણી, જૂના વિદ્યાર્થીઓ તરફથી માનપત્ર – આ બધાને લીધે તે દહાડે ફરવા જવા જેટલો ઉત્સાહ રહ્યો નહોતો. સાંજે ઘેર પહોંચતાં જ માનપત્ર બાજુએ મૂકી દઈ ઓશરીમાં પડેલી આરામખુરશીમાં તેમણે શરીર લંબાવ્યું. ઉત્સવમાં સરસ્વતીબહેન તથા કમળા પણ હાજર જ હતાં. આરામખુરશીમાં શાંતિ લેતા આપ્પાસાહેબ પ્રત્યે પ્રેમભર્યા દૃષ્ટિ-નિક્ષેપ સાથે તેઓ ઘરમાં પેઠાં અને કામમાં પરોવાઈ ગયાં.

માનપત્ર આપતી વેળા અનેક વક્તાઓએ ઉચ્ચારેલાં પ્રશસ્તિ-વચનો ફરી ફરી આપ્પાસાહેબના મગજમાં ઘોળાયા કરતાં હતાં. એનું દરેક વાક્ય સાકરના ગાંગડા જેવું ગળ્યું તો હતું જ; સિવાય તેમાં એક વસ્તુ સવિશેષપણે સમાઈ હતી. એ વાક્યો વારેવારે ચગળ્યા છતાં સાકરના ગાંગડા પેઠે તેનું પાણી થઈ જતું નહોતું! માનપત્રમાં એક વાક્ય એવું હતું: 'વિદ્યામૃત સીંચીને આપે હજારો વિદ્યાર્થીઓને જીવનામૃત પાયાં છે. દેશની સાચી સેવા આપે જ કરી છે—'

આંગણામાં કોઈનો પગરવ સંભળાયો એટલે આપ્પાસાહેબે આંખો ખોલી તે તરફ નજર ફેંકી. દરમિયાન મગજમાં એક વિચાર પસાર પણ થઈ ગયો હતો: સભામાં હાજર નહિ રહી શકેલ કોઈ જૂનો વિદ્યાર્થી ખાસ ઘેર મળવા આવ્યો હોવો જોઈએ!

પણ ઊઘડેલી આંખો સામે તેમને એક પ્રૌઢ સ્ત્રી દેખાઈ.

'આવો ને?' કોઈ પડોશણ બાઈ ઘરમાં પત્નીને મળવા આવી હશે એમ ધારી આપ્પાસાહેબે કહ્યું.

પેલી સ્ત્રી ધીરે ધીરે પગથિયાં ચડી ઓશરી ઉપર આવી અને જરા દૂરના થાંભલાને અઢેલીને ઓશરીમાં જ ઊભી રહી.

હવે આપ્પાસાહેબને લાગ્યું કે એ બાઈને કાંઈક પોતા સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વાત કરવી હશે.

'શું કામ છે, બહેન?' તેમણે પૂછ્યું.

પણ કશો જવાબ મળ્યો નહિ. માત્ર પેલી સ્ત્રી ડૂસકાં ભરી રડતી હોય એમ જણાયું.

આબાસાહેબ મૂંઝાઈ પડ્યા. આખા દહાડાના થાકથી કંટાળી રહેલું તેમનું અંતર ચિડાઈ ઊઠ્યું: 'અરોબર સંધ્યાટાણે આવે મંગળ દિવસે અહીં આવીને રડવામાં આ બાઈને કાંઈ શરમ પણ નહિ આવતી હોય?'

આંખો લૂછતે લૂછતે પેલી બાઈ એ કહ્યું: 'હું રમાકાંતની બા છું.'

આબાસાહેબનું મન કહી રહ્યું: 'અરે, ત્યારે તો આ સ્ત્રીને જોતાંવેંત જ મારે ઓળખી લેવી જોઈતી હતી! પૂરાં બે વરસ રમાકાંત મારે ત્યાં રહ્યો છે. એ દરમિયાન કાંઈ નહિ તો બેત્રણ વાર આ બાઈ આવી ગયેલી છે.' તુરત તેમનું બીજું મન બોલી ઊઠ્યું: 'રમાકાંતને અહીંથી ચાલી ગયાને પણ આજે આઠ વરસ વીતી ગયાં છે. આટલાં વરસોમાં ન દીઠેલ માણસને ફરી સહેજે શી રીતે પિછાની શકાય?'

આબાસાહેબે પેલી બાઈની સામે જોઈ પૂછ્યું: 'રમાકાંત ક્યાં છે?'

'મુંબાઈમાં.'

'મજામાં છે ના?'

પેલી સ્ત્રીએ ધ્રૂજતે હાથે એક કાગળ આબાસાહેબ સામે ધર્યો. ઘરમાં જઈ દીવા પાસે આબાસાહેબે તે વાંચવા માંડ્યો:—

"પૂજ્ય માતુશ્રીની સેવામાં,

બાળક રમાકાંતના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

"તારા બધા કાગળો મળ્યા છે. મારી સલાહ છે કે નાહકના પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટપાલમાં શા સારુ ખરચવા? ત્યાં જે હું આવી શકું તેવું હોત તો તારો પહેલો કાગળ મળ્યો તેની ય પહેલાં હું ત્યાં પહોંચી ગયો હોત. બાંદા માણસને કોઈકે પોતાની ચાકરીમાં હોય એવી ઇચ્છા તો કાયમ રહે જ છે. ઘેર હોઉં તો સવારે જાગી ઊઠતા પહેલાં જ ઓશીકે ગરમ પાણીનો લોટો હાજર થઈ જવાનો, મોં ધોઈ તૈયાર થાઉં ત્યાં ઊની તૈયાર ચાનો કપ મળવાનો, જમવાનું ભાવતું ન હોય તો જરા પાપડઅથાણું પણ મળવાનું જ, તાવ ચડે તો શરીરે પંપાળતી તું હાજર જ રહેવાની, અને માનો હાથ ફરતાં અરધું દુઃખ તો ઓસરી જ જાય — આવાં તો અનેક સ્વપ્નો રોજ આવ્યા કરે છે. પણ બા! આ દુનિયામાં ગરીબો માટે સ્વપ્નાં સેવવા સિવાય બીજો કોઈ રસ્તો છે નહિ.

"અને હવે તો આ સ્વપ્નોથી પણ હું કંટાળ્યો છું. જે સ્વપ્નાં કદી સાચાં પડવાનાં નથી, તે આવે જ નહિ તો શું બગડી જવાનું છે? મળસ્કે સ્વપ્નું આવે છે—જાણે હું ઘેર છું, બાજુના ઓરડામાં બા કશીક સ્તોત્રપાઠ કરતી કરતી સવારનું કામ આટોપે છે, અને જાગી જાઉં ત્યાં તો નજીક આવી મોં પર હાથ ફેરવતાં પૂછે છેઃ 'કાં બેટા! ઊંઘ તો બરાબર આવી હતી ના?' અને શરીર ટાઢુંબોળ છે એમ જાણતાં ખુશી ખુશી થઈ જાય છે — પણ સાચેસાચ બીજી ક્ષણે જાગી ઊઠું છું ત્યારે દેખું છું: મુંબઈની એક સડી ગયેલ ખોલીમાં હું પડ્યો છું ને વિચાર કરું છું, ખિસ્સામાં ત્રણ પૈસા હશે તો જ ચાનો કપ પામી શકાશે, શરીરે તાવ ભર્યો હશે તોપણ કામ પર ગયા વિના છૂટકો નથી! ને તુરત જ હૈયું છેક નિરાશ બની જાય છે. બે વેળા થાય છે, મીઠાં સ્વપ્નાં ઊલટાં જિંદગીની ચાલુ કડવાશમાં ઉમેરો જ માત્ર કરે છે. પણ હવે વધારે નહિ લખું. બા! તું મને ઘેર બોલાવે છે તે બરાબર છે; પ્રેમ આંધળો હોય છે. પણ પેટ કયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધળું છે? અહીંથી દર મહિને હું કશુંક મોકલું છું તો જ ત્યાં તમારું સહુનું નભે છે. હું જ જો ત્યાં આવું તો?—ન મોકલેલ મનીઓર્ડર કદી મળે ખરો?

"મારી માંદગી વધશે એ વાત સાચી છે! એ મહિના હું ત્યાં દેશમાં આવીને રહી જાઉં તો મને આરામ થઈ જાય એની પણ ના નથી! પણ એ મહિનાને અંતે ય પાછું આ ઘાણીએ જ જોતરાવું છે ના? કેદીને સજા પૂરી થતાં અગાઉ વચ્ચે બેચાર દહાડા ઘેર જવાની રજા મળે તે વાત મને ગમતી જ નથી. ચાર દહાડા બહારની સગવડ પામ્યા પછી કેદીને જેલની સખ્તાઈ વધારે તાપદાયક કેમ ન લાગે?

"બા! ખરું પૂછે તો આપણે સઘળાં જ કેદીની દશામાં છીએ. કયા ગુના બાતર? જગતમાં સૌથી ભારેમાં ભારે ગુનો આપણે કર્યો છે—કે આપણે ગરીબ છીએ! આ ગુના માટે સમાજ જે જે સજા ફરમાવે તે મૂંગાં મૂંગાં સહી લીધે જ છૂટકો!—સિવાય કે આપણે એ જેલને જ તોડીને બહાર નીકળી પડીએ!

"વધુ શું લખું? લખવાની શક્તિ નથી. અને લખવાથી ફાયદો પણ શો?

—તારો

રમાકાંત"

"તા. ક. આબાસાહેબ હેડમાસ્તરને શાળાના રજતમહોત્સવને દિવસે માનપત્ર અપાવાનું છે. કાંઈ નહિ તો પાંચ રૂપિયા પણ મોકલું એમ મનમાં હતું, પણ એક પાઈ પણ મોકલી શકયો નથી. પથારીમાં પડયાં પડયાં ચોધાર આંસુએ રડયો. પરંતુ એ આંસુઓ પણ આબાસાહેબને શી રીતે પહોંચાડી શકાય?"

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર પૂરો કરી આપ્પાસાહેબ બહાર આવ્યા. તેમણે રમાકાંતની બાને પૂછ્યું: 'મેં તો સાંભળ્યું હતું કે મેટ્રિક પાસ થયા પછી રમાકાંત કોઈ અંગ્રેજી કંપનીમાં રહ્યો છે.'

'હા, એક વરસ ત્યાં હતો. પછી ગાંધીટોપીને કારણે એને કંપની સાથે ઝઘડો થયેલો!'

'પછી શું કરતો હતો?'

'બીજે ક્યાંઈ નોકરી ન મળી એટલે મિલમાં દાખલ થયેલો! ને હવે એને લીધે માંદો પણ પડ્યો છે. કોઈ દિવસ કાગળમાં સાચી વાત લખતો જ નથી. મુંબઈથી બોળખીતાઓ તો એવા વાવડ લાવે છે કે રમાકાંત એવો તો—'

અત્યાર સુધી દાબી રાખેલાં ડૂસકાં સાથે માતાની આંખે આંસુની ધારા ચાલી. માને કાળજે લાગેલો એ કારી જખમ હતો. એ જખમને ઊખળતાં—એમાંથી લોહી વહેવા માંડતાં વાર શી? રડતી માતાને કેવી રીતે સાંત્વન આપવું એ સવાલ થઈ પડ્યો. પણ ઘેરથી કશોક નિર્ણય કરીને જ એ આવી હતી એમ લાગ્યું. થોડી વારે લાગણીનાં પૂર ઓસરી જતાં કંપિત સ્વરે તેણે કહ્યું: 'આપ્પાસાહેબ! તમે ધારો તો મારું કામ પાર ઊતરે એવું છે.'

'બોલો, શી મદદ કરું?'

'એને અહીં બોલાવવાનો કાગળ તમે લખો. તમને એ ના નહિ જ પાડે.'

વળી પોતાને ત્યાં રમાકાંતે ગાળેલાં બે વર્ષ આપ્પાસાહેબને સાંભરી આવ્યાં. છોકરો ભારે આજ્ઞાધારક અને માયાળુ હતો. કમળાની સાથે તો એને એવું બની ગયું હતું કે એ મુંબઈ ગયો તે વેળા આખો દહાડો કમળાએ રોયા જ કર્યું હતું.

તેમણે રમાકાંતની બાને કહ્યું: 'હું તેને કાલે જ કાગળ લખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખીશ. ને બીજી વાત. હમણાં મહિનો બે મહિના તે ભલે અહીં અમારે ઘેર જ રહે. અહીં રહ્યાં દવાદારૂની જે સગવડ થઈ શકશે તે તમારા ગામડામાં નહિ થાય.'

આબાસાહેબના પગ ઝાલવા આગળ વધી નમી રહેલી રમાકાંતની માતાથી વેગળા ખસી જતાં તેમણે કહ્યું: 'અરે! આમ તે હોય? રમાકાંતમાં ને મારા ભાઉમાં મારે કયાં કશો ભેદભાવ છે?'

પરંતુ તેમનું હૈયું અભિમાનથી નાચી ઊઠ્યું હતું. માતાનાં વેણને ન માનનાર છોકરો પોતાનું તો જરૂર માનશે એવી એ માતાના દિલમાં પણ પૂરી શ્રદ્ધા હતી!

રમાકાંતનાં બા પાછાં ગયાં. આબાસાહેબે ઘરમાં જઈ ટેબલ પર પડેલું માનપત્ર પાછું હાથમાં લીધું – આખું પોતે વાંચી ગયા. માનપત્રમાં કરેલાં વખાણને માટે પોતે લાયક નથી એવું તેમણે જાહેર-સભામાં કહેલું પરંતુ આ ક્ષણે તેમનું દિલ કહી રહ્યું હતું: 'માન-પત્રમાંહેની અક્ષરેઅક્ષર વાત સાચી છે.'

* * *

આબાસાહેબનો કાગળ મળતાં જ રમાકાંત તેમને ત્યાં આવી પહોંચ્યો. તેની બા પણ આવીને તેને મળી, પોતાને ગામ પાછી ગઈ.

ડૉક્ટરોની એવી સલાહ પડી કે દવાદારૂની જરૂર નથી; માત્ર હવાફેર પૂરતું પણ અહીં રહેવાથી રમાકાંતની તબિયત જરૂર સુધરી જશે. સવારમાં રમાકાંત સાથે કમળાએ ફરવા જવાનું રાખ્યું હતું; સાંજે આબાસાહેબ પોતે જતા.

ચારપાંચ દિવસમાં ઘરનું સઘળું મંડળ એક બાબતમાં સંપૂર્ણ સંમત થઈ ચૂક્યું કે આજનો રમાકાંત હવે પહેલાંનો રહ્યો નથી. શાળામાં ભણતો ત્યારે રમાકાંત ખૂબ માયાળુ–પરાણે વહાલો લાગે એવો હતો. હવે તે એકલશૂરો બની ગયો છે. કોઈ કશું પૂછે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમાકાંત તેટલા પૂરતો જ જવાબ આપતો; પોતાની ઓરડીની બહાર તે ભાગ્યે જ દેખાતો. કમળાના અરુણને પણ તેણે રમાડવા એકે વાર તેડ્યો નહોતો! ફરવા જવામાં સાથે કમળા હોય કે આબાસાહેબ હોય, રમાકાંત સાવ મૂંગો જ રહેતો. કદી કાંઈ જૂની વાતો સંભારવામાં આવતી કે તુરત તેની ભ્રકુટિ સંકોચાતી. એની સાથે ભણતા કેટલા ય વિદ્યાર્થીઓ આજે પોતાનું ઘર ચલાવતા થઈ ચૂકયા હતા; પણ એ કોઈને મળવા જવાની વાત પણ રમાકાંત ઉચ્ચારતો નહોતો!

કમળા અને સરસ્વતીબહેને નક્કી કર્યું કે રમાકાંતનો આ વ્યાધિ શારીરિક નહિ પરંતુ માનસિક છે. આબાસાહેબ પણ તે બોટું છે એમ કહી ન શકયા.

એક વાર તે રમાકાન્તની ઓરડી પાસેથી પસાર થતા હતા. અંદર રમાકાન્ત કશું ગણગણતો લાગ્યો. આબાસાહેબ ઓરડીના બારણા પાસે ઊભા રહી ગયા. નીચેની પંક્તિઓ સ્પષ્ટ રીતે સંભળાઈ—

मधु मागसि सखया अतां परी
मधु घटचि रिक्तामे पडति घरीं

આ પંક્તિઓ પેલી સંધ્યાકાળના વર્ણનવાળી કવિતામાંથી જ છે એ આબાસાહેબ તુરત જાણી ગયા. તેમને નવાઈ પણ લાગી. હજુ તો રમાકાંતની જિંદગીનો મધ્યાહ્ન તપવાનો બાકી છે, ત્યાં એને આવાં આવાં સંધ્યાનાં (જીવનની) ઉદાસીનતાભર્યાં કાવ્યો કાં સાંભરે? પોતાની પત્ની અને પુત્રીની વાત તેમને સાચી લાગી. મુંબઈમાં તો કોઈ પૈસાદારની પડખે પણ સામાન્ય અગર ગરીબ માણસ રહી શકે એવું બને છે. રમાકાંતને પડોશની કોઈ પૈસાદારની છોકરી સાથે ઓળ-

* હે સખા! તું અત્યારે હવે મધુ–મધ માગે છે ખરો, પરંતુ મધના ઘડાઓ તો ઘેર ખાલીખમ થઈને પડ્યા છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાણુ–મૈત્રી હોવી જોઈએ! જુવાનીનો પ્રેમ આંધળો હોય છે. એ પ્રેમને સ્વર્ગ અને પાતાળ વચ્ચેનું અંતર પણ નજીવું, ક્ષુદ્ર ભાસે છે. આવી મોહજાળમાં ફસાતાં આખરે નિરાશા સાંપડે છે, ને તે વેળા જુવાનો મનનું સમતોલપણું જાળવી શકતા નથી. પરિણામે —

બારણું હડસેલી આબાસાહેબે ઓરડીમાં પ્રવેશ કર્યો. રમાકાંતનું મંદ ગાન અટકી પડ્યું. હસતાં હસતાં આબાસાહેબે કહ્યું: 'સંભળાવ સંભળાવ, કેમ અટકી ગયો? એ કવિતા મને ગમી ગઈ એટલે થયું કે ચાલ એ કોની બનાવેલી છે તે જાણી લઉં—'

'તાંબે કવિની બનાવેલી છે.' કહી હાથમાંની ચોપડી રમાકાંતે આગળ ધરી. પણ એ આગળ ધરતી વેળા રમાકાંતને કશું જાણે સાંભરી આવ્યું. પુસ્તક ખોલી અંદરથી એક નાનકડો ફોટોગ્રાફ કાઢી લઈ તેણે પુસ્તક આબાસાહેબને આપ્યું. આબાસાહેબને ખાતરી થઈ કે ભાઈસાહેબને જરૂર કચાંઈક પ્રેમમાં નિરાશા સાંપડી છે! પોતાના મોં પર કશો જ વિકાર દર્શાવ્યા વિના આબાસાહેબ આખી કવિતા વાંચી ગયા ને બોલ્યા: 'કવિતા તો ખરેખર સુંદર છે! પણ તારા જેવાને એ આટલી બધી ગમે છે એથી જરા નવાઈ લાગે છે.'

'કેમ એમ કહો છો?'

'કેમકે એમાં વૃદ્ધાવસ્થાનું દુઃખ વર્ણવેલું છે!'

'ત્યારે હું કચાં હવે જુવાન રહ્યો છું?'

'એમાં મૂંઝાય છે શાનો? આ માંદગી તો ચાર દિવસમાં ચાલી જશે!'

'આબાસાહેબ!' રમાકાંતે સહેજ અટકીને કહ્યું, 'આપને એમ નથી લાગતું કે શરીર કરતાં મનની જુવાની જ વધારે કામની છે?'

'પણ માનસિક રીતે પણ વૃદ્ધ બની બેસવાનાં એવાં શા કારણો તને સાંપડ્યાં છે? ચાર વરસ મિલમાં રહ્યો; ત્યાંનું કામ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાવ્યું. ન ફાવે તો છો રહ્યું ! બીજી નોકરી શોધી કાઢ. એમાં આટલું બધું ઓછું શાનો આણે છે? આજે જ ભાઉને પૂને કાગળ લખી નાખું છું. મુંબઈની હવા માફક ન આવતી હોય તો પૂના કાંઈ થઈ શકે એમ હોય તો ત્યાં મહેનત કરીએ.'

આબાસાહેબે એવું ધારેલું કે રમાકાંત મુંબઈમાં રહેવાનું જ પસંદ કરશે.

પરંતુ રમાકાંતે હસીને જવાબ વાળ્યોઃ 'વાહ ! પૂનામાં નોકરી મળતી હોય તો વળી વધારે સારું ! દૂધમાં સાકર ભળશે.'

એક મહિનામાં રમાકાંતની તબિયતમાં ઘણો સુધારો થયો. પૂનાથી ભાઉનો જવાબ પણ આવી ગયો હતો : 'રમાકાંતને તુરત અહીં મોકલી આપો. નોકરીની ગોઠવણ કરી છે.'

રમાકાંત પૂના ગયા પછી પાંચજ દિવસમાં જ ભાઉનો બીજો કાગળ આવ્યો; પોતાને જણાવ્યા વિના જ એ ચાલ્યો ગયાના તેમાં સમાચાર હતા. આબાસાહેબને હવે કશી શંકા ન રહી કે રમાકાંત જરૂર કોઈ પ્રેમપાશમાં બંધાયો છે. અને પ્રેમના જેવો અસાધ્ય વ્યાધિ દુનિયામાં બીજો કયો છે? પણ આબાસાહેબને સવાલ તો એ થઈ પડ્યો કે રમાકાંતની બા પોતાને ફરી વાર મળવા આવે તો તેનું મન શી રીતે મનાવવું? રમાકાંતના જીવન પર પડનારી આ અકાળ સંધ્યાના ઓળા શી રીતે નિવારવા?

પરંતુ થોડા જ દિવસમાં રમાકાંતની બાને બદલે રમાકાંતનો પોતાનો જ પત્ર આબાસાહેબ પર આવ્યો. ભારે ઉત્સુકતાથી આબાસાહેબે તે ફોડ્યો.

"પુરબ્બી આબાસાહેબ !

"તમને પત્ર લખવો કે કેમ તેના વિચારમાં બેચાર દિવસ પસાર થઈ ગયા. ખરી વાત છે કે બીજાને માટે જેટલું થઈ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું સઘળું તમે મારે માટે કરી છૂટ્યા છો. આ કારણે જ મનમાં એક વિચાર એવો આવ્યા કરતો હતો કે તમારા દિલને દૂભવે એવો એક અક્ષર પણ લખવો નહિ. સાથે એવો વિચાર પણ થયા કરતો હતો કે રોગ અને દુઃખ છુપાવ્યાથી કદી મટતાં નથી!

"તે દહાડે તમને ખુલ્લેખુલ્લું સઘળું કહી દેવાની હિંમત ન ચાલી. મારે કહેવું જોઈએ કે મારા સરખા એકલદોકલ જુવાનનું જ નહિ પણ લાખો જુવાનોનાં દિલ આજે અકાળે વૃદ્ધ બની ગયાં છે. **मधुघटाचि रिकामे पडति घरीं** વાળી કરુણ પંક્તિઓ મનમાં મનમાં ગાતા તેઓ દિવસો વિતાડે છે. કોઈ ઘરડા ડોસાને જુવાન કન્યા પરણાવવામાં કન્યાને કપાળેથી કાયમને માટે સૌભાગ્યનો ચાંદલો આપણે ભૂંસી નાખતા નથી શું? એ જ ન્યાયે આજે જૂનવાણી બની ગયેલી સમાજરચના સાથે જુવાનોને જિંદગી સુધી જોડવામાં તેમના પર સખ્તાઈપૂર્વક વૃદ્ધાવસ્થા લાદવામાં આવે છે એમ કહેવામાં શું ખોટું છે?

"હું મારો જ દાખલો આપું. તમારી મદદને લીધે જ હું મેટ્રિક પાસ થઈ શક્યો. પરીક્ષામાં તો તમારા પુત્ર કરતાં પણ મારો નંબર ઊંચો આવ્યો હતો, પણ હું પૈસાની દૃષ્ટિએ ગરીબ હતો! મને કૉલેજમાં કોણ મોકલે? કૉલેજમાં ભણવાનો મોકો મને પણ મળ્યો હોત તો હું ભાઉ કરતાં પણ વધારે શ્રેષ્ઠ દરજ્જાનો પ્રોફેસર અવશ્ય બની શકત! ચાર દહાડા પહેલાં જે નોકરી પર હું પૂનામાં હાજર થયો હતો તે જગ્યા ભાઉની જ કૉલેજમાં એક હંગામી કારકુનની હતી. વિદ્યાર્થી અવસ્થામાં જેનાથી હું કાયમ વધારે હોશિયાર હતો, એ વિદ્યાર્થી આજે પ્રોફેસર હોય, અને મારે એના જ તાબામાં એની જ કૉલેજમાં કારકુન રહેવું પડે! આ સજા મારે શા સારુ ભોગવવી પડી? કેમકે મેં ગરીબ હોવાનો ગુનો કર્યો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારે ભાઉ સામે કશું જ કહેવાનું નથી. હમણાં જ હું તમારે ત્યાં બે મહિના રહી ગયો. તે વેળાના મારા અનેક સાથીદારો આજે ગામમાં પ્રતિષ્ઠિત નાગરિકો બની બેઠા છે! બધા ચમન ઉડાવે છે; ઘણાઓ પૈસાદાર ને રૂપાળી છોકરીઓ સાથે પરણી બેઠા છે. એઓ શા માટે મોજ ન ઉડાવે? કોઈનો બાપ જમીનદાર છે, કોઈના બાપની મોટી પેઢી ચાલે છે, કોઈનો કાકો લક્ષાધિપતિ છે; કોઈને કાંઈ તો કોઈને કાંઈ છે. એમાંના એકે ય જણે પરીક્ષા પસાર કરવા મારા જેટલી મહેનત કદી કરી નથી; અને મુંબઈમાં મેં જે જિંદગી વિતાવી છે તેનું તો એમને સ્વપ્નું આવે તોપણ તેઓ ચીસ પાડી ઊઠે! એમનું કોઈનું સહેજ માથું દુખવા આવે તો ય હજાર જાતની દવા ને ડૉક્ટરો તેઓ મેળવી શકે છે; મારા જેવાને તો કુટુંબના પાંચ જીવોનાં પેટ ભર્યા પછી પાઈ પૈસો વધે તો જ દવાનો વિચાર સરખો પણ થઈ શકે!

"આબાસાહેબ! ગરીબાઈ એ ગુનો છે એટલું જ નહિ, આજના સમાજમાં એને માટેની શિક્ષા પણ ભયંકર છે. તે દહાડો તાંબેનો કવિતાસંગ્રહ તમને વાંચવા આપતી વેળા મેં અંદરથી એક નાનકડો ફોટો કાઢી લીધાનું તમને બરાબર સાંભરતું હશે. તમે એમ ધાર્યું હશે કે રંગાકાંત મુંબઈ જઈ કયાંકિ કોઈના પ્રેમમાં ફસાયો છે! પણ મુંબઈમાં મારું પહેલું વરસ તો અસહકારના આંદોલનમાં રંગાઈ જવામાં વીત્યું. તે પછીનાં વર્ષોમાં પેટ ખાતર મિલમાં દાખલ થયો, ને તેના અનેક સંચાઓ જેવો હું પણ એક સંચો બની ગયો! એ વાતાવરણમાં તો મહાકવિ કાલિદાસનું કાવ્ય પણ સૂઝાઈ જ જાય!

"પણ આજે હું તમારી પાસે દિલ ખોલીને સઘળું લખી દેવા માગું છું. જે ફોટો મેં કાવ્યસંગ્રહમાંથી કાઢી લીધો હતો તે બીજા કોઈનો નહિ પણ તમારી પુત્રી કમળાનો જ હતો. તમારે ત્યાં રહેતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ત્યારે મારે ને એને કેવી ગાઢ મૈત્રી હતી તે તમે જાણો છો. તમને તો શાનું સાંભરતું હોય? પણ જે દહાડો મેટ્રિક પાસ થયા પછી હું મુંબઈ આવવા તમારે ત્યાંથી રવાના થયો તે દહાડો એ ફોટો કમળાએ રડતાં રડતાં મને આપ્યો હતો. તે વેળા તેણે કાઢેલા ઉદ્‌ગારો હજુ આજે પણ મારા કાનમાં ગુંજી રહ્યા છેઃ 'કાંત! તારી કમળાને ન ભૂલજે!'

"મારી કમળા? મુંબઈ ગયા પછી પણ કમળાનાં લગ્ન થતાં સુધી આ જૂની આશામાં મેં અનેક દહાડા કાલ્પનિક સુખમાં ગાળ્યા. પરંતુ કલ્પના અને વ્યવહારને ક્યાં કદી મેળ આવે છે?

"તમે પૈસાદાર જમાઈ મેળવી શકયા. કમળાને તમે તેની સાથે પરણાવી. તેને ઘેર પુત્રનું પારણું પણ બંધાયું. તેઓ સહુ સદા ય સુખપૂર્વક રહે એમ હું ઇચ્છું છું.

"છતાં રહીરહીને એક વાત કાયમ સાંભર્યા જ કરે છેઃ 'જો મારી આર્થિક સ્થિતિ કૉલેજમાં ભણવા જેવી હોત તો કમળા બીજાની થાત નહિ. જીવનની સૌથી સૂક્ષ્મ યાતનાભરી આ ભયંકર શિક્ષા ભાવિએ મને શા સારુ કરી? હું ગરીબ જન્મ્યો હતો તેથી?'

"માટે હું કહું છું કે ગરીબાઈ એ ગુનો છે, અને આજે આપણા દેશમાં આવા કરોડો નિરપરાધી ગુનેગારો જીવે છે. મારી પેઠે જ તે સઘળા મનમાં સમસમી રહેતા હશે – મૂંઝાતા હશે. એમને નસીબે કોઈ પણ ઑફીસમાં કારકુન તરીકે જોડાવાનું અને કુટુંબનિર્વાહ પૂરતો પણ પગાર ન મળવાથી જિંદગીભર પગ ઘસડ્યા કરવાનું સૂરજ્યું હોય છે. જીવનમાં માત્ર પેટ ભરવા ઉપરાંત કશું કરી જવું – મારા સરખા નિરપરાધી ગુનેગારોનો છૂટકારો થાય એવા કોઈ પ્રયત્નોમાં જોડાવું વધારે ઇષ્ટ નથી શું?

"આબાસાહેબ! આપના સ્વાર્થત્યાગ વિષે મારા દિલમાં પુષ્કળ આદરભાવ છે. પણ કેવળ ભણતરની શાળાઓ ચલાવવાથી લોકો સુખી

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય ખરા? તમારી શાળામાંથી ભણી ઊતરેલા આગલી હરોલના કેટલાક વિદ્યાર્થીઓ જરૂર સારી પાયરીએ ચડ્યા હશે. પણ એનો જશ એ જમાનાને છે. તમારે ત્યાં તમને અપાયેલ માનપત્ર મેં વાંચ્યું. સાચું કહું છું, એ માનપત્ર આપનાર પ્રત્યે મને દયા છૂટી! શરવીર હિંમતબાજ જુવાનને લશ્કરમાં રસોડું સંભાળવાનું સોંપાય તો તેને માનપત્ર આપનારાઓની બુદ્ધિ વિષે જે આદર...એ વાત જ જવા દઈએ!

"શરવીરતા અને ત્યાગ જેવા સદ્‌ગુણો ગમે ત્યાં નથી સાંપડતા. પણ એનો યોગ્ય ઉપયોગ થવાની જરૂર નથી શું?

"આબાસાહેબ! તમે સ્વાર્થત્યાગનું મહામંદિર બંધાવ્યું ખરું, પણ તેનો પાયો રેતીમાં નખાયેલ છે! આજની અમારી પેઢી એ ભૂલનું પુનરાવર્તન ન કરે એમ હું ઇચ્છું છું. કરોડો લોકો આજે વિપરીત પરિસ્થિતિ રૂપી જેલમાં સબડ્યા કરે છે. એ દીવાલો સામે ઝૂઝવામાં ખરું શૌર્ય સમાયું છે. મારા સરખા જુવાનો કશા ય અંગત અપરાધ વિના જીવનનો પ્રાતઃકાળ પૂરો કરતા પહેલાં જ સંધ્યાના ઘેરા ઓળા તળે સપડાય છે! એ ઓળા છો વધારે ઘેરાતા. જેલની એ નક્કર દીવાલો તોડવામાં જુવાનોનું જે રુધિર છંટાશે એને લીધે જ એ ઘેરા ઓળામાં પણ પ્રભાતની લાલી પ્રસરશે. આ નૂતન પ્રભાત સવેળા પ્રગટે એવા તમારા આશીર્વાદ માગું છું.

તમારો
રમાકાંત"

આબાસાહેબે પત્ર પૂરો કરી શૂન્ય નજરે સામે જોયું. ટેબલ ઉપર પેલું માનપત્ર પડ્યું હતું. તેમણે તે ઉપાડીને કબાટના છેક ઉપલા ખાનામાં પાછલી બાજુએ કચરામાં સંતાડી દીધું.

બહાર કમળા ગાતી હતી—

मधु मागसि सखया अतां परी
मधु घटाचि रिकामे पडति घरीं!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણઊઘડતી કળીઓ

હાઇસ્કૂલ અને કૉલેજ વચ્ચે માત્ર એક વર્ષનો જ તફાવત નથી રહેતો એ વાત દિવાકર બરાબર જાણતો હતો. કૉલેજની દુનિયામાં પવન એવો જોરથી ફુંકાય છે કે ત્યાં કોઈને માથે ટોપી ટકી શકતી નથી; સૌંદર્યના ખ્યાલો એવા સૂક્ષ્મ બની જાય છે કે વિદ્યાર્થીની રૂમ સિનેમાનટીના ફોટાઓ, અને તેનો પોતાનો દેહ અપટુડેટ સૂટ વિના શોભી જ શકતાં નથી; પ્રતિભા પણ એવી નાજુક બની જાય છે કે પ્રેમકાવ્યો અગર પ્રેમકથાઓ વિના અન્ય લેખનકાર્ય તેનાથી હાથ જ ધરી શકાતું નથી! દિવાકરે આ અને આવી અનેક વાતો ઘણી વાર સાંભળી હતી. આ કારણે આ નવી દુનિયામાં પ્રવેશ કરતી વેળા એણે પહેલી વાતની મનમાં એ ગાંઠ વાળી હતી કે – કહો કે પોતાની મૃત માતાના ફોટા સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે પોતે માથે ચડાવેલી ખાદીટોપી કદી ઉતારશે નહિ. યુદ્ધમાં ઝંડાને કદી નીચે પડવા દેવાય ખરો? બસ, કૉલેજનાં ચાર વર્ષના એ યુદ્ધકાળ દરમિયાન ખાદીટોપી એ જ પોતાનો ઝંડો! વળી એને પરિણામે કૉલેજની એક પણ છોકરી પોતા સામે નજર પણ નહિ ફેંકે! દિવાકરે માન્યું કે ખાદીથી દેશનું રક્ષણ થાઓ યા ન થાઓ, પરંતુ પોતાનું રક્ષણ તો જરૂર થશે!

પ્રતિજ્ઞાની કલમ બીજી : રૂમમાં એક પણ સિનેમા નટીના ફોટાને સ્થાન આપવું નહિ. કોઈ પણ સ્ત્રીનો ફોટોગ્રાફ ન રાખવાની જ પ્રતિજ્ઞા તે લેવા ધારતો હતો; પરંતુ તેને પોતાની માતા પ્રત્યે અસાધારણ ભાવ હતો એટલે એ ફોટો તો રૂમમાં રાખવો પડશે એ વિચારે એણે પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞાને સહેજ મર્યાદિત બનાવી હતી. બીજા છોકરાઓ પોતાની રૂમમાં જો સિનેમાનટીઓના ફોટાઓ રાખતા હોય તો પોતે પોતાની ઓરડી સ્વામી વિવેકાનંદ, ભગવાન બુદ્ધ, ગામા, તાત્યા ટોપે, શિવાજી મહારાજ વગેરેની છબીઓથી શણગારશે – મળે તો ઝાંસીની રાણીનો પણ એક ફોટો રાખશે. લેખનકાર્યમાં પણ પિતાજીને પત્ર લખવો અને પ્રોફેસરોની નોટસ ઉતારી લેવી, એ ઉપરાંત ઘોળા પર કાળું કરવાનું કશું લેખનકાર્ય ન કરવું એમ પણ એણે નક્કી કર્યું. હા, બાએ છેવટની ઘડીએ સો વખત રોજ 'રામ' નામ લખવાનું કહેલું તેટલું લખવું. પરંતુ કોઈ છોકરીને ચિઠ્ઠી લખવાની વાત તો કદી મનમાં પણ ન લાવવી! ગુલાબી નોટપેપરનો તો છેક બહિષ્કાર જ કરી દેવો! કાગળમાં હાથીછાપવાળા ચીનાઈ કાગળો જ રૂમમાં રાખવા; એવા ચીનાઈ કાગળ ઉપર પૈસામાં ખડિયો ભરીને બળતી કાળી શાહીથી કોઈ પ્રેમપત્રો લખતું જાણ્યું છે?

પણ જે વેળા દિવાકર મનમાં આવા દૃઢ સંકલ્પો રચી રહ્યો હતો તે વેળા દૈવ તેના તરફ હસી રહ્યું હતું. કૉલેજનાં પગથિયાં ચઢતાં સુધી દિવાકરને દૈવનું એ હાસ્ય સંભળાયું નહોતું. પણ કૉલેજમાં દાખલ થતાં પહેલે જ દિવસે એફવાયમાં બે વરસથી દૃઢ આસન વાળી બેઠેલા એના ગામના જ એક વિદ્યાર્થીએ એને આવકાર આપ્યો: 'શાબાશ! તને મારા ધન્યવાદ!'

દિવાકરે ધાર્યું કે પોતે પહેલો (ફર્સ્ટ) સ્કોલર છે તેથી આ ભાઈ જરા ગમ્મત ઉડાવતો હશે. એણે સરલતાથી જવાબ આપ્યો 'કેમ? શું છે ભાઈ?'

'ના રે, કશું જ નહિ! માત્ર ઋષ્યશૃંગ મુનિનાં દર્શન કર્યાં!

પણ એટલા સૂચનથી દિવાકરના કશું ખ્યાલમાં આવ્યું નહિ. એણે જવાબ આપ્યો: 'અરે ભાઈ! એ તો ઊંજડ રાનમાં એરંડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya-Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન, સમજ્યો? અહીં હું ફર્સ્ટ સ્કોલર હોઉં તોપણ યુનિવર્સિટીમાં તો મારો નંબર પાંચમો જ હતો!'

'અરે અક્કલના ઓથમીર! પહેલો નંબર આવ્યો છે એ પણ મનમાં મનમાં બળ્યા કરે છે!'

'કેમ ભાઈ?'

'એટલા માટે કે પોતાનો નંબર પાંચમો ન આવ્યો.'

'પણ એમાં પાંચમા નંબરમાં એવાં શાં હીરામાણેક ટાંગ્યાં છે?'

દિવાકર યુનિવર્સિટીમાં પાંચમો આવ્યો હતો અને ગણિતમાં તો ચળી પહેલો આવ્યો હતો, છતાં પોતાના મિત્રનો આ અગમ કોયડો તેનાથી ઉકેલી શકાયો નહિ.

પેલા મિત્રે દિવાકરનો ખંભો થાબડતાં કહ્યું: 'તું તો સાવ અરસિક જણાય છે, ભાઈ!'

દિવાકરે કશો જવાબ ન આપ્યો. મનમાં તે વિચારતો હતો: 'ભલા ભાઈ! હું જો તારી પેઠે પૈસાદાર પિતાનો એકનો એક પુત્ર હોત તો જુદી વાત હતી. હું તો બાળપણમાં જ માવિહોણો બન્યો છું. હજુ મારે બીજા બે નાના ભાઈઓ ને બે નાની બહેનો છે, ને પિતાજી તો એક પ્રાથમિક શાળાના શિક્ષક માત્ર છે. હું ભણું છું એ તો એ સહુના ખાતર — પિતાજી અને નાનાં ભાઈબહેનો ખાતર! તારી આ રસિકતા તારા પાસે જ છો રહી!'

દિવાકરને મૂંગો રહેલો દેખી પેલા મિત્રે કહ્યું: 'ભલા માણસ! પાંચમા નંબરના સરખા માર્ક બે જણને મળ્યા છે તે યાદ છે ના?'

દિવાકરે હસીને જવાબ આપ્યો: 'ઓહો! હું જેમ ફર્સ્ટ સ્કોલર છું તેમ એક બીજો પણ ફર્સ્ટ સ્કોલર છે, એમ ના?'

'તારી સાથેની લાઈનમાં બીજું નામ કોનું હતું તે યાદ છે?'

'કોનું હતું?' દિવાકરે સરળ ભાવે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માણિક—'

પોતાના એ રસિક મિત્રની તે પછીની મહેફીનાથી ટીકા સાંભળવા દિવાકર ઊભો ન રહ્યો. જતાં જતાં તેણે એક વાર પાછું વાળી જોયું. એ દૃષ્ટિ જાણે કહી રહી હતી—'કૉલેજજીવન એ તારા સરખા પૈસાપાત્ર નબીરાની નજરે નંદનવન હશે, પરંતુ મારા સરખા ગરીબ વિદ્યાર્થીની દૃષ્ટિએ એ ઉજ્જડ અરણ્ય સમું છે. એમાં કોઈ ઠેકાણે કળીઓ પણ નજરે નહિ ચડે! દેખાશે માત્ર બાવળગોખરુનાં સૂકાં ઠૂંઠાં!'

પરંતુ જંગલનાં બાવળગોખરુને ફૂલો આવતાં જ નથી એ પોતાની માન્યતા સાચી નથી એની ખાતરી તુરત દિવાકરને થઈ ચૂકી. છ-માસિક પરીક્ષા પહેલાં જ માણિકની બા માંદી પડી, ને એની ચાકરી કરવા માણિક પોતાને ગામ ચાલી ગઈ. પ્રતિસ્પર્ધી વિના વિજયનો શો અર્થ છે એમ કહી દિવાકરને મિત્રો ચીડવવા લાગ્યા. દિવાકરને થયું કે માણિકની બા જલદી સાજી થાય અને પરીક્ષા પહેલાં જ એ પાછી ફરે તો બહુ સારું! નહિતર છમાસિકમાં પહેલો નંબર મળ્યા છતાં આ કૂતરાં જંપવા નહિ દે!

દિવાકરે કોઈ દેવની માનતા માની હતી કે નહિ તે તો કોણ જાણે, પણ પરીક્ષાને સાતઆઠ દિવસ બાકી હતા ત્યાં જ અચાનક માણિક કૉલેજમાં પાછી હાજર થઈ ગઈ.

'દુશ્મન આ ગયા હૈ!' કહી દિવાકરના મિત્રોએ તે દિવસે એને ચીડવવામાં બાકી ન રાખી. છતાં તે જ દહાડે કૉલેજ છૂટતી વેળા એ મિત્રોના ચહેરા ફોટો પડાવવા જેવા થઈ ગયા! સાંજે દિવાકર અને 'દુશ્મન' વચ્ચે હસતે મુખે કશી વાતચીત ચાલતી હતી.

મુસોલિની અને રાસતફારી એકબીજાના હાથ પકડી ચાલતા હોય એવો ફોટો છાપાઓમાં છપાયો હોત અગર તો મહાત્મા ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વીર સાવરકરના સહભોજનના સમાચાર સાંજનાં પત્રોમાં ચમકવા હોત તોપણ જેટલી નવાઈ ન થાત તેટલી નવાઈ દિવાકરના એ મિત્રોને તેને હસીને માણિક સાથે વાતો કરતો જોઈને લાગી.

દિવાકર અને માણિકની મુલાકાત દરમિયાન શી શી વાતચીતો થઈ એનો ઉકેલ બીજે દિવસે દિવાકરની નોટબુકો માણિક જ્યારે પાછી આપતી હતી ત્યારે સાંપડ્યો.

દિવાકર માણિકને રોજ નવીનવી નોટબુકો આપતો અને જૂની પાછી લેતો.

મિત્રોએ તેને કહ્યું: 'અલ્યા ગાંડો થયો લાગે છે!'

દિવાકર તેમની સામે જોઈ રહ્યો.

એકે કહ્યું: 'અલ્યા જાતે પગ પર કુહાડો કાં મારે?'

બીજાએ કહ્યું: 'તારી નોટબુકો વાપરીને એ તારા કરતાં જ વધારે માર્ક લઈ જશે. જોજે તો ખરો!'

દિવાકરે તેમને માત્ર હાસ્યથી જ જવાબ આપ્યો. જતાં જતાં તે કહેતો ગયો: 'ડોશી કૂકડો સંતાડી રાખે એથી કાંઈ વા'ણું વાતું ન અટકે!'

અનેક માસિકોમાં મોકલેલી પોતાની કવિતાઓ 'સાભાર પાછી' મેળવી ચૂકેલા એક નવા કવિમિત્રે ઉદ્‌ગાર કાઢ્યા: 'દોસ્ત! તું તો સાવ રસિકતાહીન જ લાગે છે! આવે પ્રસંગે આવી કહેવત હોય? છીછી! એ કરતાં તો તારે કહેવું જોઈતું હતું કે યુવતીઓ નોટસ ન લઈ જાય એથી ચંદ્ર ઉદય પામ્યા વિના નથી રહેતો.'

અને એ કવિઉક્તિ પર જામેલા હાસ્યવિનોદમાં દિવાકર પણ સામેલ થયો. પણ પોતાની રૂમમાં પાછાં ફર્યા પછી દિવાકરને લાગ્યું: મિત્રો કોઈ વિચિત્ર ખ્યાલે તો નહિ ચડ્યા હોય? છોકરીઓ સાથે વાત કરવાની એક પણ તક તેઓ જવા દેતા નથી! કોઈ છોકરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલી સાડી પહેરીને આવી હોય તો તેનું નામ પાડે લીલો ચંપો! કોઈ જરા વધારે પડતી પાવડર ચોપડીને આવી હોય તો તેનું નામ પાડે ધોળો ચંપો! કઈ છોકરી કયા છોકરા સાથે કયારે વાત કરતી હતી તેની પોલીસની પેઠે વિગતવાર ડાયરી રાખે! એ સિવાયની બીજી બાબતો તરફ એમનું ધ્યાન જ કેમ નહિ જતું હોય?

નોટોની આપલે શરૂ થયા પછી પાંચમે અગર છઠ્ઠે દિવસે વર્ગમાં પાછી મળેલી એક નોટમાં દિવાકરને એક ચિઠ્ઠી મળી. એણે ધ્રૂજતે હાથે એ ખોલી. એ ચિઠ્ઠીમાં આટલું જ લખાણ હતું: 'સાંજે ટેકરીઓમાં ફરવા આવશો?'

પણ દિવાકરના મનમાં ભારે મોટો ગજબાક શરૂ થયો. તેનું એક મન કહી રહ્યું હતું: તેં નોટ્સ આપી ન હોત તો તેથી તો તારા મનની ક્ષુદ્રતા જ ગણાત. તેં તારી ફરજ બજાવી છે! હવે આથી આગળ વધવું ખરું? ના ના! તારી પ્રતિજ્ઞા તું શું વીસરી ગયો? એ પ્રતિજ્ઞાની કલમો શું તું ભૂલી ગયો?—

એનું બીજું મન કહેતું હતું: તેં નોટો આપીને મનની જે મોટાઈ દાખવી છે તે બદલ તે તારો ઉપકાર માનવા ઇચ્છે છે. એમાં ભારે વિચારમાં પડવા જેવું? પણ શું છે તે કદાચ કહેશે: 'હું તમારી ભારે ઋણી છું.' તો તારે જવાબ આપવો 'એમાં મેં એવો કયો ઉપકાર કરી નાખ્યો છે?' બહુ બહુ તો જરા સામસામે હસી લઈ આખરે છૂટાં પડી ઘેર જવાશે!

બીજા મનનું કહેવું દિવાકરને ગળે તો ઊતરતું હતું, પણ તેનું પહેલું મન પણ એમ સહેલાઈથી પોતાની હક છોડે એવું નહોતું. એ પોતાને પક્ષે નવા નવા મુદ્દાઓ રજૂ કર્યે જતું હતું. છેવટે તો એણે [૧]અણ્ણા કિર્લોસ્કરને સાક્ષી તરીકે રજૂ કર્યા! નાનપણમાં સાંભળેલું અને

[૧] મહારાષ્ટ્રના એક જાણીતા જૂના નાટકકાર, જેમણે બાળગંધર્વને આગળ આણ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢે કરેલું તેમનું ગાયન : ૨ **वसंतीं वघुनि मेनकेला गाधिजमुनिने निज सुतपावरि जलांजलि दीधला ।** કોઈ અત્યારે ગણગણતું જાણે સંભળાતું હોય એવો દિવાકરને ભ્રમ થયો.

નાનપણમાં દિવાકરે ઘણી કુસ્તીઓ જોઈ હતી. અનેક કુસ્તીઓનાં પરિણામો તો તુરત જ ઘડી બેઘડીમાં જણાઈ આવતાં; છતાં કોઈ કોઈ જોડી કલાક કલાક સુધી કુસ્તી કર્યા કરતી અને પોતાની જાતને જ નહિ પરંતુ પ્રેક્ષકને પણ થકવી દેતી ! અત્યારે પોતાના મનમાં ચાલી રહેલો ગજગ્રાહ પણ દિવાકરને એ કુસ્તી જેવો જ ભાસ્યો.

ઘડીભર તેને એમ થયું કે માણિક પોતા તરફ જોઈ રહી છે. અંતરના ઊંડાણના ગજગ્રાહમાં કયું મન જીત્યું હતું તે તો દૈવ જાણે ! પણ દિવાકરે તેના તરફ જોઈ ડોકું હલાવી હકારમાં જવાબ આપ્યો એ તો પ્રત્યક્ષ જ બન્યું ! તુરત તેને પોતાની ડોક પર ખૂબ ક્રોધ ચડ્યો, પણ પાછળથી શા કામનું ? હાથમાંથી તીર તો છૂટી ગયું હતું !

જૂના સંસ્કૃત કવિઓએ **अनृतं साहसं माया...'** વગેરે બાબતોનો સંબંધ સ્ત્રી સાથે શા કારણે જોડી દીધો છે એનો ખરો અનુભવ દિવાકરને તે દિવસે સાંજના જ આવી ચૂકયો. સાંજે તેને એક ભાઈબંધે સિનેમા જોવા આગ્રહ કર્યો. આજની ફિલ્મ કોઈ પ્રણયકથા નહોતી પરંતુ દેશ ખાતર બલિદાન આપનાર એક વીર શહીદની એ જીવનકથા હતી એમ પણ તેને કહેવામાં આવ્યું. પરંતુ દિવાકર આજે નિરુપાય હતો ! તેનું માથું એકાએક આજે એવું સખત ચડ્યું હતું કે કંઈ કહેવાની વાત નહિ ! ઇમમાં જઈને આજે ઊંઘી જવા સિવાય તેને બીજો માર્ગ જ નહોતો !

---

૨ વસંતઋતુમાં મેનકાને જોઈને વિશ્વામિત્ર મુનિએ પોતાના દરા એવા તપ ઉપર પણ પાણી છોડ્યું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસત્યનો આ પહેલો પાઠ હતો ! પણ એટલાથી સ્ત્રીમાહાત્મ્યનો અંત આવે એવું નહોતું. માણિકને મળવા માટે દિવાકરને થોડું સાહસ પણ કરવાની જરૂર પડી. ટેકરી પર સીધે રસ્તે જાય તો કોઈકે મિત્ર અવશ્ય ભેટે જ; એ સાથે પણ આવે; પણ પછી—

તેણે ટેકરી ચડવાનો નવો જ માર્ગ ખોળી કાઢ્યો ! તેણે વિચાર્યું, પરદેશી લોકો હિંદમાં આવી હિમાલયસમા પર્વતરાજને શિખરે પહોંચવાના અખતરા કરે છે, તો પછી પોતે હિંદી જરા આડેઅવળે રસ્તે નાની ટેકરી ચડવાનો પ્રયત્ન કરે તો એમાં હસવા જેવું શું હતું ?

ખરેખર એમાં હસવા જેવું નહોતું જ બન્યું, કેમકે આડે રસ્તે ટેકરી ચડવા જતાં દિવાકરના પગમાં મોટો કાંટો લાગ્યો અને આંખોએ આંસુ વહેવડાવવાની તૈયારી પણ કરી દીધી ! પણ નજીકમાં જ કયાંઈ માણિક બેઠી હોય તો પોતાનાં આંસુ તેની નજરે ચડી જાય એ બીકે એ હસતું મોં રાખી ચાલતો હતો ! પણ એનો પગ એના એ હસતા ચહેરા પર સતત ક્રોધ વર્ષાવી રહ્યો હતો !

માણિક પહેલેથી જ ટેકરી પર આવીને એક બાજુએ જઈને બેઠી હતી. તેના હાથમાં એક પુસ્તક હતું – એ પુસ્તક તે વાંચતી પણ હતી. પણ જેમ પંખીનું નાનું બચ્ચું ઘડીએ ઘડીએ માળા બહાર માથું કાઢી ડોકાયા કરે તેમ તે વારેવારે માથું ઊંચકી ચોતરફ નજર ફેરવી લેતી હતી. દિવાકરને જોતાં જ એ એવું તો મીઠાશભર્યું હસી !—પગે એકને બદલે એકવીશ કાંટા ભોંકાયા હોત તોપણ કુરબાન છે, એમ દિવાકરને એ હાસ્યે ખાતરી કરાવી !

દિવાકર જરા દૂરના એક બીજા પથરા પર બેઠો. તેના તરફ જોતી માણિક બોલીઃ 'હું તમારી માફી માગવા આવી છું !'

'એવું તમે શું કર્યું છે કે તમારે મારી ક્ષમા માગવી પડે ?'

'તમારો કાગળ મેં વાંચી લીધો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારો કાગળ?'

'તમારી એક નોટબુકમાં હતો!'

'મેં લખેલો કાગળ?' દિવાકરનો ગુસ્સો અવાજમાં જ દેખાઈ આવતો હતો.

'નહિ નહિ, તમારા ઉપર આવેલો કાગળ—તમારા નાના ભાઈએ લખેલો!'

દિવાકરને હવે તુરત સાંભરી આવ્યું: પોતાના નાના ભાઈનો આવેલો એક કાગળ ક્યાં મુકાઈ ગયો હતો તે પોતાને યાદ આવતું નહોતું! પણ એ કાગળ માણિકે વાંચ્યો એથી એ ખૂબ નારાજ થયો. અણધારી રીતે એ કાગળમાં પોતાના ઘરની ગરીબી અને કરુણતાનું દૃશ્ય રજૂ થયું હતું! સાતઆઠ વર્ષના એ ભોળા કિશોરે તેમાં લખ્યું હતું: 'માશી મને રોટલા સાથે માખણ નથી આપતાં; ને બાપુજી નવો કોટ કરાવી નથી આપતા. મોટાભાઈ! આપણી સામે પેલા મામલતદાર સાહેબ રહે છે ના, એના દિનુએ એક એવી સરસ મોટર મગાવી છે! મારે પણ એવી જ મોટર જોઈએ છે!'

માણિકે જણાવ્યું: 'એ કાગળ તમારો છે એમ જાણીને મેં નહોતો ઉઘાડ્યો.'

'એટલે?'

'મેં ધાર્યું કે મારો જ એ કાગળ હશે. મારે એક સાતઆઠ વરસની નાની બહેન છે. એના અક્ષરો પણ બરાબર તમારા એ નાના ભાઈના અક્ષરો જેવા જ છે! એ પણ આવું જ કાલુંઘેલું લખ્યા કરે છે. ચણિયો ફાટ્યો તેથી બાએ મને મારી હતી; મારે સોનાની બંગડીઓ લેવી છે...'

દિવાકરનો ગુસ્સો કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ ગયો હતો. તે માણિકની વાત રસથી સાંભળતો હતો. માણિકને પણ એક ભાઈ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ બહેનો હતી; પિતાજી દેવલોક પામ્યા હતા; આવડા કુટુંબનો નિર્વાહ ચલાવી શકાય એવી નોકરી મેટ્રિક થયેલી છોકરીને તો ક્યાં મળવાની હતી ? પણ મેટ્રિકની પરીક્ષામાં ઘણે ઊંચે નંબરે પોતે પાસ થઈ એટલે ભાવિ સુખની આશાએ એ કૉલેજમાં આવી હતી.

એ બંનને દૂરથી જોનાર હરકોઈ પ્રેક્ષક જરૂર માની બેસે: એક યુવક અને એક યુવતી બેઠાં છે તે પ્રેમગોષ્ટી જ કરતાં હશે ! પણ દિલની અણઊઘડી કળીઓ કરતાં લાંબા ઊંડા જખમો જ માનવીઓને વધારે ઝડપથી નજીક આણે છે.

દિવાકર અને માણિકની આ મૈત્રી પર કૉલેજની દુનિયામાં પ્રેમની છાપ પડતાં વાર ન લાગી ! પછી તો કોઈ પરીક્ષામાં દિવાકર પહેલે નંબરે આવતો તો કોઈમાં માણિક આવતી; ને અન્ય વિદ્યાર્થીઓ પેઠે તેમને પોતાને પણ આ અનાવ ભારે ગમ્મત આપતો. છતાં મશ્કરા વિદ્યાર્થીઓ તો કહેતા જ: 'ભાઈ! આજનો જમાનો તો હવે સમાનતાનો આવ્યો છે ! એથી જ તો દિવાકર જાણી જોઈને વચ્ચે વચ્ચે બીજે આવે છે. નહિતર—'

પરીક્ષા અગાઉ બંને સાથે વાંચતાં. અનેક જણાએ એને પ્રિતિનું પ્રતીક ગણ્યું હતું. વિદ્યાર્થીઓ માનતા કે વાંચવાને બહાને બંને જણાં પ્રીતિની ચાંદનીમાં સ્વૈરવિહાર કરવાની મોજ માણી લે છે ! તેમને પોતાને બંનેને લાગતું, ઘોર અંધકારમાં નિર્જન અરણ્યમાંથી પ્રવાસ કરનાર બે પથિકોને એકબીજાનો સારો એવો સહારો મળી ગયો છે ! એકબીજા તરફ જોઈને બંને હિંમત મેળવી લે છે— આશ્વાસન મેળવી લે છે !

બબેબબા ગિલાવી લડી રહેલા બે સૈનિકોની પેઠે તેઓ બંને વાંચતાં. માણિક દિવાકરને કહેતીઃ તું ન હોત તો મેં કયારની કૉલેજ છોડી દીધી હોત ! દુઃખ સહન કરવું હોય તોપણ તેમાં કોઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાનુભૂતિની તો અપેક્ષા રહે જ છે. તારું માનસિક બળ જો મારામાં હોત—'

દિવાકર વળી મનમાં મનમાં જ વિચારતોઃ 'માણિક ન હોત તો હું આટલે સુધી ભણત ખરો? ધનવાન છોકરાઓ મોજ ઉડાવે છે; સુખી કુટુંબના નબીરાઓ આવા સુત્રનો અમલ કરે છેઃ 'માનવી દુનિયામાં ફક્ત ચાર જ વર્ષ સાચું જીવન જીવે છે— એ ચાર વર્ષ તે બીજાં કોઈ નહિ પણ કૉલેજજીવનનાં!' ગરીબના છોકરાઓ અધવચથી ભણવાનું પડતું મૂકી કૉલેજને બદલે ઘેર જઈ કપાળે હાથ દઈને બેસે છે! આવી દશામાં માણિક જેવી આદર્શવાદી છોકરી જો નજર સામે ન હોત તો હું પણ નિરાશ બની કશું ઊંધું ચત્તું કરી બેસત! કાંઈ નહિ તો છેવટે મારું ચિત્ત ભણવામાં તો બરોબર ચોંટત જ નહિ, મારો નંબર નીચે જાત અને—'

દિવાકરે માતાનો પ્રેમ ચાખ્યો નહોતો; માણિકને પિતાનું સુખ કેવું હોય તેનો ખ્યાલ નહોતો! જીવનની આ અતૃપ્ત ભાવનાઓ જાણે પરસ્પરના તેમના સહવાસથી જ આપોઆપ તૃપ્તિ મેળવતી હતી.

* * *

બે વર્ષો ઉપરાંતનો સમય આમ પસાર થઈ ગયો. પરંતુ દિવાકર અને માણિકની વર્તણૂકમાં રજ પણ તફાવત ન પડ્યો. બંને જણાં પરસ્પર ખૂબ નજીક આવી ગયાં હતાં; અને છતાં એ બંને વચ્ચે એક તરેહની જુદાઈનો ભાવ તરતો જ હતો એ કોઈ જોનારને તુરત કળાઈ આવતું હતું. કોઈ કોઈ વાર દિવાકર મિત્રો સાથે ફરવા જતો; માણિક પોતાની સખીઓ સાથે જતી. રસ્તામાં ભેટી જતાં તો તેઓ પરસ્પર જોયું ન જોયું કરી નજર ફેરવી લેતાં. કોઈએ કહી પણ દિવાકરના ટેબલ પર માણિકે આપેલી ભેટ તરીકે એકે ય વસ્તુ જોઈ નહોતી; માણિકની સખીઓએ તો આકાશપાતાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કર્યાં હતાં ! માણિકની ટ્રંકને બીજી ચાવીઓ લાગુ કરી અંદરના બધા કાગળો અક્ષરેઅક્ષર વાંચી જોયા; પણ એમાંનો એકેએક કાગળ કાં તો તેની બાનો અગર તો તેના નાના ભાઈ અગર નાની બહેનનો જ નીકળતો ! પણ પરિણામ એ આવ્યું કે એ જ કારણે એ બંનેના મિત્રો—સખીઓના દિલમાં એમના આ ગૂઢ રહસ્યનો ઉકેલ જાણવાની ઉત્સુકતા અપરંપાર વધી પડી.

માણિકની એક સખીનું નામ આશા હતું. એણે આ ગૂઢ રહસ્યનો ભેદ પામવાનું બીડું ઝડપ્યું. એકવાર પાછળના આંકડા પર બેઠી બેઠી માણિક કશું વાંચતી હતી તે વેળા આગળના આંકડા પર બેઠેલી આશાએ પોતાની નજીકની એક બેનપણીને કહ્યું : 'અલી સિંધુ ! તેં સાંભળ્યું ? કહે છે, પેલો દિવાકર હવે પરણી જવાનો છે !'

'અલી કોની સાથે ? કહે તો ખરી ?'

સિંધુના કાનમાં આશાએ કયા શબ્દો કહ્યા તે માણિક સાંભળી તો ન શકી, પણ આશાના શબ્દો સાંભળ્યા પછી સિંધુએ પાછું વાળી જોયું તે તરફ માણિકનું ધ્યાન ખેંચાયા વિના રહ્યું નહિ. માણિકના ચહેરા પર લાલી તરી આવી. આશાએ જોયું કે ગોળી બરાબર લાગી છે ! તે શાંતિથી બેસી રહી.

કૉલેજ પૂરી થતાં જ માણિક આશાને એક તરફ ખેંચી ગઈ. નટખટ આશા લુચ્ચાઈથી આંખો નચાવતી માણિકની પાછળ ગઈ.

માણિકે પૂછ્યું : 'એ પરણી જવાના છે એ સાચી વાત છે ?'

માણિકના અવાજમાં રહેલો કુંજારો જાણે પોતાના ધ્યાનમાં જ નથી આવ્યો એવો દેખાવ ધારણ કરી આશાએ પૂછ્યું : 'એ એટલે કોણ, બહેન ? તું કોના વિષે પૂછે છે ?'

'ઘડી પહેલાં તું સિંધુને શી વાત કરતી હતી ?'

'દિવાકર —'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પરણી જવાના છે?'

'હં—અં. તને નથી ખબર? મેં તો ધાર્યું કે તારે ને એને સંબંધ છે એટલે—'

'છોકરી કયાંની છે?' માણિકે અધીરાઈથી વચ્ચે જ સવાલ કર્યો.

'અહીંની જ છે.'

'કૉલેજમાંથી છે?'

'હા.'

'કઈ કૉલેજમાંથી?'

'આપણી જ કૉલેજ; વળી બીજી કઈ?'

'એનું નામ કહીશ?'

'માણિક!'

આશાની રમતનો ખરો જ્યાલ માણિકને હવે આવ્યો.

આશાએ પૂછ્યું: 'માણિકબેન! આ તેં શું માંડ્યું છે?'

'શું?'

'દિવાકર પ્રત્યે તને શું હવે અણગમો આવ્યો છે?'

માણિક કશું બોલી નહિ.

'ત્યારે જને, સાધુડી! બોલે એનાં બોર વેચાય, ને ન બોલે એની દ્રાક્ષ પણ કોઈવાર જાય, સમજી? તમે બંને આમ છેક મૂંગાં કાં છો? દિવાકર વિષે તું કદી અક્ષરે કાઢતી નથી, તેમ તારે વિષે એ પણ કયાંઈ હોડ સરખો ફફડાવતો નથી! અશોક મને કહેતો હતો કે માણિકનું નામ આવે ત્યાં તો ભાઈને મોંએ મણમણનાં તાળાં વસાઈ જાય!

માણિક માત્ર હસી. પણ તુરત પાછું આશાને કહેવા માંડ્યું: 'બરી વાત કહું તો તું સાચી જ નહિ માને!'

'શી વાત?'

'દિવાકરની અને મારી ઓળખાણ પેલી નોટ્સ વેળા પડેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર થઈ ત્યારે તેમણે સંભળાવેલું એક વાકય હું હજુ ભૂલી નથી. મેં તેમને પૂછેલું: ભવિષ્યમાં શું કરવા ધારો છો? તેમણે જવાબ આપેલોઃ કળીઓ ઊઘડશે ત્યારે જોયું જશે!'

'ઓહ! એમ વાત છે ત્યારે!' આશાએ એ શબ્દો ચીપીચીપીને ઉચ્ચાર્યા. પછી સહેજ ડોકને મચકોડી કહ્યું: 'ભાઈ બહારથી ભલે ગમે તેવા ઋક્ષ જણાતા હોય પરંતુ અંદર તો કવિતાનાં ઝરણાં વહેતાં લાગે છે! પણ માણેક, એન, જાળવજે હાં કે? કોઈ તાલેવરની છોકરી દિવાકરને મોટરમાં બેસાડીને ઉઠાવી ન જાય!'

* * *

આશાના એ વાકયનો માણેકે કશો જવાબ નહોતો આપ્યો; માત્ર તે હસી હતી. છતાં નહાતી વેળા, વાંચવાથી થાકી જઈ જરા શરીર લંબાવવા પથારીમાં આડે પડખે પડી હોય ત્યારે, કહો કે મન અર્ધ જાગ્રત અને અર્ધ નિદ્રિત એવી નિદ્રા અનુભવતું હોય ત્યારે, તેને એ વાકય તુરત સાંભરી આવતું. ઘડીભર દિલ બેચેન બની જતું, પણ તુરત એ જાતે જ સાંત્વના લેતી – દિવાકર ગરીબ છે ને હું પણ ગરીબ છું; પછી અમારી વચ્ચે કોણ આવવાનું છે? દિવાકર એમ માને છે કે મનની કળીઓ અધઊઘડી રહેવી જોઈએ–પછી એ કળીઓ મહત્ત્વાકાંક્ષાની હોય અગર તો પ્રીતિની હોય. એમાં ગેરવ્યાજબી શું છે? અમે બંને જણાં એક જ ઓરડીમાં એકલાં બેઠાં બેઠાં ચાર ચાર કલાક રોજ સાથે વાંચીએ છીએ છતાં પ્રીતિનો એક બોલ પણ ઉચ્ચારતાં નથી. પ્રીતિને વાચા ફૂટે એટલે તે બીજાં કામોમાં નડતરરૂપ બને છે અને પછી તો—

આ તત્ત્વજ્ઞાનથી માણેકનું દિલ રીઝતું હતું કે કેમ તે તો દૈવ જાણે. એટલું ખરું આ તત્ત્વજ્ઞાનના શબ્દો હવે એને કડકડાટ મોંએ બોલતાં આવડી ગયું હતું!

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બી. એ. ની પરીક્ષાનો છેલ્લો દિવસ હતો. બંનેના ઉત્તરપત્રો ધાર્યા પ્રમાણે સુંદર રીતે લખાયા હતા. બંનેની ખાતરી હતી કે પોતે પહેલા વર્ગમાં જ આવશે. તેઓ ટેકરી પર ફરવા ગયાં. જે જગાએ તેઓ પહેલી વાર મળ્યાં હતાં ને વાતો કરવા બેઠાં હતાં, તે જ સ્થાને જઈને તેઓ આજે પણ બેઠાં.

દિવાકરે હસીને કહ્યું: 'માણિક! કાલે આપણે છૂટાં પડી ઘેર જતાં રહીએ તે પહેલાં આપણો બંનેનો એક ફોટો પડાવી લેશું?'

'એ કયાં રાખવા ધાર્યો છે?'

'મારા ટેબલ ઉપર; બાના ફોટાની બાજુમાં!'

માણિક હસી; દિવાકરે પણ સામે એવો જ જવાબ આપ્યો. કૉલેજમાં પગલું માંડતાં પોતે કરેલી પ્રતિજ્ઞાનું તેને સ્મરણ થઈ આવ્યું. એને મનમાં થયું: પોતે એ સઘળી પ્રતિજ્ઞાઓનું પાલન કર્યું છે એમ પણ કહેવાય, તેમ એ પ્રતિજ્ઞાઓ તોડી છે એમ પણ કહી શકાય!

દિવાકરે પૂછ્યું: 'તને પેલી ગડકરીની કવિતા આવડે છે?'

'કઈ?'

'કળીઓમાંથી ફૂલ કેમ થયાં તે?'

માણિકને નાનપણમાં એ કવિતા બહુ જ ગમતી.

દિવાકર હસતાં હસતાં બોલે જતો હતો: 'એ કવિતામાં એક નાનો બાળક સાંજે એક વેલા પર કળીઓ જુએ છે. બીજે દહાડે સવારમાં તે બગીચામાં જઈને જુએ છે તો સઘળી કળીઓ ફૂલમાં ફેરવાઈ ગયેલી હોય છે. આજે હું એ નાના બાળક જેવો બની ગયો છું.'

માણિકે દિવાકર તરફ હમેશની પેઠે જોવા પ્રયત્ન કર્યો, પણ આજે કેમે કરી તેની આંખ ઊંચી થતી નહોતી. કોઈ અદૃષ્ટ સ્થાનેથી કોઈ મધુર સુવાસ પથરાઈને જાણે એને મસ્ત બનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી હતી. એનું દિલ એને સૂચવતું હતું : આ સુવાસ દિવાકરના હૈયામાં ઊઘડેલી કળીઓની તો નહિ હોય ?

ખરેખર એ એ જ ઉન્માદક સુવાસ હતી ! છેલ્લાં ચાર વર્ષ સુધી દિવાકરની દૃષ્ટિ પોતાના ઉચ્ચ ધ્યેય—વૃક્ષની ટોચ ઉપર ચોંટી રહી હતી. તેણે આજે જ એ દૃષ્ટિને નીચે વાળી હતી. તેણે જોયું કે એ વૃક્ષને એક વેલી વીંટળાઈ રહી હતી, એ વેલી પર કળીઓ પણ એકી હતી, અને એમાંથી કેટલીએક ધીરેધીરે ઊઘડવા પણ માંડી હતી.

અંધારામાં બંને જણાં એકબીજાનો હાથ પકડી ટેકરી પરથી નીચે ઊતરતાં હતાં. દિવાકરે કહ્યું: 'એક વર્ષ પછી !'

જાણે એ મધુર શબ્દોનો એવો જ મધુરતાભર્યો પડઘો ઊઠ્યો: 'એક વર્ષ પછી !'

* * *

એ પ્રસંગને બરોબર બે વર્ષ વીતી ગયાં હતાં. માણિક એક જિલ્લાના શહેરમાં શિક્ષિકા તરીકે કામ કરતી હતી. બે નિશાળમાં આશા પણ કામ કરતી હતી—મોજ ખાતર.

સવારના સાત વાગ્યા હતા. ટેબલ ઉપર નોટબુકોનો મોટો ખડકલો પડ્યો હતો. એમાંની પહેલી જ નોટબુક હાથમાં લઈ માણિક ઉઘાડતી હતી, એટલામાં દોડતી દોડતી આશા અંદર આવી. એના અવાજમાં ભયમિશ્રિત ઉજાગરો હતો.

'અલી માણિક !—'

માણિકે શાંતિથી પૂછ્યું: 'શું છે, બહેન ?'

'આ બબર તેં વાંચ્યા ?'

'કયા ?'

'દિવાકર વિલાયત જાય છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને ખબર છે.'

'પરણી જાય છે!'

'હું જાણું છું'

'પણ તારી સાથે નહિ—'

'હું તે પણ જાણું જ છું.'

'આમ તને ફસાવીને—' આશાનું મોં ક્રોધથી લાલચોળ થયું હતું. આશાનો હાથ પોતાના હાથમાં સખ્ત રીતે દબાવતાં માણેકે કહ્યું: 'દિવાકરે મને છેતરી નથી. મેં જ એમને—'

'તેં?' આશા આંખો ફાડી જોઈ રહી.

'હા મેં જ. આશાબહેન! તને એ નહિ સમજાય. લે, આ કાગળ વાંચ.'

'કોનો દિવાકરનો છે?'

'ના; મેં દિવાકરને જે પત્ર લખ્યો હતો તે.'

આશાએ પેન્સિલથી લખેલો કાગળ વાંચવા માંડ્યો—

"વહાલા દિવાકર!

"તમારો ગઈ કાલનો કાગળ વાંચ્યા પછી મને થયું કે તમે મારા મનની મૂંઝવણનું જ જાણે વર્ણન કરી રહ્યા છો. હું તમારા પર ગુસ્સે નથી થઈ. અકસ્માતમાં સપડાયેલ વ્યક્તિ પર ગુસ્સો કર્યે શે ચાલે? મોટરનો સાદો અકસ્માત થાય, ડ્રાઈવરની તેમાં બહુ મોટી ભૂલ પણ ન હોય, છતાં દંડ તેનો જ કરવામાં આવે છે! જ્યારે સમાજમાં ડગલે ને પગલે અકસ્માતો બનતા હોય છતાં કોઈ એની તપાસ પણ હાથ ધરતું નથી! એટલું જ નહિ, એ અકસ્માતમાં જેનું બલિદાન દેવાય એના પ્રત્યે કોઈ પૂરી સહાનુભૂતિ પણ દાખવતું નથી.!

દુનિયામાં તમે ને હું આપણે બે જ જણાં હોત, કંઈ નહિ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણ અને ઉપર આપણાં કુટુંબોના ભરણપોષણની જવાબદારી ન હોત, તો તમે અગર હું અન્ય કોઈની સાથે પરણી જવાનો વિચાર સરખો મનમાં આણત નહિ! પણ માત્ર બી.એ. થયેલાને આજે પચાસ રૂપિયાથી વધારે કોઈ એક પાઈ પણ આપતું નથી. પરણાવવા જેવડી બહેનો ઘેર વાટ જોતી હોય, ને ભારોભાર પરણ્યા વિના એમનો કશો ટેટો આઝે તેવું ન હોય, તે સાથે પરદેશની ડિગ્રી વિના એ પરિસ્થિતિમાં ફેરફાર થવો અશકય હોય —

"તમારા હૈયાની આ સઘળી વેદનાઓ હું બરાબર જાણું છું. પચાસ રૂપિયામાં હું જેમતેમ કરી ચાર ભાંડુનાં પેટ ભરું છું. એમાંથી બે બહેનો હવે પરણવા લાયક થઈ છે; ભાઈ તો હજુ ઘણો નાનો છે; હજુ એનું ભણતર તો અધું બાકી છે. તેમાં વળી આજના જમાનામાં તો થોડું ઘણું ભણવાથી કશો દી' જ વળતો નથી —

"હું જ બરોબર મૂંઝાઈ રહી છું. બાએ બહેનો માટે પૈસાદાર ઘરો સૂચવ્યાં. પરણ્યા વિના હું એની 'હા' તો શી રીતે પાડી શકું? પણ મારા મોંએ 'ના' પણ કેમ કરી નીકળે? મનમાંની કળીઓ ઊઘડે તેવા આજના દહાડા નથી! એ કરમાઈ જાય—

"એ ગરીબ જીવોની પ્રીતિની આડે તેમની ગરીબી જ આવે છે!

"આજે મારા તમારા જેવાની દશા ત્રિશંકુ સમી થઈ પડી છે. ભણતર, લગ્ન, આપણી આખી રહેણીકરણી, ઉચ્ચ વર્ગના લોકો જેવાં ન હોય તો ચાલી શકતું નથી; પરંતુ આપણી બરોબરી દશા તો ગરીબોના જેવી જ હોય છે. માત્ર વિદ્યાની હોશિયારી પર અઢળક દ્રવ્ય કમાવાના દિવસો હવે રહ્યા નથી.

"પરિણામે એક જ માર્ગ ખુલ્લો રહે છે – લગ્નની બજારમાં જાતનાં વેચાણ કરવાં!

"દિવાકર! આપણી પ્રીત સફળ નથી થઈ તે માટે મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલેશ ન કરશો. આપણો સમાજ આજે માણસોનો નથી રહ્યો, ચીજોની લેવડદેવડ કરનારી બજાર જેવો એ બની ગયો છે. અને પ્રીતિ કાંઈ બજારુ ચીજ નથી!

"લગ્નની બજારમાં એક પૈસાદાર કન્યા તમને ખરીદી લેશે, ને એક ધનવાન યુવક મારી ખરીદી કરશે. એ ગુલામીમાં જીવતર આખું પસાર થઈ જશે. પ્રીતિનો સઘળો વિચાર બાજુ પર રાખી જેમ આપણે કૉલેજમાં ચાર વર્ષ ભણ્યાં, એ જ ધોરણનો સ્વીકાર હવે પછીના જીવતરમાં પણ કાંઈ રીતે કરીએ તો જ—"

આશાએ કાગળમાંથી માથું ઊંચકી માણિક સામે જોયું.

તે હસતી હતી.

'પછી ભવિષ્યમાં તારો શો વિચાર છે?' આશાએ નવાઈ પામી સવાલ કર્યો.

'બળવો કરવાનો.'

'બળવો કરવાનો?'

'હા, અવશ્ય. આ ગુલામી સામે હું બળવો કરવાની છું! સૌથી વધારે કચડાયેલ ગુલામો જ સૌથી પહેલો બળવો પોકારે છે!'

માણિક ફરી હસી. જાણે દિવાકરના પ્રેમ કરતાં વધુ આકર્ષક એવું કોઈ અનન્ય દૃશ્ય તેની નજર સામે નાચી રહ્યું હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિવૃષ્ટિ

માનવી સ્વભાવે કૃતજ્ઞ છે કે કૃતઘ્ન, એ નક્કી કરવું સહેલું નથી. મનની વેલીને ફૂલોની પેઠે કાંટાઓ પણ ઊગે છે. કોઈને ભાગ એ કાંટા જ આવ્યા હોય તે ત્રાસીને બોલી ઊઠશે: 'આ તો ભારે અરાધ્ય વેલ છે; બહુ કાંટાળી છે!' જેને ભાગ માત્ર તેનાં ફૂલો જ આવે છે તે હર્ષથી નાચી ઊઠે છે: 'કેવી સુંદર મજેની સુગંધીદાર વેલ છે!'

પૂનાને સ્ટેશને બેલગામવાળી ટ્રેનમાં ચડતાં ચડતાં મારા મનમાં આ વિચાર અનેક વાર પસાર થઈ ગયો. હું પોતે કૃતજ્ઞ છું કે કૃતઘ્ન એ હું નક્કી કરી ન શકયો. બેલગામ છોડ્યાં આજે વીશ વર્ષો થયાં હતાં. એ લાંબા સમય દરમિયાન બેલગામનું નામ અનેક વાર મારે કાનેથી પસાર થયું હતું. રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન પણ ત્યાં જ મળ્યું હતું, એ કેમ ભુલાય? એ અધિવેશનની હકીકતનો અક્ષરેઅક્ષર હું કેવા કૂતૂહલથી વાંચી ગયો હતો! એ વર્ણન વાંચતી વેળા મન વિચારે ચડી જઈ બોલી ઊઠતું: 'હજુ આજે પણ હું બેલગામની હાઇસ્કૂલમાં જ ભણતો હોત તો કેવી મજા આવત! સ્વયંસેવક તરીકે હું જરૂર જોડાયો હોત. મહાત્મા ગાંધીજીનાં દર્શન છેક નજીકમાં જઈને કરવાનો લહાવો પામી શકત. કદાચ તેમની સાથે બેચાર શબ્દોની વાતચીત કરવાનો મોકો પણ મળી જાત!'

એ વેળા નાગપુરમાં છાપાં વાંચતાં વાંચતાં શિક્ષકના મારા ચાલુ વ્યવસાય ઉપર હું એવો તો ખિન્નયો હતો! જુવાનીમાં મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂબ ભાવનાશીલ હોય છે. ચોમાસામાં જુઓ તો ગમે તેવા નાનકડા નાળામાં પણ પાણી ખળખળાટ વહ્યું જતું જ હોય. જુવાન વયને એ નાળા સાથે સરખાવી શકાય. પરંતુ શિયાળાની ઠંડી શરૂ થાય ત્યારે એમાંના કોઈ નાળામાં પાણીનું ટીપું પણ સાંપડવું મુશ્કેલ બની જાય છે ના? પ્રૌઢાવસ્થાએ પહોંચતાં માનવીમાં પણ કંઈક આવી જ જાતનો ફેરફાર થતો હશે.

મારી જાતનો અનુભવ તો મને એમ જ કહે છે!

રાષ્ટ્રીય મહાસભાના અધિવેશન વેળા બેલગામની હાઈસ્કૂલમાં ભણતાં ભણતાં સ્વયંસેવક બની જઈ ગાંધીજીનાં દર્શન પામવાની ઉત્કટ ઇચ્છા થઈ આવેલી – નાગપુરમાં રહ્યાં રહ્યાં એ વેળા એમના પ્રત્યે એટલો બધો ભક્તિભાવ ઉભરાતો હતો. પરંતુ દિવસો જતાં ગાંધીજી સેવાગ્રામમાં આવીને વસ્યા, અને હું પણ શિક્ષકનો ધંધો છોડીને એક પ્રતિષ્ઠિત વકીલ બની બેઠો હતો, છતાં સેવાગ્રામનો આશ્રમ જોવા જવાનો મેં કદી વિચાર પણ કર્યો નહોતો!

જે વાત ગાંધીજી પ્રત્યેની ભાવના અંગે હતી, તેવી જ હકીકત બેલગામ વિષે પણ હતી. મેટ્રિક પાસ થયા પછી એ પ્રદેશમાં મારા સરખી ગરીબ અવસ્થાવાળો કૉલેજનાં દર્શન પામે એ અશક્ય હતું; વઢવાડ અને મધ્યપ્રાંતમાં શાળામાં શિક્ષકની નોકરી કરતાં કરતાં કૉલેજની ડિગ્રી મેળવવાનું શક્ય હોવાથી એ બાજુ જવાનો નિશ્ચય કરી મેં બેલગામને છેલ્લા રામરામ કર્યા. પણ બેલગામ ત્યજીને બહાર નીકળતાં હૈયું ખૂબ ભારે થયું. ટ્રેન ચાલી અને જેમ જેમ કિલ્લો દૂર સરતો જણાયો તેમ તેમ હું તે તરફ આશાપૂર્ણ નજરે જોઈ રહ્યો: જાણે એને હૈયામાં ઊંડો કોતરતો ન હોઉં! સાસરે પહેલી વાર જતી દીકરી જ માત્ર પોતાના પિયરના વતન તરફ આટલા પ્રેમભાવથી જોતી હોય છે. ગાડી ધીરે ધીરે આગળ વધ્યે જતી હતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ દિલ પાછળ ખેંચાયા કરતું હતું. રેસકોર્સ ઉપર રવિવારે ફરવાનું, લાલ માટીથી રંગાયેલ ગેરુઆ રંગભર્યાં ધોતિયાં, કોળી-નવલકોલના ઢગલાબંધ મળતાં સસ્તાં શાક, ત્યાંની ટટ્ટીના છાંયાવાળી બેલગાડીઓ—વીસ વરસ પૂર્વે બેલગામ છોડતી વેળા આવાં અનેક મીઠાં સ્મરણોથી હૈયું લાગણીવશ બની રહ્યું હતું!

પણ છેલ્લાં દસ વર્ષોમાં આ સઘળાં સંસ્મરણો કયાંનાં કયાં જાણે સંતાઈ ગયાં હતાં! જીવનનાં ચાર વર્ષો મેં બેલગામમાં ગાળ્યાં હતાં એ હકીકત પણ જાણે હેક વીસરી ગયો હતો! ખુલ્લામાં પડયાં પડયાં જેમ કપૂર ઊડી જાય છે, તેવી જ દશા આપણી ભાવનાઓની પણ થતી હશે શું?

પણ કપૂરની વાત જરા જુદી છે. એક વાર ઊડી ગયા પછી તેની વાસ રહેતી નથી અગર તે સળગી શકતો નથી. ભાવનાઓનું એવું નથી. શાપ લાગવાથી અપ્સરા ભલે વેલીમાં ફેરવાઈ જાય, પરંતુ જેમ કશાકનો સ્પર્શ થતાં પાછી વેલી અસલ અપ્સરા સ્વરૂપને પામે છે, એવું જ માનવીની ભાવનાઓ પરત્વે પણ બને છે.

બેલગામની ટ્રેનમાં ચડતાં જ મનની થયેલી અસ્વસ્થતાનું આ જ કારણ હતું. સાસુજીના ખાસ આગ્રહને લઈને હું સહકુટુંબ કોંકણમાં કુળદેવીનાં દર્શને જતો હતો. ગમે તેમ પણ આખરે મેં તેમની વાત કબૂલ રાખી હતી એના આનંદમાં સાસુજી અને મારી પત્ની નિરાંતે ઊંઘી ગયાં હતાં. રોજ જુદા જુદા ઘરના રોટલા પામીને હાઈસ્કૂલની કેળવણી પૂરી કરનાર મારા સરખો ગરીબ વિદ્યાર્થી આજે એક ઘરખમ વકીલ બન્યો હતો તેમાં તેમને કુળદેવીની મહેર દેખાતી હતી! મારું એવું માનવું હતું કે—

પણ મારી માન્યતા સાંભળવા કોણ તૈયાર જ કયાં હતું?

બંને કહેતીઃ 'કુળદેવીના કોપને કારણે બાળપણમાં મા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપ બંને ગુમાવી બેઠા, અને ગરીબાઈમાં ભણ્યા. આજે એની કૃપા થઈ છે તો સારા દિવસ દેખીએ છીએ. હવે આ બાળકોને જો એક વાર કુળદેવીને પગે લગાડીએ તો માતાજી બાળકોને કદી કશું ઓછું નહિ પડવા દે! બાળકો ભણે કે ન ભણે પણ માતા એમનું ભલું જ કરશે, ને તમારે પણ ધનના ઢગલા થશે. પછી છોકરાંને કશી ઊણપ નહિ રહે, એ જરૂર જાણજો!'

પત્નીને સામે જવાબ દેવા કરતાં તે કહે તેમ કબૂલ કરવામાં લાભ છે, એ સામાન્ય જનસમાજના નિત્યના અનુભવમાં હું એકલો અપવાદ શી રીતે બનું? તેમાં વળી મારે ઘેર તો પત્નીનો પક્ષ ખેંચનારાં મારાં સાસુજી પણ હાજર હતાં! એમાં પછી સ્વતંત્ર મત દર્શાવી નાહકની જીભાજોડી કરવામાં કયાંથી ફાવવાનો હતો?

ઈંટરના ડબ્બામાં અમને જગ્યા તો ઘણી સગવડભરી મળી હતી. પરંતુ મને ઊંઘ આવતી નહોતી. સાસુજી અને શ્રીમતીજીએ મળીને કુળદેવીની કૃપાદૃષ્ટિનાં કરેલાં વર્ણનો, દેવીની કૃપાથી મને સાંપડનારી લક્ષ્મીદેવીની મહેર અને બાળકોને નસીબે લખાયેલી ગર્ભશ્રીમંતાઈ, એ બધામાં બેલગામનાં સંસ્મરણોએ ઉમેરો કર્યો હતો. શાળાના ચોકમાં કેસરી રંગોથી ભરેલું ગુલમહોરનું મોટું ઝાડ આંખ સામે આવી ઊભું; મોટા ડફાલિયા સરખો ફેંટો બાંધેલા ને દૃષ્ટાંતોથી રસિક બનાવીને સંસ્કૃત ભણાવતા શાસ્ત્રીજી પણ ખડા થયા. તે સાથે જે વ્યક્તિઓએ મને પોતાને ત્યાં જમવા આવવાની ના પાડી હતી તે નામો પણ સાંભરી આવ્યાં, અને સાથે જ—

ડૉ. આળતેકર સાંભર્યા! એમની મૂર્તિ મનઃચક્ષુ સામે ખડી થતાં જ મને મારા કૃતઘ્નીપણા વિષે શરમ છૂટી. છેલ્લાં દસ વર્ષમાં બેલગામની સઘળી બાબતો—એનાં સઘળાં સ્મરણો વિસ્મરણના પ્રદેશમાં લુપ્ત થઈ જાય એ સ્વાભાવિક હતું. દીવાનખાનામાં નવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરનિચર આવતાં જૂની ખુરશીઓ અટારાની ઓરડીમાં ભલે સ્થાન પામે છતાં સિંહાસનમાં દેવની નવી મૂર્તિઓ આવે તેથી જૂની મૂર્તિઓને કાંઈ ફેંકી દેવાય છે?

મારા પર તો ડૉક્ટરના અનેક ઉપકારો હતા. અંગ્રેજી ત્રીજી ભણતો હતો ત્યારે કાકાએ બ્રાહ્મણિયું ભણાવવાનું દયાણ કરતાં જ ત્રાસીને નાસી આવેલ હું વિદ્યાર્થી હતો! કોઈની ઓળખાણ નહોતી, કોઈની ભલામણ નહોતી; ખીસામાં સમ ખાવા ખોટી પાઈ પણ નહોતી! એ વેળા જમવાના વાર નક્કી કરવા મેં કેટલા કેટલા મોટા લોકોના ઊભરા ઘસી નાખ્યા હતા? પણ ડૉક્ટર આળતેકરને ત્યાં જઈ 'હું એક ગરીબ વિદ્યાર્થી છું. મહેરબાની કરી મને અઠવાડિયામાં એક દિવસ કાયમ જમવા—' વાળું વાકય પૂરું કરું તે પહેલાં જ તેમણે હસીને જવાબ આપેલોઃ 'એક દિવસ નહિ, ભાઈ! ખુશીથી, બે દિવસ જમવા આવતો જજે!'

એમને ત્યાં કાયમ અઠવાડિયાના બે દિવસ (વાર) જમવાનું મારું ચાલ્યા કરતું હતું. પણ મેટ્રિકમાં આવ્યો ત્યારે તેમનું ધ્યાન મારી મુશ્કેલી તરફ દોરાયું. રોજ રોજ નવે ઘેર જમવા જવામાં મારા સમયનો પુષ્કળ વ્યય થતો હતો. સિવાય સંસ્કૃતમાં હું ખૂબ હોશિયાર વિદ્યાર્થી હતો એટલે સગવડ મળે તો જગન્નાથ શંકરશેઠની સંસ્કૃત સ્કૉલરશિપ હું મેટ્રિકમાં મેળવી શકું એવો પણ સંભવ હતો. તુરત તેમણે મને પોતાને ઘેર જ રાખી લીધો.

ધનિકોને અને સહૃદયતાને ભાગ્યે જ મેળ હોય છે તેથી હો કે ગમે તે કારણે હો, પણ માનવીને એમાં કોઈ અપૂર્વતા ભાસે છે. દુઃખનો ગરીબોને તો જનઅનુભવ હોય છે; શ્રીમંતોએ એનો ખ્યાલ કેવળ કલ્પનાથી જ બાંધવાનો રહે છે. ટાઢથી થરથર ધ્રૂજતો એક ભિખારી બીજા થરથરતા માનવીનું દુઃખ પૂરું પિછાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે; એ સ્વભાવિક પણ છે. પણ જેને ઓઢવાને ઊંચી કાશ્મીરી શાલેય સદૈવ હાજર હોય છે, એવી વ્યક્તિ ગુલાબી ઊંઘનો ત્યાગ કરી બારી બહાર કડકડતી ઠંડીમાં ધ્રૂજતા માનવીનું દુઃખ પિછાનવા તૈયાર થાય, એ નવાઈ ભર્યું તો છે જ!

ડૉક્ટરની એ ઉદારતામાં મને એમના દિલસોઝ દિલની પિછાન થતી હતી. એમની સંપત્તિને કારણે જ મૂંઝાઈને હું તેમને ત્યાં રહેવા જવાનું કદાચ કબૂલ ન કરત. પરંતુ ડૉક્ટરનાં પત્નીનો સ્વભાવ તો ખુદ ડૉક્ટરના કરતાં પણ વધારે સહૃદયતા ભર્યો, વધારે મમતાભર્યો હતો. તે હંમેશાં મને 'બાળ' કહી બોલાવતાં. પરીક્ષાની ચિંતામાં કોઈ વાર હું જરા ઓછું જમું તો તુરત બાઈ (ઘરમાં બધાં તેમને બાઈ કહીને બોલાવતાં) પૂછતાં: 'કેમ બાળ! તબિયત તો સારી છે ના?'

પતિપત્ની બંને જણાં પેટ અવતાર લઈએ એવાં ભલાં હતાં, એટલે તેમનાં બાળકો કદી કાંઈ કહેતાં કારવતાં તોપણ હું તે તરફ ઝાઝું લક્ષ દેતો નહિ. કાયમ રૂપાના પ્યાલામાં જ પાણી પિનારાં અને રોજ ધસ્ત્રીવાળાં કપડાં પહેરનારાં એ ધનિક માબાપનાં લાડકવાયાં બાળકો હતાં. મોટા છોકરા બાબાને ક્રિકેટનો ભારે શોખ હતો; તે મારા કલાસમાં જ ભણતો. પરંતુ ભણવામાં ઓવરઑલ્ડરીનો ફટકો ભલે ન લગાવે છતાં એકાદ રન પણ ભાગ્યે જ તે મેળવી શકતો! તેનાથી નાનીનું નામ મેના. ડૉક્ટરને ત્યાં રહેવાનું મેં ચાલુ કર્યા પછી તુરત તેનાં લગ્ન થયેલાં. તે વેળા ડૉક્ટરે તેના લગ્નમાં છ હજાર રૂપિયા વાપર્યા હતા! ઈંદોરના કોઈ પૈસાદાર વકીલના પુત્ર સાથે એ પરણી હતી. મેનાથી નાનાનું નામ બાપુ. એ ભાઈને સંગીતનો ભારે શોખ હતો. તેનાથી નાની મંજરી કે મંજુલા – સઘળાં તેને મંજુ કહી બોલાવતાં. ડૉક્ટરને ત્યાં હું રહેવા ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે મંજુની ઉંમર આશરે ૬ વર્ષની હતી; તે પરથી વર્ગમાં સઘળા 'જમાઈરાજ' કહી મારી મસ્કરી પણ કરતા! હું તેમને એક જ જવાબ આપતોઃ 'અમૃતપ્રાપ્તિ તો સ્વર્ગે પહોંચીએ તો જ થાય!'

ટ્રેન જેટલી જ ઝડપે સ્મરણો પણ દોડી આવતાં હતાં.

મેટ્રિકનું ફૉર્મ ભરવાવેળા હું રોવા જેવો થઈ ગયેલો. મારી દશાનો ખ્યાલ આવતાં જ ડૉક્ટર સાહેબે રાજીખુશીથી ફૉર્મ ભરવાની ફીના સઘળા રૂપિયા મને આપેલા!

ને જેટલી ખુશીથી એમણે એ રૂપિયા આપેલા એટલી જ ખુશીથી હું પાસ થયો તે દહાડે તેમણે સૌનાં મોં ગળ્યાં પણ કરાવેલાં! તેમનો આપ્યા નાપાસ થયો અને હું પાસ થયો તોપણ એમના દિલમાં જરા ય ભેદભાવ ઊભો થયો નહોતો! પરિણામને દહાડે ખરું કહું તો હું જ જરા ઉદાસ હતો કેમકે ફક્ત બે જ માર્ક ખાતર મેં શંકરશેઠ સ્કૉલરશિપ ખોઈ હતી!

તે વેળા તેમણે મારે કૉલેજમાં ભણવા ન જવું એ જ વધારે સારું છે એવી સલાહ આપેલી. મને એથી જરા ય માઠું નહોતું લાગ્યું. એક રીતે કહીએ તો તેમનું કહેવું સાચું હતું. તેમણે મને કહેલું 'તને મદદ કરવાની મનમાં તો બહુ બહુ ઇચ્છા થઈ આવે છે, પણ મારા હાથ અત્યારે બંધાઈ ગયા છે! આ બંગલામાં બાર હજારનું ખર્ચ થયું, મેનાના લગ્નમાં છ હજાર થયા, ને બાપાને ડૉક્ટર બનાવી વિલાયત મોકલવાનો સવાલ હજુ ઊભો જ છે! અહીંની પરીક્ષા ને પદવીથી મારું તો જાણે નભી ગયું, પણ ઘરની આજની રીતરસમ ચાલુ રાખવી હોય તો બાપાએ પરદેશની ડિગ્રી મેળવ્યે જ છૂટકો! તેમાં ય હજુ બાપુનું ભણતર અને મંજુનાં લગ્ન તો બાકી જ છે! મેનાનો વર ત્રણ હજારમાં માની ગયો પણ મંજુ માટે તો ચાંલ્લાના જ પાંચ હજાર જુદા રાખવા પડશે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના કથનમાં કશું અજુગતું કે વધારા પડતું હતું એમ કેમ કહેવાય? એમને ચરણે વંદન કરી મેં બેલગામને નમસ્કાર કર્યા. નાગપુર–ઉમરાવતી જઈ નિશાળમાં માસ્તર થવું અને સાથે સાથે યુનિવર્સિટીની ડિગ્રી મેળવવી એવો મેં મનસૂબો રાખ્યો હતો. મેં મારો વિચાર ડૉક્ટર સાહેબને જણાવ્યો ત્યારે તેઓ પણ ખુશી થયા. ત્યારે પછી હું એમને અવારનવાર પત્રો લખ્યા કરતો; પરંતુ તેનો જવાબ ડૉક્ટર ભાગ્યે જ આપતા. વકીલાતનો વખત માગી લે તેવો ધંધો, મ્યુનિસિપાલિટીનું ઉપાડેલું જાહેર કામ, વધતી જતી ઉંમર, આ બધાને કારણે પત્રનો જવાબ ન આવે એમાં કશું નવું ન હતું. પત્રવહેવારનું પણ પ્રેમના સરખું છે. પ્રીતથી પ્રીત વધે તેમ કાગળો આવે જાય તો જ વહેવાર ચાલુ રહે. ડૉક્ટરનો જવાબ ભાગ્યે જ આવતો તેથી હો, અથવા તો મારો અંગત વ્યવસાય વધતો ચાલ્યો તેને પરિણામે હો, પરંતુ ધીરે ધીરે મેં પણ ડૉક્ટરને પત્રો લખવાનું બંધ કર્યું. મારાં લગ્ન પણ બામગાંવમાં જ થયાં હતાં. આથી પત્નીને કારણે લાંબો પ્રવાસ કરવાનું જે નિમિત્ત મળે તે પણ ન રહ્યું. આ બધાને લીધે પટારામાં એકાદ ચીજ રાખી મૂકી હોય પણ દિવસો જતાં એનું વિસ્મરણ થાય, એવી મારી દશા ડૉક્ટરની લાગણીની બાબતમાં થઈ હતી.

ગિરજા આવ્યું. મેં મનમાં ગાંઠ વાળી કે બેલગામમાં પગ દેતાં જ પહેલવહેલું ડૉક્ટરને ઘેર જવું, ને તેમને મળવું! તે પણ એકલા ન જતાં સહપરિવાર તેમને ત્યાં હાજરી આપવી!

બેલગામ સ્ટેશને ઊતરીને સામાન સધળો સાવંતવાડી જતી એક મોટર બસને સોંપી અમે બીજી ગાડીમાં બેસી ગામમાં જવા ઊપડ્યાં.

સાસુજીએ સવાલ કર્યો: 'કયાં જવું છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દર્શને!' મેં શાંતિથી કહ્યું.

'કોઈ દેવમંદિરે?'

'હા!'

'મેં તો સાંભળ્યું નથી કે એલગામમાં કોઈ એવું તીર્થધામ હોય!'

'તમે ભલે ન સાંભળ્યું હોય પણ મારા હૃદયમાં તો એ કોતરાઈ રહ્યું છે.'

મારા શબ્દોથી મને જ હસવું આવ્યું. હૃદયમાં ડો. આળતેકરનું નામ જરૂર કાયમને માટે કોતરાઈ રહ્યું હતું, છતાં ગઈ કાલની રાત સુધી તેમાંનો એકે અક્ષર સાંભરતો નહોતો!

'એનું નામ?'

'આપણી કુળદેવી કરતાં પણ એ દેવ બહુ મોટા છે.'

સાસુજી તો મારી સામે તાકી જ રહ્યાં. એમની નવાઈનો પાર નહોતો. વધારે મસ્કરી ચલાવવામાં હવે સાર નથી એમ સમજી મેં કહ્યું: 'એ દેવનું નામ ડો. આળતેકર!'

શ્રીમતીજીના મોં તરફ મારી નજર ગઈ. એ જોડ ગતિમાન થતા જણાયા, ને મેં ધાર્યું કે હમણાં કશીક ટીકા સંભળાશે. પણ એટલામાં ગાડી જ અટકીને ઊભી રહી. બારણું ઉઘાડી હું ગાડીમાંથી નીચે ઊતર્યો. મેં આપેલા સરનામાવાળી જગ્યાએ જ ગાડી ઊભી હતી.

એ બંગલો ડૉક્ટર નો જ હતો! વીસ વરસમાં માનવીઓ બહુ બદલાઈ જતાં હોય તોપણ મકાનો એટલાં નથી બદલાતાં.

ઉતાવળે પગલે મેં ફાટકમાં પ્રવેશ કર્યો. બારણું બંધ હતું. મેં બારણા પરનું બટન દબાવી ટોકરી વગાડી. સૂર્યોદય થયે ઘણો વખત થઈ ગયો હોવા છતાં ડૉક્ટરના બંગલાનું બારણું વાસેલું જોઈ મને નવાઈ લાગ્યા કરતી હતી. પણ તુરત મનમાં વિચારો આવ્યાઃ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપુ કચાંઈ બહારગામ ગયા હશે; ને ડૉક્ટરની તો સાઠ ઉપરાંત હવે ઉંમર થઈ ગઈ છે, એટલે કદાચ અવસ્થા થતાં તેમણે પ્રેક્ટીસ બંધ કરી દીધી હોય!

એટલામાં બારણું ઊઘડ્યું. પણ તે ઉઘાડનાર એક સ્ત્રી હતી— વીસબાવીસ વર્ષની એક તરુણી સામે બારણામાં ઊભી હતી!

'કોનું કામ છે?' ઊંઘમાં પડેલી ખલેલથી એના અવાજમાં ગુસ્સો ભર્યો હતો.

'ડૉક્ટર સાહેબ—'

'અહીં કોઈ ડૉક્ટર નથી રહેતા!'

'એટલે?'

'એટલે એમ કે આ બંગલો મારો પોતાનો છે!'

'આ બંગલો તો ડૉક્ટર આળતેકરનો—'

'મેં તે ખરીદી લીધો છે!'

'એ લોકો ત્યારે કયાં ગયા છે?'

પેલી યુવતીએ જોરથી ગુસ્સાભેર બારણું બંધ કરી દીધું. તેનો પહેરવેશ, દેખાવ, આંખો, હસવાની રીત—મેં રોમાંચ અનુભવ્યો. ડૉક્ટરનો બંગલો આવી સ્ત્રીને હવાલે?

પાછો આવી ગાડીમાં ચઢતો હતો ત્યાં જ શ્રીમતીએ ટકોર કરી: 'કેમ, મંદિરમાં દેવ નથી શું?'

ગાડીવાળાને પણ બળતામાં ઘી હોમવાનો જાણે શોખ થઈ આવ્યો. એણે ડૉક્ટરનો બંગલો ખરીદનારી પેલી બાઈની વિગતવાર હકીકત કહેવા માંડી. નાઇલાજ મોં ફેરવી લઈ મેં બેલગામનું સૌન્દર્ય જોવાનો ડોળ કર્યો.

દિલમાં ચાલી રહેલી અપાર વેદના સૃષ્ટિસૌન્દર્ય જોવાથી અટકે તેમ નહોતું. ગાડીવાળાએ કહેલી એ હકીકતમાં એક વાત ચોખ્ખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજતી હતીઃ ડૉક્ટરે આ નશ્વર દુનિયાનો ત્યાગ કર્યો હતો!

હૈયામાં ચચરાટી ચાલી. મનમાં થયું કે હવે તો જરૂર 'ભાઈ'ને મળવું જ જોઈએ. એ માયાળુ ભાઈએ મને ખૂબ પ્રેમથી સાચવ્યો હતો! પણ હવે 'ભાઈ'ને ક્યાં શોધવાં એ સવાલ થઈ પડ્યો.

એકાએક મને શાસ્ત્રીજી સાંભરી આવ્યા. તેઓ પણ બેલગામમાં જ રહેતા હતા. સારા વિદ્યાર્થી તરીકે તેમને મારા પ્રત્યે ખાસ વહાલ હતું. તેમને મળવા જાઉં તો તેઓ જરૂર ખુશી થાય.

પણ ઉંમરમાં શાસ્ત્રીજી ડૉક્ટર કરતાં ઘણા મોટા હતા. એટલે—

શાસ્ત્રીજી દેવ થયા હોય તોપણ તેમને ત્યાં કોઈકે તો હશે જ. તેમનો મોટો દીકરો મારા વર્ગમાં મારી સાથે જ ભણતો હતો.

ગાડી એક નાનકડી ગલીમાં એક ઘર પાસે આવી ઊભી રહી. મેં નીચે ઊતરી જોયું તો ઘરની બાજુમાં જ રોપેલાં તુલસીનાં પાન કોઈ ઉતારતું દેખાયું. એ ખુદ શાસ્ત્રીજી હોવા વિષે શક ન રહ્યો. વીશ વર્ષ પછી પણ પાછળથી જોયા છતાં ગમે ત્યારે ઓળખી શકાય એવી એમની શરીરયષ્ટિ સચવાઈ રહી હતી.

પણ શાસ્ત્રીજી મને જોતાંવેંત ઓળખી ન શક્યા. મેં નામ કહ્યું કે તુરત વાંસો થાબડતા બોલી ઊઠ્યાઃ 'અરાબર! પણ તે વેળા તો તને મૂછનો દોરો ય ફૂટ્યો નહોતો, ને અત્યારે તો પૂળો પૂળો મૂછો છે! એટલે તને ઓળખવાનું—બાકી એમ પણ ખરું ના, કે વીશ વર્ષમાં કોઈ પણ જંગલ આટલું વધી જાય એમાં શી નવાઈ?'

શ્રીમતીએ નીચા નમી તેમને નમસ્કાર કર્યા. તેને આશીર્વાદ આપતાં શાસ્ત્રીજીએ કહ્યું: 'અષ્ટપુત્રા સૌભાગ્યવતી ભવ', ને તુરત મારા ભણી જોઈ કહેવા લાગ્યા: 'એમ ન માનતો કે ભૂલભૂલમાં અષ્ટપુત્રાને બદલે ષષ્ટપુત્રા બોલ્યો છું! હજી સંસ્કૃત જરા ય ભૂલ્યો નથી. પણ ભાઈ, આ જમાનો તો સંતતિનિયમનનો કહેવાય. કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીને અષ્ટપુત્રાનો આશીર્વાદ આપવા જઈએ તો કદાચ ને સામેથી ઊલટું કશુંક સાંભળવું પડે! એટલે કહ્યું —'

હસતાં હસતાં અમે બધાં ઓશરીમાં જઈને ગોઠવાયાં. ચા તૈયાર થતાં સુધીમાં મેં તેમને મારો ઇતિહાસ સંભળાવ્યો. એમના ઘરડા મોં પર આનંદની રેખાઓ ચમકી રહી. મારી પત્ની તરફ જોતાં તેમણે કહ્યું: 'ભારે નસીબદાર તો ખરી!'

તેમના દિલમાં બીજા કશાક વિચારો પણ ઘોળાતા હોય એમ લાગ્યું. ચા પીતેપીતે તેમણે કહ્યું: 'ગરીબાઈને લીધે ઘણી વાર સારા ગણાતા વિદ્યાર્થીઓની જિંદગી પણ બરબાદ જાય છે. તારે એવી મુશ્કેલીનો અનુભવ કરવો ન પડ્યો એ ઘણું સારું થયું. પણ ભાઈ, એક વાત બરાબર યાદ રાખજે કે અતિશય ગરીબાઈ જેમ ભૂંડી છે, તેમ જ ઘેર મોટરગાડી ને બંગલા હોય એવી શ્રીમંતાઈ પણ નુકસાન જ કરે છે!'

શ્રીમતી અને સાસુજીનાં ભવાં સંકોચાયાં. હું તો શું, પણ કોઈ અજાણ્યો માણસ પણ એ ફેરફાર તુરત દેખી શકત!

શાસ્ત્રીજી લહેરમાં આવી કહેતા હતા: 'દુકાળ બે જાતનો પડે છે: સૂકો અને લીલો. દુનિયામાં કર્તવ્યશીલ માણસોનો દુકાળ દેખાય છે તે પણ આવી જ તરેહનો હોય છે, સમજ્યો ભાઈ! ગરીબાઈના ભાર તળે માનવીના સદ્‌ગુણો કચડાઈ જાય છે, તો અતિશય દ્રવ્યના બોજથી પણ એ જ દશા થાય છે. આપણે નવા દાખલા શા સારુ શોધવા પડે? ડૉક્ટર આળતેકર સાંભરે છે?'

'કેમ? તેમના પુત્રો કાંઈ કુછંદે ચડ્યા હતા?'

'છેક એમ તો ન કહેવાય. પણ —'

મારી ઉત્સુકતા વધી પડી.

'ડૉક્ટર આળતેકર અહીંની એક ખાસ વ્યક્તિ હતી. એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેક્ટીસ પણ ધૂમ ચાલતી; સિવાય માણસ લાગણીવાળો પણ ભારે —'

'ખરેખર, પ્રભુનું માણસ જ હતા!'

'પ્રભુનું માણસ નહિ, પ્રભુ પોતે જ હતા એમ કહે ને?'

મેં સંમતિ અર્થે માથું નમાવ્યું. પણ શાસ્ત્રીજીના મોં પર ચમકેલું વિચિત્ર હાસ્ય દેખી મને લાગ્યું: ડૉક્ટર પ્રત્યેના મારા સદ્‌ભાવની શાસ્ત્રીજી રૂએ વિડંબના કરતા હોય!

શાસ્ત્રીજીએ ચલાવ્યું: 'આ દુનિયામાં દુઃખ પેદા કરનારાઓમાં બે જાતની વ્યક્તિઓ હોય છે. કેટલાક માનવીઓ દેવતુલ્ય હોય છે, કેટલાક રાક્ષસસમા પણ હોય છે. અને બંનેના વર્તાવને પરિણામે દુનિયાનાં દુઃખો વધતાં જ ચાલે છે!'

શાસ્ત્રીજી શું કહેવા માગે છે તે હું બરાબર સમજી ન શક્યો. પણ અત્યારે મારું મન દુનિયાનો વિચાર કરવાની સ્થિતિમાં નહોતું. ડૉક્ટરના કુટુંબ વિષેની જ માહિતી જાણવા હું તલપાપડ થયો હતો. મેં સવાલ કર્યો: 'ડૉક્ટરનાં બાળબચ્ચાંઓ અત્યારે કયાં રહે છે?'

'સાંભળ્યું છે કે બાબા હમણાં મુંબઈમાં છે, અને બાપુનો તો ગયાં બે વરસથી કશો પત્તો જ નથી. ડૉક્ટરનાં સ્ત્રી અહીં જ એક ભાડાના મકાનમાં રહે છે.'

'કયાં, ઠળકવાડીમાં?'

'ભાઈ! ગરીબ માણસો બંગલામાં નથી રહેતા!'

મારે માથે જાણે ઘણનો ફટકો પડ્યો! એ શબ્દોથી મગજ બધિર બની ગયું! ભારે હૈયે મેં પૂછ્યું: 'હેં? આવું?'

'હું તને એ જ કહું છું, સાંભળ તો ખરો?' શાસ્ત્રીજીએ હાથની ઇશારત વડે શાંત રહેવા જણાવતાં ચલાવ્યું. 'ડૉક્ટર પાસે લક્ષ્મી તો પુષ્કળ હતી પરંતુ સ્વભાવે અતિ ભલા એટલે જ એમના કુટુંબનું સત્યાનાશ વળ્યું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ, કોઈએ ફસાવી દીધેલા?'

'માનવી પોતે જ પોતાની જાતને ફસાવે છે! સાંભળ, એમ બહુ ઉતાવળો ન થા. હું તને બધું માંડીને કહું છું. ડૉક્ટરને શરીર વિષેની માહિતી સંપૂર્ણ હોવા છતાં માનવીના મનનું જ્ઞાન તેમને જરા ય નહોતું! તેમનો મોટો દીકરો આપ્પા—એને ક્રિકેટનો ભારે શોખ હતો. પિતાની મરજી તેને સારો એવો ડૉક્ટર બનાવવાની હતી. પણ માબાપની માત્ર મરજી દુનિયામાં થોડી જ કામ આવે છે? મરજી સાથે માબાપોએ ઉઘાડી આંખે જોવું જોઈએ, ને વખત પર હૈયું જરા કઠણ કરીને પણ વર્તવું જોઈએ. વીશવીશ પચીશ-પચીશ રૂપિયાનાં માસિક ટ્યૂશનોને પરિણામે જેમ તેમ કરી આખરે આપ્પા મેટ્રિકમાં પાસ થયો. કૉલેજમાં પ્રોફેસરોનાં માસિક પચાસ રૂપિયાનાં ટ્યૂશન રાખી પછીની બે પરીક્ષાઓ તે વટાવી શક્યો. પણ મેડિકલ કૉલેજમાં પાંચસાત વર્ષો, અને એટલા કે એથી ય વધારે હજાર રૂપિયાનું પાણી કરવા છતાં આપ્પા ડૉક્ટર થઈ શક્યો નહિ!'

એમાં ડૉક્ટરનો પોતાનો શો વાંક, એવો સવાલ મારે હોઠે ચડી આવ્યો હતો. પણ શાસ્ત્રીજીએ તુરત બાપુની વાત શરૂ કરી દીધી એટલે હું મૂંગો રહ્યો.

'આપ્પા કરતાં પણ બાપુ તરફ માબાપોએ વધારે ધ્યાન રાખવાની જરૂર હતી. ભણવામાં એ હોશિયાર પણ હતો. પરંતુ—'

બાપુને સંગીતનું ઘેલું લાગ્યું હતું તે મને સાંભરી આવ્યું.

શાસ્ત્રીજીએ દરમિયાન ચોળીને તૈયાર કરેલી તમાકુની ચપટી મોંમાં નાખી આગળ ચલાવ્યું: 'બાપુ સંગીત પાછળ ગાંડો હતો. મારું કહેવું એવું નથી કે સંગીતનો શોખ હોવો ખરાબ છે. પણ શોખને પણ મર્યાદા હોવી જોઈએ! માબાપોએ એના સંગીતના શોખને હદથી જાદે પુષ્ટિ આપી. ભાઈને સંગીત શીખવવા સારુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારા ગવૈયા રાખ્યા, જાતજાતનાં કિંમતી વાદ્યો વસાવ્યાં! પછી એ વાજાંમાં રમઢોલ વાગે તો શી નવાઈ? ગધેડાનાં બોલકાં નાનાં હોય ત્યારે કેવાં શોભે છે? કેટલાક શોખોનું પણ એવું છે. શરૂઆતમાં એ બધું નવલાઈભર્યું ને આકર્ષક લાગે છે. પણ આગળ જતાં બાપુએ એક પછી એક વરસ મૅટ્રિકમાં નાપાસ થવામાં કાઢવા માંડ્યાં, છતાં માબાપને મન એમ જ રહ્યું કે બેટો સંગીતમાં ખૂબ આગળ વધે છે! એમ કરતાં ડૉક્ટર અવસાન પામ્યા, અને નવરો પડેલો બાપુ નાયકાઓની મહેફીલોમાં દાખલ થયો!

'દુનિયાનો કશો અનુભવ નહિ; અને પૈસાની ચડેલી ખુમારી હજુ ઊતરી નહોતી! એવા છોકરવાદી જુવાનને છેતરાતાં શી વાર લાગે? બેત્રણ વરસમાં જ એક એવી બાઈએ બાપુ પાસેથી બંગલો લખાવી લીધો! તુરત બાપુ ગૂમ થયો.'

હવે મંજુની વાત બાકી હતી. એના વિષે કોણ જાણે શું સાંભળવું પડશે એ વિચારે દિલ અધીરું થયું—ગભરાટ પણ થયો. તેને વિષે માહિતી પૂછવાનું શોભે નહિ, એટલે મેં બીજો સવાલ કર્યો: 'બાબા મુંબઈમાં શું કરે છે?'

'રખડે છે! બીજું શું કરે?'

'કયાંઈક કારકુનની જગ્યા જરૂર એને મળી શકે.'

'ડૉક્ટર થવાના ધંધા કરનારો માણસ એમ કારકુન શી રીતે થાય? જે થોડીઘણી જમીન હતી તે વેચી નાખી છે ને મુંબઈમાં રહ્યાં રહ્યાં સિનેમા અને ક્રિકેટ જોયા કરે છે! બાળકોને લઈને એની વહુ એને પિયર રહે છે.'

ડૉક્ટરના ઘરની—આખા કુટુંબની કેવી વિચિત્ર અને પરિતાપ પમાડનારી ઘટના હું સાંભળતો હતો! કોઈ સુંદર કિંમતી રેશમી સાડી બેદરકારીથી કબાટમાં કયાંક બોસી રાખી હોય ને બે મહિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢીએ તો ઊધઈએ ચૂંથા કરી નાખ્યા હોય એવી એ ઘટના હતી!

આટલા દુઃખદ અહેવાલમાં મંજુ પોતાને ઘેર સુખેથી રહે છે એવા આનંદદાયક સમાચાર જાણવાની અતિ તીવ્ર ઉત્કંઠા મનમાં થઈ આવી. મેં પૂછ્યું: 'ડૉક્ટરનાં પત્ની કયાં રહે છે?'

'બાજુમાં જ—એ ઘર પછી.'

'એકલાં જ રહે છે?'

'નાની દીકરી પણ સાથે જ છે.'

'કોણ, મંજુ?'

'હા!' શાસ્ત્રીજીનો ટૂંકો જવાબ સંભળાયો.

'તેનાં લગ્ન—'

હું મનમાં ગણતરી કરતો હતો કે કાંઈ નહિ તો મંજુને અત્યારે બત્રીશ વર્ષ તો થયાં જ હોવાં જોઈએ.

શાસ્ત્રીજીએ કહ્યું: 'તેનાં લગ્ન થઈ શકત. મારા મોટા દીકરા સાથે તેના ફેરા ફેરવી લેવા હું તૈયાર હતો. પણ મોટી બહેનને પૈસાદાર જમાઈ મળ્યો હતો; એના તોલે આવે એવું ઘર શોધવામાં બા રોકાઈ રહી, ને આ બાજુ દીકરી ઘરડી થતી ચાલી.'

શાસ્ત્રીજીની એ નિર્દય ટીકા પર મને ગુસ્સો ચડ્યો. પણ મારે અત્યારે એ દબાવવાની જ જરૂર હતી. મેં સવાલ કર્યો: 'કાંઈ ભણીગણી ખરી?'

'થોડુંક તો શીખી જ છે.'

'શું?'

'આછકલાઈ!'

આગળ પૂછવું હવે નકામું હતું. અને કશું પૂછવાનું જરૂરનું હોત તોપણ—

'જો, મંજુ અહીં જ આવે છે.' શાસ્ત્રીજીએ હાથની નિશાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં જણાવ્યું. 'ઘણું કરીને ચા સારુ દૂધ માગવા જ આવી હશે.'

એ મંજુ જ હતી! મેં તેને એકલી જોઈ હોત તો હું કદી પણ ઓળખી શકયો ન હોત; એટલું જ નહિ, પણ એ કદંગી દેહયષ્ટિ દેખી હસી પડયા વિના પણ રહેત નહિ! મારા સ્મૃતિપટ પર કોતરાયેલી મંજુ અને સામી પ્રત્યક્ષ દેખાતી મંજુ — ખરેખર, કાળ કોઈ ભયંકર પણ પ્રચંડ એવા વિકૃત અરીસાની જ ગરજ સારે છે. માનવીને એ કેવા કદરૂપા સ્વરૂપે રજૂ કરે છે!

ઓશરીમાં કોઈ મહેમાન છે એવું દેખાતાં જ મંજુએ હાથમાંનું વાસણ સાડીના પાલવ તળે સંતાડી દીધું. સહેજ ઊંચકાયેલ એ પાલવ હવામાં ફફડાટ કરી ગયો. મેં જોયું કે એ સાડી છેલ્લામાં છેલ્લી ફેશનની હતી!

ઘડી પહેલાં શાસ્ત્રીજીએ બધો વાંક ડૉકટરનો ગણાવ્યો હતો ત્યારે મને તેમના પર ગુસ્સો ચડયો હતો. પણ હવે લાગ્યું, શાસ્ત્રીજીએ ભાખેલું સત્ય — ખરેખર અતિ કટુ સત્ય — હતું. ડૉકટર દરદીની કેટલી સંભાળ રાખતા હતા તે હું જાણતો હતો. પણ માનવી મનને અનેક રોગો લાગુ પડી શકે છે એ એમના ખ્યાલમાં પણ આવ્યું નહોતું! બાળકોને ગમે તેવાં લાડ લડાવો છતાં દુનિયાદારીની ખડતલ લડાઈ તો દરેકે જાતે જ જીતવી જોઈએ, એ હકીકત માબાપોએ કદી ભૂલવી ન જોઈએ. બાબા, બાપુ, મંજુ, ત્રણેનાં જીવન વેડફાઈ જવામાં કેવળ એ બાળકોનો જ દોષ હતો એમ ન કહેવાય. વેલ ઉપર સુંદર ફૂલો ખીલે તેમાં પાણીની જેટલી જ આવશ્યકતા સૂર્યના તાપની પણ હોય છે. કેવળ પાણી જ રેડ્યા કરીએ તો એ વેલીનાં મૂળ સડી જાય. ડૉકટરે પોતાનાં બાળકોના ઉછેરમાં આવી દૃષ્ટિ રાખી જ નહોતી!

આવા વિચારો મગજમાં લાંબો વખત સુધી ઘોળાયા જ કરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એટલામાં શાસ્ત્રીજીનો મોટો દીકરો બજારમાંથી શાક લઈ પાછો આવ્યો, ને હું તેની સાથે વાતે વળગ્યો. બી.એ. થઈને આજે તે પિતાની જગોએ શાળામાં શિક્ષક બન્યો હતો. ચાર બાળકોનો પિતા થયા પછી, ગયે વર્ષે તેણે બી.ટી.ની પરીક્ષા પણ આપી હતી, અને પહેલા વર્ગમાં પાસ થયો હતો.

શાકની થેલી અંદર આપવા તે ઓરડામાં દાખલ થતો હતો ત્યાં જ મંજુ અંદરથી બહાર નીકળી. મારા મનમાં વિચાર પસાર થયો: 'આ બંને પરણી ગયાં હોત તો મંજુ સુખી ન થાત? એમાં આડે કોણ આવ્યું? એક વેળાની શ્રીમંતાઈને કારણે આંધળી બનેલી મંજુની માતા કે લાડમાં ઊછરેલી અને કદી સાચાં ન પડનારાં સ્વપ્નોમાં મશગૂલ રહેતી મંજુ?

મંજુના જેવડો જ શાસ્ત્રીને પણ એક દીકરો હતો. મેં તેને ક્યાં ય ન જોયો એટલે પૂછ્યું: 'આપના નાના ચિરંજીવ ક્યાં છે?'

એકે એકે જ તેમણે એક ફોટા તરફ આંગળી ચીંધી. મેં ઊભા થઈને જોયું: એ દૃશ્ય કોઈ આશ્રમનું લાગ્યું.

'શું કરે છે?'

'બત્રીશની લડતમાં જેલમાં ગયો. જેલમાંથી આવ્યા પછી ગાંધીજીના વિચારો એને ગમ્યા નહિ. હમણાં ગામડાંઓમાં ફરે છે, અને જે કિસાન ચળવળ ચાલે છે —'

'ત્યારે એનાં બાળબચ્ચાં ક્યાં છે?'

'એ પરણ્યો જ નથી! હું બાપ રહ્યો એટલે એક વાર મેં એને એ સંબંધે પૂછ્યું હતું. મને કહે, "મેં સ્વીકારેલા આ ધંધામાં જેલની બેડીઓ વારંવાર જડાવાની જ છે, ત્યાં વળી વધારાની બેડીની શી જરૂરિયાત છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઢીભાત

ખરું કહીએ તો આ નવલિકાનું નામ 'ડબ્બાનાં મોઢિયાં અને વાસણને કલાઈ' એવું રાખ્યું હોય તો વધારે યોગ્ય ગણાય. આ નામોમાં કેટલી આત્મીયતા રહેલી છે? પણ તમે જાણો છો તેમ હવે તો નવલિકામાં પણ સિદ્ધાંત વગેરેનું ખૂબખૂબ ચાલ્યું છે. ટૂંકી વાર્તા લખવી હોય તોપણ એ કેટલી લાંબી હોવી જોઈએ એના નિયમો રચાયાનું વળી સાંભળ્યું છે! પણ ભાઈસાહેબ, આજે એ માઇલ વૉક લઈ નાખવી જ છે એમ નક્કી કરીને શું સિંહ ગુફા-માંથી બહાર પડતો હશે? પણ ગધેડાના રાજમાં સિંહનો દાખલો કોણ માને? માત્ર કાન વિના (લંબકર્ણ એટલે ગધેડો) આજના જમાનામાં તો બધું શૉર્ટ—શૉર્ટ બટ સ્વીટ નહિ હો—થવાનો જ વખત આવી લાગ્યો છે. માણસને પૂરાં સો વરસ હવે જીવતાં પણ આવડતું નથી! ભગવાન રામચંદ્રજીના જમાનામાં આયુષની ગણતરી ખર્વ અને નિખર્વની સંખ્યાથી થતી, અને સીતામાતા તો પૂરાં પાંચ તાડ જેટલાં ઊંચાં હતાં, ખબર છે? આવી એકાદ પત્ની આજના વામન યુવાનોને જો મળી હોય ના, તો એની આંખો તો એને ખરેખર આકા-શમાંના તારા જેવી જ દેખાય, અને એના હોઠ પણ જાણે આકાશમાં ઊડતી સમડીની પાંખો જ! લાગે આ સિદ્ધાંતોની વાતો—પણ એને હવે છોડી જ દઈએ! 'સીતાકાંત સ્મરણ, જય જય રામ અને શૉર્ટ સ્ટોરી' વાળી મારી વાર્તામાં આ સિદ્ધાંતની વાતનું તો જાણે તૂંબડું જ તોડી નાખ્યું છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે મારી પોતાની વાત ઉપર આવું. વાચક! હું માયરે ચડ્યો એમ કહેવા કરતાં માયરેથી ઊતર્યો કહું તો વધારે વ્યાજબી ગણાશે. એનું કારણ એમ છે કે ત્યાં સુધી હું જાણે સ્વર્ગમાં વિહરતો હતો. એક બાજુથી બા અને એક બાજુથી મોટી બહેન—રહો રહો, અહીં કશી ઉપમા આપવાને માટે સુંદર અવકાશ છે. ત્યારે શું કહું? બે કાંઠા વચ્ચેની નદી? ના ના, એ તો ન ચાલે; નદી બંને કાંઠાને ધીરે ધીરે પાછા ધકેલતી જાય છે, જ્યારે બા અગર મોટી બહેન મારા બોલથી કદી પાછાં હઠ્યાનું બન્યું નથી. ત્યારે સૂરજ, ચંદ્ર, તારાગણો એમાંની કોઈ ઉપમા આપી હોય તો? પણ આકાશનાં આ બધાં દારૂખાનાં (ફોડવાનો દારૂ હો!)નો ઇજારો તો હાલમાં એક બાંડેકરે જ રાખ્યો છે. ત્યારે છો રહ્યું! બસ, વાત એમ છે કે અત્યાર સુધી બંદાની સવારી સંસારમાં બા અને મોટી બહેનને આધારે લહેરથી ઝૂલતી ઝૂલતી ચાલી જતી હતી. તમે પૂછશો કઈ રીતે? તો કહેવાનું કે જાણે કે બંને હાથે રસી બાંધીને બંને બાજુ પોલીસોની વચ્ચે ચોરની સવારી નીકળી છે! અહીં દોરીનો અર્થ માયાનાં બંધન કરવાનો છે! અને હું ચોર?—પણ જવા દો ને ભાઈ! આ જગાએ કાંઈ આત્મચરિત્ર થોડું જ લખવા બેઠા છીએ?

એમ બન્યું કે એક યુવતી સાથે હું લગ્નગ્રંથિથી જોડાયો. યુવતીનું વર્ણન આપવા ધારતો હતો પણ અત્યારે પ્રો. ફડકેની એક પણ નવલકથા મારી પાસે હાજર નથી, માટે ક્ષમા કરશો! છતાં યુવતી શબ્દ વાપર્યો એટલે એ ફેશનેબલ તો હોય જ એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય! એનો વળાંક બંબોડામાં, એનો ગૌર વર્ણ પફપાઉડરમાં, એનું નાજુકપણું ચંપલમાં અને જીવનવહેવારમાં ખાસ જરૂરી એવી જે દીર્ઘદૃષ્ટિ તે એની સાડીમાં જ દેખાઈ આવે! મારાં 'એ' પણ આ સામાન્ય નિયમમાં અપવાદરૂપે તો શી રીતે હોઈ શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના ગૃહપ્રવેશને નંદનવનમાં સેતાને પ્રવેશ કર્યા સાથે જ સરખાવી શકાય. બાનાં મજ્જેનાં કાનનાં ઠેાળિયાં ઘરમાં પડચાં હતાં, અને નવી વહુ એ પહેરે એવી સાસુજી અને નાનેરી નણદલ નહિ પણ મેાટાં નણદીબાની ખાસ ખાસ મરજી હતી. પણ નવી વહુ તેા હતી આધુનિક યુગની નવલિકાની નાયિકા! એણે તેા બસ એરિંગ જ માગ્યાં. મેં ઘણું સમજાવ્યું કે ઠેાળિયામાં સેાનું વધારે હેાય; પણ એમ બીજાની કહેલી વાત એ ભણેલી યુવતીના મગજમાં ઊતરે શી રીતે? મેં એને ઐતિહાસિક મહત્ત્વ સમજાવી એમ પણ કહ્યું કે મહારાજ શિવાજીનાં માતુશ્રી જીજાબાઈ પણ જૂના જમાનાના જ દાગીના પહેરતાં. પણ 'એ' તેા વીસમી સદીના ભાવિ શિવાજીની માતુશ્રીનું ગૌરવવંતું સ્થાન લેવા પણ જરા ય ઉત્સુક ન બની!

અને ગૃહપ્રવેશને દહાડેથી જ ઘરમાં જે અગ્નિ દાખલ થયેા તેમાં રેાજ એક યા બીજી રીતે ઈંધન શું પણ ગ્યાસલેટના ડબ્બા ઉપર ડબ્બા રેડાવાનું ચાલ્યું! અગાઉ બા અને મેાટી બહેનની સાથે હું રેાજ હરિકથા સાંભળવા જતેા; મનમાં એમ કે ઘેર બેકલાં બેસી રહેવું તે કરતાં ત્યાં જવું શું બેાટું? ઊલટું ભગવાનનાં બે નામ કાને પડે તેા કાન કાંઈક પવિત્ર થાય! પણ પરણ્યા પછી પરમાર્થની બૅંકમાં મારે નામે અત્યાર સુધીમાં જમા થયેલી સિલક મારે મન ઘણી મેાટી જણાઈ, પરંતુ બા અને મેાટી બહેનને ગળે મારી વાત કેાઈ રીતે ઊતરતી નહેાતી! મારી દશા—હવે નવા જમાનાની નવીનતાભરી ઉપમા આપું તેા કહેવાય કે ઢેાકળિયામાં બફાતા ઢેાકળાની પેઠે હું ચેાતરફથી રૂંધાઈ–બફાઈ રહ્યો હતેા!

પણ એમાંથી છટકવું શી રીતે?

અમારે સહુને એક બાબતમાં ખૂબ જ બનતું હતું—કહેા કે એમાં સર્વાનુમતી હતી. અમારી સર્વાનુમતીની બાબત તે મજ્જેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઢી! અમને ચારે જણને કઢી ખૂબ જ ભાવતી.

એક વખત બાની હાજરીમાં મેં શ્રીમતીની જોડે સહેજ વાત-ચીત કરી!

બીજી વખત એવું બન્યું કે મોટી બહેને શ્રીમતીનાં પોલકાં માટે ચાર આને વાર વાળી છીંટ લાવવાનું કહેલું ને હું સાત આને વારવાળું વાયલ ખરીદી લાવ્યો!

આ મહાન બનાવોનું પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું!

થોડા દહાડા પછી એક વખત દેવસેવા કરતાં કરતાં બાએ મને સાદ પાડીને પૂછ્યું: 'ભાઈ, ડબ્બાને મોઢિયાં શા માટે કરાવતા હશે?'

મોટી બહેન પડખે જ બેઠાં હતાં. તેમણે પણ સવાલ કર્યો: 'અને વાસણને કલાઈની જરૂર ખરી કે નહિ?'

પ્રેક્ટિસરોની નોટ્સ ગોખી ગોખી બી.એ. થયેલો હું ગરીબ આદમી! બા અને મોટી બહેનના સવાલો સાંભળીને હું પરસેવે રેબઝેબ થઈ ગયો! હવે શો જવાબ આપવો? 'ડબ્બાને મોઢિયાં શા માટે કરાવતા હશે?' ડબ્બાઓને કાંઈ મોટાં ભાષણો આપવા જવાનું નથી હોતું! ત્યારે—

'વાસણોને કલાઈ કરાવવી કે નહિ?'

કલાઈગરાને આપવાના પૈસા જો ખીસામાં હોય તો જરૂર કરાવવી! નહિતર—

બાને કાંઈ બીજગણિત આવડતું નહોતું, એટલે સહેજે મારા સોએ સો અપરાધ ભરાઈ ચૂક્યા. એનું એમ થયું કે શ્રીમતીએ અમારા બંને જણનો ફોટો લેવરાવવાની (પડાવવાની નહિ હો!) એવી તો હઠ પકડેલી કે કહેવાની વાત નહિ! આખરે તેને પિયેરથી તેડી લાવવા હું ગયો તે વખતે જ અમે એક ફોટો લેવડાવ્યો. પણ એ ફોટાની એક નકલ ઘેર આવી પહોંચતાં જ અમારું ઘર એક આદમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલું ઊંચે આકાશમાં તરવા લાગ્યું! બા, મોટી બહેન અને 'એ' ત્રણે જણીએ લડીને, રડીને, ઘર માથે લીધું હતું! હું પણ રડી પડત પરંતુ એ ત્રણે જણી જેટલો રુદનવિશારદ હું ન હોવાથી, અને એ માટે શ્રોતાઓનો અભાવ હોવાથી, મેં મારો રુદનનો કાર્યક્રમ મોકૂફ રાખ્યો! 'એની મા તો કચારની મરી પરવારી છે!' વરસતે વરસાદે ગડગડાટ થાય તેવો આનો અવાજ સંભળાયો. 'અને એન તો મોઈ અવતરી જ છે કયાં?' નાટકમાં તખલાં પરની થાપીઓ અને પેટીઓના ભયંકર સૂરો વચ્ચેથી ગાયનના કોઈ કોઈ શબ્દો સંભળાય એવું મોટી બહેનનું વાકય કાને અથડાયું.

બંને જણને બદલે અમારા ચારેનો ફોટો પડાવવાની જરૂર હતી. ને એમાં ખોટું ય નહોતું! પૂરાં પચીશ વરસનો થયો ત્યાં સુધી હું અને બા એક જ ઘરમાં સાથે રહેતાં હતાં છતાં એકે ય બિલના પૈસા ફોટોગ્રાફર પામ્યો નહોતો. એથી ઊલટું, મારો અને શ્રીમતીનો સહવાસ પૂરો પચીશ પખવાડિયાંનો નહોતો! 'માતૃ દેવો ભવ'નું સૂત્ર ઉચ્ચારનાર ઉપનિષદ્‌કાર મને સ્વર્ગમાં કોણ જાણે શું ય સંભળાવશે! ને ચિત્રગુપ્ત પોતાના ચોપડામાં મારા ખાતામાં કોણ જાણે શું ય લખશે! પણ ઘરમાં વીશનોરી આવતાં એની ચાર આંખો થયા જેવું થયું હતું એ તો નક્કી!

તે દહાડો પંચાંગમાં ચોખ્ખી પાંચમ હોવા છતાં અમારે સહુને અગિયારશ કરવી પડી! બીજે દિવસે સવારે જોઉં તો બા અને મોટી બહેન માથે ઓઢીને સોડ તાણીને જ સૂતી હતી! 'મને ઠીક નથી; તમે તમારે જમી લ્યો; મારે નથી જમવું.' એવો બંને જણીએ રોકડો જવાબ પરખાવ્યો હતો.

મહાયુદ્ધનાં પગરણ મંડાયાનું હું જોઈ શકયો. પણ એ અટકે શી રીતે? યુરોપમાં પહેલા મહાયુદ્ધમાં અમેરિકા વચ્ચે પડયું એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળી વાત વણસતી રહી ગઈ. પણ મારા ઘરમાં—આવે વખતે બાળકો ભારે ખપ લાગે છે! — ભગવાને મને કોઈ અમેરિકા અગર રશિયાની બક્ષિશ કરી નહોતી એટલે હું નિરુપાય હતો!

'ખખડાવો એટલે ઊઘડશે' એ અંગ્રેજી કહેવત ખૂબ લોકપ્રિય છે. પણ 'માથું ખજવાળો તો સૂઝી આવશે' જેવી આપણી કહેવત શોધી કાઢીએ તો એ એનાથી પણ ચડી જાય.

જે ધન્ય પળે કોલંબસને અમેરિકા શોધી કાઢવાનો, શિવાજી મહારાજને ગૌબ્રાહ્મણનું પ્રતિપાલન કરવાનો અને ન્યૂટનને ઝાડેથી પડતા ફળ તરફ જોવાનો વિચાર સૂઝી આવ્યો હતો, એવી ધન્ય પળ મારા જીવતરમાં પણ આવી પહોંચી.

થોડી વાર બહાર જઈ હું પાછો ફર્યો. પાછા ફરતી વેળા ડાબા પગની પિંડીએ એક જાડો લૂગડાનો કટકો વીંટાળ્યો, અને બિસ્સાના રૂમાલમાં આણેલી ચીજ 'એ'ને આપતાં કાનમાં જરા સમજાવી દીધું. બા અને મોટી બહેન ઓઢીને સૂતાં હતાં એ સારું થયું, નહિતર આ કાનમાં કહેલી વાતનો એમણે જાણે અનર્થ પણ કરી દીધો હોત!

અગિયાર થવા આવતાં જ મારા પેટમાં ગલૂડિયાં બોલવા માંડ્યાં. મેં તુરત બા અને મોટી બહેનની પથારી પાસે જઈ બોલાવવા માંડ્યું: 'બા, મોટી બહેન! હવે ભલાં થઈને ઊઠો—'

'શા માટે નાહક લમણાઝીક કરતો હોઈશ?'

'પણ જમવાનું તૈયાર થયું છે.'

'તાવે બળી રહી છું. એક કોળિયો ય મોંમાં જાય એવું નથી.' બંનેએ એક જ જાતનો જવાબ આપ્યો.

'પણ તમારે માટે એણે ખાસ આજે કઢી કરી છે.'

તુરત મોં પરનાં ઓઢણાં ખસેડાઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજે જતે જઈને ખાસ મીઠો લીંબડો લઈ આવ્યો છું. કઢી એવી તો ફક્કડ બની છે!—'

બંને જણી પથારીમાં બેઠી થઈ ગઈ!

'હોશિયાર'ના હુકમની ઢબે મેં હુકમ છોડ્યોઃ 'થાળીઓ પીરસો.'

તેમની જોડે હું પણ ચાલ્યો. પણ મારે ડાબે પગે પિંડીએ ઘીંટેલો પાટો દેખતાં જ બંનેએ પૂછ્યુંઃ 'આ શું થયું, ભાઈ?'

'જરા પડી ગયો હતો!'

ગમેતેમ પણ આખરે એ માનું અને બહેનનું હૈયું હતું! એમણે આંખો લૂછવા માંડી. અહીં જો કોઈ ફ્રૉઇડમતાનુવાદી માનસશાસ્ત્રી (હું પણ એ જાતના ઘણા શબ્દો વાપરવાનો મોહ મહામુશ્કેલીએ રોકી રહ્યો છું.) હોત તો તે કહેત પણ ખરોઃ 'ઊંધી ઊઠવાને કારણે બંને જણી આંખો ચોળતી હતી!'

દુષ્ટ! પાપી! નરાધમ!—

અરે હા, આ તો હું નવલિકા લખું છું. અત્યારે રાણા ભીમદેવનો પાઠ નથી કરતો! માટે—

આંખો લૂછી બંને જણીએ કહ્યુંઃ 'કેમ કરતાં પડી ગયો, ભાઈ?'

'ઝાડે ચડતાં.'

'ઝાડે શા સારુ ચડવું જોઈએ, તારે?'

'મીઠો લીંબડો પાડવા.'

અને મા જનેતા છે કે રમત વાત છે? 'ન માતુઃ પર દૈવતમ્' એ સંસ્કૃત વચન કાંઈ ગાંડાની ઇસ્પિતાલમાંથી નથી નીકળ્યું! અને બહેનનું હૈયું? ગમે તેમ તો ય અમે બંને એક માતાના પેટમાં આળોટેલાં તો ખરાં જ ને?

હું મીઠો લીંબડો પાડવા ગયેલો તે એ બે જણી માટે. એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં પડી ગયો. પણ તેમની આંખે આંસુની ધાર ચાલી. આમાં અતિશયોક્તિ જરા યે નથી—પણ મને વિચાર થઈ આવ્યો કે હવે માળિયામાંથી સંઘરી રાખેલાં તરવાના તૂંબડાં કાઢવાં પડશે, નહિતર ઘરમાં જ ડૂબી મરવાની આફત ઊભી થશે! એ બંને જણીએ તો પોતાને સ્થાને જ આંસુ વડે સ્નાન આટોપ્યાં.

બા સીધી થાળી પર જઈ બેઠી ને હસતે હસતે કહેવા લાગી: 'ભાઈએ ડબાને મોઢિયાં કરાવી લીધાં છે હાં કે!'

મોટી બહેને ઉમેર્યું: 'અને વાસણને કલાઈ પણ થઈ ગઈ છે!'

એ હરખમાં હોં અગર તો આગલી રાતે બેંચેલા ઉપવાસને કારણે હોં, પણ અમે ત્રણેએ કઢીભાત ઉપર એવો હાથ માર્યો કે 'એ'ને ફરી ચૂલે નવી તપેલી ચડાવવાનો વારો આવ્યો. બા અને મોટી બહેન જમીને જરા આડે પડખે થવા ચાલ્યાં ગયાં. શ્રીમતીજી બાસીને ચૂલાની આરાધના કરતાં હતાં. મેં લંગડાતે પગે રસોડામાં પ્રવેશ કર્યો ને કહ્યું: 'કાં, પેટમાં શું બોલે છે? એક જણને ફેરો પડાવ્યાનું ફળ કેવું મળ્યું?'

'એકને જ કેમ કહો છો? બીજાને પણ બરોબરનું ફળ મળ્યું છે તે?'

'કોને?'

શ્રીમતીએ મારી પિંડીએ બાંધેલા પાટા તરફ આંગળી ચીંધી.

મેં ધીરેથી કહ્યું: 'બોલ જોઈએ, સોદલ માતાને બોડ ને ચૂંદડી ચડાવવાની તેં માનતા કરી હતી કે નહિ?'

'જાવ જાવ હવે!'

'ચલે જાવ, જાદુમંતર છૂઉ...!' એમ બોલતે બોલતે મેં પિંડી પરનો પાટો છોડી નાખ્યો. શ્રીમતીએ જોયું તો પગે કશું જ નહોતું લાગ્યું. કાંઈ કહેતાં કાંઈ ઊઝરડો પણ નહોતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભારે લુચ્ચા છો હોં!' એવો અર્થસૂચક અભિનય તેણે આંખો નચાવી કરી બતાવ્યો.

મેં કહ્યું: 'પગે બૂબ લાગ્યું હતું!'

'તે ઘડીક વારમાં સાવ મટી ગયું?'

'એવો જાદુ જ છે મારા પાસે!'

તેના મોં તરફ તાકી રહેલી મારી આંખો સાથે આંખો મેળવતાં જ એ શરમાઈ ગઈ. એ વેળાનું એનું મોહક રૂપ! એની ચીબુકને આસ્તેથી પકડી જરા ઊંચી કરવાનો મારો મોહ—

અરે સનાતની જીવડા! શાંત થા, શાંત થા! આ પવિત્ર નવલિકાનો અંત નવમતવાદી લેખકની ઢબે લાવતાં તને શરમ નથી આવતી? માતાએ ભોજન આટોપ્યા પછી તારો નાયક એનાં ચરણ તળાંસવા ન જતાં રસોડામાં પેસી પ્રિયતમા સાથે શું પ્રણયલીલા કરવા રોકાયો છે? શી એની ધૃષ્ટતા!

અરે અરે! આ કયા નાટકની નકલ કરવાનો વિચાર મનમાં અત્યારે ઘોળાવા માંડ્યો?

પ્રિયવાચક! આ નવલિકાનું મથાળું 'કઠીબાત' રાખ્યું એ તને કદાચ રુચ્યું નહિ હોય. 'ગાજર, ટમેટાં અને કાંદાબટેટાં' એ નામ પણ એને માટે શોભે એવું જ છે. ગાજરટમેટાં એટલે બા અને મોટી બહેન—પણ તમારા સરખા રસિક વાચકોને આવું કહેવાની પણ શી જરૂર હોય? એટલું છે કે આ ઉલ્લેખ વાર્તામાં ઘણો મોડો આવે છે, પણ સાવ વાંઝિયા રહેવા કરતાં આધેડ ઉંમરે પણ બાળક થાય તો નામ તો રહે!

વાત અહીં જ પૂરી કરવા ધારતો હતો. પણ અંત અરાબર આસ્વાદ રીતે નથી આવતો. બીજું એમ છે કે ચાર લીંટી વધારે લખી હોય તો લેખક તરીકે એટલી કમાણી પણ કાંઈક વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય ને? (બાનગીમાં એટલું કહેવાનું કે આ ટ્રેડ-સિક્રેટ – વેપારની છાની યુક્તિ – છે એટલું યાદ રાખજો!)

તો હવે શું? (હરિકથા કરનાર પેઠે મૂળ વાત ઉપર આવીએ.) હા, મારાં શ્રીમતી ચૂલો ફૂંકતાં બેઠાં હતાં. આડે પડખે થયેલ બા અચાનક ઊઠીને રસોડા ભણી આવ્યાં. મેં પણ ઉતાવળે ઉતાવળે પગે પાટો વીંટી લીધો.

બાએ પૂછ્યું: 'વહુ! ઘરમાં હવે કાંઈ મીઠો લીંબડો વધ્યો છે કે નહિ?'

બાની 'વહુ'એ બોટેબોટું ફેંકયું: 'જરા ય નથી, બાઈજી!' સંસ્કૃત સાહિત્યમાં સ્ત્રીઓની જૂઠાબોલી તરીકે નિંદા કરી છે તે ફોગટની ન માનશો!

હું મીઠો લીંબડો લેવા ચાલ્યો. બા કહે: 'ભાઈ! હવે તારે નથી જવાનું. એક પગ ભાંગ્યો છે એટલું બસ છે!'

બા ઘર બહાર નીકળી ગયાં.

પણ દસ મિનિટમાં જ એમણે મીઠા લીંબડાનો ઢગલો કરી દીધો!

મેં નવાઈ પામી પૂછ્યું: 'બા! આટલો બધો કોણે ઉતાર્યો?'

વિજયી પ્રફુલ્લ ચહેરે એણે જવાબ આપ્યો: 'મેં પોતે!'

ખખળી ગયેલી લાદીના સાંધા સીમેન્ટ કૉંક્રિટથી સજ્જડ સાંધી દેવાય તેમ તે દહાડો ખાધેલાં પેટપૂરણ કઢીભાતને પરિણામે અમારાં સહુનાં દિલ પાછાં એકરૂપ બની ગયાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટી દ્રાક્ષ

'જાણીતા માણસો વિષે માહિતી' જેવા કેટલાક વિભાગો-કૉલમો કેાઈ કેાઈ છાપાવાળા રાખે છે, પણ હમણાં હમણાં મેં એ કૉલમો જોવાનું સાવ છોડી દીધું હતું. એનાં કારણમાં મને એમ જણાયું હતું કે છાપાના તંત્રીઓની 'જાણીતા માણસો' ની ગણતરી કેાઈ અજબ તરેહની હતી! કૉલેજમાં મેં પગલાં માંડ્યાં ત્યારે હું એ કૉલમો ખૂબ હોંશથી વાંચતો. પણ એ 'જાણીતા માણસો'નાં નામોપૈકી અરધાં નામો તો મેં કદી સાંભળેલાં જ નહોતાં! બાકીનાં અરધાંમાંથી નટનટીઓ, છાપાના તંત્રીના મિત્રો અને ખબરપત્રીઓનાં નાતીલાઓ વગેરેને બાદ કરીએ તો જેમને વિષે કશું ય જાણવાની ઉત્કંઠા થાય એવાં નામો જ બહુ થોડાં નીકળતાં. સદાનંદ આ વિભાગ પર ભારે મજેની ટીકાઓ કરતો. તે કહેતોઃ 'કેાઈ નદીનો પાલવ પવનથી હલી ઊઠે તોપણ આ તંત્રીઓને તુરત ખબર પડી જાય છે; જ્યારે કેાઈ વિદ્વાન લેખક મરણપથારીએ તરફડતો હોય તોપણ આ તંત્રીઓને એનો ગંધસરેડો હોતો નથી!'

પણ ગમ્મતની વાત એ છે કે આવા વિભાગો વાંચવાની તમારી મરજી ન હોય તોપણ તમારે તે વાંચવા જ પડે, કેમકે ભારે અગત્યના સમાચારની નીચે જ એવી માહિતી આપી હોય! કેાઈ સુંદર સિનેમાચિત્રની સાથે જ ઘણી વાર જેમ રેઢિયાળ ચિત્રનું ટ્રેલર પણ ન છૂટકે જોવું પડે છે, એવી એ દશા છે. એ વિભાગ નથી વાંચવો એમ વિચારીએ તે પહેલાં જ આંખ એ લખાણ પર ફરી વળે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પણ એવું જ બન્યું. આવતી મહાસભાના રાષ્ટ્રપતિ તરીકે સુભાષબાબુ ચૂંટાયાના સમાચારની નીચે જ આ વિભાગ મુકાયો હતો! એક વાર વિચાર થઈ આવ્યો કે નથી વાંચવું; એમાં શું હશે. તંત્રીના મિત્રો પૈકી કોઈને ઘેર એકાદ બેંશ સુખશાંતિથી વિયાવાના ખબર નહિ છાપ્યા હોય એની શી ખાતરી?

પણ મારી આ માન્યતા આજના પૂરતી તો જૂઠી જ નીવડી. એ વિભાગમાં આજે સૌ પહેલા સમાચાર પ્રખ્યાત ચિત્રકાર સુહાસ પરત્વેના હતા. તંત્રીએ માહિતીરૂપે એમાં છાપ્યું હતું: 'હાલમાં તેઓ મુંબઈમાં આવ્યા હોઈ ખેતવાડીમાં ઊતર્યા છે.' એ સમાચાર વાંચ્યા પછી મને એવી તો ચીડ ચડી કે ન પૂછો વાત! એ તંત્રીને શું એટલું પણ ખ્યાલમાં નહોતું કે ખેતવાડી એ કાંઈ એના કોંકણના ગામડાના વતનની એક નાનકડી શેરી નથી? પણ બીજું થાય શું? ખેતવાડીની સાતમી કે આઠમી ગલ્લીમાં મારા મિત્ર સદાનંદનો એ દોસ્ત રહેતો હતો તે હું જાણતો હતો; પણ ખેતવાડીમાં આઠમી ગલ્લી પછી આગળ કેટલા નંબર સુધી બીજી ગલ્લીઓ છે તે તો મ્યુનિસિપાલિટી જ જાણે! એ સઘળી ગલ્લીઓ—એ દરેક ગલ્લીમાં આવેલી પાંચપાંચ માળવાળી મોટી મોટી ઈમારતો ઢૂંઢી ઢૂંઢી સુહાસને શોધી કાઢવાનું કામ — મને થયું, આના કરતાં તો હિમાલયના એવરેસ્ટ શિખરનું આરોહણ કરવા નીકળી પડવું વધારે સહેલું થાય.

તંત્રી મહાશયને સુહાસના ચોક્કસ સરનામાની માહિતી હશે એમ માનીને હું અને સદાનંદ સાંજે એમની કચેરીએ પહોંચ્યા. તંત્રી મહાશય પોતાના બેચાર દોસ્તો સાથે ચા અને ચેવડાને ન્યાય આપવામાં રોકાયા હતા. અમે અંદર પગ દેતાં જ તેમણે સવાલ કર્યો: 'કેમ, કશા ખબર આપવાના છે? પ્રાઇમસ ઉપર કોઈની સાડી સળગી ગયાના—અગર—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાઇમસ સિવાય પણ ઘણી બાબતો સળગી – સળગાવી શકે તેવી હોય છે એવો જવાબ તંત્રીના મોં પર ફેંકવાનો મને વિચાર તો થઈ આવ્યો; પણ મારે સુહાસના સરનામાની ગરજ હતી એટલે શાંતિ રાખી મેં કહ્યું: 'સરનામું લેવા આવ્યા છીએ.'

'કોનું સરનામું?'

'પ્રખ્યાત ચિત્રકાર સુહાસનું.'

'પ્રખ્યાત?' તુચ્છકારપૂર્વક એ શબ્દ ઉચ્ચારી તંત્રી મહાશયે ગર્દભહાસ્ય કર્યું! તેમના મિત્રોએ તેમને સાથ આપ્યો. હાસ્યનાં પૂર ઓસરી ગયા પછી તેમણે જણાવ્યું: 'કૉલેજના વિદ્યાર્થીઓ હો એમ લાગે છે.'

'હા જી!'

'ત્યારે એમ કહો ને!'

એમાં શું કહેવાનું હતું તે કશું હું સમજી શકયો નહિ. પરંતુ સમાજમાં માહિતી – જ્ઞાન ફેલાવવા માટે જ તંત્રીઓ જન્મે છે; એથી મારા જેવાને લાંબા વખત સુધી તેઓ અજ્ઞાનમાં રહેવા દે એ બનવા જોગ નહોતું. હસતાં હસતાં તેમણે કહ્યું: 'જુવાનોની ભૂલ જ અહીં થાય છે! કોઈમાં સહેજ સારી વાત દેખાય કે તમે લોકો તેની પાછળ ગાંડા થઈ જાઓ છો. દૃષ્ટિ મળી કે તુરત પ્રેમ પેઠો જ છે! પણ આવા પ્રેમનો અંત કેવો આવે છે તે જાણો છો? થોડા દિવસોમાં તો એકબીજાનું મોં પણ ન જોવાના સોગંદ ખાવા—'

'આપને સુહાસના ચોક્કસ સરનામાની માહિતી છે?'

'ના ભાઈ.'

'પણ આપના આજના અંકમાં જ તેઓ અહીં આવ્યાના સમાચાર છપાયા છે.'

'એ ખબર એમણે પોતે જ મોકલ્યા હશે! બાસ બાતમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવીને અમે એવા સમાચારો છાપવા કચાં નવરા બેઠા છીએ? અમારા ખાસ અંકો જોઈ વળો; એકેયમાં એમનું ચિત્ર તમને નહિ સાંપડે! એમને પૂછવાની કુરસદ જ અહીં કોને છે? સાંભળ્યું છે કે કોઈ નવલકથા પર કવર ડિઝાઈન તેઓ કરી આપવાના છે. મેં એ પ્રકાશકને સાફ સંભળાવી દીધું છે કે એવા રદ્દી ચિત્રકાર પાસે તમે કવર ડિઝાઈન કરાવવાના હો તો હું તમારું પુસ્તક અમારા છાપખાનામાં છાપવા સારુ હાથ પણ ઝાલવાનો નથી!'

હું વિચારે ચડ્યો 'સુહાસ એક રદ્દી ચિત્રકાર? આ તંત્રી ગાંડો તો નથી થઈ ગયો?'

રૂમ પર પાછા ફરતાં સુધી મારું મન એ જ વિચારોમાં રોકાઈ રહ્યું હતું. સુહાસનું દરેક ચિત્ર મારા મનઃચક્ષુ સામે ખડું થઈ પ્રશ્ન કરતું હતું: 'હું સુંદર નથી? સુહાસ શું રદ્દી ચિત્રકાર છે?'

એનું 'વિશ્વામિત્ર' ચિત્ર કેવું અજબ હતું! માસિકમાં એનું નામ છપાયું ત્યારે અમે ધારેલું કે 'વિશ્વામિત્ર અને મેનકા'નું એક ચોક્કસ ઢાળાનું પ્રણયચિત્ર સુહાસ પણ દોરશે. પણ જ્યારે એ ચિત્ર પ્રગટ થયું ત્યારે — ઓહો! શું સુંદર એ ચિત્ર હતું! એ દિવસ સુધી એ ચિત્ર પાછળ હું જાણે ઘેલો થયો હતો. ભૂખથી વ્યાકુળ બનેલા વિશ્વામિત્રની દીનતાભરી દૃષ્ટિ—ચમારની ઝૂંપડીમાં ચોરીછૂપીથી દાખલ થવાને કારણે વ્યાકુળતામાં ઉમેરો કરતી ભીતિ—હાથમાં મરેલા કૂતરાનું કે બીજા કોઈ જનવરનું હાડકું! સારી ય આલમના ક્ષુધાતુર માનવીઓનું દુઃખ વિશ્વામિત્રની એ મુખમુદ્રામાં પ્રતિબિંબિત બની રહ્યું હતું!

એનું બીજું ચિત્ર 'સતી'નું હતું. પાણીપતના પરાજયની જ્વાળાઓ બુઝાવવા સારુ ભારેમાં ભારે પરિશ્રમ કરનારા માધવરાવ પેશ્વાનું પરાક્રમ, એના નિર્જીવ દેહની સાથે બળી મરવા તૈયાર થયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમાબાઈના મોં પર કેટલી આબેહૂબ રીતે સુહાસે ઝળકાવ્યું હતું.

આવા કલાકારને એ તંત્રી તુચ્છ ગણે છે? એક યુવાન અને યુવતીના ચહેરા ચીતરી તેમના પહેરવેશમાં અવારનવાર વેશપલટો આણીને અગર તો એમની પાર્શ્વભૂમિ—બૅકગ્રાઉન્ડમાં અહીંતહીં નાનામોટા ફેરફારો કરીને અમુક એક જ ઢાળાનાં ચિત્રો સુહાસ કદી દોરતો નહિ. પણ એને એની કલાની ઉચ્ચતા કહેવી કે—

ઓરડીમાં આવ્યા પછી સદાનંદે કહ્યું: 'અરે ભાઈ! પહોંચી ન શકાય એવી દ્રાક્ષ સદા ય ખાટી જ હોય છે!'

હું તેના ભણી જોઈ રહ્યો.

સદાનંદે હસતાં હસતાં સમજાવ્યું: 'પેલો તંત્રી સુહાસની નિંદા શા માટે કરતો હતો જાણે છે?'

'શા માટે?'

'કેમકે સુહાસ એને મફત ચિત્રો આપતો નથી! અને સુહાસના કવર ડિઝાઈનવાળી નવલકથા એ તંત્રી શા માટે છાપવાની ના પાડે છે બરાબર છે?'

મેં હસીને સામે જવાબ વાળ્યો: 'એ તો હું જાણું જ છું.'

'ત્યારે કહે જોઈએ?'

'એના મોંઘા ભાવ એ પ્રકાશકને પરવડ્યા નહિ તેથી વળી, બીજું શું?'

બબ્બે ઠપકારી શાબાશી આપતાં સદાનંદે કહ્યું: 'બરોબર, ભાઈ, બરોબર! ભલા માણસ! કહું છું કે બે વરસ મારી પાસે રહી દુનિયાદારીનું ભણતર ભણી લે પછી તને બરાબર—'

'ઓ મહેરબાન! દુનિયાદારી કૉલેજના પ્રિન્સીપાલ સાહેબ! હવે નકામાં ગપ્પાં ન મારતા હો તો?'

'આ બધાં ગપ્પાં છે, એમ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે દુનિયાદારીના ડહાપણનો ઈજારો આપની પાસે જ હોય તો આ સુહાસનો પત્તો મેળવી આપો જોઈએ?'

'ચાલ, સરત લગાવું! કાલ સાંજે ગમે તેમ કરી સુહાસને ઘેર પહોંચવું જ. પછી છે કાંઈ?

* * *

બીજે દિવસે સાંજના સદાનંદે મને સુહાસની ઓરડી પાસે હાજર કરી દીધો. ખેતવાડીના એક મોટા બિલ્ડીંગને ચોથે માળે ખૂણા પર અમે પહોંચ્યા. બારણે લગાડેલું નામનું પાટિયું સુહાસ અંદર હોવાની ગવાહી આપતું હતું.

આનંદમાં આવી મેં સદાનંદને પૂછ્યું: 'અલ્યા કાંઈ જાદુબાદુ જાણે છે?'

'હા, જરૂર!'

'મને શીખવીશ?'

ઝડપ કરતો ખીસામાં હાથ નાખી રૂપિયો કાઢી આંગળીએ ચડાવી તેણે હવામાં તેનો ખણખણાટ કર્યો, અને એટલી જ ઝડપથી પાછો એ ઝીલી લીધો. હસીને મને કહે: 'દુનિયામાં ખરો જાદુ ફક્ત આ એક જ ચીજમાં છે!'

'પૈસા?'

'અવશ્ય!'

'પણ પૈસા આપ્યા પછી પણ તને આ ડેકાણું કોણે આપ્યું તે કહીશ?'

'પોસ્ટમેને!'

અમે ધારતા હતા કે બહાર ચાલતી વાતચીતનો અવાજ સાંભળીને કોઈ અંદરથી બારણું ખોલવા આવશે. પરંતુ તેવી જાતની કશી હલચલ થતી હોય એમ જણાયું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદે બારણા પર ગોઠવેલું વીજળીનું બટન દબાવ્યું. આશરે પચીશ વર્ષની એક બાઈએ બારણું ખોલ્યું. ઘણું કરીને એ સુહાસની પત્ની જ હશે.

'આપને કોનું કામ છે?'

'કલાકાર સુહાસનું.'

પણ શા કારણે એ બાઈ ઊંડા વિચારમાં ઊતરી ગઈ હશે તે સમજ્યું નહિ.

કલાકારો મોટે ભાગે દેવાદાર જ હોય છે. પરંતુ અમારો દેખાવ ઊધરાણી કરનાર પઠાણ જેવો તો જરૂર નહોતો!

'કોણ મળવા આવ્યાનું જણાવું?'

અમારાં નામ કહેવામાં કશો અર્થ જ નહોતો. અમે કાંઈ ગાંધી, બર્નાર્ડ શૉ, અગર દેવિકારાણી તો નહોતા જ! સદાનંદે જ જવાબ આપ્યોઃ 'કહો કે કૉલેજના બે વિદ્યાર્થીઓ મળવા આવ્યા છે.'

અમને બહારના ઓરડામાં બેસાડી બાઈ અંદર ગઈ. સુહાસનાં કાંઈ કાંઈ સુંદર ચિત્રો ઓરડીમાં ટાંગ્યાં હશે તે જોવા સારુ આશા-ભરી નજરે અમે ચારે બાજુ દૃષ્ટિ ફેંકી. વચલા બારણા ઉપર કોઈ ઘરડા માણસનો હોય તેવો એક ફોટો માત્ર લટકાવેલો હતો. એ ઘરડા ચહેરામાં જોવા સરખું કશું જ નહોતું. માથે વીંટેલ ફેંટો કશા ઠેકાણા વિનાનો હતો, આંખોમાં કોઈ ચમક જણાતી નહોતી, ને કપાળે કરચલીઓનો પાર નહોતો!

પેલી બાઈએ ફરી બહાર આવી અમને પૂછ્યુંઃ 'આપને શું કામ છે?'

મને ખૂબ રીસ ચડી! બાળક ઉમળકાભેર માને વળગી પડવા દોડતું આવે, ત્યારે મા લાગણીહીન રૂક્ષ સ્વરે તેને ધકેલીને કહેઃ 'બશ, રોયા! અત્યારે શું છે?' એવી લાગણી મેં અનુભવી. વારકરી ભક્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંઢરપુરની જત્રાએ જાય તે પંઢરપુરના વિઠોબાની મૂર્તિનાં હોંશભેર દર્શન કરવા જાય; તેમને કાંઈ વિઠોબા સાથે ખાસ કામ હોય એવું થોડું જ હોય છે?

સદાનંદે જ પેલાં બહેનને જવાબ આપ્યોઃ 'અમારે સુહાસ-ભાઈને મળવું છે!'

'અત્યારે તેમને મળી નહિ શકાય!'

નહિ જોયો હોય મોટો શાહજાદો! કહેઃ 'અત્યારે મળી નહિ શકાય!' ભાઈનાં ચાર ચિત્રો લોકોને ગમ્યાં, લોકોએ એનાં વખાણ કર્યાં, ત્યાં તો આટલું બધું તિસમારખાંપણું આવી ગયું? તો પછી—

પણ સદાનંદે હસ્તાક્ષર માટે અમારી બંનેની નોટો પેલાં બહેન સામે લંબાવી. નોટો લઈને બહેન અંદર ગયાં.

ચિડાઈને હું બારણા ઉપર લટકાવેલા પેલા ડોસાનો ફોટો જોવા લાગ્યો. મનમાં ધાર્યું પણ ખરું કે એ ડોસો સુહાસનો બાપ જ હશે! એ ચહેરા પર પણ કેટલો તિરસ્કાર અને ચિડિયાપણું ભર્યાં છે? એ તો એમ જ હોય—બાપ તેવા બેટા!

અમારી નોટો આપવા સુહાસ પોતે બહાર આવ્યો. અમે એનો ફોટો બીજે જોયો જ હતો. નોટો આપી 'જય જય' કહી તે પાછો ફરી ગયો. એને કપાળે પણ કરચલીઓનો પાર નહોતો!

ઓરડીમાંથી બહાર નીકળી મેં હસ્તાક્ષરો તરફ નજર ફેંકી. અક્ષરો ખરેખર મોતીના દાણા જેવા પાણીદાર હતા. પણ એ મોતી મેળવતાં મેળવતાં અમારે પગે કાંઈ ઓછું ખારું પાણી નહોતું ઊતર્યું! મનમાં પસાર થઈ ગયેલ એ કલ્પના પર હું હસી પડ્યો.

દાદર ઊતરતાં ઊતરતાં સદાનંદે પૂછ્યુંઃ 'કેમ ભાઈ હસે છે?'

'પહોંચી ન શકાય એવી દ્રાક્ષ સદા ય ખાટી જ હોય છે, એ અનુભવ પ્રત્યક્ષ લીધો એટલે હસવું આવ્યું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં મેં ગાંઠ વાળી: કલાકાર અને કલામાં જમીન આસમાનનું અંતર હોય છે એ કદી ભૂલવું નહિ. વિચાર કરતાં કરતાં રાત્રે મેં નવીન કહેવત બનાવી કાઢી: સવારની પરીક્ષા પાણીદાર ઘોડા પર અને નટીની પરીક્ષા રૂપેરી પડદા પર! 'ડુંગર દૂરથી રળિયામણા' વાળી કહેવત કલાકારને તો આપાદ લાગુ પડે. દૂરથી બંને મોહક દેખાય, પણ નજીક જઈને જુઓ તો — હવે તો એવી પાકી ગાંઠ બાંધી રાખવી કે—

પણ એ ગાંઠ પાકી બંધાય તે પહેલાં જ મારે એને છોડી નાખવી પડી!

બીજે દહાડે કૉલેજમાંથી છૂટતાં પુષ્પા ચા પીવા માટે મારી ઓરડીએ આવી. આજની યુવતીઓ જાણે નિરાંતે તો બેસે જ નહિ! ઓરડીમાં દાખલ થતાં જ પુષ્પા મારી સઘળી ચીજોની જડતી લેવા માંડે એમાં કશી નવાઈ નહોતી. 'આ દાંતિયો કયા સ્ટોરમાંથી આણ્યો?' 'લુઈ રેનરનો આ ફોટો કયાંથી તફડાવ્યો?' વગેરે સવાલો તે વચ્ચે વચ્ચે પૂછ્યે જતી હતી, તો વચ્ચે વળી * 'યમુનાજળીં ખેળું ખેળ કનૈયા' વાળું બ્રહ્મચારી ફિલ્મનું ગીત ઝીણે અવાજે ગણગણતી હતી; ટેબલ અને કબાટ પરની એકેએક ચીજ સ્થાનભ્રષ્ટ થવા માંડી હતી! એકાએક વચ્ચે જ તે બૂમ પાડી ઊઠી: 'આવી બદમાસી?'

મેં લટકા સાથે માથું હલાવી કહ્યું: 'બહુ સુંદર પદવીથી નવાજ્યો!'

મારું ધ્યાન સ્ટવ ઉપર ઊકળતા પાણી તરફ હતું. આંધણની તપેલી સ્ટવ પરથી નીચે ઉતારી, પુષ્પાએ મને આપેલી પદવી મારા કયા પરાક્રમનું ફળ હતું તે જાણવા મેં તેના તરફ મોં ફેરવ્યું.

પુષ્પાના હાથમાં મારી પેલી હસ્તાક્ષરવાળી નોટ હતી.

---

* કનૈયા! ચાલ, જમુનાનાં બેલ બેલીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સુહાસનાં ચિત્રો મને ય એવાં તો ગમે છે! પણ કાલે તેને મળવા ગયો ત્યારે મને તો સંભારી જ નહિ ના?'

યુવતીના ગુસ્સાનો પારો કેટલો જલદીથી અને કેટલો ઊંચે ચડી જાય છે—

મેં મનમાં જ વિચાર્યું: 'ભલું થયું કે કાલે બાઇસાહેબ નહોતાં! ગઈ કાલે અનુભવેલ અપમાન એ મથી જાણતી એ જ સારું છે.'

પણ ચા પીતાં પીતાં પુષ્પાએ સુહાસને ત્યાં જવાની સખત હઠ લીધી. મેં સુહાસના હસ્તાક્ષરો આણી દેવાનું કબૂલ્યું, મારી પોતાની એ હસ્તાક્ષરવાળી નોટ જોઈએ તો લઈ જા એમ પણ કહ્યું; પણ એમ સહેલાઈથી હઠ છોડે તો તે સ્ત્રી શાની?

'મારે સુહાસને નજરે જોવા છે!' એ એક જ વાક્ય તેણે પકડી રાખ્યું.

'સુહાસને પરણ્યાં ઘણા દિવસો થઈ ગયા છે!' પુષ્પાને બોલતી બંધ કરી દેવાને ધરિદ્રે મેં એકદમ ફેંકયું:

'પહેલી વારનાં થયાં હશે. પણ બીજી વારનાં?'

'બીજી વારનાં?' મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'કેમ નહિ? આજની ભણેલી સ્ત્રીઓને પહેલી પત્ની હયાત હોય એવા જ પુરુષો વધારે ગમે છે.'

આ અજબ્બ સિદ્ધાંતના શ્રવણ પછી 'હવે કેમે કરી છાની રહીશ?' એ એક જ સવાલ મારે માટે બાકી રહ્યો હતો.

આખરે નાઇલાજ મેં એને સુહાસને ત્યાં લઈ જવાનું સ્વીકાર્યું.

ગેતવાડીના પેલા વિશાળ બિલ્ડીંગના દાદરા ચડતાં ચડતાં હું મનમાં એક જ માનતા માનતો હતો: 'હે ભગવાન! સુહાસ કયાંઈ બહાર ગયો હોય એમ કરજે! તને સાકર, ચૉકલેટ, જે માગે તે આપીશ!'

ભગવાનમાં એટલી શક્તિ હોત તો શું જોવું'તું! જબરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુસ્તીઓ જીતનારો પહેલવાન પણ જ્યારે દંડાઈ જેમ દૂબળો પડી જાય છે, તેમ અનેક ભક્તોનાં સંકટો નિવારતાં નિવારતાં ભગવાન પણ આખરે થાકી ગયો હશે !

ગઈ કાલના વિચિત્ર અનુભવોનો ફરી વખત લાભ મળવાની મારા મનથી તો આતરી જ હતી.

ઓરડીનું બારણું બંધ હતું.

મેં વીજળીનું બટન દાબી ઘંટડી વગાડી.

કાલવાળાં જ પેલાં બહેને આવી બારણું ખોલ્યું. બુરશીમાં બેસતાં બેસતાં મેં પુષ્પાની હસ્તાક્ષર લેવાની નોટ એ બહેનના હાથમાં આપી.

બહેન અંદર ગયાં; હું બુરશી પર ઊંચોનીચો થયા કરતો હતો.

પુષ્પા મારા સામે જોઈ હસી પડી.

મેં જવાબમાં કહ્યું: 'બુરશીમાં માંકડ લાગે છે !'

પણ પુષ્પા કોઈ રીતે પોતાનું હસવું રોકી શકતી નહોતી. એણે આંગળી વડે પેલા વચલા બારણા પર ટાંગેલો ફોટોગ્રાફ બતાવ્યો.

એ ફોટો જોઈ હવે મને પણ હસવું આવ્યું. સુહાસ જેવા નામાંકિત ચિત્રકારે પોતાનાં કોઈ સુંદર ચિત્રો ટાંગવાને બદલે એક કેકાણા વિનાના ડોસાનો ફોટો જ માત્ર લટકાવ્યો હતો ! કલાકારો ભારે વિચિત્ર હોય છે એ તો નક્કી !

આજે પણ નોટ આપવા સુહાસ જ આવ્યો હતો. ગઈ કાલનો સ્વાગતનું જાણે વેર વાળવું હોય તેમ તુરત ઊભા થતાં મેં કહ્યું: 'લ્યો, જઈએ જય !'

'જરા વાર તો બેસો ?'

હું ભારે નવાઈ પામ્યો. મેં ધાર્યું કે કલાકારો પણ સ્ત્રી-દાક્ષિણ્ય બતાવી શકે છે ખરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુષ્પા તરફ નજર કરતાં સુહાસે કહ્યું: 'આમને જવાની આજે ઉતાવળ હોય તો આવતી કાલે આવજો.'

હું તો ફરી જ ગયો. અચકાતાં અચકાતાં મેં કહ્યું: 'અમારે એવી કાંઈ ખાસ ઉતાવળ નથી!'

'ત્યારે બેસો ને? મારે તમારી માફી માગવી છે!'

નવાઈ પામી પુષ્પા મારા સામે જોઈ રહી. ભલે એ ક્ષણું પૂરતો, પણ એની નજરે અત્યારે હું એક મોટો માણસ બની ગયો હતો: પુષ્પાનો મનગમતો ચિત્રકાર સુહાસ મારી માફી માગતો હતો!

સુહાસે કહ્યું: 'કાલે સાંજે હું તમારી સાથે એક અક્ષર પણ બોલ્યો નહોતો. તમને એમ લાગ્યું હશે કે આ ચિત્રકાર પોતાને ભારે દોઢડાહ્યો માનતો હશે, નહિ?'

ગઈ કાલે મેં એમ જ માનેલું. છતાં અત્યારે મેં વિવેક કર્યો: 'ના રે, મને એવું કશું લાગ્યું નથી! તમારા જેવા કામઢા માણસને—'

'અરે ભાઈ! દુનિયામાં કામ તો સહુને હોય છે. પણ એથી કાંઈ કેઈ ખૂણામાં નથી ભરાઈ બેસતો. પણ કોઈ કોઈ ક્ષણો એવી આવી જાય છે—કલાકારની કલાકૃતિ જોતાં લોકોને ખૂબ મજા આવે છે. પણ એનું નિર્માણ કરતી વેળા, એને જન્મ આપતી વેળા એ કેવી અસ્વસ્થતા અનુભવે છે, કેટલો બેચેન બની જાય છે—સ્ત્રીઓને પ્રસવની જેવી ભીતિ લાગે છે, બરાબર તેવી જ—'

પુષ્પા પોતાની સામે જ બેઠી છે એ હકીકતનું ભાન જાણે ભાઈસાહેબને હવે થયું હોય તેમ તુરત જીભ કચરી જઈ તેણે ઉમેર્યું: 'માફ કરજો!—'

'મોટા લોકોને વારે વારે માફી માગવાની હોંશ થઈ આવતી હશે ખરી?'

પુષ્પાના એ ઉદ્‌ગારોને એણે હસીને આવકાર આપ્યો. તુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પ્રત્યે મોં ફેરવી એણે કહ્યું: 'મારી એકની એક પુત્રીને ઑપરેશન કરાવવા માટે હું અહીં આવ્યો છું. વચલા ચાર દહાડા તો આંખો પણ મીચવા પામ્યો નથી. છસાત વરસની માંડ થઈ છે—રાત આખી એના ખાટલા પાસે જ બેસી રહેવું પડતું; છોકરીની મા એટલી હિંમત દાખવી શકતી નહોતી. બીજી બાજુ હાથમાં લીધેલાં બધાં કામ જેમનાં તેમ અટકી પડેલાં! એક નવલકથા તો કાલે કે પરમ દહાડે જ પ્રસિદ્ધ થવાની છે. એનું ચિત્ર ગઈ કાલે તો કેમે કરીને પૂરું કરી જ આપવું પડે તેવું હતું. તમે આવ્યા તે વેળા હું એ ચિત્ર લગભગ પૂરું કરી રહેવા આવ્યો હતો. આવે વખતે માણસ પોતાની જાતને પણ ભૂલી જાય છે! પોતાની પુત્રી અતિશય માંદી છે, અને આ ચિત્રના પુરસ્કારમાં તો બહુ નાની રકમ મળવાની છે, એમાંનું કશું કહેતાં કશું મને તે વેળા સાંભરતું નહોતું! મારા મનમાં એક જ વાત હતી: ચિત્ર અને તેટલું સુંદર દોરી આપવું. ચાહે તો એને સૌંદર્યની સમાધિ ગણો, ચાહે તો કલાની ધૂન કહો, પણ આવી ક્ષણો જીવનમાં આવી જાય છે એ તો ચોક્કસ! તે વેળા કોઈ આવીને હેરાન કરવા માગે—હેરાન કરવા માગે એમ નહિ, પણ કોઈને કશું જરૂરી કામ હોય તોપણ—'

સુહાસની આવી સરલતાથી હોંશમાં આવી જઈ હું બોલી ઊઠ્યો: 'સાચી વાત છે; કલાકારની એ મુશ્કેલી અમારા જેવાના ખ્યાલમાં આવી જ ન શકે.'

'એમાં એકલા મોટા કલાવંતો જ શા માટે ગણો છો? બહારથી સાધારણ કોટિના જણાતા અનેક માનવીઓનાં દિલ ખરેખર કલાકાર કોટિનાં જ હોય છે. પરંતુ એમનું દુઃખ એમની છેક નજીકના માણસો પણ સમજી શકતા નથી—જાણી શકતા નથી! આપણે બીજાનો દાખલો શા માટે લેવો? તમે મારી આવડી લાંબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેક્રિયત સાંભળી છે, છતાં હું પણ—'

કાલે મેં માત્ર સુહાસનું શરીર જ જોયું હતું તેથી એના કપાળે પડેલી કરચલીઓ પ્રત્યે જ મારું ધ્યાન ગયું હતું. આજે મારા આગળ એનું હૈયું ઊઘડતું હતું. કોઈ નિર્મળ ઝરણા પેઠે એનું હૈયું પારદર્શક હતું. પાંચ જ મિનિટમાં ગમે તેને મિત્ર બનાવી શકે તેવી મીઠાશ જેના સ્વભાવમાં ભરી છે, તે આદમી કાલે મારી દૃષ્ટિએ માણસગંધારો લાગતો હતો!

વચલા આરણા પર ઢાંગેલા ફોટોગ્રાફ તરફ આંગળી ચીંધી સુહાસે કહ્યું: 'આ મારા પિતાજી છે.'

'એ પણ ચિત્રકાર હતા?'

'ના ના; પ્રાથમિક શાળામાં શિક્ષક હતા.'

મારા મોં પર ફેલાયેલ નવાઈની રેખાઓ જોઈ તેણે કહ્યું: 'પણ એ ચિત્રકારના પણ ચિત્રકાર હતા!'

'એટલે?'

'જીવતર આખામાં એમણે એક જ ચિત્ર દોર્યું છે! એ ચિત્ર એટલે એમના પોતાના બાળકનું ઘડતર!'

ઉત્સુક બની અમે બંને સુહાસની વાત સાંભળવા લાગ્યાં.

સુહાસે ચલાવ્યું: 'પ્રાથમિક શાળામાં શિક્ષક હોવા છતાં તેઓ કદી કોઈ પાસે નમ્યા નથી. ત્રણ દીકરીઓને સારાં વર-ઘર જોઈ ને વરાવી; દીકરાને ચિત્રકલાનો શોખ હતો તેથી એને ભણવા માટે મુંબઈ મોકલ્યો. પણ એ બધું ઉકેલતાં ઉકેલતાં એમનું જીવતર ખાડું થઈ ગયું. મુંબઈથી હું રજામાં બેર જતો ત્યારે મને થઈ આવતું: જિંદગીના વૃક્ષને પહેલા ફાલનાં ફળો મીઠાં આવતાં હશે, પણ બીજા ફાલનાં ફળ ખાટાં જ ઊતરે એવો કોઈ ઈશ્વરી સંકેત તો નહિ હોય? મારા બાળપણમાં પિતાજીનો સ્વભાવ દ્રાક્ષ સરખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીઠો હતો. પણ હું મોટો થયા પછી એમના સ્વભાવની એ મીઠાશ ચાલી ગઈ. કોઈની સાથે તે ઝાઝું બોલતા નહિ; જલદીથી ચિડાઈ પણ જતા; કપાળે તો હંમેશાં કરચલીઓ જ હોય! બાળપણની મીઠાશભરી દ્રાક્ષ મોટપણે એકદમ ખાટી શી રીતે થઈ ગઈ એ મારે મન કોયડો થઈ પડ્યો!'

સુહાસે ભીંતે ટાંગેલા ફોટા તરફ એક ભાવભરી દૃષ્ટિ ફેંકી લીધી.

મારાથી રહેવાયું નહિ. મેં પૂછ્યું: 'પછી એ કોયડો ઊકલ્યો ખરો?'

'હા! પિતાજીના મૃત્યુ પછી લેણદેણ વગેરે હિસાબો પતાવવાને ઇરાદે મેં તેમનાં દફતરો તપાસ્યાં. એમાં એમની ઘણાં વરસોની ડાયરીઓ હાથ લાગી. એ ડાયરીઓ વાંચતાં જ પિતાજીના સ્વભાવમાં ધીરે ધીરે ફેરફારો કેમ થતા ગયા એનો પૂરેપૂરો ખ્યાલ હું મેળવી શક્યો. દીકરીઓને વરાવવા માટે એમણે દેવું કરેલું. એ દેવાની ચિંતા તો હતી જ — તેમાં થોડા દહાડા પછી આને ક્ષયરોગ લાગુ પડ્યો. એક સારા ગણાતા વૈદની દવા તેમણે ચાલુ કરી, પરંતુ તેમનું દિલ કળીએ કળીએ કપાતું હતું. પત્નીને માટે ડૉક્ટરના ઇન્જેક્શન લેવા જતાં દીકરાનું ભણતર અટકાવવું પડે તેવું હતું! મનની એ એંચતાણ વધતી ચાલી — આખરે આના મૃત્યુ પછી ઘર તો ખાવા ધાતું હતું! નાનપણથી તેમને સંગીતનો શોખ હતો. માસ્તર થયા ત્યારથી ઘેર ગ્રામોફોન વસાવવાનો તેમનો મનસૂબો હતો. જમીનની થોડી ઘણી આવક મળતી હતી છતાં એમનો એ ઇરાદો કદી સફળતા ન પામી શક્યો! આખરે ઘરમાં કાયમ એકલાં રહેવાનું થતાં એ ઘર એમને ભેંકાર સમું ભાસવા લાગ્યું. એમાં વળી આગળ જતાં એમને મધુમેહ લાગુ પડ્યો. પણ મારું ભણતર અધૂરું ન રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા ખાતર આમોની કોઈ વાત તેમણે મને છેવટ સુધી જણાવા ન દીધી —'

સુહાસે ફરી પેલા ફોટા પર નજર ફેરવી. આ વેળા તે દૃષ્ટિ અતિ વ્યાકુળતાભરી હતી.

અમારાં બંનેનાં હૈયાં રડી ઊઠ્યાં.

ત્યાં તો વળી મોં પર હાસ્ય આણી સુહાસે કહેવા માંડ્યું: 'મેં મારા પિતાનો આ બધો ઇતિહાસ તમને કહી સંભળાવ્યો તે મારા ગઈ કાલના વર્તનના સમર્થનરૂપે જ છે, નહિ વારુ? દુનિયામાં માણસને કડવા અનુભવો તો ઘણા સાંપડે છે! પણ એ બધાનું કારણ માણસો જાતે ખરાબ હોય છે એમ નથી હોતું. બજારમાં જેમ દૂધ બગડી જાય, તેવી જ દશા માણસના મનની થાય છે! હરેક માનવીને જિંદગીમાં દિલના ઊંડાણમાં કારી જખમ કરે તેવા અનેક જાતના તાપો સહન કરવા પડે છે, અને તેથી —'

એટલામાં સુહાસની પત્નીએ ચાના પ્યાલા આણ્યા. સુહાસની વાત અટકી પડી. ચાના પ્યાલા અમારા સામે ધરતાં તેણે ઉમેર્યું: 'અમારે 'આ'નો મારા પર એક જબરો આક્ષેપ છે કે હું બહુ વાતોડિયો છું.'

પત્નીએ મોં પરના ભાવથી જ જાણે કહ્યું: 'છી છી! આવી વાતો અજાણ્યાને મોંએ કહેવાતી હશે?' એ ભાવ જોઈ અમે બંને હસી પડ્યાં; તે સાથે સુહાસના પિતાનો પેલો ફોટો ફરી વાર જોઈ લેવાનો અમારો મોહ પણ રોકી ન શક્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન તેવા ભાવ

એ ભાઈના માથામાં થયેલ જખમ પર પાટો બાંધી હું બહાર આવ્યો. પણ એના હૈયા પર પડેલા જખમના ચીરાને કયો ધનવંતરી પાટો બાંધવાનો હતો? અષાડ મહિનાની વીજળી પેઠે આ એકનો એક વિચાર મારા હૃદયાકાશમાં વારે વારે ચમકારા કરતો હતો. રસ્તામાં કોઈએ 'જે જે, ડૉક્ટર સાહેબ!' કહી નમસ્કાર કર્યા તેને યંત્રવત મેં સામા નમસ્કાર તો કર્યા, પણ મેં એ નમસ્કાર કોને કર્યા તે પણ મારા ખ્યાલમાં ન રહ્યું. પ્રાતઃકાળના ચંદ્રની પેઠે નિસ્તેજ પડી ગયેલો એ ભાઈનો ચહેરો અને વરસાદને લીધે ગળી પડેલાં પારિજાતકનાં ફૂલો જેવી એની આંખો, કોઈ રીતે મારી નજર સામેથી ખસતાં નહોતાં. આજ સુધીમાં મેં આના કરતાં ઘણા મોટા જખમો જોયા હતા અને તેને પાટા પણ બાંધ્યા હતા. ગયે વર્ષે જ નાળિયેરી પરથી પટકાઈ પડેલા પેલા આદમીની સારવાર મેં જ કરી હતી. પણ આજે એ ભાઈના માથાના જખમને પાટો બાંધતી વેળા જેટલું મારું હૈયું ધ્રૂજી ઊઠ્યું હતું તેવી ધ્રુજારી પેલા નાળિયેરી પરથી પડેલા માણસને દેખીને પણ મને થઈ નહોતી. એ આદમીના જખમો અકસ્માતથી થયા હતા – દુર્ભાગ્યે થયેલા હતા; આ ભાઈને પડેલા ઘા ખુદ એના પતિએ જ કરેલા હતા! તોફાનમાં સપડાઈને કોઈ વહાણ ડૂબી ગયાનું સાંભળતાં જ આપણે શરીરે રોમાંચ થાય છે; પણ કુટુંબના કલેશ – ત્રાસને લીધે કોઈ જુવાન ભાઈએ કૂવે પડી આપઘાત કર્યાની હકીકત વાંચતાં જ હૈયું થથરી ઊઠે છે! દૈવી ક્રૂરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં માનવી ક્રૂરતા પરત્વે આપણને વધારે ઘૃણા પેદા થાય છે. આ બાઈના કિસ્સામાં પણ મારા દિલમાં આવી જ લાગણી થઈ હતી. પડોશીઓના કહેવા પરથી અનુમાન બંધાતું હતું કે બાઈ અતિશય સરલ અને માયાળુ સ્વભાવની હોવી જોઈએ. તેમ છતાં એના પતિએ એને રાક્ષસી હૈયું કરી શા માટે મારી હશે? જે માથાને એણે છાતીએ ચાંપીને પંપાળવું જોઈએ, એના પર જ એણે લાકડીનો પ્રયોગ કર્યો હતો! એ બાઈની આંખો!—સારી ય દુનિયાની કરુણ-યાચના જાણે એ આંખો વાટે વહી રહી હતી.

મારા પગ પર કશુંક ફૂદડા મારે છે એવું ભાન થતાં જ હું મારી વિચારતંદ્રામાંથી જાગ્યો. જોયું તો હું મારા ઘર પાસે આવી પહોંચ્યો છું, અને પ્રિય મોતિયો પ્રેમથી મારું સ્વાગત કરી રહ્યો છે. હાથવતી તેને પંપાળતો અને મોં વાટે સીટી વગાડતો, પગથિયાં ચડી હું ઓશરી પર આવ્યો. મેડા પરથી ઝીણે સૂરે પેટી સાથે કોઈ ગાતું હોય એમ સંભળાયું: 'અસે પતિ દેવચિ લલનાંના, તયાંના અન્य ભાવના ના.'[૧] સ્મશાનમાંથી પાછા ફરતા આદમીને સંસાર જેમ અસાર લાગે છે, તે જ રીતે અત્યારે મને આ ગીતના શબ્દો જૂઠ્ઠા છે એમ લાગ્યું. પેટી સાથે મારી સાળી શાંતા એ ગીત ગાતી હતી. કાલે સવારે લગ્ન થયા પછી એ જ શાંતા આ ગીત—'અસે પતિ દેવચિ લલનાંના'—આટલા જ ઉલ્લાસ અને હોંશથી ગાશે ખરી? આવા દેવ ગણાવા માગતા એક પતિનું રાક્ષસીકૃત્ય હું હજુ ઘડી પહેલાં જ નજરોનજર નિહાળીને આવતો હતો! મારા મનમાં વિચારોનો વંટોળ જાગ્યો. પતિમાં ઈશ્વરનો—ભગવાનનો આ અંશ કોણે આરોપ્યો? ટાંકણાના ઘા સહ્યા વિના પથ્થર પણ દેવપણાને

૧ સ્ત્રીઓને મન પતિ દેવતુલ્ય હોય છે; તેમના દિલમાં એ વિના બીજી કોઈ ભાવના હોતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામતો નથી એમ કહેવાય છે, જ્યારે આપણા હિંદુ સમાજમાં સ્ત્રીને ઝૂડીને એના જ દેવ ગણાવાનો રાજમાર્ગ પતિરાજે માટે ખુલ્લો પડ્યો છે! પણ દેવપણાનો અંશ જરા ય ન હોય તેને દેવ તરીકે પૂજવાનો અર્થ શો? વિષને અમૃત કહીને મોંએ માંડીએ તેથી શું માણસ તરફડીને મૃત્યુ પામ્યા વિના રહેશે ખરો?

પેટી વાગતી અટકી પડી. શાંતા દાદરો ઊતરીને નીચે આવતી હોય એવાં પગલાં સાંભળ્યાં. 'કાં, શાંતાબેન! અમને ચા પાશો ને?' એટલા શબ્દો મારા મોંમાંથી સરી પડતાં જ પાંદડાંઓના ઝૂમખા-માંથી અર્ધ ખીલેલું ગુલાબ જેમ ડોકિયું કરે તેમ બારણા પરનો પડદો સહેજ ખસેડી તેણે બહાર જોઈ લીધું. અને 'અબઘડી લાવી, દાદા!' કહેતી સીધી તે રસોડામાં પહોંચી. હું મેડા પર ચડ્યો. મારી પાછળ મોતિયો પણ આવી પહોંચ્યો – હોશિયાર વિદ્યાર્થી જેમ ઝપાટા-બેર દાખલા ગણી આપે તેમ દાદરનાં ત્રણત્રણ પગથિયાં એકીસાથે કૂદીને તે ઉપર આવ્યો હતો. કપડાં ઉતારી હું પેટી (વાજા) તરફ ફર્યો તો ઉપર જ મેં થોડાએક લખેલા કાગળો પડેલા દીઠા. શાંતા અંગ્રેજી પાંચમી ભણતી હોવા છતાં મરાઠી લેખો લખવાનો એને શોખ છે, અને એના લેખો સ્ત્રીઓનાં માસિકોમાં પણ છપાય છે, એ હું જાણતો હતો. આ પણ કોઈ નવો લેખ હશે એવી આશાથી મેં એ કાગળો ઉપાડ્યા. જોયું તો મથાળે લખ્યું હતું: *'એકચ प्यालांतील सिंधु.' નીચે થોડાએક મુદ્દાઓ ટાંકેલા હતા: (૧) સિંધુ સાચી આર્ય સ્ત્રી છે. (૨) સિંધુનું પાત્ર સરજીને શ્રી ગડકરીએ સ્ત્રીઓના કર્તવ્યનો આદર્શ મહારાષ્ટ્ર પાસે રજૂ કર્યો છે. (૩)

* 'એકચ પ્યાલા' નામના કવિ ગડકરીના પ્રખ્યાત નાટકમાં સિંધુ એ એની નાયિકાનું નામ છે. દારૂબાજ પતિની એક આદર્શ આર્ય પત્નીનું એમાં ચિત્રણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પતિ એ જ સ્ત્રીઓનું દૈવત છે' એ તત્ત્વને અનુરૂપ બતાવાયલું સિંધુનું વર્તન અતિ ઉદાત્ત છે, વગેરે વગેરે. આગળ લખેલું હું વાંચું તે પહેલાં જ શાંતા ચા લઈને આવી પહોંચી. 'આવું શું કરતા હશો, દાદા?' એમ કહી કૃત્રિમ રોષભરી નજરે મારી સામે ત્રાંસી આંખે જોતાં તેણે ઉમેર્યું: 'આખો લેખ પૂરો થવા દીધા પહેલાં ન વંચાય, હોં!'

'તારી આ તત્ત્વજ્ઞાનની વાતો અમારા જેવા ડૉક્ટરને શી રીતે સમજાય? અમારે તો "રોગને ઊગતો જ દાબવો" એ સિદ્ધાંત જ ગળથૂથીમાં ઊતરેલો હોય.'

'પણ રોગ અને લેખ બંને કાંઈ સરખા ગણાય?' ડોકું ધુણાવતાં ધુણાવતાં શાંતાએ સવાલ કર્યો.

'જરૂર. બંનેનો ઉગમ અજ્ઞાનમાં જ રહેલો છે.'

મારી આ નવી શોધથી શાંતા મૂંઝાઈ પડી. ચાની રકાબી મોંએ માંડી એકાદ ઘૂંટડો પીધા પછી મેં ચલાવ્યું: 'પણ શાંતાબેન! એટલું તો ચોક્કસ કે મારો આ સિદ્ધાંત કેવળ ગાંડપણમાંથી જ નથી નીકળ્યો. આપણે તારા લેખનો જ દાખલો લઈએ. પતિ એ જ સ્ત્રીઓનું દૈવત છે, એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા તું તૈયાર થઈ છે. પણ જ્યાં સુધી તું પરણી નથી ત્યાં સુધી જ તને એ આદર્શ મોહક લાગે છે. જ્યારે એ બધું અનુભવમાં ઉતારવાનો વારો આવશે ત્યારે તું જોઈશ કે એ દેવોમાંથી રાક્ષસો—અરે, નરપિશાચો જ પેદા થાય છે!'

'છટ્!' એટલા ટૂંકા વાક્યથી જ શાંતાએ પોતાનો નિષેધ દર્શાવ્યો. અને જાણે કે એ વિષયની ચર્ચા આગળ ચાલુ ન રહે તે માટે જ શાંતાએ પોતે ગૂંથેલો રૂમાલ આણીને સામે ધર્યો. એ રૂમાલની નાજુક ગૂંથણી, એમાં ઉતારેલો મોરનો આબેહૂબ આકાર અને તળિયે 'શાંતા' વાળા અક્ષરો જોઈને મને થયું કે આ પ્રેમભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારિકાનું ભાવભીનું હૃદય જ જાણે આ ફ્રેમાલરૂપે મારી સમક્ષ ખુલ્લું ધરવામાં આવ્યું છે!

મેં કહ્યું: 'શાંતાબેન! આ ફ્રેમાલમાં એક જ ખામી છે.'

'શી?' ઉત્સુક બની શાંતાએ પૂછ્યું.

'આમાં કયાંયે "અસે પતિ દેવચિ" વાળા અક્ષરો નથી દેખાતા.

'આમ શું કરતા હશો, દાદા? જ્યાં ત્યાં તમારે તો બસ મસ્કરી જ મસ્કરી!' અને પેટી તરફ નજર ફેરવી બોલી: 'ઓ મા! જુઓ તો પેલો મોતિયો! વાઘ ઉપર જઈને બેઠો છે. શી પણ તમારા કૂતરાની બલિહારી છે? દાદા! હવે મહેરબાની કરી તમે એને બોલાવી લેશો?'

'છો ને બિચારો ઘડીભર ત્યાં બેઠો! બહુ બહુ તો એ પોતાનું ગીત કદાચ વગાડે—'અસે ધનિ દેવચિ કુત્યાલા!'*

થોડા દિવસો પછી શાંતાનાં લગ્ન થયાં. એનો પતિ મૅટ્રિક સુધી જ ભણ્યો હતો; પણ આજના જમાનામાં દામ એ જ દૈવત ગણાતું હોવાથી જમાઈના ગુણો કરતાં એને વારસામાં મળેલા દ્રવ્યની જ શાંતાના પિતાના મન પર સ્વાભાવિક રીતે વધારે છાપ પડી હતી. પરણીને શાંતા પતિદેવની પૂજા કરવા સાસરે ગઈ. એનું સાસરું બહુ તો ૨૦–૨૫ માઈલ દૂર હશે. શ્રાવણ મહિનાને બીજે મંગળવારે અમે એને 'મંગળાગૌરી વ્રત'+ માટે અમારે ત્યાં તેડાવી. મેં તેને જોઈ—કોણ જાણે કેમ, પણ મને કાંઈક એવો ખ્યાલ બંધાયો કે શાંતાના ચહેરા પર અગાઉની પ્રફુલ્લતા નથી. કદાચ મારો એ ભ્રમ પણ હોય.

---

* કૂતરાઓને માલેક દેવસમાન છે.

+ મહારાષ્ટ્રીઓમાં પરણ્યા પછી પહેલાં પાંચ વરસ સુધી શ્રાવણ મહિનાના દરેક મંગળવારે ગૌરીની પૂજા નવવધૂ કરે છે; એને 'મંગળા-ગૌરી વ્રત' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને શંકા થઈ કે પૂર્વેના વૈશાખની ચાંદનીમાં હવે કાળાં વાદળાંની આછી આછી છાયા પથરાવા લાગી છે.

શાંતા દેવીનું પૂજન કરતી હતી ત્યાં હું ગયો. તેને પૂજન કરતી દેખતાં જ મેં ટકોર કરીઃ 'શાંતાબેન! હવે તમારે વળી બીજા દેવની શી જરૂર છે? "અસે પતિ દેવચિ લલનાંના!" સાંભરે છે ને?'

જવાબમાં શાંતા સહેજ હસી. પણ એ હાસ્ય અંધારામાં કચાંઈક આગિયાનો ઝબકારો થાય તેવું હતું.

રાતના બાર વાગે મોતિયાને મેં એ સોટી ફટકારી દીધી! તેણે જોરથી વેં વેં કરવા માંડ્યું, ત્યાં જ બાજુનું બારણું ખોલી શાંતાએ કહ્યુંઃ 'આ શું દાદા? શા સારુ એને મારો છો?'

'પણ જો ને, આ પથારીમાં આવીને બેઠો છે!'

'એને એમ સૂવાની ટેવ તો તમે જ પાડી હતી ના?'

'પણ એને શરીરે આખે કેટલી ખસ થઈ છે!' મેં દબાયેલ કંઠે જવાબ આપ્યો. અને માથે ઓઢીને હું પાછો સૂઈ ગયો.

સવારે ચા પીતી વેળા શાંતાએ કહ્યુંઃ 'દાદા! હમણાં હમણાં તમારા સ્વભાવમાં ભારે ફેર થઈ ગયો લાગે છે. પહેલાં તો મોતિયાને કોઈ સહેજ "હડહડ!" કરતું તોપણ તમને કાંઈનું કાંઈ થઈ જતું, અને હવે તો તમે જ એને સોટી લઈને ઝૂડવા મંડી પડો છો?'

'શાંતાબેન!' મેં જવાબ આપ્યો, 'કૂતરું આપણું પાળેલું હોય તોપણ તેને ખસ થાય ત્યારે શું થાય? કોચલાં આપણી વાડીમાંથી ઊતર્યાં હોય તેથી કોઈ એનું અથાણું કરીને નથી ખાતું!'

શાંતાએ તે વેળા તો કશો જવાબ ન આપ્યો; પણ મોતિયાને રાત્રે મેં મારેલો તે એને ગમ્યું નહોતું એટલું તો હું સાફ જોઈ શક્યો.

એક વરસ પસાર થઈ ગયું.

વરસ દરમિયાન અમે શાંતાને કાંઈ નહિ તો પાંચદશ વાર સંદે ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલ્યો હશે, પણ એક યા બીજા કારણે તે આવી ન જ શકી. હું પણ મારા વધતા જતા ધંધાની જંજાળમાં શાંતાને કહેા કે લગભગ ભૂલી જ ગયેા હતેા. ગામડામાં જે કૂવામાં અણુખૂટ પાણી હેાય ત્યાં દૂરદૂરથી પણ માણસેા પાણી ભરવા આવે, તેમ મારે ત્યાં દૂરદૂરના ગામડેથી દરદીઓ આવ્યા કરતા–આવતા થયા હતા. એક દહાડેા રાતના નજીકને ગામડેથી તેડું આવતાં હું ત્યાં જવા નીકળ્યેા હતેા. રસ્તે જતાં ચંદ્ર તરફ નજર ગઈ અને મને હસવું આવ્યું. કૉલેજમાં ભણતા ત્યારે ચાંદનીમાં ફરવા જવાનેા મને ભારે શેાખ હતેા. તે વેળા ચંદ્ર વિષે નવીનવી કલ્પનાઓ લડાવવામાં અમ કૉલેજકવિઓમાં હરીફાઈ ચાલતી! પણ ધંધામાં પડતાં જ હું એ ચંદ્ર અને એની ચાંદનીનું અસ્તિત્વ જ જાણે ભૂલી ગયેા! સૂર્યોદય પછી જેમ ઝાકળ ઊડી જાય તેમ સંસારમાં પડ્યા પછી માનવીનેા કાવ્યપ્રેમ પણ ઊડી જતેા હશે શું?

નીલમથી ઘેરાયલા માણેક જેવા દેખાતા એક બંગલામાં હું પેઠેા. મારી સાથેનેા માણસ ડૉક્ટર આવ્યાના ખબર આપવા અંદર ગયેા; હું બહાર દીવાનખાનામાં બેઠેા બેઠેા ત્યાં ટાંગેલા ફેાટાઓ જોવા લાગ્યેા. એમ કરતાં એક ફેાટા ઉપર ઢાંકેલા ને સુંદર ગૂંથેલા રૂમાલે મારું ધ્યાન ખેંચ્યું. રૂમાલમાં મેાર આળેખેલેા હતેા ને નીચે 'શાંતા' એવા અક્ષરેા પણ હતા! આ રૂમાલ તેા ખુદ શાંતાએ ગૂંથ્યેા હતેા તે તેા નહિ? મેં દિલમાં સખ્ત આંચકેા અનુભવ્યેા. શાંતાનેા રૂમાલ અહીં કયાંથી આવ્યેા? તેડવા આવનાર માણસે તેા એમ કહ્યું હતું કે એક બાઈ માંદી છે; માંદી પડેલી બાઈ શું શાંતા પેાતે જ હશે?

મારા મનની મૂંઝવણ તુરત અટકી ગઈ કેમકે અંદરથી માણસ બેાલાવવા આવ્યું હતું. પલંગમાં સૂતેલી બાઈ શાંતા નહેાતી એ તેા હું દૂરથી જ જાણી ગયેા. એ ઓરડાની સજાવટ અને બાઈના ચહેરા પરનું કૃત્રિમ સૌંદર્ય દેખી મારા મનમાં વહેમ પેઠેા. બહાર આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તપાસને અંતે એ વહેમ પાકો થયો – કહો કે ખાતરી જ થઈ ચૂકી કે એ બાઈ એક વેશ્યા હતી! પણ આ વેશ્યાને ત્યાં શાંતાનો રૂમાલ શી રીતે આવ્યો? પ્રેમના પ્રતીક તરીકે આપેલી વીંટી ચૌટે લિલામમાં નીકળે એના જેવી જ એ દશા હતી!

ઘેર પાછો ફર્યો ત્યાં વળી બીજી જગ્યાએથી બોલાવવા આવેલ માણસ હાજર હતો. ખુદ શાંતાના જ ગામડે એક સુવાવડની કેસ હતી; બાઈ ને આદું આવ્યું હતું. એ ગામડેથી મને આ પહેલી વારનું આમંત્રણ હોવાથી મને સહેજ અભિમાન પણ થઈ આવ્યું. હું છેક થાકી ગયેલો હતો; શરીર અત્યારે ૨૦-૨૫ માઈલનો પ્રવાસ ખેડવાની ના પાડતું હતું. પણ એ ગામડું શાંતાનું હતું એ જ કારણે હું જવા માટે તુરત તૈયાર થયો. બાઈને સુખરૂપ છૂટા છેડા કરાવ્યા. પણ પછી તો સવાર પડે એટલે શાંતાબેનને મળીને જ પાછા ફરવું એવો મેં નિરધાર કર્યો. બજારો ઊઘડવાનો વખત થયા અગાઉ જ વહેલી સવારે એક દુકાન બોલાવી મેં શાંતા માટે એક ઊંચી જાતની સાડી ખરીદી મંગાવી, અને ઘર બતાવનાર આદમીને સાથે લઈને હું શાંતાને સાસરે પહોંચ્યો. અંદર પેસતાં જ ઢાળિયામાં ગમાણ બાજુ કોઈ ઝીણું ઝીણું ગાતું હોય એમ મને લાગ્યું: ૧"બારે પાંડુરંગા! કહ્યાં ભેટ દેસી?" અવાજ મને બહુ પરિચિત હોય એવો લાગ્યો. બે ડગલાં આગળ વધતાં જ મેં શાંતાને દીઠી! એ વાસીદું વાળતી હતી; શરીરે જૂનું, મેલખાયું એક સાદું વસ્ત્ર વીંટ્યું હતું. મોં પરથી શરદ્ઋતુના સામ્રાજ્યનો અમલ ઊતરી જઈ ત્યાં વર્ષાઋતુએ અડ્ડો જમાવ્યો હતો! ગ્રહણમાં ઘેરાયલા સૂરજ પેઠે દૃષ્ટિ ઉદાસીનતાભરી હતી. હું એના સામે જોઈ ન શકયો! અંતરમાં ઊઠતી લાગણીઓના આવેગને દબાવી મેં સાદ કર્યો: 'શાંતાબેન?'

---

૧ હે પાંડુરંગ ભગવાન! હવે સાક્ષાત્ દર્શન કયારે દઈશ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઓહો દાદા તમે? કયારે આવ્યા?'

'હમણાં જ, બેન!'

'હવે મોતિયાને કેમ છે?'

શાંતાએ પોતાની બહેનના કશા ખબરઅંતર ન પૂછતાં સીધી મોતિયા વિષે પૂછપરછ આદરી એથી મને નવાઈ લાગી. મેં કહ્યું: 'બેન! મોતિયો તો ગુજરી ગયો. એને જે બસ થઈ હતી, તે એમ ને એમ પછી તો વધતી જ ગઈ!'

'છૂટયો બિચારો, આ ભવે!' શાંતાએ એક ઊંડા નિસાસા સાથે ઉદ્‌ગાર કાઢયા.

'હું પણ એમાંથી છૂટયો!' મેં હસતાં હસતાં ઉમેર્યું.

'તમારી વાત સાવ સાચી છે, દાદા! પાછળ રહેનાર માણસને પણ મૃત્યુ દુઃખમાંથી છોડાવતું જાય છે.'

શાંતાના એ બોલ ગોળીબારની પેઠે મારા હૃદય સોંસરવા નીકળી ગયા. વાતનો વિષય બદલવાને ઇરાદે મેં તેને કહ્યું: 'શાંતાબેન! તારા માટે આ સાડી લાવ્યો છું.'

'લાવ્યા છો તેવા જ સીધી પાછી લઈ જાવ.'

'બેન! મારા પર આટલો બધો ગુસ્સો?'

'ગુસ્સો નથી કરતી, દાદા!' દર્દભર્યા સ્વરે શાંતાએ કહ્યું. 'સ્ત્રીઓ બહુ તો પોતાની જાત ઉપર ગુસ્સે થાય; બીજા પર ગુસ્સો કરવાનો તેમને શો અધિકાર? તમને ખબર નથી, દાદા! જો હું આ સાડી રાખી લઉં તો 'એ' મારા પર જાતજાતનાં આળ મૂકે!'

'પણ હું જાતે જ તારા પતિને એ આપી આવું તો? પછી કાંઈ હરકત ખરી? એ ઊઠયા છે કે નહિ?'

'તમારે એમને અત્યારે મળવું હોય તો બીજા પચીસ માઈલની રપેટી દેવી પડે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ, કયાંઈ પરગામ ગયાં છે?'

'રોજ જાય છે. કહે છે કે એ બાઈ બહુ માંદી છે.' આટલું કહેતાં આંખે આવેલાં આંસુ છુપાવવા માટે શાંતા મોં ફેરવી ગઈ. મારા દિલમાં ચચરાટી થઈ.

તેનું સાંત્વન શી રીતે કરવું એ મને સૂઝતું નહોતું. ચટાપોપ ઘેરાયેલું આકાશ થોડો વરસાદ પડ્યા પછી જેમ આછું નીતર્યું થઈ જાય, તેમ થોડાંએક આંસુઓને માર્ગ મળ્યા પછી શાંતાનું મન પાછું થારે પડ્યું. મારા હાથમાંથી સાડી લઈ ને જોવા સારુ એણે ઘડી ઉખેળી. મને તુરત એક ઉપમા સૂઝી: સાડી અને બાળકને હાથમાં ઉપાડીને જોયા વિના સ્ત્રીઓને નિરાંત જ ન વળે!

'આ સાડી સાથે ચોળીનો ટુકડો નથી?' શાંતાએ પૂછ્યું.

'નથી; તારે જોઈતા હોય તો બેચાર ઍલાઉઝ પીસિસ અત્યારે જ બીજી મગાવી આપું.'

'ના ના, એ માટે નથી પૂછતી. ચોળીવિહોણી એકલી સાડી સૌભાગ્યવતી સ્ત્રીને આપણામાં ન અપાય, તેથી પૂછવાનું મન થયું!'

'ઓહો, એમ છે? અમારી વૈદાની ચોપડીઓમાં આવું કશું ન આવે, બેન! એટલે મારી ભૂલ થઈ. આ સાડી સાથે આપવાનો ચોળીનો બંડ હમણાં જ તને મગાવી આપું.'

'શી જરૂર છે? એમાં વળી શુભ અને અશુભ શું જોવું'તું? હાહા! આ સાડી હું રાખી લઉં છું. તમારી ભાવભરી ભેટ મારાથી પાછી શી રીતે ઠેલાય?'

કશીક વાત આગળ ચલાવવાને ઇરાદે મેં પૂછ્યું: 'શાંતાબેન! હમણાં લખવાકારવવાનું બધું છોડી દીધું છે શું?'

'પરણે ત્યારે પિતા પુત્રીને ત્યજી દે છે, અને પરણેલી પુત્રી પોતાની સ્વતંત્રતાને ત્યજી દે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે વાતચીત કરાવાય તેવું લાગ્યું નહિ.

મેં શાંતાની રજા લીધી.

વૈધવ્યદશા એ હિંદુ સ્ત્રી માટે એક રીતે મૃત્યુ સમાન ગણાય. શાંતા વિધવા થયાં લગભગ છ મહિના થવા આવ્યા હતા. પણ એ છ મહિનામાં હું જાતે શાંતાને મળ્યો નહોતો એમ કહેવું જોઈએ. આથી જ્યારે છ મહિનાને અંતે આજે તે અમારે ત્યાં આવતી હતી ત્યારે જાણે એનું મૃત્યુ દેખવાનો સમય આવ્યો હોય એવું દુઃખ મને મનમાં થયું. એની સામે જોવાની હિંમત જ નહિ થાય એવી મનમાં બીક હતી, ત્યાં એની સાથે વાતો તો ક્યાંથી જ થઈ શકવાની હતી? આ આપત્તિમાંથી છૂટવા સારુ તેને આવવાની વેળા થઈ તે પહેલાં જ હું દવાખાનાનું બહાનું કાઢી બહાર જતો રહ્યો. દવાખાનાનું રોજનું કામ પૂરું થયા પછી પણ ઘેર ન આવતાં એક ભાઈબંધને ત્યાં જઈ ચા પીવાને બહાને રોકાયો ને મોડું કર્યું. મનને જાણે એમ સમજાવતો હતો કે મોડું થશે તો શાંતા સાથે વાતો કરવા જેટલી હિંમત આવી જશે! ઘેર આવતાં આવતાં તે દહાડે 'અપશુકનિયાળ' ગણાય તેવી એકલી સાડી શાંતાને ભેટ આપી હતી તે વાત સાંભરી આવતાં દિલમાં ગ્લાનિ પણ થઈ. પણ જીવતા માણસને માથે આવી પડે છે ત્યારે તો ગમે તેમ કરીને પણ હામ ભીડવી જ પડે છે; એમાં પાછી પાની કર્યે કાંઈ ચાલે?

જરા પણ પગરવ થવા દીધા વિના હું ઓશરીનાં પગથિયાં ચડ્યો. મેડા પર કોઈ વાજું વગાડતું હોય એમ લાગ્યું. શાંતા જ પેટી વગાડતી હતી; પણ અત્યારે 'અસે પતિ દેવચિ લલનાંના' વાળું ગીત વાગતું ન હતું. એટલું મિનિટમાં જ દાદરનાં પગથિયાં ઊતરી કોઈ નીચે આવતું હોય એમ લાગ્યું. તે સાથે મારા હૃદયના ધબકારા વધી પડ્યા! મનમાં 'કેમ, શાંતાબેન! અમને ચા પાશો ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા શબ્દો તો સાંભરી આવ્યા, પણ મોં વાટે આજે એ બહાર પડે તેમ હતું જ નહિ; જાતે ઘણો બોલકણો હોવા છતાં આજે મારું મોં સિવાઈ ગયું હતું ! શાંતા દાદર ઊતરીને રસોડામાં વગર બોલ્યે જતી રહી. આસ્તે પગલે હું મેડા પર ગયો. આજે પણ વાજા પર લખેલા કાગળો થોડાક પડ્યા જ હતા. મેં એ ઊંચકી લીધા ને વાંચવા માંડ્યા. વાર્તાની શરૂઆત એક પત્રથી થતી હતી.

વિધવાનું હૈયું

(એક સંપૂર્ણ વાર્તા)

"પ્રિય સખી કુમારી કમળાબેન !

"તારો દિલાસાભર્યો કાગળ મળ્યો. મારા દુઃખમાં ભાગ ભળવા તું અત્યંત ઉત્સુક બની છે એ જાણીને મને શાંતિ વળી છે; મારું અરધું દુઃખ તો એથી ઓછું થયું છે. કોઈ બીજી વ્યક્તિ આપણા પ્રત્યે ખૂબખૂબ લાગણી દાખવે, આપણે માથે દુઃખ આવી પડતાં તે પણ આપણી ખાતર રડી ઊઠે અગર આપણને સુખ થયેલું જાણી એના હૈયામાં હરખ ઊછળી આવે, ત્યારે એવી લાગણી-ભર્યું આપણું કોઈ અંગતનું માણસ છે એવી ખાતરી થતાં મનને શાંતિ મળે છે. પણ બેન ! તને એક સાચી વાત લખું ?—પણ જો, બેન ! આ કાગળ કોઈને હાથ જાય નહિ એટલી ખાસ કાળજી રાખજે. તને મારા ગળાના સમ છે !—પણ જો દિલની ખરેખરી વાત લખવી હોય તો મારે કહેવું પડે છે, કે બેન ! વિધવા થવાથી હું દુઃખી નથી થઈ પણ ઊલટાની સુખી થઈ છું. આ છેલ્લા શબ્દો વાંચતાં તને એમ પણ લાગવાનો સંભવ છે કે આ બાઈ તે માનવી છે કે રાક્ષસી ? પણ બેન ! એક વાત ખસૂસ યાદ રાખજે કે જેનો પતિ રાક્ષસ હોય તે સ્ત્રી આવી રાક્ષસી જ બને છે. જે સ્ત્રીનું જીવન પતિ સાથે એકરૂપ—એકજીવ બની ગયું હોય તે સ્ત્રીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવાવસ્થા અરેઅર મૃત્યુ સમાન થઈ પડે; પણ પતિના લાગણી-હીન વર્તનને પરિણામે જે સ્ત્રી અધમૂઆ જેવી જ જીવતી હોય, તેને તો વૈધવ્ય પ્રાપ્ત થતાં નવી જિંદગી મળ્યા જેવું જ લાગે છે. લગ્ન પહેલાં પતિ વિના પણ સ્ત્રીનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે, તો પતિના મૃત્યુ પછી વિધવાવસ્થામાં તેવું શા માટે ન હોય? જ્યાં બન્ને વચ્ચે સાચો પ્રેમ હોય તેમની વાત જુદી છે; જે સ્ત્રીઓને એવું અમી-ઝરણું સાંપડ્યું હોય તેમના સુખનો પારાવાર ન જ હોય. પણ મને પૂછતી હો તો, મારી બાબતમાં તો વૈધવ્યદશા પ્રાપ્ત થતાં મને તો પાંજરામાં પુરાયેલ પંખીને છૂટું મૂકતાં તેને જે આનંદ થતો હશે તેવો આનંદ આજે થાય છે. જેલમાંથી છૂટતી વખતે કોઈ કેદીને દુઃખ થયાનું જાણ્યું છે? એન! હવે પછી મારે વાંસામાં સોટી-ઓનો માર અને છાતીમાં શબ્દોનાં બાણનો માર સહેવાની ભીતિ રહી નથી. સવારથી સાંજ સુધી જેનું આપણે કૂકડાની પેઠે નાજુ-કાઈથી જતન કરીએ, તેઓ રાત પડતાં જ કોઈ બીજીને ઘેર ચાલ્યા જતાં હૈયામાં જે અગ્નિની હોળી સળગે, તેવી હોળી હવે મારે હૈયે સળગવાનો સંભવ નથી. હું હવે સ્વતંત્ર છું. એક ભગવાન વિના મારા પરે બીજા કોઈની સત્તા હવે રહી નથી. સગા ભાઈની સાથે વાત કરતાં પણ જ્યાં બીવું પડે, પોતાના મનમાં પણ સ્વતંત્ર રીતે વિચારવાની જ્યાં ભીતિ હોય, જે કામમાં શરીર અગર મનને લવલેશ આનંદ ન થતો હોય એવા વૈતરાનો બોજો મજૂરની જેમ આખો જન્મારો જ્યાં વહ્યા કરવો પડે – દુનિયાની જાતજાતની આવી ફરતાઓનો હું વિધવા થતાં જ હવે અંત આવે છે. હવે હું મારી જાતપૂરતી સ્વતંત્ર છું. —"

કાગળ વાંચવો બંધ કરી આંખો મીંચી હું વિચારે ચડ્યો. હજુ બે વરસ પહેલાં જ 'સિંધુ' ને આદર્શ આર્યસ્ત્રીનું બિરુદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનારી શાંતા જ શું આ લખી રહી છે? અનુભવરૂપી સૂર્યોદય થતાં જ પોપટિયું જ્ઞાન ધુમ્મસની પેઠે હવામાં ઊડી જાય એ જ નક્કર હકીકત છે. ઘરના જુલમોથી ત્રાસી ઊઠેલી સ્ત્રીને વિધવા થતાં ખરેખર, આવી જ લાગણી થતી હશે ખરી? શા માટે ન થાય? જુલમ—પછી એ દેશનો હોય, જ્ઞાતિનો હોય અગર વ્યક્તિનો હોય, જુલમ અસહ્ય થતાં જ એના તળે કચડાતી વ્યક્તિ બળવો કર્યા વિના રહી જ શકે નહિ એવો કુદરતનો કાયદો છે.

આગળ વાંચવા મેં ફરી પાનાં પર આંખ ઠેરવી એટલામાં દાદર પર પગલાં સંભળાયાં. ઝડપથી કાગળો વાજા પર પાછા રાખી દઈ ઊભા થઈ મેં બારી બહાર જોવાનો ઢોંગ આદર્યો.

'દાદા! તમારે માટે ચા લાવી છું.' શાંતાના શબ્દો મારે કાને અથડાયા.

મારું હૃદય ફરી ઘડીભર ધ્રૂજી ઊઠ્યું. રેડ્વેના પાટા પર કપાઈ પડેલા કોઈ આમ જનનું પ્રેત હમણાં જોવું પડશે એવો ભાવ મનમાં પેદા થયો. અતિ ભારે સ્વરે મેં કહ્યું: 'લાવો!'

શાંતાએ ચાનો કપ આગળ ધર્યો તે વેળા મેં તેના મોં સામે જોયું. બે વરસ પહેલાં પણ શાંતાએ આ જ ઓરડામાં આમ જ ચાનો કપ મારા આગળ ધર્યો હતો. માત્ર આજે વાજાની પેટી પર મોતિયો બેઠો નહોતો, ટેબલ ઉપર સુંદર મોર ભરેલો ગૂંથેલ રૂમાલ નહોતો, શાંતાને કપાળે કંકુનો ચાંદલો (સૌભાગ્યચિહ્ન) નહોતો, તેમ શાંતાના દિલમાં પણ 'અસે પતિ દેવચિ લલનાંના' વાળા પેલા ગીતનો ભાવ નહોતો! શાંતા નિશાળમાં ભણતી હશે ત્યારે 'ભાવ તેવા ભગવાન' વાળી કવિતા કદાચ તે ભણી પણ હશે, પણ સંસારના અનુભવે એના હૈયામાં હવે 'ભગવાન તેવા ભાવ'ની નવી કવિતા કોતરાઈ હોય તો ના નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્મોલ

'શશી?—'

પરંતુ અંદરથી કશો જવાબ ન મળ્યો, કશી હલચલ ન જણાઈ.

આનંદ નવાઈ પામ્યો. ઘણું ખરું શશી બપોરના સૂતી નહિ. ચાર વાગતા પહેલાં જ તે આનંદની રૂમમાં પહોંચી જતી અને મોં પર ઢાંકેલું છાપું હલાવી તેને જગાડતી: 'કેમ કુંભકર્ણજી! હવે આંખો ઊઘડશે ખરી?'

એ શબ્દોથી આનંદ જાગ્રત થઈ જતો. પણ મીઠી મસ્કરી મંદ સુવાસની પેઠે માણસને કદી અણગમતી નથી લાગતી. શશીનો અવાજ સાંભળતાં જ આનંદ ઊંઘવાનું ઢોંગ કરી પડખું ફરી જતો અને સહેજ આળસ મરડ્યા સરખું કરતો.

એના ઢોંગથી શશી અજાણ હોય એવું ન જ બનતું. છતાં, તે જાણી જોઈને સ્વગત બોલવા મંડતી: 'નાહક બીજાની ઊંઘમાં કોણ ખલેલ પહોંચાડે? કંઈ પીતા તો ચા નથી પીતાં, એટલે ચાલ હું મારી એકલી પૂરતી એક જ કપ ચા બનાવી લઉં! ચા પીને ફરવા જઈશ. આનંદ છો સાથે ન આવે! એને બદલે બાજુવાળાં માશીને લઈ જઈશ. નદીએ ફરવા જવાને બદલે કોઈ મંદિરમાં દર્શન કરવા કયાં નથી જવાતું?'

શશી આમ સ્વગત બોલ્યા કરતી હોય તે વેળા આનંદ મનમાં વિચારતો: 'નાટકોમાંથી સ્વગત બોલવાનું કાઢી નાખવું જોઈએ એવું કહેનારા લોકો મૂરખ છે. નાટક એ માનવી જીવનનું — એના રોજ-બ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજનો જીવતરનું ચિત્ર છે એમ કહેવાય છે. પણ એ જીવતરમાં ખરી મીઠાશ આવાં સ્વગત ભાષણોથી જ જામે છે એ વિના એ પુસ્તકિયા વિદ્વાનો ભાગ્યે જ જાણતા હશે!'

શશી હમણાં આવી બારણું બોલશે એવી આશામાં બહાર ઊભા રહેલા આનંદની નજર સામે આ ક્ષણે હમેશાં બનતો આ મનગમતો બનાવ નાચી રહ્યો.

તેણે બારણે કાન માંડી અંદર થતી હિલચાલ જાણવાનો પ્રયત્ન કર્યો. આરામખુરશીમાંથી માણસ ઉતાવળે ઊઠે ત્યારે જે ખટકારો બોલે તેવો અવાજ ન સંભળાયો, ન સંભળાયો સાડીનો ફડફડાટ કે ન થયો સાંકળનો ખડખડાટ. કશો જ અવાજ નહોતો!

શું શશી હજી નિરાંતે ઊંઘે છે?

આનંદને એક બીજો પ્રસંગ સાંભરી આવ્યો.

એક દહાડો આનંદ કેમે કરી ઊઠતો નહોતો, તે વેળા નાના બાળકના કાનમાં કુરરર્ અવાજ કરીએ તેવો અવાજ શશીએ તેના કાનમાં કર્યો. ઝડપ કરતું આનંદે મોં ફેરવ્યું, ને અણધાર્યો જ શશીના કપોલ સાથે તેનો કપોલ ઘસાયો. 'હંહં...!' કરતી શશી દૂર ખસી ગઈ. આનંદે કહ્યું: 'એમાં શરમાવાનું શું છે? આજ નહિ તો હવે પછી આપણાં લગ્ન તો થવાનાં જ છે. તો જે કામ આજ કરી શકાય તે આવતી કાલ ઉપર શા માટે બાકી રાખવું? 'મુલતવી રાખવાનાં માઠાં ફળ' નો પાઠ માસ્તર કાંઈ ફોગટનો ભણાવે છે?'

એ ભાષ્ય સાંભળી શશી પેટ પકડીને હસી પડી હતી. અને ડોકનો મરોડ આપી 'આવું ઘેલું તે બોલાતું હશે?' એવો અભિનય બતાવવા છતાં, આંખો વડે 'તું કહે છે તે જ બરાબર છે!' એવો બોધક આવિર્ભાવ તેણે દર્શાવ્યો હતો.

શશી સૂઈ ગઈ હોય તો પોતે આજે કાનમાં કુરરર્ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો પ્રયોગ તેના પર જરૂર કરશે એવો વિચાર પણ આનંદના મનમાંથી પસાર થઈ ગયો.

પણ શશીએ તો બારણાને અંદરથી સાંકળ વાસી દીધી હતી. 'ગાંડી કહીંની! બરે બપોરે ઘરમાં ચોર તો શહેરમાં પેસે, ગામડામાં નહિ, એટલું પણ એના ખ્યાલમાં ન રહ્યું!'

પણ આનંદનું દિલ અત્યારે પ્રેમમાં મસ્ત બન્યું હતું. એ એને કહેતું હતું: 'બારણે સાંકળ વાસી હોય તો છો વાસી. ગાંડાભાઈ! તુલસીદાસ પોતાની પ્રિયતમાને મધરાતે મળવા ગયો હતો તે વેળા ઓરડાનું બારણું ઉઘાડીને કાંઈ અંદર નહોતો પેઠો. બારીમાંથી નીચે લટકતા સાપને પકડીને જ તેણે પોતાના મનમાન્યા સ્વર્ગમાં પ્રવેશ મેળવ્યો હતો.

આનંદ મોંએ સીટી વગાડતો વગાડતો શશીની ઓરડીની બારી તરફ વળ્યો. બારી બહુ ઊંચે નહોતી, એથી આનંદને તુલસીદાસ જેવું બારે જોખમ વહોરવું ન પડ્યું. પણ તુરત બીજી મુશ્કેલી આવી. આજનો જમાનો તુલસીદાસનો નહોતો, એટલે બારીએ લોખંડના સળિયા જડ્યા હતા! તુલસીદાસના વખતમાં બારીએ સળિયા જડવાનો રિવાજ નહિ હોય, અગર પછી કોઈ પાવરધા ચોર પાસેથી સફાઈથી સળિયા કાપી નાખવાનું હથિયાર એ સંતકવિએ અગાઉથી હાથવગું કરી લીધું હશે!

મનમાં જાતજાતના નવા તુક્કાઓ ચલાવવાની આનંદને હવે જરૂર રહી નહોતી. એની હૃદયસ્વામિનીને એ જોઈ શકતો હતો.

પણ એ સૂતી નહોતી, તેમ બારીસા સામે એસી કેશરચના કરવામાં પણ તે પરોવાયલી નહોતી. ટેબલ પર માથું ટેકવી તે કશો ઊંડો વિચાર કરતી હતી.

એ શો વિચાર કરતી હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શશી સરખી રમતિયાળ તરુણી આવા ઊંડા વિચાર કરે?

શશી અને ઊંડા વિચાર એ બેનો મેળ આનંદ કોઈ રીતે બેસાડી શકતો નહોતો. પતંગિયું કદી વડલાને ઝાડે બેઠું દીઠું છે?

આનંદ શશી સામે જોતો હતો. શશીએ માથું ઊંચકયું. તે સાથે જ તેની આંખમાંનાં આંસુઓ અને ટેબલ પરનો એક કાગળ બંને એકીસાથે એની નજરે પડ્યાં.

આનંદને થયું: અપ્સરાની આંખે વળી આંસુ હોતાં હશે?

× × ×

સાપને દોરડું માનીને તે પકડી તુલસીદાસ પોતાની પત્નીના ઓરડામાં દાખલ થયો ત્યારે એના એ સાહસ પર આફરીન બની એની પ્રેયસી દીવો લઈ આરતી ઉતારવા દોડી હતી કે બારીમાંથી બહાર નજર નાખતાં ત્યાં સાપને લટકતો ભાળી ચીસ પાડી ઊઠી, તે જાણી શકાયું નથી. પણ શશી રોતી હતી તે ઘટના પોતે બારી વાટે જોઈ ગયો છે એ વાત જો શશી જાણી જશે તો તે અબોલા લીધા વિના નહિ રહે, એ વિચાર આનંદને તુરત ફરી આવ્યો. લાગલો જ તે ધીરે રહીને નીચે ઊતરી ગયો ને ચોરપગલે પોતાની ઓરડીએ પહોંચ્યો.

પણ ઓરડીમાં આવી આરામખુરશીમાં પડ્યા છતાં એની માનસિક અસ્વસ્થતા વધતી ચાલી.

શશીને આટલું બધું શોકમગ્ન બનવાને શું કારણ મળ્યું હશે?

પોતાની સાથે તે ખૂબ છૂટ લે છે તેથી બાકી તો તેને ઠપકો નહિ આપ્યો હોય?

અશક્ય!

એક મહિનામાં શશીએ પોતાનાં કોઈનું દિલ જીતી લીધું હતું. ઉનાળાની લાંબી રજાઓ પસાર કરવા તે પોતા સાથે કોંકણમાં આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે બાએ કેટલા ઉમળકાથી કહ્યું હતું: 'મને દીકરીની ભારે હોંશ હતી. આનંદ નાનો હતો ત્યારે હું તો એને ફરાક જ પહેરાવતી!'

બાના એ શબ્દો સાંભળી શશી માત્ર હસી હતી, પણ પોતે કહેલું: "હજુ પણ એ હોંશ અધૂરી રહી છે બરી? જોજે, નહિ તો વળી મારે રંગમેરંગી સાડી પહેરવાનો વારો ન આણતી!'

બાએ હસીને તુરત કહેલું: 'દીકરીની હોંશ હવે હું ઘરમાં વહુ આણીને પૂરી કરવાની છું તો!'

અને એ શબ્દો બોલતી વેળા બાએ તો શશી તરફ અમસ્થું જ મોં ફેરવ્યું હતું, પણ શશી તો લાજી મરી હતી!

તે દહાડો સાંજે પોતે અને નદીએ ફરવા ગયેલાં. પાણીમાં પગ રાખીને બંને બેઠાં હતાં તે વેળા શશીએ પોતાને મીઠો ઠપકો સંભળાવેલો: 'બિલાડીના પેટમાં બીર ટકે તો તારા પેટમાં વાત છાની રહે, કાં?'

નવાઈ ભરી નજરે પોતે તેના તરફ જોઈ રહેલો. પાણીમાં પગ હલાવી એનાથી થતાં ફૂંડાળાં સાથે પોતાની નાજુક આંગળીઓ વડે રમતાં રમતાં શશીએ ઉમેર્યું: 'કોઈ કરતાં કોઈને ન કહેવાનું તેં વચન આપ્યું હતું તે ભૂલી ગયો?'

પોતે ગંભીર બની જઈ સવાલ કર્યો હતો: 'કોઈને ન કહેવાનું મેં કયું વચન આપ્યું હતું?'

'નહિ કહું, જા!' કહીને મોં ફેરવી લઈ શશીએ જ્યારે ઓટી રીસ કરી તે વેળા તેની આંખમાં જે ભાવો ઊછળી રહ્યા હતા તેણે શશીએ છાની રાખવા ધારેલી વાત પળવારમાં જાહેર કરી દીધી હતી!

તે વેળા પોતે બાને કશું જ કહ્યું નથી એની શશીને બાતરી કરાવી આપતાં પોતાને નાકે દમ આવી ગયેલો!

શશીએ પૂછેલું: 'ત્યારે કોઈ એવું કેમ બોલ્યાં?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમકે આટલાં વરસો પસાર થયાં છતાં પૈસાદાર ભાઈ બહેનને ઊંચરે એક વાર પણ ચડ્યા નહોતા. પણ હવે પોતાની પુત્રીને જ મોકલી તેથી બાને એમ થયેલું કે—'

પણ બાને શો વિચાર આવ્યો હશે તે શબ્દોથી પોતે જાહેર કરવા અશક્ત છે એમ આનંદને તુરત જણાયું. પોતે વાત ફેરવી કહેલું: 'ઘરડાં માણસો મનમાં જાતજાતના અનેક ખાલી ઘોડા વડતાં હોય છે!'

શશીએ કહેલું: 'ના ના; હું તો માનું છું કે તેઓનાં હૈયાં વહાલથી છલોછલ ભર્યાં હોય છે!'

અને શશીએ પહેલે દિવસે ફોઈમા પ્રત્યે અનુભવેલી લાગણી બદલાય એવો એક પણ બનાવ ગયા આખા મહિના દરમિયાન તો બન્યો જ નહોતો.

ત્યારે આજે શશીની આંખે આંસુ શા માટે છે? ટેબલ પર પડેલા પેલા પત્રનો એ આંસુઓ સાથે તો કશો સંબંધ નહિ હોય?

એ પત્ર કોનો હશે? શશીના પિતાજીનો? એમની તબિયત નરમ હશે?

પણ તુરત પોતાના એ વિચારથી આનંદને હસવું આવ્યું. ઘેર કોઈ માંદું હોવાના સમાચાર આવ્યા હોય તો બારણાને સાંકળ વાસીને શશી એ પત્ર શા માટે વાંચે? અને શશીના પિતા માંદા હોય એ જિના તો સાવ અશક્ય જેવી હતી. "દારૂબંધીની વાતને સાવ જૂઠી અને મૂર્ખાઈભરી કલ્પના સાબિત કરવા માટે હું છેલ્લાં ત્રીશ વરસથી રોજ દારૂ પીઉં છું! પણ એક મુક્કો મારીને નાળિયેર વધેરી શકું એટલી આ હાથમાં તાકાત છે!" એવા જુસ્સા-ભર્યા શબ્દો તેઓ હમેશાં કહી સંભળાવતા.

ત્યારે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો કોઈ વિચાર મગજને સ્પર્શે તે પહેલાં તો શશી પોતે જ તેની સામે આવી ઊભી રહી.

'શું કરતી હતી?'

'સૂતી હતી.'

'આનંદને હોઠે તુરત શબ્દો આવ્યા: 'સ્ત્રીઓનો ઉપજત સ્વભાવ તે અસત્ય ભાષણ!' પણ તે શબ્દો બહાર ન ઉચ્ચારતાં આનંદે પૂછ્યું: 'ત્યારે આંખો આવી કાં દેખાય?'

'એ તો ઊંઘ્યાનું ઘેન હશે! તું જ વળી કહે છે કે ઉનાળામાં આળસ....' એટલું બોલતાં બોલતાં શશીએ આળસ મરડવાનો એવો તો આબેહૂબ અભિનય કર્યો કે આનંદથી મનમાં બોલ્યા વિના ન રહેવાયું: 'બોટી સાક્ષીઓ આપવાનું કામ સ્ત્રીઓ ભારે સફળતાથી પાર પાડી શકે એ ચોક્કસ!'

આનંદની ખુરશીની નજીક આવી લાડભર્યા અવાજે શશીએ કહ્યું: 'આજે આપણે ફરવા કયાં જવાનું છે, ખબર છે?'

'નદીએ, વળી બીજે કયાં?'

'નદીએ જવાનું છે?'

'કેમ, આપણે આજે તરવા જવાનું નક્કી કર્યું હતું તે ભૂલી ગઈ?'

'પણ તરવા કાલે જઈશું. આજે તો પડોશનાં પેલાં માશીબા કોઈ સતીની દેરીની વાત કરે છે, ત્યાં જઈએ તો?'

પ્રણયિનીની મરજી એટલે જાણે પ્રિવિ કાઉન્સીલનો ચુકાદો! આનંદ સરખા વકીલને માટે એ મૂંગામૂંગા માથે ચડાવવા સિવાય બીજો માર્ગ નહોતો.

પણ સતીની દેરીએ જવાનો વિચાર ખરેખર માશીનો હતો કે શશીનો હતો એ સવાલ આનંદને મૂંઝવતો હતો. છતાં એક વાતનો એને સહેજ ગર્વ પણ થયો. માશી અને શશી સાથે ચાલ્યાં જતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય ત્યારે જાણે માદીકરી ચાલ્યાં એવો ખ્યાલ જોનારને સહેજે થઈ આવતો હતો. દેવદર્શન વિના દુનિયામાં જોને બીજું કોઈ પોતીકું નથી, એવી એક દુર્દૈવી વિધવાને શશીએ એક મહિનાના સહવાસમાં તો સાવ જીતી લીધી હતી એ બહુ નવાઈભર્યો કિસ્સો હતો. ઝડપ-ભેર પાછળ આવતી શશીની આકૃતિ જોતાં આનંદને એક જ વિચાર સ્ફુર્યા કરતો હતોઃ શશી ભારે હોશિયાર તો ખરી, એમાં શંકા જ નથી!

દરિયામાં ડૂબકી મારીને છીપમાંથી મોતી આણવાં એ જેમ ભારે કુશળતા માગી લેતી કલા છે, તેમ જ બીજાના મનમાં પેસી જઈને એનાં રહસ્યો હાથ કરવાની આવડત પણ એક અજબ કલા જ ગણવી જોઈએ. ખુદ પોતાની વહાલસોઈ માતા પણ આ કલા સાધ્ય કરવામાં સફળ નથી નીવડ્યાં! માશીબા મુંબઈમાં એક હોશિ-યાર નર્સ તરીકે પુષ્કળ ખ્યાતિ પામ્યાં હતાં. એવી બાઈ છેલ્લાં દસ વરસથી ગામડામાં આવી હરિકીર્તન અને દેવદર્શન કરતી કેમ બની એ વાત બા આટલે વરસે પણ જાણી શકયાં નહોતાં. પણ આ શશી જો એટલા જ મહિના પણ અહીં રહે, તો માશી એને પોતાની દીકરી તરીકે જ રાખી લે એમાં જરાય શંકા ન સમજવી!

ત્રણે જણાં સતીની દેરી પાસે પહોંચ્યાં ત્યારે સૂરજ ક્ષિતિજની નજીક જઈ પહોંચ્યો હતો. બપોરની ગરમ લૂ હવે મંદ લહરીમાં ફેરવાઈ ગઈ હતી. પણ એક વેરાન ટેકરીને માથે સતીના સંભારણા તરીકે એક નાના ચોતરા ઉપર નાનકડી દેરી અને તેની સામે એક મોટા શિલાખંડ ઉપર પલાંઠી વાળીને બેઠેલી શશીને જોતાં જ આનંદના દિલમાંથી આછી કંપારી પસાર થઈ ગઈ. દર વર્ષે રજા-ઓમાં ઘેર આવતો ત્યારે પોતે આ બાજુએ પણ ઘણી વાર ફરવા નીકળતો. પરંતુ આજ સુધીમાં તે એકલો હોઈ આ સ્થાનનું વેરાનપણું તેને ખૂંચ્યું નહોતું. પોતાની અતિ પરિચયની વ્યક્તિના કોઈ નવીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવઅંગનું દર્શન પહેલી વાર કરતા હોઈએ તેમ આનંદે આસપાસ ચોતરફના પ્રદેશ પર નજર ફેંકી. નવાઈ પામેલું તેનું મન રહી રહીને સવાલ કરતું હતું: શશી અને સતીનો આ મેળ કયાંથી જાગ્યો? સતીને દર્શને આવવાનો તુક્કો શશીના મગજમાં કયાંથી સૂઝ્યો? ચૂલા પર મૂકેલી આંધણની તપેલીને દાઝી જવાની બીકે નીચે ઉતારતાં પણ ગભરાઈ ઊઠતી શશી આજ ઈરાદાપૂર્વક સતીનાં દર્શને શા માટે નીકળી પડી છે? ખરેખર, નવાઈ તો ખરી જ!

હજુ બે દિવસ પહેલાં જ નદી પર તે કહેતી હતી: 'આનંદ! નદીને કાંઠે ઊગેલી આ છૂટક નાળિયેરીથી મને નિરાંત નથી વળતી. નદીનું આખું પાત્ર ઢાંકી દેતો છાંયો પાથરે એટલી નાળિયેરીઓ ને અહીં ઊગી હોત તો આ નદી એક કુંજગલી જેવી દેખાત. અને—'

નાળિયેરી ખૂબ ઊંચી જતી હતી તેથી તે તેને ગમી ગઈ ખરી, પણ તેમ છતાં આંબાની ઘટા પેઠે એમાં સંતાવાની કયાંઈ જગ્યા નહોતી. તેણે એ વાંધો પણ એટલા જ જુસ્સાથી દર્શાવ્યો.

કલ્પનાની આવી જાતજાતની તરંગાવલિ પર રાતદહાડો નાચ્યા કરતી શશી આજે શા કારણે ઉજ્જડ વેરાનમાં આવી ચડી હશે?

આ ગૂંચવનારો કોયડો ઉકેલવામાં આનંદનું મન સતત રોકાયા કરતું હતું.

અને પેલા ટેબલ પરનો પત્ર?

એ વિષે આજે શશીએ પોતાને સહેજ પણ ઈશારો કર્યો નહોતો. શું શશીએ પોતાની બાને કશું લખ્યું હશે અને બાએ તેને બરાબર ઊધડી લીધી હશે? —

ના ના, એ બનવું તો અશકય જ હતું! રજાઓ પૂરી થતાં જ પોતે મામી પાસે હાજર થઈ શશીની માગણી કરવી એમ બંને જણાંએ નક્કી કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ?—

પોતે એલએલ.બી.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી હતી તે અત્યારે આનંદને નિરર્થક જતી લાગી. આખરે આનંદે પોતે પોતાના મન સાથે નક્કી કર્યું કે આ કેસ ખરેખર ભારે ગૂંચવાડા-ભર્યો જ છે!

પવન જોસભેર ફુંકાઈ રહ્યો હતો. એના સૂસવાટામાં શશી અને માશી શી વાતો કરતાં હતાં તે આનંદ સાંભળી શકે તેમ નહોતો.

પરંતુ માશી હાથ વડે જે અભિનય કરતાં હતાં તેમ જ તેમના મોં પર જે ભાવો પ્રગટ થતા હતા તે પરથી જણાતું હતું કે તેઓ શશીને સતીની વાત કહેતાં હશે. આખા ગામને માટે સતીની વાત અભિમાન આપનારી હતી. પતિની સાથે જાતને બાળી દેવા સારુ ચિતા પર તે પોતે જ ચડી હતી. એટલું જ નહિ, પરંતુ ચિતા પર પગ દીધા પછી સતીએ એક પ્રેમગીત ગાયું હતું એવી પણ દંતકથા ગામમાં પ્રચલિત હતી. લોકોમાં એમ પણ કહેવાતું કે અંધારી રાત્રે સૂર્યાસ્ત પછી ત્યાંથી પગ રસ્તે જનાર પ્રવાસીને એ ગીત ઘણી વાર સંભળાતું પણ ખરું!

× × ×

ગામમાં પાછા ફરતાં આજે જ આવેલા ફરતા (ગામડે ગામડે ફરતા) સિનેમાની જાહેરખબર આનંદના હાથમાં આવી પડી. તુરત જ 'મત્સ્યગંધા' નું ચિત્ર જોવા જવાનો તેણે નિર્ણય કર્યો.

ઘેર આવી શશીએ જ્યારે ફોઈબાને આજે ભૂખ નથી લાગી એમ કહ્યું ત્યારે એમની નવાઈનો પાર ન રહ્યો.

તેમણે કહ્યું: 'શશી, બેટા! ભૂખ લાગવા ખાતર તો માણસો ફરવા જાય છે!'

શશી કાંઈ એમનાથી ઊતરે એવી નહોતી. તેણે કહ્યું: 'ફોઈબા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી રસોઈ એટલી તો સ્વાદિષ્ટ બને છે કે બપોરના જ બંને ટંકનું મારાથી તો સાથે જ ખવાઈ જવાય છે એટલે શું કરું?'

'એમ તો તું ભારે પક્કી છો. તે હું ક્યાં નથી જાણતી?' એમ દૃષ્ટિથી જ સૂચન કરતાં ફઈબાએ પોતાની ભણેલી ભત્રીજી તરફ જોયું.

× × ×

ચિત્ર શરૂ થયા પછી એ જોવાની કુબુદ્ધિ પોતાને ક્યાંથી સૂઝી એમ આનંદને થઈ ગયું. ફિલ્મ વારે વારે તૂટતી હતી, ગીતો વચ્ચે વચ્ચે કપાઈ ગયેલાં હતાં, તે સાથે 'આમાં તો શ્રીકૃષ્ણ ભગવાન પણ નથી આવતા ને નારદજી પણ નથી દેખાતા! આવું તે થાઈ કયાંઈ હોતું હશે?' એવા સ્ત્રીઓમાં ચાલતા આછા ગડબડાટથી ચિત્રમાંના સંવાદો પણ પૂરા સંભળાતા નહોતા.

આનંદે અરધેથી જ સૂચવ્યું: 'શશી! ચાલ, આપણે ઘેર પાછાં જતાં રહીએ. આ તો પૈસા ખરચી ઉજાગરો લીધા જેવું થાય છે!'

શશીએ જવાબ આપ્યોઃ 'તારે જવું હોય તો ભલે જતો રહે. મને આજનું ચિત્ર બહુ ગમે છે.'

બીજે દિવસે આનંદ મોડો ઊઠ્યો. ઊઠ્યો તે વેળા શશી પોતાની ટ્રંકમાં સામાન ગોઠવતી હતી.

આનંદે નવાઈ પામી પૂછ્યું: 'કેમ, સવારી કયાં ઊપડે છે?'

'પોતાને ઘેર!'

'એમ કેમ?'

'એમ છે કે આજે મળસ્કે મને એક બહુ ખરાબ સ્વપ્નું આવ્યું હતું. ત્યારથી મન એવું થઈ ગયું છે કે એક વાર જલદી જઈને બાને મળી આવવું.'

સ્ત્રીકેળવણી અને સ્વપ્નાં પરની શ્રદ્ધા એ વિષય ઉપર શશીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક લાંબું ભાષણ સંભળાવવાનું આનંદને મન થઈ આવ્યું. પણ—

શશીની આંસુભરી આંખો જોતાં જ એણે મૂંગામૂંગાં જ શશીને જવાની સંમતિ આપી.

શશીની મોટર નજર બહાર નીકળી જતાં જ આનંદે પૂછ્યું: 'બા! શું થયું છે એ તો કહે?'

'ભાઈ! એણે તને કહ્યું તો ખરું કે એને બરાબર સ્વપ્નું આવ્યું હતું, ને મને કેમ પૂછે છે?'

બાને વધારે સવાલો પૂછવામાં કશો અર્થ સરે તેમ નહોતો. વધારે પૂછ્યું હોત તો દુનિયાના આરંભથી માંડીને સાચાં પડેલાં સ્વપ્નોની લાંબી હારમાળા એ સંભળાવત!

આનંદ શશીની ઓરડીમાં ગયો.

ઓરડીની દરેક ચીજ તેને યથાસ્થાને જ પડી હતી, છતાં આનંદને એવો ભાસ થયો કે જાણે કોઈએ ભીંતોનો રંગ ઉખેડી કાઢ્યો છે, ફોટાઓ ફોડી નાખ્યા છે, ટેબલ પરના અરીસાના ટુકડે-ટુકડા કરી નાખ્યા છે—

આનંદ અરીસા સામે જઈ ઊભો રહ્યો. અરીસામાં શશી દેખાશે એમ માનીને તેણે તે તરફ નજર દોડાવી. પણ સામે પોતાનું જ પ્રતિબિંબ દેખાતાં તે ચિડાયો.

હાથના ચાળા તરીકે એણે ટેબલનું બામું ખોલ્યું. જોયું તો અંદર પોતાના નામનો કાગળ હતો—અક્ષરો પણ શશીના જ હતા!

તરસ્યો માનવી ઠંડું પાણી હાથ પડતાં જેમ અધીરિયો બની ગટગટાવી જાય, તેવી દશા એ વેળા આનંદની થઈ.

માત્ર એ ઠંડું પાણી નહોતું—હળાહળ ઝેર હતું! એ ઝેરથી એનું માથું ભમી ગયું.

શશીએ લખ્યું હતું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વહાલા આનંદ!

"તને છેતરીને ચાલી જતાં મારા જિગરના ચૂરેચૂરા થઈ રહ્યા છે. પણ હું શું કરું? તને ચોખ્ખું કહેતાં જીવ ચાલતો નહોતો—હિંમત થતી નહોતી! ડૉક્ટર કોઈકને ઇંજેક્શન આપતા હોય તોપણ બીજી બાજુ મોં ફેરવી જઉં એવી હું બીકણ છું. તો પછી તારા હૈયામાં ઊંડા જખમોનાં વારાં પાડ્યા પછી એ જોવાની હિંમત હું ક્યાંથી આણું?

"આનંદ! મને માફ કરજે. આપણી વાત—આપણાં દિલ એક થયાની વાત કોઈને પણ ન કહેવાનું આપણે નક્કી કર્યું હતું. પણ અહીં આવ્યા પછી તારી સોબતમાં મારા આ દિવસો એટલા તો સુખચેનમાં પસાર થતા હતા!—નાના બાળકને નવું રમકડું મળતાં હરેકને દેખાડવા એ દોડાદોડી કરવા મંડી પડે છે; નવું સુખ પ્રાપ્ત થતાં મોટા માણસોની પણ એવી જ દશા થતી હશે કે શું કોણ જાણે!

"હોંશમાં ને હોંશમાં મુંબઈની મારી મામાની દીકરી બહેનને હું અહીંની સઘળી મજેની વાતો કાગળમાં લખી જણાવતી. પાકા લાલચોળ કોકમનું પન્હું મને ખૂબ ભાવે છે તેથી તું જૂલ્યા વિના પાકા કોકમ રોજ લઈ આવે છે, દૂધભર્યા કાજુના રસથી ગળે ખરેરી ન થાઓ તેટલા માટે મારા હાથ માંહેના પાકા કાજુનો એક છેડો તું જ દાંત વડે કાપી લે છે—એક કહેતાં આવી તો અનેક વાતો હું તેને લખતી. શું લખતી તે પણ પૂરું યાદ નથી રહ્યું! પ્રેમને કોઈએ દાઢ સાથે સરખાવ્યો છે. ખરેખર, એ તુલના યથાર્થ છે. એનું પાન કરનાર બંને વ્યક્તિઓને કેફ ચઢે છે, ગમે તેમ તે બબડવા માંડે છે, અને—

"પણ મારા બબડાટે આખરે મને જ દુઃખી. મારી એ મામાની

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરી બહેનને હોંશમાં આવી જઈ એ સઘળા કાગળો બાને મોકલ્યા:

"બાને હું એમ સમજાવ્યા કરતી હતી કે આપણો અરસ-પરસનો પ્રેમ મામાફઈનાં ભાઈબહેનનો છે: કેમકે — કેમકે તું એ જાણે જ છે કે પાણી કરતાં લોહી વધારે ઘટ્ટ હોય છે; પરંતુ લોહી કરતાં ય સોનું વધારે નક્કર હોય છે એ પણ જાણી લેવું જરૂરી છે!

"બાએ મને લખ્યું છે: 'પાકા કોકમનું પન્હું બહુ સ્વાદિષ્ટ લાગતું હોય તોપણ એ હાકૂસ કેરીની તોલે નહિ આવી શકે. આનંદ જિંદગી આખી એક સાધારણ વકીલ તરીકે જ વિતાવશે. એ કદી સર જજજની પદવીએ નહિ પહોંચે. માટે—'

"બાળીને બેઠાં કરે એવા બોલ બોલતાં બાને બહુ સરસ આવડે છે. ને એ લખે છે તે પણ મોઢે બોલ્યા જેવું જ. એનાં શબ્દો તને લખી જણાવીને નાહક તારા હૈયાના જખમો પર મીઠાનું પાણી શા માટે છાંટું?

"બાએ પોતાનાં જીવને જોખમે મને જન્મ દીધો છે એ હકીકત હું કદી ભૂલી નથી. પિતાજીએ પણ મને દીકરાના જેવાં જ લાડ લડાવ્યાં છે.

"મારાં બા અને બાપુજીને આપણે બંને લગ્નથી જોડાઈએ એ ગમતું નથી. તેમના જીવનનાં સ્વપ્નાં જુદી તરેહનાં છે.

"ને તો જ્યારે તેઓ ખુશી થાય. બા બાપુજીને રાજી રાખવા ખાતર શશી જીવતર આખું અપરિણીત રહેશે! પતિ સાથે પોતાના દેહને અગ્નિમાં જલાવી દેનારી સતીને શું પોતાનો જીવ વહાલો નહિ લાગ્યો હોય? પિતાના સુખની ખાતર ભીષ્મે જીવનભર બ્રહ્મચર્ય પાળ્યું જ હતું ના? કાલવાળો પેલો 'મત્સ્યગંધા' નો ચિત્રપટ જોયા પછી મારામાં અજબ હિંમત આવી છે. એ હિંમત પાછી વિલાઈ જાય તે પહેલાં જ હવે બા પાસે પહોંચી જઉં છું એટલે—

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપણી પ્રીતિની કળીઓ ખીલ્યા પહેલાં જ કરમાઈ ગઈ— એ વાસી બની નિર્માલ્ય થઈ ચૂકી! તે માટે તું દિલગીર ન થતો. આનંદ! જીવન એ પૂજ્ય છે, એ વાક્ય તને સાંભરતું તો હશે જ.

"આપણા પડોશનાં માશીબા દેવદર્શન કરીને દિવસો સુખેથી નથી વિતાવતાં? તો પછી માબાપને જ દેવ ગણીને સુખી થતાં મારે શા માટે બીવાપણું હોય?

તારી, પણ હવે તારી ન રહેલી,
શશી."

× × ×

પોતાને મળ્યા વિના જ શશી એકાએક શા માટે ચાલી ગઈ તેની પડોશનાં માશીને પણ નવાઈ લાગી હતી. એમણે આનંદને અનેક રીતે સવાલો પૂછ્યા: 'કેમ ભાઈ! તારે અને શશીને કશો ઝઘડો થયો હતો?'

આનંદે વારે વારે 'કશું થયું નથી' એમ ભાર દઈને કહેવા છતાં એ વાત માનવાની માશી ના પાડતાં હતાં. આખરે આનંદે શશીનો પેલો કાગળ જ માશીના હાથમાં મૂક્યો, અને માશી તે પત્ર પૂરો કરે તે પહેલાં જ પોતે ત્યાંથી પસાર થઈ ગયો.

શશીના સહવાસમાં આનંદને એક મહિનો એક દિવસ જેટલો ટૂંકો લાગ્યો હતો; હવે તેનો એકેક દિવસ એકેક વરસ જેટલો લાંબો થઈ પડ્યો. નદીએ ફરવા જતો તો અજાણપણે એના પગ શશીની મનગમતી જગ્યાએ એને ખેંચી જતા. વાંચવા બેસે તો આસ્તેથી પાછળથી આવીને ચોપડી બંધ કરી દેતી શશીની મૂર્તિ તેની આંખ સામે ખડી થતી. જમતી વેળા પણ બાનું ધ્યાન ન હોય ત્યારે આનંદના ભાણામાંનો પાપડનો ટુકડો પટ કરતી મોંમાં ચડાવી દેતી, ને છતાં આંખો કાઢી તેને ડરાવતી, એનું તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણ થઈ આવતું. શશી ક્યારે પાછી આવશે એમ જાણે વારે વારે કોઈ પોતાને પૂછે છે એમ એને લાગ્યા કરતું. કોઈ કોઈ વાર તો જાણે શશી સામે જ બેઠી છે એવો ભ્રમ પણ એને થઈ આવતો.

પણ શશીના ચાલ્યા ગયા પછી બરાબર પાંચમે જ દિવસે જ્યારે એ ભ્રમ સત્યસૃષ્ટિમાં ફેરવાયાનું આનંદે અનુભવ્યું ત્યારે પહેલી વાર તો પોતાની સગી આંખોની વાત પણ માનવાની આનંદે ના પાડી.

અગિયારશ હતી એટલે બાને દેવદર્શને જવાની રજા આપીને આનંદ પોતે જમતે જ થાળી પીરસી રહ્યો હતો. આશ્ચર્યનું પહેલું મોજું ઓસરી જતાં જ એણે શશીને કહ્યું: 'ચાલ, તારા માટે બીજી થાળી પણ પીરસી દઉં.'

'બીજી થાળીની જરૂર નથી!'

'કેમ? રસ્તામાં કાંઈ મિજબાની મળી હતી શું?

'સવારથી પાણીનું ટીપું ય જેને મોંમાં ઘાલ્યું હોય તો સમ ખાઉં!'

'ત્યારે?'

'હવે બીજી થાળીની શી જરૂર છે? *તારી થાળીમાં જ—'

પણ વાક્ય પૂરું કરતા પહેલાં જ શશી નાસી ગઈ—કેઠ આનંદની ઓરડી સુધી તે જઈ પહોંચી.

પાછળ દોડી આવતા આનંદ તરફ એક પત્ર ફેંકીને પીઠ ફેરવી લઈ શશી બારી વાટે બહાર જોવા લાગી.

પત્ર ખોલી આનંદે સૌથી પહેલાં તો સહી વાંચી. નીચે લખ્યું હતું: 'તારી માશી.'

---

*મહારાષ્ટ્રમાં પરણે ત્યારે પહેલી વાર એક જ થાળીમાં નવ વરવધૂ સાથે બેસી સામસામે નામ લઈને અરસપરસ કોળિયો ભરાવે એવો રિવાજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદનું આશ્ચર્ય દ્વિગુણિત બની ગયું. અક્ષર તો જાણે તે પડોશની માશીના જ હતા. એ પત્રમાં એવું શું હતું કે શશી પાછી આવે, તે જાણવા આનંદ અધીરો બન્યો. એણે પત્ર વાંચવા માંડ્યો —

"ચિ. શશીને માશીના પ્રેમપૂર્વક આશીર્વાદ.

"તને પત્ર લખવાનો વિચાર કરી કાગળ હાથ તો ધર્યો, પરંતુ કાંઈ નહિ તો દસ વખત લખેલો પત્ર ફાડી નાખ્યો હશે! કેટલી ય વાર એમ થઈ આવ્યું કે છાના રહેવું સારું; માત્ર એક જ મહિનાની ઓળખાણમાં કોઈની ખાનગી વાતમાં માથું મારવું ઠીક નહિ!

"પણ કોઈ રીતે દિલની બેચેની દૂર થતી નહોતી. રસ્તે જતાં જતાં કાંઈ ખાડો આવી ગયો હોય તો આગળ જનાર પ્રવાસીએ જરા ઘૂમ પાડીને પાછળ આવતા વટેમાર્ગુને એ હકીકત જણાવવાની એની ફરજ નથી શું? માનવીના જીવનની વાત પણ એના સરખી જ છે. દરકોઈ વ્યક્તિના સુખદુઃખના અનુભવો બીજાને ખૂબખૂબ ઉપયોગી થઈ પડે તેવા હોય છે. પણ જેમ કોઈ કંજૂસ પોતાનું ધન જમીનમાં ઊંડે દાટી રાખે છે, તે મરી જાય છે, અને પાછળથી એનું ધન કશા ખપમાં આવતું નથી, તેવી જ દશા આપણા સમાજમાં માનવીના – વ્યક્તિના અનુભવની થાય છે.

"આજે હું તને જે વાત લખવા ધારું છું એ અનુભવ મારા પહેલાં બીજી કોઈ વ્યક્તિએ કર્યો જ નહિ હોય એવું તો કેમ કહેવાય? પણ મને કોઈએ પોતાનો એ અનુભવ જણાવ્યો નહિ! ને તેથી— પણ એ વાત જવા દે.

"તેં આનંદના પત્રમાં લખ્યું છે કે માશી દેવદર્શન કરી સુખેથી દિવસો નથી વિતાવતાં? પણ શશી! તને સાચી વાત લખું? આપણે સ્ત્રીઓ પરાધીનતાની બેડીને વધારે ગોરી દેખાડીએ છીએ ના? એવી જ દશા ઘણું સુખી દેખાતાં માનવીઓની હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારાં શું કરે? દૂધની પ્યાસ છાશથી છિપાવતી વેળા પોતે જાણે અમૃતપાન કરી રહ્યાં છે એવું એમને દેખાડવું પડે છે! એમ ન કરે તો દુનિયાને ખાલી હસવાનું મળે એટલું જ.

"શશી! મારા પિતાજી ખૂબ જ વહાલસોયા હતા. પરણ્યા પછી એક જ વરસમાં મારે માથે વિપત્તિનું વાદળ ઊતરી આવ્યું. આ વિનાની બાલવિધવાને જનતજનતના ત્રાસ ભોગવવાનો એ જમાનો હતો. છતાં બાપુજીએ એ જમાનામાં પણ ભારે હિંમત દાખવી મને – માતાવિહોણી બાલવિધવાને ભણાવી.

"હું નર્સ થઈ; પૈસા પણ સારી રીતે કમાવા લાગી. પિતાજીની વૃદ્ધાવસ્થામાં હું તેમની લાકડીરૂપ બની. પણ શરમનો પડદો ચીરીને લખી જ નાખું છું કે એક જુવાન ડૉક્ટર સાથે મારે પરિચય થયો: પરિચયમાંથી પ્રેમ પેદા થયો. એ આનંદના દિવસો—

"એ દિવસોમાં મારા પગ પૃથ્વીને સ્પર્શતા જ નહોતા; હું જાણે અદ્ધર હવામાં જ તર્યા કરતી હતી. પતિ ડૉક્ટર અને પત્ની નર્સ! ગરીબોને ખૂબખૂબ મદદગાર બનવાનાં મનોરાજ્યોમાં હું રાચતી હતી!

"પણ પિતાજીને મારો પરણવાનો વિચાર લગીરે રુચ્યો નહિ. હું પરણું તો તેમનું બાકીનું જીવતર ભારે દુઃખી થાય એ સ્પષ્ટ હતું. સમાજસુધારાની બાબતમાં મને ભણાવવા સુધીની જ કાળ તેઓ ભરી શક્યા. બીજો ઉપાય નહોતો. પેલા જુવાનને મેં ના પાડી દીધી! પણ તે પછીની કેટલી રાતો સુધી મેં રોજ મારું ઓશીકું આંસુથી ભીંજવ્યું હતું તે માત્ર હું જ એકલી જાણું છું!

"બાપુજી જીવતા હતા ત્યાં સુધી તો તેમની સેવા અને રોજનું મારું કામ એ બે ઘોડીઓના ટેકા પર હું જેમતેમ કરી જીવનપથ કાપ્યે જતી હતી. પણ કોઈનાં બાપાય જિંદગી આખી જીવ્યાં જાણ્યાં છે? પિતાજીનું પાકેલું પાન ખરી પડ્યું! બે આધારો પૈકી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર તૂટી પડતાં હું અપંગ બની ગઈ: ઢીલી થઈ ગઈ.

"માત્ર રોજની ફરજો બજાવતાં મનને નિરાંત વળતી નહોતી. શશી! એમ ન જાણતી કે સેવા, પરોપકાર વગેરે શબ્દોથી હું અણજાણ છું. પણ બેટા! એ સઘળી મનની ક્ષુધાઓ છે. મનની ક્ષુધાઓ શમે તેથી કાંઈ શરીરની ક્ષુધાઓ તૃપ્ત નથી થતી.

"એ જુવાન ડૉક્ટરની મૂર્તિ રોજ મારી નજર સામે ઊભી રહેતી. પણ તેમને પરણ્યાં તો વરસો વીતી ગયાં હતાં. હું એક બીજા સરજન જોડે પરણી. મારા આ પતિનો સ્વભાવ પણ ઘણો સારો હતો; તેઓ પૈસાદાર પણ હતા. હું નર્સનો ધંધો કરું એ તેમને ગમ્યું નહિ; મેં ધંધો કરવો છોડી દીધો.

થોડા દહાડા મેં સંસારસુખનો લહાવો લીધો. પણ એ સુખમાં પહેલા પ્રેમનું જાદુ નહોતું! ખુદ પોતાનું બાળક, અને એવા બાળકને અભાવે પાળવા માટે લીધેલું બીજાનું બાળક, એ બે વચ્ચે તફાવત તો પડે જ ના? દુર્ભાગ્યે લગ્ન પછી મને સંતાનનું સુખ ન મળ્યું, ને હું ફરી વિધવા બની. પૈસાટકાની અનુકૂળતા હતી એટલે હવે પાછો નર્સનો ધંધો કરવાની મારી મરજી ન થઈ. બીજું કશું કામ ન રહેવાથી મેં દેવદર્શનનું નિમિત્ત શોધી કાઢ્યું.

"તારા-મારા સરખી સામાન્ય વ્યક્તિઓ માત્ર 'સેવા'થી જિંદગી જીવી શકતી નથી. આપણે પોતાના હૈયામાં કશી સ્નિગ્ધતા પામીએ તો જ તે બીજાને આપી શકીએ છીએ. નહિતર—

"અંગત જીવનનાં દુઃખો માનવી કયાં વિસારે પાડે છે તે તું જાણે છે? કાં તો દેવદર્શનમાં, કાં તો દેશભક્તિમાં, અગર તો દવાખાનામાં. પણ એ બધી મહેનત છતાં એ ભુલાય છે ખરાં? હરગિજ નહિ! દિલના દાહ તો પોતાના મનગમતા માનવીના બાહુપાશમાં અગર તો પોતાનાં નાનાં બાળકોને છાતી સરસાં ચાંપવામાં કે તેમની બચીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ માત્ર વીસરી શકાય છે!

"મત્સ્યગંધાના ચિત્રપટમાં તેં ભીષ્મને તો જોયા; પણ તેં શંતનુને જોયા હતા? તેં એને કેવળ એક અંતઃકરણ વિહીન પિતા તરીકે જોયાજાણ્યા હોય તો તું ભૂલે છે. માનવીના દિલમાં ભીષ્મના જેટલું જ જોરદાર શંતનુનું મન પણ વાસો કરે છે. એ મનની વાસના અતૃપ્ત રહી જાય તો માનવી દુર્બળ બને છે! જગતમાં પતિવિહોણી બની પાછળ દુઃખમાં ન રિબાવા ખાતર જ સ્ત્રીઓ સતી થતી નહિ હોય એની શી ખાતરી? નહિ તો —

"ગાંડી છોકરી! પ્રેમભંગ એ માનવીના દિલને માટે જબરામાં જબરો જખમ છે. એ જખમ સહજમાં રુઝાઈ જવા જેટલું માનવી તંદુરસ્ત અને બળવાન નથી હોતું. પરિણામે એ જખમ જિંદગી આખી વણરુઝાયેલ જ રહે છે, કોઈ વાર પાકી પણ પડે છે; ને માનવી આખું જીવતર ઘાયલ દશામાં જ નિરુપયોગી બની ગાળે છે.

"જીવન એ પૂજા છે, એ વાત સાચી હોય તોપણ, શશી! પૂજામાં હમેશાં તાજાં ફૂલો જોઈએ છે. એમાં વાસી ફૂલો—નિર્માલ્ય બની ગયેલાં પુષ્પો ખપ નથી આવતાં. લગ્ન વિષેના તારાં માતપિતાના આજના ખ્યાલો એ વાસી ખ્યાલો છે—નિર્માલ્ય બન્યા છે. તને એમ નથી લાગતું?

"શશી! તું સુખી થાય એટલા જ ખાતર હૈયું કઠણ કરીને આ બધું લખું છું. પોતે ન ભોગવેલું સુખ કાંઈ નહિ તો પોતે જેના પ્રત્યે અત્યંત વહાલ રાખે છે એવું માનવી પણ પામી શકે તો ઘણું સારું એવી વાસના દરેકને રહે છે. એ કારણે મને જે લાગ્યું તે બધું તને પત્રમાં લખ્યું છે. કશું વધારે પડતું લખાયું હોય તો માફ કરજે. ન લગાડતી.

તારી માશી."

આનંદ પત્ર પૂરો કરતો હતો ત્યાં જ બાનો અવાજ સંભળાયોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આનંદ?'

તે પડેડાં તો શશી દરવાજે દોડી ગઈ હતી.

'તું ક્યારે આવી?'

'હમણાં જ.'

રસોડામાં ભાતની તપેલી ઢાંકયા વિનાની જ પડેલી જોઈને બાએ કહ્યું: 'આનંદ! ભાત તો હરીને સાવ ફીંકરું થઈ ગયા હશે!'

આનંદે આસ્તેથી જવાબ આપ્યો: 'હું જમી લેવાનો જ હતો પણ—'

'પણ પણ શું કરે છે? આવતાંવેંત હું શશીને નવા ભાત રાંધી ન દેત?'

'બા! તું સાંભળતો ખરી? એમ નથી. શશી કહે: ફઈબાની હાજરીમાં જ હું તને કોળિયો આપવાની છું—તારું નામ લઈને જ!'

આનંદનું નામ શશીને હોઠ સુધી આવી ચડયું હતું, પણ કેમે કર્યું એ હોઠ વાટે બહાર ન નીકળ્યું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલોકનકારનું અવસાન!

અરીસા સામે ઊભો રહી હું મારાં કપડાં બરાબર ઠીકઠાક છે કે કેમ તે તપાસી જોતો હતો. એટલામાં પૂનાના *'ઢાલગજ' માસિકનો ખાસ 'લક્ષ્મીબાઈ અંક' મારા પર અવલોકન માટે આવ્યો. મારા પર એટલે મારે સરનામે નહિ, પરંતુ મુંબઈથી નીકળતા 'મુરલી' માસિકના તંત્રીએ મોકલી આપ્યો. છ મહિના પહેલાં મરાઠી ભાષા લઈને હું બી.એ. પાસ થયો ત્યારથી મેં એ તંત્રીને અવલોકનના કામમાં મદદ કરવા માંડી હતી. ખરું જોતાં દેવું અને દરદ કોઈને ગમે નહિ, પરંતુ અવલોકન લખી આપવાના કાર્યમાં ગયા છ મહિના દરમિયાન મેં એકે ય વાર આળસને આડે આવવા દીધું નહોતું. સમાલોચનની તીખી કુહાડી હરેક ઊગતા ઝાડ–સાહિત્યસર્જન પર ચલાવવા ખાતર મારા મિત્રો મને જ્યૉર્જ વૉશિંગ્ટન કહી ચીડવતા પણ ખરા! પણ મને લાગુ કરેલી એ તુલનાને હું જુદી રીતે જ મનમાં ઘટાવતો. જ્યૉર્જ વૉશિંગ્ટને ભવિષ્યમાં જેમ અમેરિકાને સ્વાતંત્ર્ય સંપડાવી દીધું હતું, તે જ મિસાલે બાપકમાઈ પર જીવતા કલમબાજો અને ધોળા પર કાળું કરી જાણનારા લેખકમન્યો (દંભી લેખકો) ના હાથમાંથી મરાઠી ભાષાને હું મુક્તિ અપાવીશ એવી જાતનો આત્મ-વિશ્વાસ ધીરે ધીરે મારામાં પેદા થતો જતો હતો! ન્યાયાધીશ તરીકે રામશાસ્ત્રીનું નામ ઇતિહાસમશહૂર થયું એ જ રીતે અવલોકનકાર તરીકે મારી નામના થાય એવા હેતુથી હું કાયમ નિસ્પૃહતાપૂર્વક

* આ મરાઠી શબ્દનો અર્થ ભરાડી જેવો–માથા ભારે જેવો થાય છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાફ સાફ શબ્દમાં મારો અભિપ્રાય જણાવતો. 'પુસ્તક આવકાર પાત્ર છે' એ જાતના શબ્દોને બદલે હું 'પસ્તી તરીકે ઠોપલીમાં નાખવા પાત્ર છે' એટલો ફેરફાર કરીને સમાલોચનાને ચમકદાર બનાવતો. કેશવપન (વિધવા સ્ત્રીને માથે મુંડન કરાવવું તે) અંગે નવલકથા લખનાર એક લેખકને મેં 'નરકે હજામ નવલકથાને મૂંડે' એમ કહી નવાજ્યો હતો! 'સદરહુ પુસ્તકે મરાઠી સાહિત્યમાં ૨૧૩॥ પૃષ્ઠોનો ઉમેરો કર્યો છે.' 'કવિતા એ કવિની પુત્રી જ ગણાય; પક્ષા વિના જેમ સમાજમાં કન્યાને કોઈ લેતું નથી તે જ પ્રમાણે આ કવિતાઓનું પણ થવાનું છે. માટે પુસ્તકને પહેલે પાને કિંમત એક રૂપિયો છાપ્યું છે તેને બદલે ખરીદનારને રૂપિયો એક મળશે એમ છાપ્યું હોત તો પુસ્તક તુરત ઊપડી જવાનો સંભવ છે.' વગેરે વિશિષ્ઠ પ્રકારના શબ્દપ્રયોગો મારી સમાલોચનાનું ધોરણ કઈ જાતનું હશે તેનો ખ્યાલ આપી શકે છે. મારાં આ અવલોકનો લોકપ્રિય થયાં હતાં એ વિષે શંકા જ નથી; પરંતુ મારા હિતશત્રુઓ તો એને ગરમા-ગરમ ભજિયાંની લોકપ્રિયતા કરતાં વધારે અગત્ય આપવા જરા ય તૈયાર નહોતા. કોઈ બહુ નજીકનો મિત્ર મને સવાલ કરતો: 'અરે ભાઈ! અવલોકનો લખવા માટે તેં સાહિત્યનો એવો કયો ઊંડો અભ્યાસ કર્યો છે તે કહીશ?' ત્યારે 'ભાઈસાહેબ! મધની મીઠાશ અગર કવી-નાઈનની કડવાશ પારખવા કાંઈ નિશાળે ભણવા બેસવાની જરૂર થોડી જ હોય છે?' એવા મારા રોકડા જવાબથી હું તેને તુરત મૂંગો બનાવી દેતો. 'કવિ પ્રમાણે સમાલોચક પણ ઘડી શકાતા નથી; એ તો જન્મે જ છે.' 'અવલોકન કરતાં આવડવું એ ઈશ્વરી બક્ષિશ છે!' વગેરે જાતનાં વાક્યો હું ગાયત્રીમંત્ર કરતાં પણ વધારે પવિત્ર અને આદરણીય માનતો.

પણ 'લક્ષ્મીબાઈ અંક' મારા હાથમાં આવ્યો તે વેળા હું મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ 'ઈશ્વરી બક્ષિશ' નો ઉપયોગ કરી શકું તેવી સ્થિતિમાં નહોતો. મારું દિલ એ વેળા મારી ભાવિ 'લક્ષ્મી' નું ચિત્ર દોરવામાં તલ્લીન બની ગયું હતું. એક કલાક પછી મારે કન્યા જોવા–વધૂપરીક્ષા અર્થે જવાનું હતું. એ પરીક્ષા એવી છે કે પરીક્ષા આપનાર વિદ્યાર્થી પેઠે જ પરીક્ષકનું હૃદય પણ એમાં થડકારા કરતું હોય છે ! મારી વધૂપરીક્ષા તો કેવળ દેખાવ પૂરતી જ હતી. મારા વડીલવર્ગે કન્યાને કચારની 'પાસ' કરી દીધી હતી; માત્ર પાછળથી મારે બોલવા-બારી ન રહે માટે મારે પણ કન્યા જોઈ આવવી એમ નક્કી થયું હતું. અને છતાં કન્યા જોવાનો આ નાટક ભજવવામાં મારું હૃદય ઉદાસ નહિ પરંતુ અતિશય ઉત્સુક બની રહ્યું હતું. અને ખરી વાત છે કે આકાશના અંતઃપટ પાછળ છુપાયેલ દેવ અને લગ્નના અંતઃપટ પાછળ સંતાયેલ દેવીનાં દર્શનની ઉત્સુકતા કોને ન થાય ? બાકી કન્યાનાં ભારોભાર વખાણ કર્યાં હતાં ! પણ માત્ર મોંનાં વખાણથી આંખને સંતોષ મળતો હોત તો પંઢરપુરના વારકરીઓ (જત્રાળુઓ) વિઠોબાની શામળી મૂર્તિનાં દર્શન કરવા સારુ શા માટે ગાઉના ગાઉ ટાંગા ઢસડતા આવત ? વધૂમુખદર્શન અર્થે મારું અંતર એટલું તો ઉત્કંઠિત બન્યું હતું કે બાડીમાં તરતો આવતો માણસ સાગરના સંગમ નજીક આવી પહોંચતાં જેમ આનંદ અને મૂંઝવણ બંને લાગણીઓનો સાથે અનુભવ કરે છે, એવી જ તરેહનો અનુભવ હું પણ લઈ રહ્યો હતો.

અવલોકન અર્થે મોકલેલા અંકની સાથે તંત્રીએ ચિઠ્ઠી મોકલી હતી : 'અભિપ્રાય એકાદ કલાકમાં જ લખી મોકલજો; પરમ દહાડે પ્રગટ કરવાના અંકમાં તે છાપવાનો છે.' મારી એ વેળાની દોડા-દોડીમાં (શરીરની નહિ પરંતુ મનની) આખો અંક વાંચી અવ-લોકન લખવા બેસવું એ અગ્નિપરીક્ષા સમાન અકારું હતું. સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટે ભાગે હું એવા શિક્ષકોની પાસે ભણ્યો હતો કે જેમણે પરીક્ષાના ઉત્તરપત્રોનો થોકડો લાકડી વડે ઉથલાવીને ડાબી બાજુ પડે તે પાસ અને જમણી બાજુ પડે તે વિદ્યાર્થીઓને નપાસ કરાવ્યા હતા! આમ હોઈ કેવળ પાનાં ફેરવી જઈ અભિપ્રાય લખી નાખવામાં મને કશી જ હરકત આવે તેવું નહોતું! મેં અનુક્રમણિકા કાઢીને લેખો અને તેના લેખકોની નામાવલિ વાંચવા માંડી. મોટા ભાગના અવલોકનકારોને એ પાનું પુષ્કળ ઉપયોગી થઈ પડે છે. એવા અવલોકનકારોના અભિપ્રાયમાં આખા અંકની એક નવી રીતે ફરી ગોઠવેલી અને સહેજ મીઠુંમરચું ભભરાવેલી અનુક્રમણિકા જ સાંપડે છે! પણ અવલોકનની મારી પદ્ધતિ જુદી જ તરેહની હતી. લેખ અને લેખકનાં નામો હાથ લાગ્યા પછી જોને નામના મેળવવા જેવું અવલોકન કરતાં આવડે નહિ એણે કલમ પકડવાની તસ્દી લેવાની જ શી જરૂર હોય? મેં તુરત નામો વિષેની શોધ ચાલુ કરી દીધી. અનુક્રમણિકામાં વચમાં જ 'કુમારી કમલા'એ લખેલા 'સ્ત્રી અને તલવાર'વાળા લેખના મથાળાએ મારું ધ્યાન ખેંચ્યું અને મૃચ્છકટિકનું સ્મરણ થઈ આવતાં 'સ્ત્રી એ કદાચને કામદેવની તલવાર હશે!' એમ હું મનમાં બબડ્યો પણ ખરો. ફટકા લગાવવા કહો અગર તો ચૂંટી ખણવા કહો, સમાલોચન માટે 'સ્ત્રી અને તલવાર' વાળો વિષય મેં પસંદ કર્યો.

ઝપાટાભેર મેં અવલોકન લખી નાખ્યું —

"ઢાલગજ' માસિકનો આ ખાસ 'લક્ષ્મીબાઈ અંક' છે. લક્ષ્મી અને સરસ્વતીને કાયમી વેર ચાલ્યાં આવે છે એ પુરાણપ્રસિદ્ધ વાત છે; તે અનુસાર આ 'લક્ષ્મીબાઈ અંક' સાહિત્યની દૃષ્ટિએ તદ્દન ઢંગધડા વિનાનો નીકળ્યો છે એ કહેવાની જરૂરિયાત હોય એમ અમને લાગતું નથી. સ્થાલીપુલક ન્યાયે પરીક્ષા કરવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો વાચકોને કુમારી કમલાએ લખેલો લેખ વાંચી જવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. એ લેખનું નામ 'સ્ત્રી અને તલવાર' છે. પરંતુ લેખના મથાળામાં લખ્યું છે તેમ કોઈ સ્ત્રીની પાસે તમે તલવાર ભાગ્યે જ જોઈ શકશો. (આજના જમાનામાં તો પુરુષો પાસે પણ તે હોવી અશક્ય જ છે !) કુમારી કમલા હજુ અવિવાહિત જ હોય એમ જણાય છે. તેમનો આ તલવારનો રોફ એમનાં લગ્નની આડે ન આવે તો જાણે જગ જીત્યા ! દુનિયામાં 'સ્ત્રી અને તલવાર'ની જોડી કરતાં 'સ્ત્રી અને વેલણ'ની જોડી જ વધારે પ્રમાણમાં નજરે ચડવા છતાં લેખિકાએ લેખમાં તલવાર શા માટે ખેંચી આણી છે તે અમે સમજી શકયા નથી. 'લેખો'ના પ્રવેશદ્વારે જ લટકતી આ તલવાર દેખ્યા પછી અંદર પેસવાની મૂર્ખાઈ કોઈ ભાગ્યે જ દાખવશે એમ અમે માનીએ છીએ !"

કાંડે બાંધેલ સોનાના રિસ્ટવૉચમાં જોતાં જોતાં મેં ઉપરની લીંટીઓ ઘસડી કાઢી અને તંત્રીજીને મોકલી આપી. તુરત જ ઘડિયાળનો ટકટકાટ અને છાતીનો ફડફડાટ એવા સંયુક્ત વાજિંત્રોના સરઘસ સાથે ખાસ પૂનેથી મને બતાવવા લાવવામાં આવેલી કન્યા—મારી ભાવિ પત્નીનાં મુખદર્શન અર્થે હું ઊપડ્યો. ત્યાં 'નેત્રો દૃષ્ટિસુખ અનુભવતાં હતાં, હૈયું હેલારે ચડ્યું હતું અને જીભ ચારુપી અમૃતરસનું પાન કરતી હતી !' એવી અવસ્થામાં જેમતેમ કરી થોડો કાળ પસાર કર્યો. તે વેળા મારા એ ભાવિ શ્વસુર લાટસાહેબને રીઝવવા તળેઉપર થઈ રહેલા કોઈ દરબાર—ઠાકોરની મિસાલે મારી આગતાસ્વાગતા કરી રહ્યા હતા. ભાવિ જમાઈને પ્રસન્ન કરવાના હેતુથી તેમણે કહ્યું: 'અમારે આ બેન છે, તે મોટી મોટી ચોપડીઓ વાંચે છે એટલું જ નહિ, લેખો પણ લખે છે !'

'બાપુજી ! તમે પણ શી એવી એવી વાત કરતા હશો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યાએ કૃત્રિમ રોષ દર્શાવતાં કહ્યું.

મને હસવું આવ્યું. બિચારીએ રસોડા અંગે બેચાર વાતો લખી હશે (અથવા કદાચ સાંભળી હશે!) એનું પિતાને ભારે અભિમાન થઈ આવ્યું હશે. મરીની રોટલી, ભોજન મરચાંના ભાત, લવિંગની ખીર અગર આલુબદામના મીજની પૂરીઓ વગેરે બનાવવાની શાસ્ત્રીય શોધો પોતાની પુત્રીએ કરી હશે, અને તેણે બજાવેલી આ જાતની 'સાહિત્ય'ની સેવાની પ્રશસ્તિ પિતાજી કરી રહ્યા હશે! મને હસતો દેખીને મારી ભાવિ પત્નીએ સહેજ રોષભરી આંખે મારા તરફ જોયું. એ નજર તરફ મારું ધ્યાન જતાં જ મને ઘડી પહેલાંનો 'સ્ત્રી અને તલવાર'વાળો લેખ તુરત સાંભરી આવ્યો!

× × ×

'દસ તો વાગી ગયા હશે! આટલું બધું શું લખવાનું હશે દૈવ જાણે! લક્ષ્મીની પેઠે જ નિદ્રાદેવી સાથે પણ સરસ્વતીને સદા આડવેર હશે શું?'

હું લખવાના—બેશક અવલોકન લખવાના જ કામમાં તલ્લીન બની ગયો હતો. મારી રસલક્ષતિ થતાં જ મેં ટાણો માર્યોઃ 'નિદ્રા અને માત્ર લક્ષ્મી સાથે જ નહિ પરંતુ ગૃહલક્ષ્મી સાથે પણ સરસ્વતીને આડવેર હોય છે!'

'સાચેસાચ? હું તો એ જાણતી જ નહોતી! ત્યારે તો જે પત્નીનો ઇરાદો પતિના કંઠનો નવલખો હાર બની બેસવાનો હોય, તેણે પોતાનો પતિ સરસ્વતી દેવીના હૈયાનો હાર ન બને એ વિષે ખૂબ જાગૃત રહેવું જોઈએ, નહિ?'

'તારા આ સઘળા વાણીવિલાસને પણ રાત્રિના જ ઓપ ચડતા લાગે છે! ને સરસ્વતી પણ કેવી પક્ષપાતી છે? રાત પડે કે તુરત પોતાની 'સ્ત્રીજાતિ'ની સહાય અર્થે એ દોડી આવે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ને એ દોડી આવે, ત્યારે એના હૈયાના હાર તો એની સાથે ખેંચાઈ જ આવે ના?'

'ને આવા હજારો હૈયાના હારનાં મણિકાં ગળે બાંધીને ફરતી 'સરસ્વતી' સ્ત્રીઓને જિવ્હાગ્રે ચડી બેસવા છતાં એ જિવ્હા તૂટી નથી પડતી એ જ નવાઈ છે!'

'પુરુષોની કલમની જડ અણિ જો ભાંગી ન જતી હોય તો સ્ત્રીઓની જીભનું જીવતું ટેરવું શી રીતે તૂટી પડે?'

'અત્યારે હું એક સ્ત્રીએ લખેલા લેખ ઉપર અવલોકન લખવા બેઠો છું. ને હું ધારું છું કે માટે જ તેં અત્યારે સ્ત્રીજાતિની વહારે ધાવાને ઇરાદે મારા પર વેર વાળવાનો નિરધાર કર્યો છે!'

'મને એ લેખ જોવા–વાંચવા દેશો?'

'એમાં વાંચવાનું શું છે? એવા કોરડા માર્યા છે કે ફરી વાર લેખ લખવાનું નામ નહિ લે!'

'એમ! જૂના જમાનાના પુરુષો માત્ર પોતાની જ સ્ત્રીઓ પર હાથ ઉપાડતા; આજના જમાનાના પુરુષો સુધર્યા ખરા ને, એટલે હવે પારકી સ્ત્રીઓ પર હાથ ઉપાડતાં શીખ્યા લાગે છે!'

'અરે, તું એટલું પણ ન સમજી? કોરડા મારવા એ તો માત્ર શબ્દનો અલંકાર છે. આ શિક્ષા તો માનસિક જ હોય છે.'

'ને તેથી જ એ વધારે ખૂંચે છે. તેજીને ટકોર પણ વધારે થઈ પડે! હું કહું છું કે કલમથી કામ પતતું હોય ત્યાં કુહાડા શા સારુ વાપરવા?'

'અરે પણ આવી સખ્તાઈ ન દાખવીએ તો આવતી કાલે સાહિત્યનું આખું ઉદ્યાન વિષવૃક્ષોથી ગીચોગીચ ભરાઈ જાય તેનું?'

'પણ એ કુહાડા ચલાવતાં કોઈ વાર ન ઇચ્છેલાં ઝાડો પણ કપાઈ જાય! ફૂલ ખીલે તે પહેલાં ગુલાબનો છોડ આખો કાંટાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ભરેલો હોય છે. તમારી રીતે તો એવો હુકમ કાઢવો જોઈએ કે આ કાંટાળા છોડની કશી જરૂર નથી; ઉખેડી નાખો એને!'

'તેં તો આજે જાણે મારા પર જ ટીકાસ્ત્ર ચલાવવા માંડ્યું જણાય છે! સંસારરૂપી સાહિત્યમાં પતિપત્નીનો સંબંધ ગ્રંથકાર અને અવલોકનકારનો જ હોવો જોઈએ એમ તો નથી ના?'

'સ્ત્રીઓ ટીકાખોર અને તોપણ એ ટીકાઓ તેમની જાત પેઠે જ ઘરની ચાર દીવાલોની અંદર સમાઈ રહેવાની ના?'

'તું સ્ત્રીઓનો પક્ષ કરે એમાં કશી નવાઈ નથી. પણ ચાલ, ત્યારે મારા આ અવલોકનમાં ક્યે સ્થળે ભૂલ છે તે તું બતાવશે તો ખરી ના? હું તો એમ જ માનું છું કે બાળકો પ્રમાણે લેખકો પણ લાડ લડાવ્યાથી બગડી જાય છે; સમજી?'

'ત્યારે તમે અવલોકન કઈ તરેહનાં લખો છો તે સમજાવશો?'

'અરે વાહ! તું તો આજે મારી પરીક્ષા લેવા બેઠી દેખું! વધૂપરીક્ષાનો આ બદલો તો નથી લેવાતો ના?'

'વાત એમ મશ્કરીમાં ઉડાવી દીધે કાંઈ ચાલે?'

'મશ્કરી નથી કરતો. જો, અવલોકન કેમ કરાય તે તને સમજાવું. આ ધંધામાં—ધંધો નહિ, એને કલાનું જ નામ આપવું જોઈએ; એટલે આ કલામાં લાલબૂરી પેનસિલની ખૂબ જરૂર રહે છે. દોષ જણાય તો રાતી નિશાની અને ખાસ ગુણ દેખાય તો બૂરી નિશાની કરવી, એ આ કલાની મુખ્ય ચાવી છે!'

'પણ આ લાલબૂરી નિશાનીઓ કેટલામા વાંચનવેળા કરવામાં આવે છે?'

'કેટલામા કેમ? પહેલા વાંચનવેળા જ તો! લેખો ફરીફરીને વાંચી જવા માટે અવલોકનકારો શું સાવ નવરા જ બેઠા હોય છે?'

'ખાસો ન્યાય ત્યારે તો! લેખક મહેનત કરીને મરી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે માંડ લેખ લખી શકે; ને લેખક પૂરો મરી ન ગયો હોય એટલે અવલોકનકાર ઉપરથી શબ્દપ્રહારો કરે, કાં? હું પૂછું છું, લેખકના અંતરમાં શું રહેલું છે તે પહેલા જ વાંચન વખતે અવલોકનકાર શી રીતે જાણી શકે?'

'પણ હું તને એમ પૂછું છું કે અવલોકનનું તું આવું આજે ઝીણવટભર્યું અવલોકન કરે છે, તે તને એનો એવો કયો અનુભવ થઈ ગયો છે? તારી કોઈ બેનપણીના લેખ ઉપર કોઈએ સખત ટીકા કરી હશે એટલે જ હું ધારું છું કે તું અવલોકનકાર પ્રત્યે આટલી ચિડાઈ ગઈ છે. પણ બાઈસાહેબ! પ્રેમ આંધળો હોય છે એ ભૂલી ન જશો, હોં?'

'અને દ્વેષ આંધળો હોવા ઉપરાંત દુષ્ટ પણ હોય છે! માતાને જેમ પોતાના બાળકને કોઈ કદરૂપું કહે તો નથી ગમતું, તેવી જ લાગણી લેખકને પોતાના લેખ પરત્વે પણ હોય છે, સમજ્યા?'

'પણ મારે એમ કહેવું છે કે તું હજુ માતા પણ બની નથી તેમ લેખિકા પણ બની નથી. એટલે આ વિતંડાવાદ અસ્થાને છે!'

શ્રીમતીએ આગળ કશો જવાબ ન આપતાં પોતાની બૅગ તરફ પગલાં માંડ્યાં. બૅગ ખોલીને એક નાનકડી હસ્તલિખિતની ફાઇલ તેણે મારા સામે ધરી—કહો કે મારા પર ફેંકી!

'ઓ હો! હવે સમજ્યો.' મેં હસતાં હસતાં કહ્યું, 'આટલી લાંબી વકીલાત તો આ લેખ ઉપર ટીકા ન થાય એટલા માટે જ કરવામાં આવી લાગે છે!'

'એક વાર વાંચી તો જુઓ?'

પત્નીનો પહેલો લેખ! એ તો 'पहिले चुंबन'* કરતાં પણ

* મરાઠીમાં પ્રખ્યાત કવિ ગડકરીનું 'પહિલે ચુંબન' નામનું ખૂબ લોકપ્રિય થઈ પડેલું કાવ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્ય માટે વધારે સુંદર વિષય થઈ પડે! મને લેખ ખરેખર સારો લાગ્યો. મારા મોં પર પથરાયેલ આનંદનો ભાવ દેખી એના મોં પર પણ હાસ્યની રેખાઓ ઊમટી રહી.

'આ કલામાં પણ રાણીસાહેબ નિપુણતા ધરાવતાં લાગે છે ને શું? ગૃહલક્ષ્મી પોતે જ સરસ્વતી હોય પછી પતિના ભાગ્યની તો પરિસીમા જ ક્યાં રહી?'

'ટીકાથી નહિ તોપણ શરમથી હું મરી રહું એવી તો તમારી ઇચ્છા નથી ના?'

'હરગિજ નહિ! બંદૂક હાથમાં હોય તેથી શું શિકારી કોયલ પર ગોળી છોડશે? પણ તેં આ લેખનું કશું નામ કેમ નથી આપ્યું? સ્ત્રીઓથી જેમ પતિનું નામ ન લેવાય તેમ જ પોતાના લેખનું નામ પણ જાતે ન પડાય એવો આર્ય સ્ત્રીધર્મનો કોઈ કાયદો તો નથી ના? હું તો આ લેખ છપાવવાનો જ છું!'

'છપાયો પણ છે!' પણ એ બોલતી વેળા એની આંખો સજળ બની હતી.

નવાઈ પામી મેં પૂછ્યું: 'ક્યાં?'

'દાલગંજ માસિકના 'લક્ષ્મીબાઈ અંક'માં. પણ 'મુરલી'ના પેલા તંત્રીએ નાહકનો એ લેખ ઉતારી પાડ્યો હતો!'

'એ લેખનું નામ શું હતું?' મેં અચકાતે અચકાતે પૂછ્યું.

'તંત્રીએ પોતે જ એ લેખનું મથાળું લખ્યું હતું: સ્ત્રી અને તલવાર.'

સામે જ પત્ની ઊભી હોવા છતાં જાણે કોઈએ મારી ગરદન પર જ તલવાર ઉગામી હોય એમ મને લાગ્યું!

કશો જવાબ આપ્યા વિના સામે પડેલાં અધૂરા અવલોકનનાં પાનાં મેં દીવાની જ્યોત પર ધર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાં હાં, આમ શું કરતા હશો?' હાથ લંબાવી રોકવાનો અભિનય કરતાં શ્રીમતીએ સ્નેહભર્યા સ્વરે પૂછ્યું.

'મારામાં રહેલા અવલોકનકારને આંખો ને આંખો સળગાવી દઉં છું.'

'એટલે?'

'હાજરાહજુર હનુમાનજી પાસે જતાં જેમ ભૂત ભાગી જાય, તેમ લેખિકાપત્ની હાજર થતાં જ પતિના શરીરમાં ભરાયેલ અવલોકનકારનું ભૂત અત્યારે અદૃશ્ય થઈ રહ્યું છે!'

'ત્યારે હવે તમે ભવિષ્યમાં કદી અવલોકન નહિ જ લખો?'

'ના, કદી કહેતાં કદી નહિ. સૂર્ય પશ્ચિમમાં ઊગે....વગેરે વગેરે ઘણું ઘણું બની જાય, પણ આ કલમમાંથી હવે કદી પણ ટીકા–અવલોકનના અક્ષરો તો ઊતરશે જ નહિ!'

'એવું તે થતું હશે? મારા પર આટલો બધો ગુસ્સો?' વધારે નજીક આવી લાડભર્યા સ્વરે કમળાએ આજીજી સાથે કહ્યું.

'તારા પ્રત્યે ગુસ્સો થયો તેથી નહિ, પણ વહાલ ઊપજ્યું તેથી જ મેં આજથી અવલોકન નહિ લખવાનું પાણી મૂકયું છે! તારા સમી સાક્ષાત્ કવિતાદેવી....હું હું, એમાં શરમાવવા જેવું શું છે?....તું સમજી નહિ; પણ અવલોકનનું અવસાન એ જ કાવ્યનો અરેા જન્મ ગણાય!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળી ગયેલો મોર

પોતાની બદલી પૂનામાં થયાના બબર એમણે આપતાં જ ઘરમાં આનંદ આનંદ થઈ રહ્યો; જાણે બગીચો ખીલ્યો હોય, એવું થયું! મૂળે એમની જન્મભૂમિ પણ ઘાટની પેલી મેરની પૂના તરફની જ. પરંતુ નોકરીને કારણે પોતાને પંદર વરસ સુધી રત્નાગિરિમાં ભરાઈ રહેવું પડેલું! આથી એ આજુ બદલી થયાના સમાચારે તેમને હરખ થાય એમાં નવાઈ નથી. સ્ત્રીઓ ઉંમરમાં ગમે તેવડી મોટી થાય તોપણ પિયેરનું મમત્વ—ખેંચાણ તેમને રહે છે જ! પુરુષો માટે પિયેર તો નથી હોતું; પરંતુ જે ગામમાં તેઓ નાનેથી મોટા થાય છે તે વિષે તેમના દિલમાં કોઈ અજબ આકર્ષણ રહે છે. બીજાની બાબતમાં ગમે તેમ હોય, તોપણ અમારે ત્યાં એમને વિષે તો એ સાચું જ હતું. કુટુંબનાં સઘળાં મોટેરાં કોલ્હાપુર બાજુના ગામડામાં પોતાના વતનમાં રહેતાં. પણ લાંબી રજાઓ પડે ત્યારે ભાઉરાવને એ ગામડામાં જવા કરતાં પૂના-મુંબઈની સફર મારવાનું મન વધારે થઈ આવતું.

હવે તો કાયમ પૂનામાં જ રહેવાનો લાભ પોતાને મળશે એ વિચારે તે દહાડો ભાઉરાવ વધારે ઉલ્લાસમાં હતા. મોટો દીકરો દિનુ હવે રત્નાગિરિ હાઈસ્કૂલને બદલે ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ અગર નૂતન મરાઠી વિદ્યાલયમાં જવાનો લાભ મળશે એ વિચારે આનંદમાં આવી ગયો હતો. તેનાથી નાનો મધુ પોતાને દેવધરની ક્રિકેટની ફાંકડી રમત જોવાનો લાભ મળશે તે માટે કૂદી રહ્યો હતો. ક્રિકેટ પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મધુ ખરેખર ગાંડો જ છે! ઉપાએ વળી પૂનામાં પગ દેતાં જ ટિળક તળાવમાં તરવા જવાનું નક્કી કરી દીધું છે. અને નાની એવી ઇંદુ? એની એક આંખ હસતી હતી તો બીજી આંખમાં દુઃખના દરિયા ઉછળતા હતા. એની ઢીંગલીનાં લગ્ન પડોશીના ઢીંગલા સાથે કરવાનું નક્કી થયું હતું; હવે એ લગ્ન તૂટી જશે એ વિચારે એ દુખી દુખી હતી! ઉપરાંત ઘરમાં પાળેલી મીની અને તેનાં બચ્ચોળિયાંને પૂના શી રીતે લઈ જવાં એ ભારે વિકટ સવાલ તેને મૂંઝવી રહ્યો હતો. 'એને તો અહીં જ રાખીશું!' એમ મેં કહ્યું ત્યાં તો બાએ મોટો ભેંકડો તાણેલો! એ બચ્ચોળિયાં ખાતર પોતે પાછળ એકલી રહેવા પણ તૈયાર થઈ હતી. બચ્ચોળિયાં વિષેનું એનું આટલું બધું વહાલ દેખી સહુ તેને ચીડવવા માંડ્યાં હતાં.

પણ ખરું જોતાં એકલી ઇંદુનું જ એવું હતું એમ ન કહેવાય. સત્તર અઢાર વરસનો ઘરવાસ ભોગવેલી આવડી મોટી એની હું મા—પણ આસપાસની નાની મોટી અનેક બાબતોને પડતી મૂકીને જવાનો વખત આવતાં મને પોતાને પણ આકરું લાગતું હતું. કૂંડીમાં વાવેલાં તુલસીનો એ લીલોકુંજ કયારો! એને માથે લટકતાં કલગી જેવાં ડાંગરનાં ડૂંડાંશાં શોભતાં માંજર!—એ તુલસીકયારો પૂનામાં ઉઠાવી જઈ શકાય તો કેવું સારું, એ વિચાર મારા મગજને પણ સ્પર્શી તો ગયો જ હતો!

ભાઉરાવ નોકરીમાં પ્રથમ જોડાયા ત્યારે તેમની નિમણૂક રત્નાગિરિ ખાતે જ થયેલી. ત્યાં આવ્યાં ત્યારથી અમે એક જ ઘરમાં રહ્યાં હતાં. એ કારણે જેમજેમ પૂના જવાનો દિવસ નજીક આવવા લાગ્યો તેમતેમ ઘરનો ખૂણેખૂણો જાણે એને વાચા ફૂટી હોય તેમ અનેક સ્મરણો કહી સંભળાવવા લાગ્યો. વચલા ઓરડાની એ ખૂણાની જગ્યા—મધુને ટાઇફૉઇડ થયેલો ત્યારે એનો ખાટલો ત્યાં જ રહેતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. તલ ફાટે એવો સખત તાવ એને ચડતો. નવમે દહાડે તો 'ગભરાશો નહિ; ખાસ જરૂર જેવું જણાય તો મને બોલાવજો.' એવી ભલામણ કરીને જ ડૉક્ટર ઘેર ગયા હતા, પણ એમણે કહેલા ધીરજના શબ્દો એમના હૈયામાંથી નહોતા નીકળ્યા! નાનાં બાળકોને જેમતેમ કરી અમે કોળિયા જમાડી સુવાડી દીધાં, અને અમે બંને જણાં મધુના ખાટલા પાસે જાગતાં બેઠાં.

અરધી રાત થઈ. અમારાં બંને પૈકી કોઈની આંખ મટકું ય મારતી નહોતી; છતાં અમે પરસ્પર નજર માંડી શકીએ એટલી ધીરજ હૈયામાં નહોતી. અમે જાગતાં બેઠાં હતાં પણ જાણે ચિત્તભ્રમ સરખાં. એકાએક મધુના કપાળે પ્રસ્વેદ થતો જણાયો, ને જરી વારમાં તો પ્રસ્વેદના ઓઘ ઊલટ્યા. અમે બંને જણાં પોચે હાથે ટૉવેલ વડે એના શરીરેથી પરસેવો લૂછી રહ્યાં હતાં; પણ એને શરીરે તો જાણે ગંગાના પ્રવાહ છૂટ્યા હતા! એમણે થર્મામિટર માંડી તાવ માપ્યો— સત્તાણું ડિગ્રી! થર્મામિટર બાજુએ મૂકી દઈ ભાઉરાવ છાતીફાટ રડવા લાગ્યા. મારાથી પણ રહેવાયું નહિ; તેમને ખભે માથું ઢાળી મેં એ ભીંજવી દીધો. બંનેનાં હૈયાં ખાલી થયાં ત્યારે અમારાથી હસી પડાયું! ગાલ પર આંસુના રેલા ચાલ્યા જતા હતા—ને આંખમાં તો હાસ્ય ચમકી રહ્યાં હતાં! આ પહેલાં અનેક વાર મેં ભાઉરાવને સંભળાવેલું કે માતાના વહાલની બરોબરી જગતમાં કોઈ જ કરી ન શકે. પણ તે વેળા જ હું જાણી શકી કે પુરુષોમાં પણ માતાનું વાત્સલ્યભર્યું હૈયું હોઈ શકે છે. અનવા જોગ છે કે એમને દુનિયાનો વ્યવહાર સંભાળવાનો હોવાથી દુનિયાની દૃષ્ટિએ એમને એ છુપાવી રાખવું પડતું હોય!

જીવનની આવી અપૂર્વ સુખની પળોનો જે સ્થાને અનુભવ લીધો હતો, તે સ્થાન ત્યજી જતાં દિલ ન ચાલે તો એમાં નવાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાની? કાશીજાત્રાએ ગયેલા લોકો ત્યાંથી ગંગાજળ આણીને પૂજામાં સાચવી રાખે છે, તેમ આ સ્મરણપ્રિય સ્થાનની થોડીક માટોડી ભરતાં સુધી પોતાની સાથે જ સંભાળી રાખવાનો વિચાર પણ એક વાર મારા મનમાં થઈ આવેલ! પણ આમ મારા અંતરને વળગી રહેલું ઘરનું એ એક જ સ્થાન નહોતું. ઘર આખાની તલતલ જેવડી જગ્યા અનેક મીઠાં સ્મરણોથી રંગાયેલ હતી, દિલને બહલાવી રહી હતી. મારા સરખું પતિસુખ જે સ્ત્રી પામી હોય તે જ—લગ્ન થયું ત્યારથી આજ સુધીનાં જિંદગીનાં એક પછી એક સઘળાં વર્ષો ખરેખર મોહક સ્વપ્નાં પેઠે પસાર થયાં હતાં. ભાઉરાવના સ્નેહભર્યા સ્વભાવને લીધે જ મારું જીવન વિકસ્યું હતું—ખીલ્યું હતું એમાં કશી શંકા જ નહોતી. નિર્માલ્યમાંથી પાછાં ફૂલો બીલે એવી અમીરસની ફૂંપી એમના સ્વભાવમાં ભરી હતી. માયરામાં એમણે મારો હાથ ઝાલ્યો તે ક્ષણથી માંડી હજુ તાજેતરમાં જ મારી માંદગી વેળા મારે શરીરે હાથ પંપાળતા તેઓ બેસી રહ્યા હતા ત્યાં સુધીના કોઈ પણ પળનો તેમનો સુખદ સ્પર્શ સંભારું છું ત્યારે હૈયું હરખથી નાચી ઊઠે છે. હું અને મારાં બાળકો—અમને સહુને સુખી કરવાનો ભાર એમણે કેટલો હરખભેર ઉઠાવ્યો છે! સંસારને એમણે જાણે ફૂલબાગમાં ફેરવી દીધો હતો. એ બાગનાં અમે ફૂલઝાડો હતાં અને ભાઉરાવ એ બાગને સાચવનારા—હું ય તે છું કાંઈ? એમને કેવી ઉપમા આપવા નીકળી છું? મને સહેજસાજ ઠીક ન હોય તો ઊઠીને પોતે ચા કરી આપે; બાળકોની માંદગીવેળા જો લાંબાં જાગરણ કરવાં પડે તો મને ઉઠાડીને બાજુના ઓરડામાં સૂવા મોકલી આપે, ને પોતે માંદા બાળક પાસે જાગતા બેસે! કપડાં, લત્તાં, ચિત્રો, ફોટાઓ, રમતો—રત્નાગિરિ સરખા બાજુ પરના શહેરમાં પણ અમે પૂના-મુંબઈની મિસાલે હાકમાકથી રહેતાં! સંસાર ભાઉરાવને મન માત્ર ફૂલબાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો; એમને મન એ મંદિર હતું! એ મંદિરની દેવમૂર્તિઓ—બબ્બે! કહેતાં ય શરમ આવે છે, પણ સાથે હરખ પણ એટલો જ થઈ આવે છે—હું અને અમારાં બાળકો જ હતાં!

ભાઉરાવને રત્નાગિરિનો સાગર બહુ ગમતો. દરિયાકિનારે જઈને તેઓ તે સામે ઉત્કંઠાભરી નજર માંડી કલાકોના કલાકો સુધી તાકી રહેતા. એ વેળા તેમની સદા ય હાસ્યભરી મુખમુદ્રા પર જાણે કોઈ ઊંડી વ્યાકુળતા છવાઈ હોય એવું દેખાતું. હું હંમેશાં મારા મનને મનાવતી—સમજાવતી કે ભાઉરાવનું હૃદય જ માત્ર નહિ, એમનું આખું જીવન જ કવિનું છે; એ કારણે જ સાગરને જોતાં એમનું દિલ અસ્વસ્થતા—ક્ષોભ અનુભવતું હશે!

આવતી કાલે હવે રત્નાગિરિ છોડવાનું જ છે એ વિચારે અમે બહુ સાંજે દરિયાકિનારે ગયાં. પૂનામાં ગયા પછી પાછો દરિયો દેખવા નહિ મળે એ કારણે મોટાં બાળકોનાં મન પણ ભારે થયાં હતાં. તે સાથે નાનકડી ઇંદુએ તો ભાઉરાવને પૂછ્યું પણ ખરું: 'ભાઉ! પૂનામાં દરિયો છે?'

'ના બેન!'

'તો મારે પૂના નથી આવવું.'

'કેમ બેટા?'

'પછી પૂનામાં સારું સારું જોવાનું શું મળે?'

'છે, ઘણું ય છે.'

'શું છે?'

'બેન! પૂનામાંથી છે ને, તે સિંહગઢ દેખાય છે.'

'સિંહગઢ એટલે શું?'

'એક મોટો જબરો કિલ્લો. ત્યાં એક જબરી લડાઈ થયેલી. તાનાજી કરીને એક સરદાર હતો. પોતાના દીકરાને ચોરીમાં જ પરણતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતો મૂકી તાનાજી એ કિલ્લો જીતવા ઊપડેલો ! સિંહ જેવો એ શૂરવીર હતો. એ લડાઈમાં એ સિંહ મરાયો પણ કિલ્લો જિતાયો !'

આ વાતમાંથી ઈંદુ કેટલું સમજી હતી એ તો દૈવ જાણે. પણ પોતાના દીકરાનાં લગ્ન અધૂરાં મૂકીને લડવા નીકળેલા તાનાજીનો દાખલો લઈ તેણે પોતાની ઢીંગલીનાં લગ્ન અંધ રાખ્યાં, અને સિંહગઢ જોવા તે અમારી સાથે આવવા ખુશીથી તૈયાર થઈ!

તે દહાડો દરિયાકિનારેથી ઘેર પાછા ફરતાં ભાઉરાવ વારે વારે એક જ ચરણ ગણગણતા હતાઃ

"ધન્ય શિવાજી ! તો રણુગાજી ! ધન્યચિ તાનાજી !" *

ચાલતાં ચાલતાં તેમણે મને સવાલ કર્યોઃ 'આ પોવાડા વિષે તું જાણે છે ?'

મને કાવ્યો વાંચવાનો જરા ય શોખ નહોતો, ને હું કદી વાંચતી પણ નહિ. ભાઉરાવને હું આ વેળા હા પાડી શકી હોત તો કેવું સારું એવો વિચાર પણ મને થઈ આવ્યો. પણ—

તેમણે જુસ્સામાં આવી જઈ કહેવા માંડયુંઃ 'આ પોવાડો જાત થયેલ છે. નાસીક કાવતરા કેસનો એક આરોપી જેલમાંથી છૂટયા પછી પોતાના ભાણેજને મળવા કૉલેજમાં આવ્યો હતો. ટેકરી પરની એ અંધારી રાત હજુ અત્યારે પણ મારી નજર સામે તરે છે ! એના એ ગંભીર—ઘેરા કંઠનો રણકાર હજુ મારા કાનમાં ઘૂમી રહ્યો છે ! એ પોવાડો અમે એની પાસેથી એટલી બધી વખત ત્યાં સાંભળ્યો કે મળસ્કે અમે સહુ એ આખો પોવાડો સાથે જ મોંએ બોલતા બોલતા અમારી હૉસ્ટેલની રૂમે પહોંચેલા.'

બોલતી વેળા તેમની આંખોમાં કોઈ અદ્‌ભુત તેજ વિલસી રહ્યું હતું. સોનાને તાવીએ ત્યારે તે વધારે ને વધારે ચળકતું દેખાય,

* સ્વાતંત્ર્યવીર સાવરકરના બનાવેલા પોવાડામાંથી. એનો અર્થ સરલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી જ ચમકદાર મને એમની આંખો દેખાતી હતી ! એક વાર તો એ પોવાડો અત્યારે જ ગાઈ સંભળાવો એવો આગ્રહ કરવાનું પણ મનમાં થઈ આવ્યું, પણ વળી થયું કે એમાંનું મને કશું સમજશે નહિ, અને બાલી એમનું દિલ દુભાશે !

× × ×

પૂનામાં આવી નવું ઘર ગોઠવતાં તો મારો દમ નીકળી ગયો. પંદર વરસ સુધી હોંશભેર ઘર ચલાવેલું, એનો અટારો શું થોડો હોય ? કોઈ નવા ઘાટનું વાસણ નજરે ચડતાં એ લઈ લેવાનું મને મન થઈ આવતું, અને કોઈ નવી ચોપડી પ્રગટ થયાનું જણાય કે બીજે અઠવાડિયે કચારે એ હાથમાં આવે એની તાલાવેલી ભાઉરાવને થઈ જતી ! મધુના કોટ માટે એમણે ખરીદેલું કાપડ મને ગમે નહિ, અને ઉષાના ફ્રૉક માટે મેં પસંદ કરેલું કાપડ એમની નજરમાં આવશે એની ખાત્રી કહેવાય નહિ ! પરિણામે બધી ચીજો કાયમ એવડી બરીદાતી !

આ સઘળો પથારો પુનામાં વ્યવસ્થિત ગોઠવવો એટલે જટા થઈ ગયેલા વાળની સુંદર વેણી ગૂંથવા જેટલું જ મુશ્કેલ કાર્ય હતું. એટલું ખરું કે દરેક ચીજ પાછી ગોઠવતી વેળા એ ખરીદી હતી ત્યારનું સ્મરણ તાજું થતું. એ રીતે આખું ઘર ફરી માંડતાં માંડતાં સેંકડો સ્મરણો તાજાં થયાં. પણ એ સ્મરણોમાં એકે ય સ્મરણ ભાઉરાવના ચિડાયાનું કે 'બગ્યું ! આ મેં કયાં કર્યું ?' એવા ઉદ્વેગનું નહોતું. મને થયું, ખરેખર હું કેવી ભાગ્યશાળી સ્ત્રી છું !

પણ મને થયેલ આ ભાગ્યશાળીપણાનો હરખ દૈવ દેખી ન શકયું કે કેમ, કોણ જાણે ! પૂનામાં આવ્યાં ત્યારથી ભાઉરાવના મોં પર મેં છેલ્લે દહાડે રત્નાગિરિમાં દરિયાકિનારે જોયેલી વ્યાકુળતાના ભાવો વારે વારે ઉભરાઈ આવતા લાગ્યા. પથારીમાં પડચા છતાં ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબા વખત સુધી તેમને ઊંઘ જ આવતી નહિ. એવી ક્ષણે હું પાસે જઈ પૂછતીઃ 'શું થાય છે?'

તેઓ હસીને કહેતાઃ 'સ્ત્રીઓ ઘીકણ મટીને હવે હિંમતબાજ કયારે થશે?'

હું જાણી જોઈને જવાબ દેતીઃ 'પુરુષો ઘીકણ થશે ત્યારે!'

તે હસી પડતા; છતાં ધીરેથી કહેતાઃ 'પુરુષો તો કયારના બાયલા બની બેઠા છે!'

તેમનો હાથ મારા હાથમાં ખેંચી લઈ હું બોલી ઊઠતીઃ 'એ તો પુરુષોનો માત્ર વિનય છે! કંઈ નહિ તો મારે એ વાત કબૂલ નથી જ નથી!'

એક વાર તો રાતના બે વાગે તેઓ આંટા મારતા હતા. રસ્તે જતા ટાંગાઓના ખખડાટથી એકાએક હું જાગી ઊઠી. જોઉં છું તો એ આંટા મારે! નજીક જઈ મેં પૂછ્યું: 'આમ ઊંઘ શાથી ઊડી ગઈ?'

'ઘડપણને લીધે.'

'છી છી! એવું શું બોલો છો? ચાળીશીમાં પ્રવેશ કરનારને વળી કોઈ ઘરડું કહેતું હશે?'

'ઘડપણ કેવળ ઉંમર ઉપર જ આધાર નથી રાખતું.'

'ત્યારે શાના પર?'

'મન ઉપર.'

'તમારા મનને વળી શું થયું છે? એમ જોઈએ તો તમારા કરતાં દિનુ જ વધારે ઘરડો ગણાય; કોર વિનાનાં ધોતિયાં તો એ જ અત્યારથી વાપરતો થયો છે!'

મારા આ બોલથી તેમને હસવું આવશે એમ મેં ધાર્યું હતું. પણ એમણે તો સહેજ રુક્ષ સ્વરે જ કહ્યું: 'એ જ તો વધારે દુઃખની બિના છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના હૈયામાં કોઈ શલ્ય ખૂંચતું હશે? પણ એ શલ્ય શું હશે એનો કશો ખ્યાલ મને કોઈ રીતે આવી શકતો નહોતો. ઘરનાં સઘળાં મોટેરાંને એમના પ્રત્યે અથાગ વહાલ હતું; સરકારી નોકરીને કારણે બીજા ગ્રેજ્યુએટો કરતાં અમારી સ્થિતિ અનેક દરજ્જે સારી હતી; વ્યસનમાં એમને જ્યા પછી મોંમાં સોપારી પણ નાખવાની ટેવ નહોતી! ત્યારે ભાઉરાવને આજે આ શું થતું હશે? કોઈ ઊંચા ઊંચા વૃક્ષની ટોચે ફૂંફાળો માળો બાંધીને પોતાનાં બચ્ચાં સાથે કોઈ પક્ષીયુગલ વાસ કરતું હોય, એવી ગમે તેને અદેખાઈ ઉપજાવે એવી અમારી સ્થિતિ હતી! આથી એમના દિલમાં ચાલી રહેલી એ અસ્વસ્થતા દેખી એક વિચિત્ર કલ્પના મારા મગજમાં વારેવારે ડોકિયાં કરવા લાગી—કોઈ મહા ઝંઝાવાતમાં એ ઊંચું વૃક્ષ જ સમૂળગું ઊખડી પડે ત્યારે એની ટોચે બાંધેલા માળાની શી દશા થાય?

વિચાર કરતાં કરતાં મને એમની જૂની ડાયરીઓ સાંભરી આવી!! કૉલેજમાં ભણતા ત્યારથી પોતાના વિચારો ટપકાવી લેવાની એમણે ટેવ પાડી હતી. પરણ્યા પછી એક વાર મશ્કરીમાં તેમણે મને કહેલું પણ ખરું: 'જો, સ્ત્રીઓનાં મન બહુ વહેમી હોય છે. એટલે એક વાર તું મારી આ બધી ડાયરીઓ જરૂર વાંચી જજે, જેથી પાછળથી—'

મરાઠી છ ચોપડી ભણેલી સત્તર વરસની એ વેળા હું એક ઊગતી તરુણી હતી! છતાં હાજરજવાબીપણામાં કોઈથી ઊતરું તેવી જરૂર નહોતી. મેં તુરત રોકડું પરખાવ્યું: 'પણ એ ડાયરીમાં બધું સાચું લખ્યું હશે એની શી ખાતરી?' ને મારા બોલથી એમને માઠું લાગ્યું છે એમ દેખાતાં જ મેં ફેરવી તોળ્યું: 'મને તો વાર્તાઓ અને નવલકથાઓ વાંચવી ગમે. એના સરખી લિખિત ડાયરીઓમાં થોડી જ સાંપડવાની છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દરેક માણસ પોતાના જીવનની એકાદ નવલકથા તો લખી જ શકે!'

'પણ હું તો એકે ય ન લખી શકું.'

'કેમ?'

'નવલકથાઓ લખવામાં માણસને પ્રેમનો પુષ્કળ અનુભવ મળવો જોઈએ છે!'

'હવે મને એ અનુભવ સાંપડવાનો જ છે તો!'

ઘડીભર મને થયું કે આ તો ઊલટાની માથે આવી પડી! પણ તુરત મારી સઘળી શક્તિ જાગૃત થઈ મદદે આવી પહોંચી. મેં જવાબ આપ્યો: 'એ બરાબર છે. હવે પછીની ડાયરીઓ નવલકથા જેવી લખાશે એ કબૂલ છે; પણ તેથી કાંઈ આ જૂનાં થોથાં વાંચવાની ગરજ ન જ હોય!'

માનવીનું મન ભારે વિચિત્ર ચીજ છે. 'ડાયરીઓ વાંચીશ નહિ' એવો જો તેમણે મને હુકમ કર્યો હોત તો હું એ ડાયરીઓ ચોરીછૂપીથી પણ વાંચ્યા વિના ન જ રહેત!

પૂના આવતા સુધી તેમનાં ગમતાં પુસ્તકોની સાથે કબાટમાં રાખેલી એ ડાયરીઓ મેં અનેક વાર સાફસૂફ કરી પાછી ગોઠવી રાખેલી. પરંતુ એ વાંચી જવાનું મને એકે ય વાર મન થયું નહોતું! પળેપળે એમના મારા પ્રત્યેના વહાલનાં નિદર્શનો જ્યાં હું રોજરોજ અનુભવતી હતી, ત્યાં તેમની એ જૂનીપુરાણી ડાયરીઓ ઉખેળવાની મારે જરૂર જ શી હોય? પત્ની કાંઈ ઇતિહાસસંશોધક થોડી જ છે?

પણ પૂનામાં આવ્યા પછી જેમજેમ તેમના દિલની અસ્વસ્થતા વધતી જતી મને જણાવા લાગી, તેમતેમ તેમની ડાયરીઓ વાંચવાની મારી ઉત્સુકતા પણ વધતી ચાલી. શી ખબર? ચાર બાળકની માતા બનેલી અને ઘરની ચાર દીવાલો બહાર જરા ય ધ્યાન ન દોડાવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની પત્ની પ્રત્યે હવે તેમને કંટાળો તો પેદા નહિ થયો હોય?

તેમના ટેબલ પરના કાગળો ફેરવતાં એક દહાડો પૅડની અંદર એક પાનામાં નીચેની પંક્તિઓ બે ત્રણ વખત લખેલી મારી નજરે ચડી.

૧ "પોટીં ઘાલુનિ હેં દુબળેપણ,
મલા આપુલી તું રાયા મ્હણ;
સ્વર્ગી જાઉં નકો મજ વિસરૂન,
બધ પદર પસરિલા, કરી કરુણા."

કાવ્યો વાંચવાનો મને કદી શોખ નહોતો; હું વાંચતી જ નહિ. પરંતુ આ કાવ્ય પ્રેમકાવ્ય છે એ એની લીંટીઓ પરથી ચોખ્ખું દેખાઈ આવતું હતું. તેઓ શરૂઆતમાં પૂનામાં ભણતા હતા તે વેળા શું તેમને કોઈના પર પ્રેમ—

તુરત મેં તેમની સઘળી ડાયરીઓ વાંચી જવાનો નિશ્ચય કર્યો. શાંત ચિત્તે એ વાંચી જવાને ઈરાદે મેં કબાટ ઉઘાડીને જોયું તો તેમાં એક પણ ડાયરી દેખાઈ નહિ! જરૂર ભાઉરાવે એ સઘળી ડાયરીઓ પોતાની ટ્રંકમાં મૂકી દીધી હશે. હવે મારા દિલમાં શંકાનું બીજ રોપાયું. પ્રેમ અને વહેમનું એવું છે કે બંનેનાં બીજમાંથી અંકુર અને એમાંથી મોટાં વૃક્ષો થઈ જતાં વાર નથી લાગતી!

સાંજે ઘેર આવે ત્યારે ચા પતાવી દઈ તુરત તેમની પાસે પેલી ડાયરીઓની વાત ઉખેળવાનો મેં આજે નિશ્ચય કર્યો હતો. ઘડી પછી પોતા પર થનારા ઓપરેશન–શસ્ત્રક્રિયા માટે રોગી જેટલી વિચારણા નહિ કરતો હોય એટલી વિચારણા પછી તેમની સાથેની વાતચીતમાં આજે હું દરેક વાક્ય બોલતી હતી. પણ સાંજે આવીને

૧ મારી આ સઘળી નબળાઈઓ તું તારા પેટમાં સમાવી દે; તું મને તારો હૈયાનો હાર માનજે; મને ભૂલીને તું સ્વર્ગે ન સંચરીશ; ખોળો પાથરી હું માગી લઉં છું કે મારા પર એટલી દયા કરજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થા પીતાં પીતાં જ તેમણે શરૂ કર્યું: 'સભામાં આવવું છે?'

સભાઓમાં જવાનો મને પહેલેથી જ અતિશય કંટાળો હતો. મને થતું: સભામાં જવા માટે નવી સાડી પહેરો, વેણી ગૂંથી લ્યો, શતના જમવાની કાંઈ આડીઅવળી ગોઠવણ કરો, અને એ બધાને અંતે સભામાં જઈ બગાસાં ખાતાં ખાતાં જે દલીલો કુટાતી હોય તે સાંભળ્યા કરો! આવી બધી નાહકની માથાકૂટ કરવાનું કારણ ખરું?

પણ આજે મેં ઉત્સુક બની પૂછ્યું: 'શાની સભા છે?'

'બાણુ ગેનુનો આજે સ્મૃતિદિન છે!'

'બાણુ ગેનુ? મેં તો એ નામ પણ કદી સાંભળ્યું નથી!'

પણ મારા અવાજમાં એ નામની મશ્કરી કર્યાનો ધ્વનિ આવ્યો હશે. મેં જોયું કે ભાઉરાવને કપાળે મારા જવાબથી એક નાનીશી કરચલી પડી છે. વધારે એક પણ શબ્દ બોલ્યા વિના તે ચાલ્યા ગયા. પાછળથી મને વિચાર થયો કે તેમની સાથે ગઈ હોત તો સારું થાત. તેઓ સભામાં જ જાય છે કે બીજે કયાંઈ, એવા વારે વારે મનમાં સંકલ્પ વિકલ્પો થયા કરતા હતા, તે એટલા તો ઓછા થાત? અને ખરેખર જો તેઓ સભામાં જ જાય તો કોઈ બાણુ ગેનુનાં અતિશયોક્તિભર્યાં વર્ણનો સાંભળવાની સજા પણ મારે ભોગવવી પડે! આવી સભાઓ એટલે પુરુષોની એક નવરાની નિશાની!

બાણુ ગેનુ? નામ તો કોઈ ઘાટીનું અગર મજૂરનું લાગે છે. મારા ઉજળિયાત વર્ગના મનને પોતાથી ઊતરતા વર્ગના જણાતા આ નામ પ્રત્યે હસવું આવ્યું.

* * *

સભામાંથી ભાઉરાવ પાછા ફર્યા ત્યારે ઘણું મોડું થયું હતું. 'ભૂખ નથી લાગી.' એમ કહીને તે વાળુ પણ ન કર્યા. 'સભા પૂરી થયા પછી કશું સહભોજન હતું શું?' એવી મશ્કરી કરવાનું મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન પણ થઈ આવ્યું, પણ તેમની ચર્યા જોયા પછી એમને કશું જ પૂછવાની મારાથી હિંમત થઈ ન શકી. એમના મોં પર કોઈ જબરી નિરાશા પથરાઈ હોય એવું જણાતું હતું! માણસ હસતો હોય તો તેની સાથે વાતચીત થઈ શકે છે; માણસ રડતો હોય તેની સાથે પણ વાત કરી શકાય છે; પણ મનમાં મનમાં મૂંઝાઈ–ગૂંગળાઈ રહેલા માનવી સાથે વાત કરવી, એક અક્ષર પણ ઉચ્ચારવો એ ભારે વિકટ કામ થઈ પડે છે.

રસોડામાં રાતનો ઢાંકોઢૂંબો કરી મેં ચોરપગલે દાદરનાં પગથિયાં ચડવા માંડ્યાં. મનમાં એવો વિચાર હતો કે પહેલાં તેમની સાથે વાત કરી લેવી ને પછી ઈંદુને ઉપર લઈ જવી. પણ ત્યાં તો મને કોઈનાં ડૂસકાં સંભળાયાં! પહેલાં તો મેં એમ ધાર્યું કે નીચે દિનુએ મધુને કાંઈ કારણે માર્યો હશે ને તેથી તે રડતો હશે. એ પગથિયાં નીચે ઊતરી, 'અલ્યા દિનુ! વળી પાછું માંડ્યું કે?' કહી દમ મારવાનો વિચાર પણ થઈ આવ્યો. પણ ત્યાં તો ફરી ડૂસકાં સંભળાયાં. મને નવાઈ લાગી. એ ડૂસકાં તો મેડી પરની ભાઉરાવની ઓરડીમાંથી આવતાં હતાં. શું હશે? હું નીચે રસોડામાં હતી તે દરમિયાન પેલી બાઈ તો ઉપર નહિ પહોંચી હોય?

માણસનું મન કેટલી સહેલાઈથી વિકૃત બની જાય છે! તેમના મનની અસ્વસ્થતા...પ્રેમકાવ્યો...અજાણી સ્ત્રી! હું છૂપી રીતે ઉપર ચડી. ખુલ્લી બારીમાંથી બહાર ડોકાઈ તો ત્યાં ઘેરો અંધકાર પથરાયો હતો. અંદર ઓરડીમાં ડોકાઈ, પણ ત્યાં કોઈને દીઠું નહિ; માત્ર ટેબલ પર માથું ટેકવી ભાઉરાવ હીબકાં ભરી ભરી રડતા હતા.

ઘડીભર તો મને મારી આંખ પર પણ વિશ્વાસ ન બેઠો! અમને પરણ્યાં લગભગ ૧૮–૨૦ વરસ થવા આવ્યાં હતાં. આટલાં વર્ષોમાં મેં તેમને બે કે ત્રણ જ વખત રડતા દીઠા હતા. મધુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઇફૉઈડ ઊતરી ગયો તે દિવસે, મારી આ ગુજરી ગયાનો પત્ર આવતાં જ હું ચોધાર આંસુએ રડવા મંડી પડેલી તે વેળા, અને —

પણ આજે એમની આંખે આંસુની ધાર થાય એવું શું બન્યું હતું?

હું તેમની ખુરશીની છેક નજીક જઈને ઊભી રહી ત્યારે સહેજ તેઓ ભાનમાં આવ્યા લાગ્યા. તેમને રડતા દેખી મારી આંખો પણ સજળ બની. તેમણે મારી સામે જોઈને તુરંત નજર ટેબલ તરફ વાળી લીધી. હું કશું સમજી ન શકી. તેમનાં આંસુ લૂછતે લૂછતે મેં પૂછ્યું: 'આમ ગાંડા જેવું શું કરો છો?'

'ડાહ્યા માણસો જ ખરેખર ગાંડા હોય છે!'

તેમના એ શબ્દોનો અર્થ હું કશો જ સમજી ન શકી. ટેબલ ઉપર તેમની ડાયરી ખુલ્લી પડી હતી. તેમાં તેમણે આજની નોંધ તાજેતરમાં જ લખી હશે. મેં વાંચવા માંડ્યું:

"There is in every human being something worthy of love, something mysterious, something appealing, a cry out of the night, a groping journey and a possible victory. આ શબ્દોમાં કેવું મહાન સત્ય સમાયલું છે!"

પણ એ નોંધ વાંચવાથી તો ઊલટાની હું વધારે મૂંઝાઈ. જરા ચિડાઈને જ મેં સવાલ કર્યો: 'કોના વિરહનું આટલું બધું દુઃખ લાગે છે?'

'એક માનવીના.'

'એ માનવી આજે ક્યાં છે?'

'પરમાત્માને માલૂમ!'

'મારી પાસે બધું છુપાવ્યા કરશો તે હું નહિ ચાલવા દઉં!' મારો અવાજ જાહેર કરી રહ્યો હતો કે હું હમણાં જ રડી ઊઠીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ માનવીનું મને નામ કહેશો?' હિંમત કરી મેં છેલ્લો સવાલ ફેંકયો.

'આણુ ગેનુ!'

તુરત મારા મનમાં ક્રોધે જોર કર્યું. મેં ગુસ્સાથી કહ્યું: 'એમ કાંઈ સાવ ભોળીભટાક છું એમ ન માનશો! બોલો, પેલી બધી જૂની ડાયરીઓ તમે કયાં સંતાડી દીધી છે? મારે એ વાંચવી છે!'

ભાઉરાવે હસીને જવાબ વાળ્યોઃ 'આટલે વર્ષે ઊંધ ઊડી બરી ત્યારે! અત્યારે જ બધી ડાયરીઓ લાવીને અહીં બડકલો કરું છું. ત્યાં સુધીમાં અહીં આવ્યા પછી આ નવી ડાયરીમાં લખ્યું છે એટલું તું વાંચી જા. હાંસિયામાં લાલ પેન્સિલથી લીટા દોર્યા છે એટલો ભાગ વાંચે તોય ઘણું ઘણું!'

× × ×

ડાયરીનું એક એક પાનું હું પાછળ ઉથલાવે જતી હતી. માત્ર લાલ નિશાનીવાળો ભાગ જ હું વાંચતી હતી!

"આવતી કાલે આણુ ગેનુનો સ્મૃતિદિન છે! અભણ માણસ પણ દેશ ખાતર કેવો મહાન ભોગ આપી શકે છે! આત્મભોગ આપનારો આણુ ગેનુ અને સિંહગઢ જીતવા માટે રણમેદાનમાં ખપી જતો તાનાજી બંને સરખા જ શૂરવીર નથી શું? અને હું?— મારા સરખા હજારો ને લાખોની સંખ્યામાં સાંપડતા ભણેલા પરંતુ હિંમત વિનાના કીટાણુઓ....."

"આજનો મારો જન્મદિવસ શાંતાએ કેવી હોંશથી ઊજવ્યો હતો?—જાણે હું છેક નાનકડો બાળક ન હોઉં! અને બીજી રીતે જોઈએ તો મારામાં અને નાનકડા બાળકમાં કયો મોટો તફાવત છે? બાળક ઢીંગલી અને મોટર સાથે રમવામાં મશગૂલ બને છે, તો હું ઘરસંસારની રમત માંડી મનને આનંદ પમાડી રહ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એતાળાં તો હવે ચડી ચૂક્યાં છે. હવે શું બાકી છે? હવે રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું?"

મેં ઘણાં પાનાં પાછાં ઉથલાવ્યાં.

"પૂનામાં આવ્યો ત્યારથી મારી ઊંઘ સાવ ઊડી ગઈ છે. કૉલેજ પાસેની ટેકરીઓ પર જાઉં છું તો પેલી તાનાજીના પોવાડા-વાળી રાત સાંભરી આવે છે. ત્યાંનો પથ્થરેપથ્થર એકેક સંકલ્પોને સંભારી આપે છે. ભાષણોની જગ્યાઓને પણ જાણે વાચા ફૂટે છે અને વિદ્યાર્થીઅવસ્થાના ધ્યેયવાદોની અનેક વાતો સંભળાવે છે. પાસે કૂડી અદામ પણ ન હોય તેવો દેણદાર જેમ લેણદારને મોં બતાવતાં પણ શરમાય, તેમ હવે દુનિયાથી જાણે હું શરમાઉં છું!"

દરમિયાન ભાઉરાવ બીજી આઠદસ ડાયરીઓ લઈ આવ્યા હતા.

તેમનો અત્યારનો ચહેરો જોતાં ઘડી પહેલાં તે ડૂસકાં ભરી રડતા હતા એ હકીકત કોઈ માને પણ નહિ! મારી નજીક આવી કહે: 'શાંતા! બધી ડાયરીઓ ટ્રંકમાં રાખી મૂકી છે. વખત મળે તેમ નિરાંતે વાંચી જજે! પણ કેટલીએક ડાયરીઓની નોંધ તો તને હું અત્યારે જ વંચાવું. એ વાંચ્યા પછી તને મનમાં ખેદ તો થશે, પણ મારા દુઃખનું ભાગીદાર તારા વિના બીજું કોણ થવાનું છે?'

ઉત્સુકતાથી–કુતૂહલવશ બની મેં એકેક ડાયરી લઈ વાંચવા માંડ્યું. ઉપરની સાલ વાંચું, અને પછી ભાઉરાવે લાલ નિશાની કરેલો ભાગ વાંચું.

૧૯૧૫. નામદાર ગોખલેજીનાં આખરી દર્શન કરી લેવાને ઇરાદે હું સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં પહોંચ્યો. વયોવૃદ્ધ ભાંડારકર, ઉગ્ર રૅંગલર પરાંજપે, સિંહગઢથી ખાસ રમશાનયાત્રામાં હાજર રહેવા આવી પહોંચેલા મર્દસમા દીસતા લોકમાન્ય ટિળક– સહુની આંખે આંસુ ઊભરાતાં દીઠાં. કેવું પરમ સદ્‌ભાગ્ય! ગોખલેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે શાંતિથી સાથે જીવી શકશું કે નહિ? પણ અમારા જીવનપ્રવાહો કેવા એકરૂપ થઈ ગયા છે! પરણ્યાં આજે સાત વરસ થયાં છે. આ બે બાળકો છે એટલે, નહિતર માત્ર હજુ સાત જ દિવસ થયા છે, એમ હું લગાવી દેત! અમારી આ નાનકડી દુનિયા કેવી સુખી સુખી છે! બહારની દુનિયા સાથે જરૂરિયાત કરતાં વધારે પડતો હું સંબંધ જ બાંધતો નથી. દિનુને ભણાવવો, મધુના કલાકલા બોલ સાંભળવા, અને બાળકોને ભૂલવીને શાંતાને એકાદ છૂપી ચૂમી લઈ લેવી! ઘરની આ ચાર દીવાલોમાં જાણે અમે સ્વર્ગને વસાવ્યું ન હોય! માનવીનાં પાપપુણ્યનો ચોપડો ચિત્રગુપ્ત રાખે છે એમ કહેવાય છે. હું કહું છું ભલે રાખે! મારી પાપની બાજુ એના એ ચોપડામાં સાવ કોરી જ રહી જશે!

૧૯૩૦. નહિ, બરોબર નહિ. આજે જે દૃશ્ય સાક્ષાત્ નજરે દેખાય છે તે પણ સાચું ન લાગે એવું છે! પોલીસનું નામ સાંભળતાં પલાયન થઈ જતો લોકસમૂહ સત્યાગ્રહની આવી વિશાળ લડત ચલાવશે એવી ખાત્રી ખુદ મહાત્માજીને પોતાને પણ ભાગ્યે જ હશે. પણ નિઃશસ્ત્ર લડાઈની ચમક કોઈ ઓર તરેહની હોય છે એ નક્કી! પૂરી ચાર લીંટીઓ પણ શુદ્ધ ભાષામાં લખતાં ન આવડતી હોય એવાં મારી પાસે જ ભણતાં બાળકો રસ્તે જ્યારે મોટે અવાજે લલકારે છે—

"નહિ રખની, નહિ રખની;
જાલીમ સરકાર નહિ રખની!"

ત્યારે એ ગીત સાંભળવા જાણે રોકાઈ જ જઈએ એમ થઈ આવે છે. આજ સુધી રસોડા બહાર ડગલું પણ ન દેનારી સ્ત્રીઓ ત્રિરંગી વાવટો પકડી સ્વયંસેવકોને મોખરે ચાલતી દેખાય છે ત્યારે હૈયું જાણે બળભળીને જાગી ઊઠે છે! 'યજ્ઞાંત બરોબર જગ જગતે'*

* 'બરોબર બલિદાનમાં જ જગત ચિરંજીવ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેતાળાં તો હવે ચડી ચૂકયાં છે. હવે શું બાકી છે? હવે રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું?"

મેં ઘણાં પાનાં પાછાં ઉથલાવ્યાં.

"પૂનામાં આવ્યો ત્યારથી મારી ઊંઘ સાવ ઊડી ગઈ છે. કૉલેજ પાસેની ટેકરીઓ પર જાઉં છું તો પેલી તાનાજીના પોવાડા-વાળી રાત સાંભરી આવે છે. ત્યાંનો પથ્થરેપથ્થર એકેક સંકલ્પોને સંભારી આપે છે. ભાષણોની જગ્યાઓને પણ જાણે વાચા ફૂટે છે અને વિદ્યાર્થીઅવસ્થાના ધ્યેયવાદોની અનેક વાતો સંભળાવે છે. પાસે કૂટી બદામ પણ ન હોય તેવો દેણદાર જેમ લેણદારને મોં બતાવતાં પણ શરમાય, તેમ હવે દુનિયાથી જાણે હું શરમાઉં છું!"

દરમિયાન ભાઉરાવ બીજી આઠદસ ડાયરીઓ લઈ આવ્યા હતા.

તેમનો અત્યારનો ચહેરો જોતાં ઘડી પહેલાં તે ડૂસકાં ભરી રડતા હતા એ હકીકત કોઈ માને પણ નહિ! મારી નજીક આવી કહેઃ 'શાંતા! બધી ડાયરીઓ ટ્રંકમાં રાખી મૂકી છે. વખત મળે તેમ નિરાંતે વાંચી જજે! પણ કેટલીએક ડાયરીઓની નોંધ તો તને હું અત્યારે જ વંચાવું. એ વાંચ્યા પછી તને મનમાં ખેદ તો થશે, પણ મારા દુઃખનું ભાગીદાર તારા વિના બીજું કોણ થવાનું છે?'

ઉત્સુકતાથી–કુતૂહલવશ બની મેં એકેક ડાયરી લઈ વાંચવા માંડ્યું. ઉપરની સાલ વાંચું, અને પછી ભાઉરાવે લાલ નિશાની કરેલો ભાગ વાંચું.

૧૯૧૫. નામદાર ગોખલેજીનાં આખરી દર્શન કરી લેવાને ઇરાદે હું સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં પહોંચ્યો. વયોવૃદ્ધ ભાંડારકર, ઉગ્ર રૅંગલર પરાંજપે, સિંહગઢથી ખાસ સ્મશાનયાત્રામાં હાજર રહેવા આવી પહોંચેલા મર્દસમા દીસતા લોકમાન્ય ટિળક–સહુની આંખે આંસુ ઉભરાતાં દીઠાં. કેવું પરમ સદ્‌ભાગ્ય! ગોખલેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે શાંતિથી સાથે જીવી શકશું કે નહિ? પણ અમારા જીવનપ્રવાહો કેવા એકરૂપ થઈ ગયા છે! પરણ્યાં આજે સાત વરસ થયાં છે. આ બે બાળકો છે એટલે, નહિતર માત્ર હજુ સાત જ દિવસ થયા છે, એમ હું લગાવી દેત! અમારી આ નાનકડી દુનિયા કેવી સુખી સુખી છે! બહારની દુનિયા સાથે જરૂરિયાત કરતાં વધારે પડતો હું સંબંધ જ બાંધતો નથી. દિનુને ભણાવવો, મધુના કાલાકાલા બોલ સાંભળવા, અને બાળકોને ભૂલવીને શાંતાને એકાદ છૂપી ચૂમી લઈ લેવી! ઘરની આ ચાર દીવાલોમાં જાણે અમે સ્વર્ગને વસાવ્યું ન હોય! માનવીનાં પાપપુણ્યનો ચોપડો ચિત્રગુપ્ત રાખે છે એમ કહેવાય છે. હું કહું છું ભલે રાખે! મારી પાપની બાજુ એના એ ચોપડામાં સાવ કોરી જ રહી જશે!

૧૯૩૦. નહિ, ખરેખર નહિ. આજે જે દૃશ્ય સાક્ષાત્ નજરે દેખાય છે તે પણ સાચું ન લાગે એવું છે! પોલીસનું નામ સાંભળતાં પલાયન થઈ જતો લોકસમૂહ સત્યાગ્રહની આવી વિશાળ લડત ચલાવશે એવી ખાત્રી ખુદ મહાત્માજીને પોતાને પણ ભાગ્યે જ હશે. પણ નિઃશસ્ત્ર લડાઈની ચમક કોઈ ઓર તરેહની હોય છે એ નક્કી! પૂરી ચાર લીંટીઓ પણ શુદ્ધ ભાષામાં લખતાં ન આવડતી હોય એવાં મારી પાસે જ ભણતાં બાળકો રસ્તે જ્યારે મોટે અવાજે લલકારે છે—

"નહિ રખની, નહિ રખની;
જાલીમ સરકાર નહિ રખની!"

ત્યારે એ ગીત સાંભળવા જાણે રોકાઈ જ જઈ એ એમ થઈ આવે છે. આજ સુધી રસોડા બહાર ડગલું પણ ન દેનારી સ્ત્રીઓ ત્રિરંગી વાવટો પકડી સ્વયંસેવકોને મોખરે ચાલતી દેખાય છે ત્યારે હૈયું જાણે ખળભળીને જાગી ઊઠે છે! 'યજ્ઞાંત ખરેખર જગ જગતે'*

* 'ખરેખર બલિદાનમાં જ જગત ચિરંજીવ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તાંબેની કવિતાનો અર્થ હું હવે જ સમજવા માંડ્યો છું! દેશના આ મહાયજ્ઞમાં બાળકો પ્રમાણે જ ઘરડાંબુઢ્ઢાંઓ, ભણેલા લોકો સાથે જ અભણ આમવર્ગ, શરવીરોની સાથોસાથ ભીરુ અબળાઓ, સહુ પોતાના જીવનની આહૂતિઓરૂપી બલિદાન દઈ રહ્યાં છે અને હું—;

પણ શાંતા હજુ હમણાં જ સુવાવડમાંથી ઊભી થઈ છે; ધાવણી ઉષાની તબિયત બરાબર સારી નથી રહેતી. સત્યાગ્રહની લડતમાં જોડાવું એટલે આજ સુધીનાં દસ વરસની નોકરીને માથે પાણી ફેરવવું! ને જેલમાંથી બહાર નીકળ્યા પછી ઘરસંસારનો આ ખટલો કેમ ઉપાડવો એ સવાલ તો રહે જ?

૧૯૩૨. ઘેર આટઆટલાં છાપાં રોજ ઉપાડી લાવું છું, પણ એમાંનું એક પણ શાંતા ઉઘાડીને વાંચતી હોય તો સમ ખાઉં! છતાં એક રીતે એની વાત પણ સાચી છે. ઉષાની પછી બે જ વરસમાં ઇંદુ આવી. ચારે બાળકોને સંભાળવાની પીડા શું ઓછી હોય છે? એ બધું ખરું છતાં બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે એ સ્ત્રીઓએ જાણી ન લેવું જોઈએ? એ સાચું છે કે જંગલમાં ઘોર દાવાનળ સળગ્યો હોય તોપણ બગીચામાં ઊડતાં ને ફૂલેફૂલે ફરતાં પતંગિયાંઓને એની શી પડી હોય? પણ હવે મારું દિલ પહેલાંની પેઠે ઘરસંસારમાં રીઝતું નથી! પારણે ટીંગાડેલું ચકલીનું રમકડું હલવા લાગે કે ઇંદુ તે તરફ ધ્યાન દઈ તાકી રહે છે, અને એ દૃશ્ય દેખી મને પણ હર્ષ થઈ આવે છે! ઉષા પોતાની પાંચ આનાની મોટરમાં બાને કચાં બેસારવી, મોટા ભાઈ દિનુને કચાં બેસારવો, એ બધું પોતાના કાલાકાલા બોલ વડે મને સંભળાવે છે, ને હું પણ એ સાંભળતાં આનંદ પામું છું! મધુ-દિનુનો માનસિક વિકાસ જોઈને સંતોષ અનુભવું છું. અને શાંતા? પરણ્યાં અમને બાર બાર વરસ વીતી ગયાં, છતાં હજુ એના તરફનું મારું આકર્ષણ એવું ને એવું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરેહનાં સુખો મળ્યાં; છતાં મનની ભૂખ હજી એવી ને એવી જ અતૃપ્ત રહી છે! વ્યાકુળ બની સતત તે ઘૂમરાણ મચાવી રહ્યું છે: 'એક બટકું—એક નાનું શું બટકું પણ મને તો આપો?' તેને શું ખાવા આપું? છેલ્લાં પંદર વરસમાં આત્માની ભૂખ સંતોષાય એવું મેં શું કર્યું છે?

"અહીં આવ્યા પછી મારી સઘળી ડાયરીઓ હું ફરી ફરી વાંચી ગયો. કોઈ નવલકથા પેઠે સામાન્ય માનવીના જીવનમાં પણ પરસ્પર વિરોધી અસંખ્ય બનાવો સાંપડે છે! ડાયરીમાં નજરે ચડતા આવા પરસ્પર વિરોધી પ્રસંગો પર નિશાની કર્યા વિના મારાથી રહી શકાતું નથી. હવે તો ડાયરીઓ કોઈ બીજી જગ્યાએ સાચવીને રાખી મૂકવી પડશે; નહિતર આ નિશાનીવાળા ભાગો જો શાંતાની નજરે ચડી જશે, અને એ હકીકતો જો એ વાંચશે તો નાહકની દુઃખી થશે. મારું આખું જીવતર જાણે એકલાં પાંદડાં—ખૂબખૂબ પાંદડાંથી ભરપૂર કોઈ વૃક્ષ સમું વીત્યું છે! એના પરનો મોર તો કચારનો બળી ગયો છે. એ સચવાઈ રહે તેવી શાંતાએ મદદ કરી હોત તો આજે એ ઝાડે કદાચ ને અનેક ફળો પણ ઊગ્યાં હોત. પણ એ શી રીતે બને? અમારે ત્યાં સ્ત્રીઓને ઘરની બહાર નજર નાખવાનું પણ સૂઝતું નથી! એકાદ બાળુ ગેનુ જો બલિદાન દઈ શકશે તે મારી શાંતાથી આપી શકાશે ખરું? હું જ એવું આત્મસમર્પણ કરવા તત્પર થાઉં તો શાંતા મને હરખભેર વિદાય આપવા તૈયાર થશે ખરી?"

× × ×

એ પાનું પૂરું કરતી વેળા મારા મનની કેવી દયાજનક સ્થિતિ થઈ પડી હતી તે હું જ જાણું છું. જેને મેં મનોભાવે મારા ગણ્યા—જેના પર મેં મારું સઘળું વહાલ ઢોળ્યું, એમની જ હું અજાણપણે ગુનેગાર બની હતી, એનું ભાન મને એ ક્ષણે થયું! મને ભાઉરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તાંબેની કવિતાનો અર્થ હું હવે જ સમજવા માંડ્યો છું! દેશના આ મહાયજ્ઞમાં બાળકો પ્રમાણે જ ઘરડાંબુઢ્ઢાંઓ, ભણેલા લોકો સાથે જ અભણ આમવર્ગ, શરવીરોની સાથોસાથ ભીરુ અબળાઓ, સહુ પોતાના જીવનની આહૂતિઓરૂપી બલિદાન દઈ રહ્યાં છે અને હું—;

પણ શાંતા હજુ હમણાં જ સુવાવડમાંથી ઊભી થઈ છે; ધાવણી ઉષાની તબિયત બરાબર સારી નથી રહેતી. સત્યાગ્રહની લડતમાં જોડાવું એટલે આજ સુધીનાં દસ વરસની નોકરીને માથે પાણી ફેરવવું! ને જેલમાંથી બહાર નીકળ્યા પછી ઘરસંસારનો આ ખટલો કેમ ઉપાડવો એ સવાલ તો રહે જ?

૧૯૩૨. ઘેર આટઆટલાં છાપાં રોજ ઉપાડી લાવું છું, પણ એમાંનું એક પણ શાંતા ઉઘાડીને વાંચતી હોય તો સમ ખાઉં! છતાં એક રીતે એની વાત પણ સાચી છે. ઉષાની પછી બે જ વરસમાં ઇંદુ આવી. ચારે બાળકોને સંભાળવાની પીડા શું ઓછી હોય છે? એ બધું ખરું છતાં બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે એ સ્ત્રીઓએ જાણી ન લેવું જોઈએ? એ સાચું છે કે જંગલમાં ઘોર દાવાનળ સળગ્યો હોય તોપણ બગીચામાં ઊડતાં ને ફૂલેફૂલે ફરતાં પતંગિયાંઓને એની શી પડી હોય? પણ હવે મારું દિલ પહેલાંની પેઠે ઘરસંસારમાં રીઝતું નથી! પારણે ટીંગાડેલું ચકલીનું રમકડું હલવા લાગે કે ઇંદુ તે તરફ ધ્યાન દઈ તાકી રહે છે, અને એ દૃશ્ય દેખી મને પણ હર્ષ થઈ આવે છે! ઉષા પોતાની પાંચ આનાની મોટરમાં બાને કચાં બેસારવી, મોટા ભાઈ દિનુને કચાં બેસારવો, એ બધું પોતાના કલાકલા બોલ વડે મને સંભળાવે છે, ને હું પણ એ સાંભળતાં આનંદ પામું છું! મધુ-દિનુનો માનસિક વિકાસ જોઈને સંતોષ અનુભવું છું. અને શાંતા? પરણ્યાં અમને બાર બાર વરસ વીતી ગયાં, છતાં હજુ એના તરફનું મારું આકર્ષણ એવું ને એવું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરેહનાં સુખો મળ્યાં; છતાં મનની ભૂખ હજી એવી ને એવી જ અતૃપ્ત રહી છે! વ્યાકુળ બની સતત તે ઘૂમરાણ મચાવી રહ્યું છે: 'એક બટકું—એક નાનું શું બટકું પણ મને તો આપો?' તેને શું બાવા આપું? છેલ્લાં પંદર વરસમાં આત્માની ભૂખ સંતોષાય એવું મેં શું કર્યું છે?

"અહીં આવ્યા પછી મારી સઘળી ડાયરીઓ હું ફરી ફરી વાંચી ગયો. કોઈ નવલકથા પેઠે સામાન્ય માનવીના જીવનમાં પણ પરસ્પર વિરોધી અસંખ્ય બનાવો સાંપડે છે! ડાયરીમાં નજરે ચડતા આવા પરસ્પર વિરોધી પ્રસંગો પર નિશાની કર્યા વિના મારાથી રહી શકાતું નથી. હવે તો ડાયરીઓ કોઈ બીજી જગ્યાએ સાચવીને રાખી મૂકવી પડશે; નહિતર આ નિશાનીવાળા ભાગો જો શાંતાની નજરે ચડી જશે, અને એ હઠીકતો જો એ વાંચશે તો નાહકની દુઃખી થશે. મારું આખું જીવતર જાણે એકલાં પાંદડાં—ખૂબખૂબ પાંદડાંથી ભરપૂર કોઈ વૃક્ષ સમું વીત્યું છે! એના પરનો મોર તો કચારનો ઊડી ગયો છે. એ સચવાઈ રહે તેવી શાંતાએ મદદ કરી હોત તો આજે એ ઝાડ કદાચ ને અનેક ફળો પણ ઊગ્યાં હોત. પણ એ શી રીતે બને? અમારે ત્યાં સ્ત્રીઓને ઘરની બહાર નજર નાખવાનું પણ સૂઝતું નથી! એકાદ આખુ જેનું જે બલિદાન દઈ શકશે તે મારી શાંતાથી આપી શકાશે ખરું? હું જ એવું આત્મસમર્પણ કરવા તત્પર થાઉં તો શાંતા મને હરખભેર વિદાય આપવા તૈયાર થશે ખરી?"

× × ×

એ પાનું પૂરું કરતી વેળા મારા મનની કેવી દયાજનક સ્થિતિ થઈ પડી હતી તે હું જ જાણું છું. જેને મેં મનોભાવે મારા ગણ્યા—જેના પર મેં મારું સઘળું વહાલ ઢોળ્યું, એમની જ હું અજાણપણે ગુનેગાર બની હતી, એનું ભાન મને એ ક્ષણે થયું! મને ભાઉરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે ગુસ્સો પણ ઊપજ્યો. શા માટે તેમણે મને સમયસર જાગૃત ન કરી? પરંતુ સંસારની આસક્તિ એ પણ એક તરેહનું વ્યસન છે, એ વાત તેઓ પોતે પણ કયાં આજ સુધી સમજ્યા હતા? અને જે એમના સરખા વિચારવંત પુરુષ પણ આ બધું જલદીથી ન સમજી શકયા, તો હું એક સામાન્ય સ્ત્રી તો કયાંથી એ સમજી શકવાની હતી?

આંખો લૂછતે લૂછતે મેં તેમને કહ્યું: 'હું તો જાણે બાણુ ગેનુ નહિ બની શકું. પણ —'

'પણ શું?'

'પણ દિનુ થશે — અને એમાંથી કોઈ નહિ થાય તોપણ મારી ઈંદુ તો એવું કશુંક પરાક્રમ અવશ્ય કરી દાખવશે! માબાપો પોતાના જીવનમાં જે નથી સાધી શકતાં તે તેઓ પોતાનાં બાળકોના જીવનમાં નિર્માણ નહિ કરી શકે?'

મારા વાંસા પર પ્રેમભર્યો હાથ ફેરવતાં ફેરવતાં ભાઉરાવે કહ્યું: 'તારી વાત તો સાચી છે! ઝાડનો મોર એકાદ વરસ બળી જાય તોપણ બીજે વરસે એને નવો મોર આવે જ છે!'

એમના એ છેલ્લા ઉદ્‌ગારોથી મારા હૈયાનો ભાર જાણે હળવો થયો લાગ્યો. એટલામાં દાદરેથી કોઈના રડવાનો અવાજ સંભળાવા લાગ્યો. ઈંદુ જ રોતી હતી. વાળુ કર્યા પછી નીચેને માળે દિનુની પથારીમાં જ તે ઢળી પડી હતી. દિનુએ તેને જગાડી હતી એટલે મૂઈ હવે રડવે ચડી હતી! તેને ઉપર લઈ આવતાં આવતાં મેં તેને સમજાવવા માંડી: 'જો બેટા! મારી દીકરી કરું, આમ રડાય ખરું?'

ઈંદુનો ભેંકડો ચાલુ જ હતો.

ભાઉરાવે કહ્યું: 'ઈંદુ! આવતી કાલે તને હું મોટરમાં બેસારી ફરવા લઈ જઈશ, હોં!'

રડતાં અટકી જઈ ઈંદુએ તુરત પૂછ્યું: 'કયાં, સિંહગઢ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગેાર તરીકે હાજર હતેા. પણ જિંદગીનાં વરસેા એવાં ઝપાટાભેર પસાર થઈ જાય છે, જાણે શરતના મેદાન પર ઘેાડા દેાડ્યા!

બાબુરાવે સહકુટુંબ સહપરિવાર આવવાનું ખાસ આગ્રહ કરીને લખ્યું હતું. અને એમ ન લખ્યું હેાત તેાપણ બાળગેાપાળ અને રાણીરાધિકાને સાથે લઈને પૂના જવાનેા મારેા પાકેા વિચાર હતેા. બાબુરાવના ઘર સાથે મારે કયાં જરા ય જુદાઈ હતી? તેમાં ય અમારાં શ્રીમતીએ પગે લાગવાનું અને બાળકેાની બચીઓ લેવાનું બાબુરાવની બાનું લેણું બાકી રહેતું હતું, જે બાજી એમ કાંઈ જતું કરે એવાં નહેાતાં જ! આવી બાબતેામાં તેા પહાણ કરતાં પણ આ ઘઈડિયાંની ઉધરાણી ભારે આકરી હેાય છે!

અમે સહુ આવીએ છીએ એવેા પત્ર પણ મેં બાબુરાવને લખી નાખ્યેા. ને બીજે જ દિવસે મારા નાના દીકરાને તાવ ચડ્યેા. ઋતુ પણ જાણે આદું ખાઈને મારી વાંસે જ લાગી હતી. ઓછામાં પૂરું માવઠું થયું. બાળકથી પ્રવાસ સહન નહિ થાય એવી ડૉક્ટરની સલાહ પડી. ખલાસ! નાના દીકરા ખાતર બાને રેાકાઈ જવું પડ્યું, અને બા રેાકાઈ તેથી બીજાં મેાટાં બાળકેા પણ રેાકાઈ પડ્યાં! હું પણ જવા ન જવા વિષે સંદેહમાં પડ્યેા. પણ હવે ગયા વિના ચાલે તેવું નહેાતું! ન જાઉં તેા બાબુરાવને માઠું લાગે, તેનાં ઘરડાં બાજી ગુસ્સે થાય; સિવાય અત્યારે વિમલની જેટલી મજાક ઉડાવી શકાય તેટલી તે ગૃહિણીપદ ધારણ કરે પછી થેાડી જ ઉડાવી શકાય?

પૂનાને સ્ટેશને ગાડી પહેાંચતાં જ મેં આસપાસ નજર ફેરવી; મેં ધાર્યું હતું કે બાબુરાવ સ્ટેશને સામે લેવા આવશે. નીચે ઊતરી ફરી ચેાતરફ નજર ફેરવી લઈ હું નિરાશ બન્યેા.

દરમિયાન વીશબાવીશ વરસનેા એક જુવાન મારા તરફ જ આવી રહ્યેા હેાય એમ જણાયું. ચહેરેા ઓળખતેા હેાઉં એમ લાગ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે ગુસ્સો પણ ઊપજ્યો. શા માટે તેમણે મને સમયસર જાગૃત ન કરી? પરંતુ સંસારની આસક્તિ એ પણ એક તરેહનું વ્યસન છે, એ વાત તેઓ પોતે પણ ક્યાં આજ સુધી સમજ્યા હતા? અને જો એમના સરખા વિચારવંત પુરુષ પણ આ બધું જલદીથી ન સમજી શક્યા, તો હું એક સામાન્ય સ્ત્રી તો ક્યાંથી એ સમજી શકવાની હતી?

આંખો લૂછતે લૂછતે મેં તેમને કહ્યું: 'હું તો જાણે બાપુ ગેનુ નહિ બની શકું. પણ—'

'પણ શું?'

'પણ દિનુ થશે—અને એમાંથી કોઈ નહિ થાય તોપણ મારી ઈંદુ તો એવું કશુંક પરાક્રમ અવશ્ય કરી દાખવશે! માબાપો પોતાના જીવનમાં જે નથી સાધી શકતાં તે તેઓ પોતાનાં બાળકોના જીવનમાં નિર્માણ નહિ કરી શકે?'

મારા વાંસા પર પ્રેમભર્યો હાથ ફેરવતાં ફેરવતાં ભાઉરાવે કહ્યું: 'તારી વાત તો સાચી છે! ઝાડનો મોર એકાદ વરસ બળી જાય તોપણ બીજે વરસે એને નવો મોર આવે જ છે!'

એમના એ છેલ્લા ઉદ્‌ગારોથી મારા હૈયાનો ભાર જાણે હળવો થયો લાગ્યો. એટલામાં દાદરેથી કોઈના રડવાનો અવાજ સંભળાવા લાગ્યો. ઈંદુ જ રોતી હતી. વાળુ કર્યા પછી નીચેને માળે દિનુની પથારીમાં જ તે ઢળી પડી હતી. દિનુએ તેને જગાડી હતી એટલે મૂઈ હવે રડવે ચડી હતી! તેને ઉપર લઈ આવતાં આવતાં મેં તેને સમજાવવા માંડી: 'જો બેટા! મારી દીકરી કરું, આમ રડાય ખરું?'

ઈંદુનો ભેંકડો ચાલુ જ હતો.

ભાઉરાવે કહ્યું: 'ઈંદુ! આવતી કાલે તને હું મોટરમાં બેસારી ફરવા લઈ જઈશ, હો!'

રડતાં અટકી જઈ ઈંદુએ તુરત પૂછ્યું: 'ક્યાં, સિંહગઢ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોર તરીકે હાજર હતો. પણ જિંદગીનાં વરસો એવાં ઝપાટાભેર પસાર થઈ જાય છે, જાણે શરતના મેદાન પર ઘોડા દોડ્યા!

બાબુરાવે સહકુટુંબ સહપરિવાર આવવાનું ખાસ આગ્રહ કરીને લખ્યું હતું. અને એમ ન લખ્યું હોત તોપણ બાળગોપાળ અને રાણીરાધિકાને સાથે લઈને પૂના જવાનો મારો પાકો વિચાર હતો. બાબુરાવના ઘર સાથે મારે કયાં જરા ય જુદાઈ હતી? તેમાં ય અમારાં શ્રીમતીએ પગે લાગવાનું અને બાળકોની બચીઓ લેવાનું બાબુરાવની બાનું લેણું બાકી રહેતું હતું, જે માજી એમ કાંઈ જતું કરે એવાં નહોતાં જ! આવી બાબતોમાં તો પહાણ કરતાં પણ આ ઘઇડિયાંની ઉધરાણી ભારે આકરી હોય છે!

અમે સહુ આવીએ છીએ એવો પત્ર પણ મેં બાબુરાવને લખી નાખ્યો. ને બીજે જ દિવસે મારા નાના દીકરાને તાવ ચડ્યો. ઋતુ પણ જાણે આદું ખાઈને મારી વાંસે જ લાગી હતી. ઓછામાં પૂરું માવઠું થયું. બાળકથી પ્રવાસ સહન નહિ થાય એવી ડૉક્ટરની સલાહ પડી. ખલાસ! નાના દીકરા ખાતર બાને રોકાઈ જવું પડ્યું, અને બા રોકાઈ તેથી બીજાં મોટાં બાળકો પણ રોકાઈ પડ્યાં! હું પણ જવા ન જવા વિષે સંદેહમાં પડ્યો. પણ હવે ગયા વિના ચાલે તેવું નહોતું! ન જાઉં તો બાબુરાવને માઠું લાગે, તેનાં ઘરડાં માજી ગુસ્સે થાય; સિવાય અત્યારે વિમલની જેટલી મજાક ઉડાવી શકાય તેટલી તે ગૃહિણીપદ ધારણ કરે પછી થોડી જ ઉડાવી શકાય?

પૂનાને સ્ટેશને ગાડી પહોંચતાં જ મેં આસપાસ નજર ફેરવી; મેં ધાર્યું હતું કે બાબુરાવ સ્ટેશને સામે લેવા આવશે. નીચે ઊતરી ફરી ચોતરફ નજર ફેરવી લઈ હું નિરાશ બન્યો.

દરમિયાન વીશબાવીશ વરસનો એક જુવાન મારા તરફ જ આવી રહ્યો હોય એમ જણાયું. ચહેરો ઓળખતો હોઉં એમ લાગ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું હતું, પણ ચોક્કસ કોણ હશે તે સાંભરતું નહોતું. ત્યાં તો પેલો જુવાન મારી નજીક આવી પહોંચ્યો.

'કેમ, મને ન ઓળખ્યો?'

દુનિયામાં સૌથી વધારે મૂંઝવે એવો એ સવાલ છે! 'ના' પાડીએ તો કઢંગું દેખાય અને 'હા' પાડતાં કદાચ એ વ્યક્તિ 'મારું નામ શું?' એવો વધુ ગૂંચવનારો સવાલ કરે તો?

પણ પેલો જુવાન મારી મુસ્કેલી જાણી ચૂક્યો હતો. તેણે હસતે હસતે કહ્યું: 'મારું નામ અવિનાશ!'

તુરત જ અજાણપણાનો પડદો દૂર ધકેલાઈ ગયો! વાંસામાં ધબ્બો લગાવી મેં કહ્યું: 'અરે વાહ! તું તો બહુ મોટો થઈ ગયો? ચહેરો પણ છેક બદલાઈ ગયો છે!'

મારી નજરે સાત વર્ષનો અટકચાળો અવિનાશ ખડો થયો હતો. એ બાળક અવિનાશને આ નવા અવતારે નજરોનજર જોતો હતો ત્યારે મન આશ્ચર્યતરંગો પર ઝોલાં ખાતું હતું.

ઘેર જતાં રસ્તામાં મને અવિનાશનો એક કિસ્સો સાંભરી આવ્યો. મારી સાથે તે સંતાકૂકડીની રમત બહુ રમતો. બાળકોની સંતાવાની જગ્યાઓ તો નક્કી જ હોય – કબાટની પાછળથી, પલંગ તળેથી, અગર તો કોઈ અંધારિયા ખૂણામાંથી સંતાયેલ બાળક અચૂક હાથ આવે જ આવે! વારેવારે અવિનાશ સંતાવા જતો ને હું તેને બરાબર તુરત જ ખોળી કાઢતો હતો. પણ આખરે માટી બરોબરનો ચિડાયો! મનમાં કશી યુક્તિ વિચારી લઈ મને કહે: 'આ વખતે ખોળી કાઢો તો તમે ખરા!' લુચ્ચો, એમ કાંઈ ભોળો નહોતો. ભાઈસાહેબ બરાબર સંતાયા. ઘરનો ખૂણેખૂણો હું ખોળી વળ્યો, પણ મને તે ક્યાંઈ સાંપડ્યો નહિ. નઠારાની ઓરડીથી માંડીને ઓશરીના દાદરના તળિયાના ભાગ સુધી હું સઘળે ફરી વળ્યો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા એટલે જવું પડયું એવું તેણે જણાવ્યું. તે જમવા બેઠો હતો તે વેળા બાબુરાવે મને કહ્યું: 'બીજાઓ ભલે આપણને બેંચે; પણ આપણે બેંચાવું શા માટે જોઈએ?'

'એવું પણ બને કે ઘણી વાર માણસ બીજાની વાત કેલી ન શકે!'

બાબુરાવનો ગુસ્સો બેત્રણ મિનિટ સુધી જ રહ્યો હતો. પણ એ બેત્રણ મિનિટમાં એણે અવિનાશની વિરુદ્ધની અનેક બાબતો કહી સંભળાવી. બાબુરાવ તેને બેલબેલ.બી થવાનું કહ્યા કરતો હતો છતાં હઠ પકડી એ બેમ.એ.ના કલાસમાં દાખલ થયો. 'અગાઉનાં વર્ષો પેઠે તે પહેલા વર્ગમાં પાસ થયો હોત તો ગમે તેમ કરી કોઈ ઠેકાણે પ્રોફેસર તરીકે ય વળગાડી દેવાત; પણ ત્રીજા વર્ગમાં બેમ.બે. પાસ કરનાર માટે 'શિક્ષક' થયા સિવાય બીજો રસ્તો જ નથી હોતો! બીજું કશું કરવાપણું ન હોવાથી સિનેમા જોયા કરે છે ને નવલકથાઓ વાંચ્યા કરે છે.'

કોઈ અગત્યના કેસમાં પહેલા સઘળા સાક્ષીઓની જુબાની ભારે સજ્જડ પડી હોય, પરંતુ છેલ્લો અને અગત્યનો સાક્ષી છબરડો વાળે, એવી અવિનાશની દશા થઈ પડી હતી. બે પ્રોફેસર થયો હોત તો સારા સારા ઘરની કન્યાઓ તેને શોધતી આવત; કદાચ ને ઇંગ્લાંડ મોકલનારો કોઈ સસરો પણ ભેટી જાત! પણ આજના જુવાનોને ખરેખર દુનિયાદારીનું ભાન જ નથી હોતું.

બાબુરાવની તકરારના આ છેવટના મુદ્દા પર હું હસવું બાળી ન શકયો. સાઠ વરસના ડોસાની દૃષ્ટિએ જ જાણે તે અવિનાશ તરફ જોતો હતો! કહે, આજના જુવાનિયાઓને દુનિયાદારીનું કશું ભાન જ નથી!

ને સામે જુવાનો પણ સંભળાવે છે: પ્રૌઢો કાવ્યની કલ્પનાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું હતું, પણ ચોક્કસ કોણ હશે તે સાંભરતું નહોતું. ત્યાં તો પેલો જુવાન મારી નજીક આવી પહોંચ્યો.

'કેમ, મને ન ઓળખ્યો?'

દુનિયામાં સૌથી વધારે મૂંઝવે એવો એ સવાલ છે! 'ના' પાડીએ તો કઢંગું દેખાય અને 'હા' પાડતાં કદાચ એ વ્યક્તિ 'મારું નામ શું?' એવો વધુ ગૂંચવનારો સવાલ કરે તો?

પણ પેલો જુવાન મારી મુશ્કેલી જાણી ચૂક્યો હતો. તેણે હસતે હસતે કહ્યું: 'મારું નામ અવિનાશ!'

તુરત જ અજાણપણાનો પડદો દૂર ધકેલાઈ ગયો! વાંસામાં ધબ્બો લગાવી મેં કહ્યું: 'અરે વાહ! તું તો બહુ મોટો થઈ ગયો? ચહેરો પણ છેક બદલાઈ ગયો છે!'

મારી નજરે સાત વર્ષનો અટકચાળો અવિનાશ ખડો થયો હતો. એ બાળક અવિનાશને આ નવા અવતારે નજરોનજર જોતો હતો ત્યારે મન આશ્ચર્યતરંગો પર ઝોલાં ખાતું હતું.

ઘેર જતાં રસ્તામાં મને અવિનાશનો એક કિસ્સો સાંભરી આવ્યો. મારી સાથે તે સંતાકૂકડીની રમત બહુ રમતો. બાળકોની સંતાવાની જગ્યાઓ તો નક્કી જ હોય – કબાટની પાછળથી, પલંગ તળેથી, અગર તો કોઈ અંધારિયા ખૂણામાંથી સંતાયેલ બાળક અચૂક હાથ આવે જ આવે! વારેવારે અવિનાશ સંતાવા જતો ને હું તેને બરાબર તુરત જ ખોળી કાઢતો હતો. પણ આખરે માટી બરોબરનો ચિડાયો! મનમાં કશી યુક્તિ વિચારી લઈ મને કહે: 'આ વખતે ખોળી કાઢો તો તમે ખરા!' લુચ્ચો, એમ કાંઈ મોળો નહોતો. ભાઈસાહેબ બરાબર સંતાયા. ઘરનો ખૂણેખૂણો હું ખોળી વળ્યો, પણ મને તે ક્યાંઈ સાંપડ્યો નહિ. નહાવાની ઓરડીથી માંડીને ઓશરીના દાદરના તળિયાના ભાગ સુધી હું સઘળે ફરી વળ્યો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા એટલે જવું પડયું એવું તેણે જણાવ્યું. તે જમવા બેઠો હતો તે વેળા બાબુરાવે મને કહ્યું: 'બીજાઓ ભલે આપણને બેંચે; પણ આપણે બેંચાવું શા માટે જોઈએ?'

'એવું પણ બને કે ઘણી વાર માણસ બીજાની વાત કેલી ન શકે!'

બાબુરાવનો ગુસ્સો બેત્રણ મિનિટ સુધી જ રહ્યો હતો. પણ એ બેત્રણ મિનિટમાં એણે અવિનાશની વિરુદ્ધની અનેક બાબતો કહી સંભળાવી. બાબુરાવ તેને બેલબેલ.થી થવાનું કહ્યા કરતો હતો છતાં હઠ પકડી એ બેમ.બે.ના કલાસમાં દાખલ થયો. 'અગાઉનાં વર્ષો પેઠે તે પહેલા વર્ગમાં પાસ થયો હોત તો ગમે તેમ કરી કોઈ કેકાણે પ્રેફેસર તરીકે ય વળગાડી દેવાત; પણ ત્રીજા વર્ગમાં બેમ.બે. પાસ કરનાર માટે 'શિક્ષક' થયા સિવાય બીજો રસ્તો જ નથી હોતો! બીજું કશું કરવાપણું ન હોવાથી સિનેમા જોયા કરે છે ને નવલકથાઓ વાંચ્યા કરે છે.'

કોઈ અગત્યના કેસમાં પહેલા સબળા સાક્ષીઓની જુબાની ભારે સર્જાઈ પડી હોય, પરંતુ છેલ્લો અને અગત્યનો સાક્ષી છબરડો વાળે, એવી અવિનાશની દશા થઈ પડી હતી. એ પ્રેફેસર થયો હોત તો સારા સારા ઘરની કન્યાઓ તેને શોધતી આવત; કદાચ ને ઈંગ્લાંડ મોકલનારો કોઈ સસરો પણ ભેટી જાત! પણ આજના જુવાનોને ખરેખર દુનિયાદારીનું ભાન જ નથી હોતું.

બાબુરાવની તકરારના આ છેવટના મુદ્દા પર હું હસવું ખાળી ન શકયો. સાઠ વરસના ડોસાની દૃષ્ટિએ જ જાણે તે અવિનાશ તરફ જોતો હતો! કહે, આજના જુવાનિયાઓને દુનિયાદારીનું કશું ભાન જ નથી!

ને સામે જુવાનો પણ સંભળાવે છે: પ્રૌઢો કાવ્યની કલ્પનાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉડ્ડયનો કરી શકતા નથી! જુવાનોને દુનિયાદારીની સમજણ શી રીતે હોઈ શકે? ખાકટી ખાટી જ હોય; એમાં સ્વાદ આણવા સારુ સબ-રસનો સાથ જોઈએ! ઔરની આંચ વિના જેમ કેરી પાકે નહિ, તેમ અનુભવ વિના જુવાનોને દુનિયાદારીનું જ્ઞાન ક્યાંથી સાંપડે? મને મારા કૉલેજના દિવસો સાંભરી આવ્યા. બી.એ.માં હું નાપાસ થયો અને બાબુરાવ પાસ થયા; તે વેળા મને સમજાવવા માટે તેણે પરીક્ષકોની જાતજાતની નિંદા કરેલી. ઉત્તરપત્રોનો ઢગલો કરી તેને લાકડીથી આડાઅવળા ઉઘાડી દઈ પાસ-નાપાસનું ધોરણ તેઓ નક્કી કરે છે એમ પણ તેણે કહેલું! પંદર વરસ પહેલાં જે સહાનુ-ભૂતિ તેણે મારા પ્રત્યે દાખવી હતી તે જ સહાનુભૂતિ આજે પોતાના જ નાના ભાઈ પ્રત્યે કેમ તે નહિ દાખવતા હોય?

× × ×

પછી તો લગ્નની ધામધૂમમાં હું એ વાત ભૂલી ગયો. પણ લગ્ન ઊકલી ગયા પછી ત્રીજે જ દિવસે એક વિચિત્ર પ્રસંગ બન્યો.

હું, અવિનાશ, વિમલ, વિમલના પતિ મનોહરપંત અને વિમલની એક બેનપણી તારા: અમે સહુ પત્તાંથી રમતાં હતાં. દર-મિયાન વિમલની શિક્ષિકા આવ્યાના કોઈએ ખબર આપ્યા.

'તેમને અહીં જ બોલાવો ને?' મનોહરપંતે કહ્યું.

'શી જરૂર છે? આપણે ગદ્ધાપ્રાજી (ઠોંસાપ્રાજી) રમીએ છીએ; શિક્ષિકા અહીં આવે તે જ વખતે જો વિમલને ગદ્ધા બનવું પડે તો એમને બિચારાંને માઠું લાગશે.' મેં ગમ્મતમાં કહ્યું.

'વિમલને ગદ્ધા બનવાનો વારો આવે તોપણ એને કોઈ નહિ જ હસે.' અવિનાશ બોલી ગયો.

'કેમ?' મેં સવાલ કર્યો.

'એની શિક્ષિકા અહીં હાજર થાય તો એ જાડી કોડીનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન જ સહુને પેટ પકડીને હસાવ્યા વિના નહિ રહે. અને હસવાનું બધું જોર એમ વપરાઈ ગયા પછી વિમલને માથે દાવ આવે તોપણ તેને કોઈ હસશે નહિ—હસી શકશે નહિ.'

પણ અવિનાશની એ મશ્કરીથી વિમલને ખૂબ ગુસ્સો ચડ્યો. ક્રોધમાં આવી તે કશું કહેવા જતી હતી, ત્યાં તો મનોહરપંતે જ કહ્યું: 'તારાં શિક્ષિકાબેનને અહીં જ કાં ન બોલાવે? આપણે સજોડે તેમને પગે લાગશું!'

અરે ઉનાળે બરોબર જરૂર હોય ત્યાં જ મુશળધાર વરસાદ વરસે, એવું કામ મનોહરપંતના શબ્દોએ સાધ્યું! લડવા સારુ ઊભી થયેલી વિમલ હસતી હસતી બહાર દોડી ગઈ. મેં અવિનાશ તરફ જોયું. તે તારા તરફ જોતો હતો, પણ એ નજર જુવાનની નહોતી; એમાં એક જાતની ગાંડા માણસની શૂન્યતા ભરી હતી!

વિમલની શિક્ષિકા ભારે શરમાળ હોવાં જોઈએ; એ વિના એને લાવતાં આટલો બધો વખત ન લાગત. છેવટે પેલાં શિક્ષિકા-બેનને વિમલે ખેંચીને આણ્યાં ત્યારે જ એ આવ્યાં!

એ બહેને અમારા ઓરડામાં પગલું દેતાં જ—

એને દેખી હું સ્તબ્ધ બની ગયો!

પરંતુ મારી સ્તબ્ધતાનું કારણ બાઈ જાડી કોઢી જેવી અને કદંગી દેખાતી હતી તે નહોતું. અવિનાશે કરેલું વર્ણન જૂઠું નહોતું જ. પરંતુ આજથી પંદર વરસ પૂર્વે સોળ સત્તર વરસની ઉંમરની મુગ્ધ આકર્ષણભરી એ કુમારિકા હતી ત્યારે એ જ બાઈને હું ભણાવવા જતો. તે દહાડેથી મનની અંદર કોતરાઈ રહેલી એની એ મોહક મૂર્તિ ક્યાં અને આજની—

હું એકલો હોત તો મારા જીવનનાં એ જૂનાં સ્મરણોમાં હું રંગાઈ રહ્યો હોત. પણ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઓરડામાં પગલું દેતાં જ કસાઈના છરાને દેખીને બકરી જેવો ચિત્કાર કરી ઊઠે તેવી ચીસ એ બાઈએ પાડી, ને બીજી જ પળે વિમલનો હાથ તરછોડીને તે નાસી ગઈ!

વિમલને એમ લાગ્યું કે અવિનાશે બેઠાં બેઠાં પણ એની સામે મોં મચકોડ્યાં હશે, ગાલ ફુલાવ્યા હશે, અગર મારવાડીના જેવું મોટું પેટ દર્શાવતો અભિનય કર્યો હશે. બાઈથી એ મસ્કરી સહન થઈ ન શકી ને એ ચિડાઈને ચાલ્યાં ગયાં! વિમલ અવિનાશ પર ગુસ્સો કરવા લાગીઃ 'મોટા ભાઈ કહે છે તે જ સાચું છે. અવિ હમણાં હમણાં બહુ ફાટી ગયો છે! મારાં શિક્ષિકાબેન ભલે જાડાં કોઢી જેવાં હોય; અવિને કયાં એની સાથે પરણવા જવું છે? પણ જેની સાથે અવિ પરણવા માગે છે એ માણસ તો અવિ તરફ જોતું ય નથી તેનું શું છે?'

અવિનાશને પણ ગુસ્સો ચડ્યો, પણ તુરત તારા તરફ એક છૂપો કટાક્ષ ફેંકી તે છાનોમાનો બેસી રહ્યો. એણે સોગનપૂર્વક જાહેર કર્યું કે પોતે એ શિક્ષિકાબેનની કશી મસ્કરી કરી નથી, કશા ચાળા પાડ્યા નથી, અગર તે ચિડાય એવું કશું કર્યું નથી. પણ વિમલ એમાંનું કશું માનવા તૈયાર નહોતી. 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો' ની કહેવતવાળું અવિનાશની બાબતમાં બન્યું હતું. અગાઉ જ્યારે એ શિક્ષિકાબેન વિમલને ભણાવવા આવતાં ત્યારે અવિનાશ વિમલની નોટોમાં તેનાં ચિત્રવિચિત્ર ચિત્રો દોરી રાખતો, અગર તો એની મસ્કરીભરી કવિતાઓ લખી રાખતો. આજે એ બધું અવિની વિરુદ્ધમાં જતું હતું.

આખરે મનોહરપંત વચમાં પડ્યા અને ફરી અમારી રમત શરૂ થઈ. એ રમતમાં તારા અને અવિનાશ છેવટે પાછળ રહ્યાં. હવે ગદ્ધા બનવાનો વારો કોનો આવે છે એ વિષે વિમલ ઉત્સુક બની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાના હાથ માંહેનાં પાનાં પહેલાં છૂટી જતાં જ વિમળ તાળી પાડી ઊઠીઃ 'અવિ! આખરે તો તારાએ તને જ ગહ્યો બનાવ્યો છે! અને ગધેડા સાથે કોઈ છોકરી પરણે ખરી? કેમ ખરું ને, તારાબેન?'

તારા હસી નહિ. પણ ઘડી પહેલાં પોતાની શિક્ષિકાના થયેલ અપમાનનું વિમલને વેર વાળવું હતું. ખડખડાટ હસતી હસતી તે ચોતરફ ઘૂમવા લાગી. તેણે એક વાર્તા જોડી કાઢીઃ 'એક હતો ગધેડો. એક અપ્સરા પ્રત્યે તેના દિલમાં પ્રેમ જાગ્યો. અપ્સરા ગધેડાને કહેઃ તારામાં એવા કયા ગુણો ભર્યા છે કે હું તને પરણું? તુરત ગધેડાએ પોતાનું સંગીત શરૂ કર્યું—'

એ વાર્તાનો અંત કયાં આવત તે તો દૈવ જાણે! પણ વિમલે ગધેડાના સંગીતનું વર્ણન શરૂ કરતાં જ ગુસ્સાથી લાલચોળ બનેલો અવિનાશ ઊભો થયો—

વિમલને એ તમાચો પણ ધરી દેત, પણ મેં એકદમ તેનો હાથ પકડી લીધો, ને તેને બહાર ખેંચી ગયો.

ક્રોધથી તેનું શરીર ધ્રૂજી રહ્યું હતું! પોતાની રૂમમાં પહોંચી પલંગમાં પડ્યો કે તુરત એનો ક્રોધ રુદનમાં ફેરવાઈ ગયો!

એની નજરમાં ભારે વ્યાકુળતા ભરી હતી. હું તેની પડખે બેસી ગયો, પ્રેમથી તેની પીઠે હાથ ફેરવવા લાગ્યો. લાગણીનું પૂર ઓસરી જતાં તેણે કહ્યુંઃ 'દુઃખ ગમે તેટલું છુપાવવાનો પ્રયત્ન કરો તોપણ છેવટ સુધી તેને દાબી રાખી શકાતું જ નથી, ખરું?'

આખો દિવસ મારા મનમાં અવિનાશના એ શબ્દો ઘૂંચ્યા કરતા હતા. માણસો પોતાની મનોવેદના છુપાવે છે—લાગણીઓ છુપાવે છે, અને એમ કરી જીવનમાં દુઃખી થાય છે, મનમાં સોસવાયા કરે છે, અંતરમાં પ્રજળ્યા કરે છે. આવી સંતાકૂકડી વિના દુનિયા જીવી ન જ શકે શું? અવિનાશ અને બાબુરાવ બંને સગા ભાઈઓ છે. બંનેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરસ્પરસ ખૂબ વહાલ છે. છતાં અવિનાશ આણુરાવ પાસે પોતાનું હૈયું ખોલી શકતો નથી, અગર તો આરતેથી એના અંતરનાં ઊંડાં પડો તપાસી ત્યાં એને શું ખૂંચે છે તે જોવા આણુરાવ ઉત્સુક નથી! કાયમ પહેલા વર્ગમાં પાસ થનારો પોતાનો ભાઈ એમ.એ.માં ત્રીજા વર્ગમાં આવ્યો તેથી આણુરાવને ગુસ્સો ચડ્યો; પરંતુ એ શા માટે ત્રીજા વર્ગમાં આવ્યો એ વિષે એણે કદી સહાનુભૂતિપૂર્વક વિચાર કર્યો હતો ખરો?

હું વિચારે ચડ્યો. મેં જોયું તો જીવનમાં જ્યાં ત્યાં સંતાકૂકડીની જ રમત ચાલી રહી છે—દરેક કશુંક છુપાવવા પ્રયત્ન કરી રહેલ છે. અવિનાશ વીશમે વર્ષે ગ્રેજ્યુએટ થયો; બી.એ.માં પહેલા વર્ગમાં આવનાર યુવાન પ્રત્યે અત્યંત આદર અને ભાવ ધરાવનારી છોકરીઓ કાંઈ ઓછી ન જ હોય! એમાંની કોઈ છોકરી સાથે એને પરિચય થયો હશે. અને યુવક—યુવતીઓમાં પરિચય એટલે જ પ્રીતિ એવી એક અણલખી ભાવના ઊભી થાય એમાં નવાઈ શી? વળી યુવાન હૈયાં પોતાની પહેલી પ્રીત છુપાવી પણ રાખે છે એ તો સર્વસામાન્ય વાત છે! પણ નવાઈની વાત એ છે કે જે હકીકતની વિમલને પૂરેપૂરી જાણ છે, તે અંગે આણુરાવ સાવ અંધારામાં છે!

માબાપો પોતાનાં જુવાન છોકરા-છોકરી સાથે તેમની પરીક્ષા અંગે છૂટથી વાતો કરે છે ને ઘણું જાણી લે છે; પરંતુ એ જ કાળે અંકુરિત થતી તેમની પ્રેમની લાગણીઓ વિષે એક અક્ષર પણ ઉચ્ચારતાં નથી! મહેમાન માટે શી રસોઈ કરવી એ અંગે પતિપત્ની કલાકો સુધી ચર્ચા કરે છે; પરંતુ બાળકોથી ત્રાસી જવા છતાં સંતતિનિયમન અંગે અગર તો બાળઉછેર પરત્વે બે ઘડી પણ વિચાર કરવાનો અવસર તેઓ મેળવતાં નથી! અન્ન અને પ્રેમ એ માનવી જીવનની બે મહત્ત્વની ઘટનાઓ હોવા છતાં એ તરફ ધ્યાન આપવાને સમાજને ફુરસદ નથી! અનાજ પેદા કરનાર પોતે પેટ પૂરતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામી શકતો નથી; તો વળી નિષ્કામ પ્રેમ દાખવનારો ઘણી વાર મૂરખમાં ખપે છે! આ આજની પરિસ્થિતિ છે એટલી વાતનો જાહેર એકરાર કરવાની પણ મોટેરાંઓ ના પાડે છે. આ પરિસ્થિતિ પેદા થવાનું શું કારણ છે એની ચર્ચા – ખુલ્લા દિલથી ચર્ચા કરવા કૉલેજના પ્રોફેસરો પણ હિંમત ધરતા નથી. પ્રખર સત્યના તેજથી અંજાઈ જઈને સમાજ પોતાનો સઘળો જીવનવ્યવહાર અંધકારમાં જ જાણે ચલાવ્યા કરે છે. અને પછી જીવનને આવે અંધકારભર્યે રસ્તે પ્રવાસ કરતાં જો કોઈને ઠેસ લાગે ને પડી જાય તો, જે મલમથી એ ઘા કદી રુઝાતા નથી, એવા ઉપદેશોની બાટલીઓ ભરીને લોકો મદદ આપવા દોડી જાય છે!

સમાજની આ સંતાકૂકડીની રમતમાં કેટલાં યુવક–યુવતીઓનાં હૈયાં ગૂંગળાતાં–પિસાતાં હશે તે કોણ જાણી શકવાનું છે?

× × ×

રાત્રે અવિનાશને મેં બગીચામાં સાથે ફરવા ઉપાડ્યો. આકાશ છેક નિર્મળ હતું. સુદિ આઠમની ચાંદની બગીચામાં હસી રહી હતી. એટલામાં કચાંઈકથી રાતરાણીનાં ફૂલોની સુગંધ ખેંચાઈ આવી. મને વિચાર થયો: ફૂલોથી પણ પોતે ખીલ્યાં હોવાની કાનગોષ્ટિ – જાણ જગતને કર્યા વિના રહેવાતું નથી! અવિનાશનો પ્રેમ એટલે એના વિકસેલા હૈયાની સુગંધ નહિ તો બીજું શું છે?

સુગંધ માનવીને દુઃખી કરે? – પરિતાપ આપે? કેવળ માનવી સૃષ્ટિમાં જ આવો ચમત્કાર જોવા સાંપડે!

અવિનાશનો હાથ ઝાલી મેં કહ્યું: 'અવિ! મને તારો સગો ભાઈ માનજે, ને કોઈ પણ વાત છુપાવતો નહિ. ફૂટવાળા જખમ કરતાં મૂઢ માર વધારે નુકસાન કરે છે. નાનપણમાં તારી બા પાસે જેટલે મોકળે હૈયે તું વાતો કરતો તેટલા ખુલ્લા દિલથી મને બધું કહી દે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું એમ.એ.માં ત્રીજા વર્ગમાં કેમ આવ્યો એનું કારણ બાબુરાવ વકીલ હોવા છતાં ભલે જાણી ન શક્યા હોય, પણ હું તે સમજી ગયો છું.'

નવાઈ પામી અવિ મારા સામે જોઈ રહ્યો. મેં હસીને આગળ ચલાવ્યું: 'વિમલની બેનપણી પેલી તારા જોઈ? મારું એવું ચોક્કસ માનવું છે કે આ અપ્સરાઓને કોઈ પણ તપસ્વીનો તપોભંગ કેમ કરવો એટલું જ માત્ર આવડે છે!'

મારા છેલ્લા વાક્ય પછી અવિનાશ જરા જરા રંગમાં આવ્યો. તેણે કહ્યું: 'કાકા! તમારી વાત સત્તર આના છે! તારા અપ્સરા સમી સુંદર છે, તેમ તેના જેટલી જ ચંચલ પણ છે.'

ધીરેધીરે એણે પોતાના પ્રણયની કરુણ કથની સંભળાવી. એ સાંભળતાં સાંભળતાં જાણે હું મારા જીવતરની પંદર વર્ષ પહેલાંની હકીકતનું પુનરાવર્તન સાંભળું છું એમ મેં અનુભવ્યું. મારા મનમાં સવાલ થયો: 'દુનિયામાં જે ફેરફારો થતા દેખાય છે તે શું કેવળ ઉપલકિયા જ હશે?'

અવિનાશે પોતે થઈને તો કદી કોઈ છોકરી તરફ ખાસ ધ્યાન આપ્યું જ નહોતું. પણ તે બી.એ. થયો એ જ અરસામાં વિમલને અને તારાને નવાં બેનપણાં થયાં. નજીકમાં વહેતા બે પ્રવાહો સહેજે એક થઈ જાય—ભળી જાય એવો કુદરતનો પણ નિયમ છે. અવિનાશ અને તારાની બાબતમાં એમ જ બન્યું. પ્રણયના બોલતો પ્રથમ ઉચ્ચાર ભલે અવિનાશે કર્યો હોય, પરંતુ એ તારાના પ્રથમ મૂક અભિનયના ઉત્તરરૂપે જ હતો!

એ આખું વરસ અવિનાશ સ્વપ્નસૃષ્ટિમાં વિહરતો રહ્યો. એ દુનિયામાં એકે કાળી વાદળી નહોતી; એક પણ ફૂલ કરમાતું નહોતું; સંગીતનો કોઈ પણ સૂર બેસૂર બનતો નહોતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સ્વપ્ન જેટલું સુંદર હોય છે તેટલો જ એમાંથી જાગૃત થતાં અનુભવાતો માનસિક પરિતાપ પણ તીવ્ર હોય છે. વરસને અંતે તારાનું વર્તન બદલાતું દેખાયું; અવિનાશ પ્રત્યે તે ઉદાસીન બની. પોતાની લક્ષ્મીને તોલે અવિનાશ આવી નહિ શકે એવી માન્યતાને કારણે હો અગર તો કોઈ બીજા જુવાન સાથે આવી જ રમત રમવામાં તે રંગાઈ જવાને કારણે હો, અવિનાશને તેણે અડવાડિયાંએ સુધી મળવાનું બંધ કરી દીધું! અવિનાશ પોતાના દિલનું દર્દ કોઈને કહી શકતો નહોતો. આખરે આ પરિસ્થિતિની અસર જ્યારે પોતાની એમ.એ.ની પરીક્ષા પર થશે એવું અવિનાશને લાગ્યું ત્યારે તેણે આ પ્રશ્ન અંગે તડ કે ફડ કરી લેવાનો નિશ્ચય કરી લઈ તારાને એક કાગળ લખ્યો. છતાં મહિનાઓ પસાર થવા છતાં એ કાગળનો જવાબ પણ અવિનાશને મળ્યો નહિ! આખરે એમ.એ.ની પરીક્ષાને બરોબર ત્રણ દહાડા જ બાકી રહ્યા હતા ત્યારે તારાનો ટૂંકો જવાબ મળ્યોઃ 'હું તમારી સાથે પરણી શકું તેમ નથી!' એ પત્રમાં તેણે ના પાડવાનું ન તો કોઈ કારણ દર્શાવ્યું, અગર ન તો આટલા દિવસો સુધી તેને ઝૂલતો રાખ્યો તે બદલ માફી માગી! આ માનસિક આઘાતનું પરિણામ અવિનાશના ઉત્તર-પત્રોમાં આવ્યું. તે પાસ તો થયો પણ ત્રીજા વર્ગમાં! અવિનાશ જેવો હોશિયાર વિદ્યાર્થી ત્રીજા વર્ગમાં આવ્યો તેથી તો ઊલટાની સહુએ તેની મશ્કરી કરી! કોઈએ એટલો વિચાર ન કર્યો કે આવો શરીર લડવૈયો કોઈ મર્માંતિક જખમ વિના નિશાન ખાલી જવા દે ખરો?

પોતાની કથની પૂરી કરતાં ગદ્‌ગદ્ સ્વરે અવિનાશે મને કહ્યું: 'કાકા! પ્રેમ એ અમૃત નથી, નર્યું ઝેર છે!'

મેં તેના વાંસામાં હાથ ફેરવતાં કહ્યું: 'ભાઈ! ઝેરનું મારણ પણ ઝેર જ છે, એ તો તું જાણે છે ના?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જરૂર.'

'હું પણ એવો જ પ્રયોગ કરવાનો છું. પંદર વરસ પહેલાં પ્રેમમાં નિષ્ફળ બનેલા એક માણસનો ઇતિહાસ હું તને સંભળાવવા ધારું છું.'

'એ વ્યક્તિ હજુ જીવે છે?'

'હા. એક વાર તો એણે આત્મહત્યા કરવાનો મનસૂબો પણ કરેલો! પણ પછી—'

'ત્યારે તો કદાચ ને બિચારો ગાંડો બની જઈ ઠેકઠેકાણે ભટકચા કરતો હશે!'

'અવિનાશ! તું મને ગાંડો ગણે ખરો?'

અવિનાશ મારા તરફ તાકી રહ્યો. આકાશનો ચંદ્ર ક્ષિતિજમાં લપાઈ જવા ઉતાવળો થયો હતો; પરંતુ હવામાં રાતરાણીનાં ફૂલોની મંદ મીઠી સુવાસ પથરાઈ રહી હતી.

× × ×

ઓરડીમાં આવીને મેં કાગળ લખવા માંડ્યો—

"વહાલા ભાઈ અવિનાશ!

આજ સુધી કોઈને ન કહેલી વાત તને કહેવા માગું છું. મોઢેથી વાત કરવામાં સંકોચ થાય એટલે કાગળમાં લખીને કહેવું વધારે સારું, એમ મને લાગે છે.

હું બી.એ.માં હતો ત્યારે મારે એક છોકરીને ભણાવવાનું ટ્યૂશન મળ્યું. હું ગરીબ હતો, અને પેલી છોકરીનો પિતા તાલેવર હતો, એ તો સહેજે સમજી શકાય એવું છે.

શરૂઆતમાં એ છોકરી પરત્વે કોઈ પણ જાતની કુમળી ભાવનાઓ મારા હૈયામાં જાગી નહોતી. પણ વખત જતાં, જેની મા મરી ગઈ હતી, જેણે સગી બહેન તો ઠીક પણ કહેવા સરખી પણ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેનનો પ્રેમ દેખ્યો નહોતો, એવા એક જુવાનનું દિલ સ્ત્રી પરત્વે જે તરેહનું આકર્ષણ અનુભવે, તેવું આકર્ષણ લાંબા સહવાસે મને એ છોકરી પરત્વે પેદા થયું. એ છોકરી પણ મને વખત એવખત, કોઈ પણ સમયે ચા પાયા વિના જવા દેતી નહિ! મારી પેઠે એને પણ નાટકો અને નવલકથાઓ વાંચવાનું ખૂબ ગમતું. નાટકોની વાતો નીકળતાં અમે બબે કલાક સુધી વાતોએ ચડી જતાં!

હું એ છોકરીને છેતરતો નહોતો; તે પણ મને છેતરતી નહોતી. કેવળ કુદરત જ અમને ફસાવતી હતી–રમાડતી હતી! પણ એમાં કુદરતને પણ શા માટે દોષ દેવો? પૃથ્વી પર જે દહાડો કેવળ એક જ પુરુષ અને એક જ સ્ત્રી હતી તે દહાડો પણ કુદરતે જે ખેલ ખેલ્યો હતો, તે જ ખેલ કુદરત આજે પણ ખેલી રહી છે. સમાજનું બંધન માનવીને છે, કુદરતને નથી!

એ છોકરીએ મને સંબોધીને પત્રો લખવા માંડ્યા. એમાંનો એક કાગળ ઘરની જ કોઈ વ્યક્તિને જડી આવ્યો. એણે એ કાગળ છોકરીના બાપને હવાલે કર્યો. મોટેરાંઓ હમેશાં દુન્યવી દૃષ્ટિથી જ જુએ છે. થોડા જ દહાડામાં એના બાપે એ છોકરીના હાથનો જ લખેલો એક કાગળ મને પાઠવ્યો. એ કાગળમાં "ફરી હવે તમે અમારે ત્યાં ડગલું પણ ન દેશો. તમારા સરખાના પ્રેમમાં પડવા જેવી હું કાલી નથી થઈ!" એવા શબ્દો હતા.

એ કાગળ વાંચતાં વાંચતાં દિલ પર જાણે કોઈ ધગધગતા અંગારા ચાંપતું હોય એમ મને લાગ્યું! જેણે મને દિલથી પ્રેમપત્રો પાઠવ્યા હતા, એણે જ આવો કાગળ લખ્યો?

થોડા દહાડા તો હું સૂતમૂત જેવો બની ગયો. એ કાળમાં આત્મહત્યા કરવાનો વિચાર પણ મારા મગજમાંથી પસાર થઈ ગયો. બી.એ.ની પરીક્ષાના ઉત્તરપત્રો મનની એવી જ અસ્વસ્થ દશામાં મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખ્યા અને પરીક્ષાનું પરિણામ ધાર્યા મુજબ જ આવ્યું !

પૂનામાં રહેવું હવે કોઈ રીતે શક્ય નહોતું. હું દૂરદૂર ઈંદોરમાં એક સગાને ઘેર પહોંચ્યો. એમના પર બોજારૂપે પડવાનું તો મને ગમ્યું જ નહિ. પેટ ખાતર પણ કાંઈક કમાવું જોઈએ એ વિચારે આખરે એક વીમા કંપનીનો એજન્ટ બન્યો. પણ તે પછી એકાદ બે વરસના પસાર થવા સાથે મારા દિલનો એ જખમ રુઝાઈ ગયો ! આવા જખમો પંપાળીએ તો પાકે છે; એની દરકાર જ ન રાખીએ તો તે આપોઆપ રુઝાઈ જાય છે !

ધંધામાં મને સારી સફળતા મળી. ધંધાની જ એક અજબ મોહિની મને લાગી. ધંધાને અંગે જાતજાતના માણસોના પરિચયમાં મારે આવવાનું બનતું, અને અનેક વ્યક્તિઓનાં સુખદુઃખ જાણવા પામતો. જીવન પરત્વે સાચો ખ્યાલ બાંધવામાં મને આ અનુભવોએ ઘણી મદદ કરી. બાળપણમાં જેમ જાતજાતની રમતો રમીએ છીએ, તેવી જ જુવાનીની પણ પ્રેમ એ એક રમત છે ! રમતમાં ઘણી વાર આપણે પછડાઈએ છીએ, ને વખતે હાથપગ પણ છોલાય છે; પણ એથી માનવી જીવનભર લૂલો-લંગડો નથી બની જતો ! પ્રણય એ પ્રીતિના બાળપણનું તોફાની ચંચલ રૂપ છે. માનવીજીવનનો ખરો આત્મા તો પ્રીતિ છે, પ્રણય નથી. પ્રણયની વેલ પર બે જીવાત્માઓનાં હાસ્ય અને અશ્રુનાં જ્યારે ફૂલો ઊઘડે છે ત્યારે જ માનવી પ્રીતિનો સાક્ષાત્કાર પામે છે. પુષ્પોથી લચી રહેલી પ્રીતિની આવી વેલ એકાએક સુકાઈ જાય તો હરકોઈને પારાવાર દુઃખ થાય. પણ જે વેલનાં મૂળ જમીનમાં ઊંડાં જ ઊતર્યાં નથી, જેને એક પણ ફૂલ બેઠું નથી, એવી વેલ માટે —

કોઈ કવિ જેવું આ લખાણ મારી કલમે ક્યાંથી ઊતર્યું તેની મને પોતાને જ નવાઈ લાગે છે. પણ એમાં નવાઈ સરખું શું છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયના મંથન પછી બહાર નીકળી આવેલું અનુભવ-નવનીત આવું જ હોય.

દસ વરસ પહેલાં હું પરણ્યો. મારી પત્ની પર મને ઘણો પ્રેમ છે. અમારાં ત્રણ અપત્યોએ અમારા એ પ્રેમને અમરતા અર્પી છે. એની આગળ પંદર વરસ પહેલાંની પેલી પ્રેમકથા મને હવે સ્વપ્ના જેવી ભાસે છે.

એ સ્વપ્ન આજ સવારે મેં જાગૃત અવસ્થામાં જોયું. પણ એનું સ્વરૂપ કેવું વિચિત્રતા ભર્યું હતું? પંદર વરસ પહેલાં મારા જીવનપટ પર ચમકી ગયેલી જુવાન કન્યા તે જ વિમલની શિક્ષિકા! આપણે બેઠા હતા તે ઓરડામાં પેસતાં જ તેણે ચીસ પાડી તે મને દેખીને! વિમલને અગર તો તને આનો ખ્યાલ પણ કયાંથી હોઈ શકે?"

× × ×

અવિનાશે મારી સાથે જ પૂના છોડ્યું. મુંબઈમાં તેણે કોઈ શાળામાં શિક્ષક થવાનું વિચાર્યું હતું.

મને મહિને મહિને તે કાગળો લખતો. એની માનસિક સ્વસ્થતા પાછી આવતી જતી હતી એ હું એના પત્રો પરથી જાણી શકતો હતો.

છ મહિનાને અંતે એણે લખેલા એક પત્રમાં એક નવીન વાતનો ઉલ્લેખ હતો. તેણે લખ્યું હતું: "એમ.એ.માં ફરી બીજો વિષય લઈને બેસવાનો મેં નિશ્ચય કર્યો છે. અવિ પહેલા વર્ગમાં જ એમ.એ. થાય એવી મોટા ભાઈની ખૂબખૂબ ઇચ્છા હતી; એ ઇચ્છા આવતે વર્ષે જ પરિપૂર્ણ થશે!"

અવિનાશમાં આ ઉત્સાહનાં નવાં પૂર કયાંથી ઊલટ્યાં? હું સમજી શકયો નહિ. કાગળોમાં જાતજાતના સૂચક પ્રશ્નો લખ્યા, પણ તે તો બધા પત્રોમાં સંતાકૂકડી જ રમ્યા કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા છ મહિને તેનો કાગળ આવ્યો તેમાં લખ્યું હતું: "એમ.એ. પાસ થયા પછી મેં પરણવાનું નક્કી કર્યું છે. શીલા પણ આ વરસે જ બી.ટી.માં પાસ થશે. જ્ઞાતિનો સવાલ નડે એવો લાગે છે, પણ હું ધારું છું કે મોટા ભાઈ ને અને બાને તમે જરૂર સમજાવશો. થોડીક અમારે પણ સંતાકૂકડીની રમત રમવી પડે એમ પણ બને. હવે તો રાજ તમારા જ હાથમાં છે એટલે—"

હું ખટખડાટ હસી પડ્યો.

પત્નીએ પૂછ્યું: 'ઓહો! કાગળમાં એવું તે બધું શું છે?'

'અરે વાત ન કર! હું હવે રાજા થયો છું!'

એ મારા સામે જોઈ જ રહી. અવિનાશનો કાગળ તેના હાથમાં આપતાં આપતાં મેં ઉમેર્યું: 'રાણીના પતિને રાજા કહેવાય છે, સમજ્યાં રાણીજી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુષ્પો અને પથરા

ટ્રિણિંગ – ટ્રિણિંગ – ટ્રિણિંગ –

ઘડિયાળમાં સાત ડંકા વાગ્યા. ચા પીતાં પીતાં એકદમ મેં ઘડિયાળ તરફ નજર ફેરવી અને હસતાં હસતાં ઈંદુને કહ્યું: 'સવારમાં તો ઘડિયાળ જાણે દોડતું હોય એમ લાગે છે, નહિ?'

ખંધાઈથી માથું ધુણાવતાં તે બોલી ઊઠી: 'હેં, સાચી વાત? બાકી ખરું પૂછો તો આ ઘડિયાળ ડૉક્ટરને ત્યાંનું જ છે. એટલે સવારમાં ઊઠીને વ્યાયામ અર્થે થોડું એક દોડી લેવાનું કાંઈ તેને શીખવવું ન પડે!'

'પણ આ કસરતનો એ બચ્ચાજીને ફાયદો જ કેવાં થાય છે? સાંજ પડે એટલે પાછું સાવ ઢીલુંઢફ થઈ જાય છે! એક માણસના મનમાં રાતના દસના ટકોરા પડ્યા જેવું લાગે તોપણ ઘણી વાર એમાં આઠના ટકોરા પણ પડ્યા ન હોય!'

'રાખો હવે, બહુ થયું એ તો!' જાણે વીજળી ઝબકી! મારી પાસે એ વેળા જો એકાદ કૅમેરા હોત તો ફોટોગ્રાફી હરીફાઈમાં હું જરૂર પહેલું ઇનામ જીતી જાત!

ટેબલ પર પથરાયેલા રકાબી પ્યાલા ઉપાડવા ઈંદુ નીચી નમી. એના વાળની સેંથી એટલી સુરેખ હતી! સરકારે સડકો બાંધવાનું કામ સ્ત્રીઓને જ આપવું જોઈએ એવો એક વિચાર પણ મારા મગજમાં પસાર થઈ ગયો. પણ હું કશી ગમ્મત ઉડાવું તે પહેલાં જ ઈંદુએ કહ્યું: 'સાંભરે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, જરૂર.'

'શું?'

'સોનાનાં ફૂલો આણવાની વાત.'

'ફૂલો?'

'એ વિના પૂજા શી રીતે થાય?'

'દેવલાંનું તો કશું ઠેકાણું નથી ત્યાં પૂજાની વાત—'

'દેવોનું નામ શું કામ લેવું? દેવો એટલે તો જડ પથરા!'

'આવું શું બોલતા હશો?'

'ચાલો, રહેવા દ્યો. પણ દેવ ન હોય તોપણ સાક્ષાત્ એક દેવી તો અહીં છે જ!'

'પાપમાં પડો છો એ જાણો છો?' ગમતું હોવા છતાં મોં બગાડી ઇંદુએ નિષેધ બતાવ્યો.

ફરી મને કેમેરા યાદ આવ્યો. મનમાં એમ પણ થયું કે સવારમાં ઊઠીને આજે કોનું ય મોં જોયું હશે! ઈનામ મેળવી શકે તેવો બીજો ચોઝ પણ અનંતતામાં વિલીન થઈ ગયો! ત્યાં તો વળી યાદ આવ્યું કે વહેલી પરોઢમાં આંખો ઊઘડી ગઈ ત્યારે ગાઢ નિદ્રામાં પડેલી ઇંદુની સામે જ હું લાંબા વખત સુધી તાકી રહેલો! કવિઓ-એ રમણિયતાની વ્યાખ્યા કરતાં કહેલું જ છે કે ક્ષણે ક્ષણે નાવિન્ય ધારણ કરે તે રમણિયતા. અને આવી રમણિયતા રમણીના મોં પર જ વિલસે છે, એ વાતનો સ્વીકાર તો બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓ પણ કર્યા વિના નહિ રહે. ઘણી વાર ઇંદુને ચીડવવા હું તેને કહું છું: 'જો મને તારા જેવી સ્વરૂપવાન પત્ની મળશે એ હું પહેલેથી જાણતો હોત તો હું ડૉક્ટર થવાને બદલે ફોટોગ્રાફી જ શીખત!' પણ ઇંદુ ય કંઈ ઓછી ઊતરે એવી છે? તે તુરત સંભળાવે છે: 'ફોટોગ્રાફરને મારા બાપુજી પોતાની દીકરી કદી આપત જ નહિ ને? એની ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગવાળી ઘોડી, એ કાળો બુરખો...'

અત્યારે પણ તેણે એવો જ અભિનય કર્યો. એ મોહક અભિનયનું દૃશ્ય હજુ દેખાયું ન દેખાયું ત્યાં તો એણે ડોશીમાની ગંભીરતાનો ડોળ આણી કહ્યું: 'કહે છે કે પુરુષોને હૈયું નથી હોતું તે વાત સાચી લાગે છે.'

'હૈયું શી રીતે હોય? સ્ત્રીઓ ચોરી જાય—'

'બસ, બસ હવે!' ઇંદુએ છણકો કર્યો.

'સાચેસાચ કહું છું! ડૉક્ટર છું એટલે તો ખાસ કહું છું—'

'એની ખાતરી કરાવવા કોઈ બહારના ડૉક્ટરને બોલાવવાની જરૂર જ નથી. આપણાં નીચેવાળાં ફઈબાની જ વાત લ્યો. આ પાંચ વરસ સુધી એમના દીકરાનો કશો ય પત્તો હતો? ચાર દહાડા પહેલાં જ વળી કચાંઈકથી એનું સરનામું હાથ આવ્યું! બિચારી ડોશીએ દીકરાને કાગળ લખ્યો કે 'હું માંદી છું; મનમાં એમ છે કે એક વાર તને નજરે જોઉં...' પણ એ દીકરાએ માંદી, ખાટલે પડેલી માતાની ખાતર પણ કાગળના બે પૈસા ખરચ્યા હોય તો હરામ!'

ઇંદુનું ભાષણ સાંભળતાં સાંભળતાં મને યાદ આવ્યું કે રાત્રે મેં તેને વચન આપ્યું હતું કે કાલે સવારે દવાખાનામાં જતાં જતાં ફઈબાની ખબર કાઢતો જઈશ, પણ ઇંદુ સાથેની ગમ્મતમાં અત્યાર સુધી હું તે છેક વીસરી ગયો હતો! મને ઘડીભર એવો પણ વિચાર આવ્યો કે હમણાં જ ઇંદુએ પુરુષજાત ઉપર કરેલા આક્ષેપમાં ઘણો સત્યાંશ છે!

ખરેખર, પુરુષો હૃદયહીન હોય છે માટે જ શું આવી વાતો ભૂલી જાય છે? ના, હરગિજ નહિ. નાનાં બાળકોની પેઠે મોટેરાંઓને પણ ખેલ ખેલવાનું ગમે છે. બાળકો રમતમાં તલ્લીન થઈ જાય ત્યારે ભૂખ, થાક, બધું ભૂલી જાય છે; મોટેરાંઓ વિષે પણ એમ જ બનતું હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી વાત છે કે માનવી જિંદગી આખી રમત જ કરતો હોય છે. પણ એકની એક રમતમાં તેનું મન લાંબો વખત પરોવાઈ શકતું નથી, એટલે એક રમત પૂરી થાય કે બીજી —

અન્યના દાખલા શોધવાની શી જરૂર છે? બાળપણમાં જ્યારે મને પહેલવહેલો નિશાળે બેસાડ્યો ત્યારે શાળાએ લઈ જનાર નોકરને મેં જોરથી બટકું ભરેલું! થોડા દહાડા ગયા ને એ જ શાળા મને ખૂબ ગમી ગઈ. પછી મરાઠી નિશાળ છોડીને અંગ્રેજી નિશાળમાં દાખલ થવાનો વખત આવ્યો ત્યારે મને કેટલો આઘાત થયેલો? પછી વળી એ અંગ્રેજી શાળામાં ચિત્ત એવું ચોંટી ગયું કે મરાઠી નિશાળની બાજુમાંથી હું બસાર થતો છતાં એ મકાન તરફ નજર પણ નાખતો નહિ! મેટ્રિક પાસ થઈને બહારગામ કૉલેજમાં ભણવા જવાનો વારો આવ્યો ત્યારે બાને બોળે માથું મૂકી હું ચોધાર આંસુએ રડ્યો હતો; એ વખતે એવો પણ વિચાર થયેલ કે આ વરસે મેટ્રિકમાં નાપાસ થયો હોત તો ય સારું! પણ મહિનાઓ પસાર થયા, અને કૉલેજજીવનની વિધ-વિધ પ્રવૃત્તિઓમાં હું એવો તો રંગાઈ ગયો કે બસ! એક વેકેશનમાં બાએ પોતાનાં ઘરડાં માને મળવા સારુ ખાસ મને વહેલા આવવાનું લખ્યું હતું. પરંતુ એ જ દિવસોમાં મુંબઈમાં દેશના અનેક મોટા આગેવાનો એકઠા થયા હતા; એમનાં ભાષણો સાંભળવાનું છોડીને આજીને મળવા જવું? તે વખતે મારા અંતઃકરણે જવાબ આપેલોઃ 'ઘેર બેઠાં ગંગા આવી હોય ત્યારે શું કોઈ કૂવાનું પાણી સીંચીને સ્નાન કરવા બેસે?'

એમ કરતાં દિવસો ગયા ને મારે ઈંદુ સાથે પરિચય થયો. સંધ્યાનું એ આછું અજવાળું પળવારમાં ચાંદનીમાં ફેરવાઈ ગયું. એક દહાડો પંડિત જવાહરલાલજીનું ભાષણ હતું. સાંજના એ વ્યાખ્યાનમાં હાજર રહેવા સારુ હું સવારથી દોડાદોડી કરતો હતો. પણ બરોબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાનને વખતે જ ઈંદુ મળવા આવી. ગ્રેટા ગાર્બોના ચિત્રની બે ટિકિટો તે ખરીદી લાવી હતી! ઘણું કરીને 'કવીન ક્રિસ્ટીના' ની ફિલ્મ હતી. કશી આનાકાની વિના ઈંદુની સાથે એ ચિત્ર જોવા જ પહોંચ્યો. 'શો'માંથી પાછા ફરતી વેળા ઈંદુ સાથે હું કેવા ઉલ્લાસમાં આવી વાતો કરતો હતો! તે દહાડો સાંજે પંડિતજીનું ભાષણ ગુમાવ્યું એનો ખ્યાલ મને છેક બીજે દિવસે સવારે આવ્યો!

જિંદગીનું આ આખું ય ચિત્ર એક ક્ષણવારમાં મારા કલ્પનાપટ પરથી પસાર થઈ ગયું, ને કપડાં પહેર્યાં તે વેળા તો હું આનંદમાં આવી ગયો હતો. મેં ઈંદુને કહ્યું: 'બરાબર યાદ રાખ્યું છે હોં!'

'શું?'

'ફઈબાના ખબર કાઢીને પછી જ આગળ જવું!'

તે હસી પડી. પુરુષોને ગુનેગારના પાંજરામાં ઊભા કર્યા હોય તોપણ તેઓ પોતાની વકીલાત આબાદ રીતે કરી શકવાના એની જાણે એને ખાતરી થઈ ગઈ હતી!

હાથ માંહેની ટોપી આસ્તેથી તેને માથે મૂકવા જતાં જ તે પાછી હઠી ગઈ. બોલી: 'ડૉક્ટરે દરદીને ટોપી ઓઢાડવાની હોય, પોતાની પત્નીને નહિ!'

હું હસીશ એવી અપેક્ષા સાથે ઈંદુ મારા સામે જોવા લાગી. પણ એ શબ્દોથી ન તો હું તેના પર ગુસ્સે થયો અગર ન તો મને એની ગમ્મત માણવાનું મન થયું. ઈંદુ–મારી ઈંદુ આમ બોલે? ગરીબ ગામડિયાઓને સહેજ પણ ઉપયોગી થવાય એ આશયથી જ હું ઇરાદાપૂર્વક ગામડામાં આવી વસ્યો હતો, એ શું ઈંદુ જાણતી નહોતી? ગરીબોના બિલ્લામાં હું હમેશાં છૂટ મૂકું છું એ વાત ઈંદુને કોઈ બીજાએ સમજાવવાની જરૂર હતી ખરી? ઈંદુ–મારી ઈંદુ ખરેખર ફૂલ જેવી જ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાંથી બહાર નીકળતી વેળા મારા મનમાં વિચાર થઈ આવ્યોઃ આ ક્ષણ સુધી હું ઇંદુ સાથે મજા કરવામાં તલ્લીન બની ગયો હતો. પણ હવે આ બધી મજાઓ છેક જૂની તો નહિ થઈ ગઈ હોય? તેના છેલ્લા વાક્યે મારા દિલને કેટલું અસ્વસ્થ બનાવી દીધું છે? પરસ્પર કરાતી મજાકોથી જ્યારે એકબીજાને કંટાળો આવવા લાગે ત્યારે એ બે વ્યક્તિઓની વચ્ચેના દિલનો મેળ પૂરો થયો, એવો એનો અર્થ કરીએ તો શું ખોટું?

× × ×

હું કબાટની ઓરડીમાં દાખલ થયો. ઓશીકે પડેલા ફોટોગ્રાફે મારું ધ્યાન સૌથી પહેલું ખેંચ્યું. એ ફોટો હતો વિશ્વનાથ નામની વ્યક્તિનો! બાળપણમાં વિશ્વનાથ માતાની પાછળ ગાંડો હતો. પણ મેટ્રિક પાસ થયા પછી તેણે મુંબઈમાં જે પગ દીધો તે આજ સુધી હજુ પોતાને વતન પાછો ફર્યો નહોતો! અધૂરામાં પૂરું વળી વચલાં પાંચ વરસ સુધી તો એનો કશો પત્તો જ નહોતો! અડવાડિયા પહેલાં મુંબઈથી એક ઓળખીતા આવેલા તેમણે એનું સરનામું આપ્યું ત્યારે માએ તેને એક કાગળ લખ્યો. પણ એનો જવાબ આપવા જેટલું પણ ભાઈને પોતાની માનું સ્મરણ રહ્યું નહોતું!

હું ઓરડીમાં દાખલ થયો ત્યારે કબાટ ગાઢ નીંદરમાં હતાં. હું વિશ્વનાથનો ફોટો નીરખી રહ્યો. એ આંખોમાં કેટલો ભાવ ભર્યો હતો? દુનિયા આખીના પરિતાપો પોતાની શીતલતાથી શમાવવા માટે જ જાણે એ આંખોએ અવતાર લીધો હતો! પણ પ્રત્યક્ષ અનુભવ આ બાબતમાં ઊલટી તરેહનો પુરાવો આપી રહ્યો હતો. મયસભામાં પણ જ્યાં પાણી ભરેલું દેખાતું ત્યાં વસ્તુતઃ કોરી જમીન અને પથરા જ હતા ના? એની આંખો પણ જાણે એ જ તરેહની ભૂલભુલામણી બતાવતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હોઠ પરનું એ મધુર સ્મિત? એ ચહેરો જોતાં જ તેના પ્રત્યે આત્મીયતા પેદા થાય એવું એ હાસ્ય હતું. જાણે એ હાસ્ય આત્મીયતા કેળવવા પ્રેમભર્યો આવકાર જ આપી રહ્યું હોય!

પોતાની માતા સાથે એણે ગાળેલા શરૂઆતના જૂના દિવસો એ સ્નેહભરી દૃષ્ટિ અને મોહક હાસ્યને છાજે એવા જ વીત્યા હતા. દિલનો પરિતાપ અસહ્ય થાય ત્યારે કોઈ કોઈ વાર ફઈબા વિશ્વનાથની વાતો સંભારતાં. એક વાર કોઈએ રસ્તામાં રખડતું છોડી દીધેલું બિલાડીનું બચ્ચું તે ઘેર લઈ આવ્યો. એ બચ્ચાને ખવરાવ્યા વિના વિશ્વનાથ કદી પણ મોંમાં કોળિયો મૂકતો નહિ. સ્ત્રીઓ બંગડીઓ ખરીદવા જાય ત્યારે આખી બજાર ઢૂંઢી વળે તેમ એણે એ બચોળિયાને ગળે શોભે એવી બંગડી શોધવામાં આકાશ પાતાળ એક કરેલાં! અને આખરે કોઈ માંદગીના વા આવ્યા ને એ બચ્ચું રામશરણ થયું, તે દહાડે ભાણે બેઠેલો વિશ્વનાથ કોળિયો પણ મોંમાં મૂક્યા વિના હાથ ધોઈને ઊભો થઈ ગયેલો!

સ્મૃતિને દૂર દૂરના ભૂતકાળનું અવલોકન કરવાની દૂરબીનની ઉપમા આપી શકાય! ફઈબાના સ્મરણસંગ્રહમાં વિશ્વનાથ વિષેની અગણિત બાબતો ભરી હતી. તે છ મહિનાનો હતો ત્યાં જ બાપો થયો. અર્થાત્ એની માતાના જીવનનું સારસર્વસ્વ હવે પુત્ર જ બને એ સ્વાભાવિક હતું. વિશ્વનાથના બાળપણનાં સંભારણાં સંભારતાં અનેક વાર માતાની આંખે પાણી આવતાં. તે દૃશ્ય સાથે વારેવારે એક જ વિચાર મૂંઝવતોઃ બાળપણમાં આવા સુકોમળ હૈયાવાળો વિશ્વનાથ મોટપણે મુંબઈ પહોંચતાં જ શા કારણે આટલો બધો કઠોર–લાગણીહીન બની ગયો હશે? એની માતાના સ્વભાવમાં કાંઈક વાંધા જેવું હશે એમ સ્વીકારવાને મન ના પાડતું હતું, કેમકે ફઈબાનો રોજનો સહુ સાથેનો સંબંધ સાબિતી આપતો હતો કે એના જેટલી સહન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીલ સ્વભાવની બાઈ ભાગ્યે જ હશે. અમે એમનાં ભાડૂત છીએ એમ કોઈ અજાણ્યાને કહીએ તો તે સાચું પણ ન માને! ઇંદુને માથે નવરાવવાની વાતથી માંડીને મને મનગમતા પૌંઆ વખતસર તૈયાર કરી આપવા સુધીનું કોઈ પણ કામ તે એટલી તો હોંશપૂર્વક કરતાં કે અમે એક જ કુટુંબનાં છીએ એમ હરકોઈ જોનારને લાગી જાય. 'તમે આટલું કરી આપશો?' એમ તેમને કહેવાની કદી જરૂર રહેતી નહિ. અમુક વખતે અમુક કરવું જ જોઈએ એ હકીકત જાણે કોઈ એમના કાનમાં ન કહી જતું હોય!

વિશ્વનાથની વાત નીકળતાં જ તે બોલી ઊઠતાં: 'જરૂર કોઈએ એને કાંઈ કર્યું હશે, નહિ તો મારો વિશ્વો એમ મને કદી ભૂલી ન જાય! મેં ને એણે મળીને અનેક ઘોડા મનમાં ઘડી રાખ્યા હતા. વાડામાં પેલું સોનચંપાનું ઝાડ છે તે એણે જ રોપેલું. તે વખતે તેણે મને કહ્યું હતું: "બા! આ ચંપાને ફૂલ ઊઘડશે ત્યારે તારાં દેવલાં માટે હું રોજ ઉપર ચડીને તને થાળી ભરીને ફૂલો ઉતારી દઈશ!" ચંપાને ફૂલો તો હવે કચારનાં બેસે છે પણ..... મારાં બા કહેતાં કે માણસ કરતાં ઝાડ પર હેત રાખવું વધારે સારું! ને એ જ સાચું છે. ઝાડ માણસની જેમ ભાગી તો ન જાય?!'

ધીરે રહી ફઈબાએ આંખો ઉઘાડી. આસ્તેથી હું તેમના ઓશીકા પાસે જઈ ને બેઠો. અવાજ ઘણો ઊંડો ઊતરી ગયો હતો. એવે સ્વરે પણ તેમણે પૂછ્યું: 'ખુરશી લાવું, ભાઈ?'

'ફઈબા! હું તમારો જમાઈ નથી, દીકરો છું, હોં!' મેં હસીને જવાબ આપ્યો.

પડખું ફેરવી તેમણે ઓશીકે રાખેલ ફોટો તરફ એક નજર નાખી લીધી અને મોં પર હસવાનો આવિર્ભાવ આણી મને કહે: 'એનો અર્થ એમ કરું કે તમે પણ મને મૂકીને ચાલ્યા જવાના છો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતનો મુદ્દો બદલાવવાને ઇરાદે મેં બીજો સવાલ કર્યો: 'પછી તમારા કાગળનો કાંઈ જવાબ આવ્યો કે નહિ?'

તેમણે નકારદર્શક માથું ધુણાવ્યું. પછી બીજી જ પળે મનમાં ઉલ્લાસભર્યો હોય તેમ બોલ્યાં: 'પણ મને તે મળી ગયો છે!'

નવાઈ પામી હું તેમના તરફ તાકી રહ્યો. તેમણે હસતાં હસતાં ઉમેર્યું: 'સ્વપ્નામાં.'

એ જવાબ એક નાના બાળકને શોભે તેવો હતો. અને જરા વિચાર કરીએ તો મોટેરાં ગણાતાં માનવીઓ પણ બાળક જેવાં જ નથી હોતાં શું? ઘણાખરા માણસોની આશા, ઇચ્છા, રાગ, લોભ, બધાંમાં, મૂળ મુદ્દે જોઈએ તો બાળકોથી ભિન્ન એવું શું હોય છે?

ફઈબાએ હાથ લંબાવ્યો. મેં તેમની નાડી જોઈ. બીસામાંથી થર્મોમિટર કાઢી ખંખેરી – પારો નીચે ઉતારી મેં તેમને તાવ માપવા કહ્યું. બગલમાં રાખેલું થર્મોમિટર થોડી વારે મને પાછું આપ્યું ત્યારે મેં કહ્યું: 'ફઈબા! ખરું કહું તો આ થર્મોમિટર તમારે માટે સાવ નકામું છે. હવે મન માપવાનું થર્મોમિટર કોઈ કાઢે તો!'

'એવું માપવાનું કોઈ શોધી કાઢશે તોપણ એમાં ઇંદુ મારી વહુ છે એટલું જ માત્ર દેખાશે!'

ઇંદુને પોતાના ઘરની (દીકરાની) વહુ ગણાવવામાં આ ડોશીને કેટલો આનંદ થતો હતો! એને પેટ અવતાર લીધેલ દીકરો એનું ઋણ નથી ચૂકવતો, જ્યારે મારા જેવો ત્રાહિત એનો દીકરો ગણાઈને રહે છે, એ પણ અજબ છે ના? ફઈબા મને પોતાના પેટના દીકરા જેવો જ ગણે એ હકીકતમાં મારો કેવો મહાન વિજય હતો? જેના એકાદ ટીપાથી પણ માણસને ઘેન ચડે એવું આ સ્તુતિ – વખાણનું હથિયાર દારૂ જેવું જ નિશો કરાવનારું સાધન છે એમાં શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાખાનામાં જતાં જતાં સાઇકલનાં પૈડાંની સાથે જ 'ઈંદુ તો મારી વહુ છે!' એ ફઈબાના શબ્દો મારા મગજને ચક્કર ચડાવી રહ્યા હતા. હું મનમાં મનમાં રાચતો હતો: કાલે ઊઠી આખું ગામ પણ મારા પર આ જ રીતે સ્તુતિપુષ્પો વરસાવશે એ નિઃસંદેહ છે.

× × ×

માનવી પોતાને નાની એવી ફતેહ મળે તોપણ તેમાં રાચ્યા વિના રહી શકતો નથી. મારી સાઇકલ કરતાં મારું મન અત્યારે વેગભેર દોડી રહ્યું હતું. કોઈ જાણીતી વ્યક્તિ મળતાં તેના સામે જોઈ સહેજ મરકવામાં અગર કોઈ 'જે જે' કરે તો જરા નમીને એ નમસ્કાર ઝીલવામાં ક્ષણેક્ષણે મારું રોમેરોમ હર્ષથી થનગની ઊઠતું હતું—મારી છાતી અભિમાનથી ફૂલી રહેતી હતી. 'પોતાની સગી માતાને સીધું આશ્વાસન પણ આપી ન શકતો વિશ્વનાથ ક્યાં અને હું ક્યાં?' મારું મન સરખામણી કરતું હતું. મેં ઊંચી જાતની ડૉક્ટરની પદવી મેળવી હતી. શહેરમાં રહેવાથી એ પૈસા વધારે કમાઈ શકાય એવું હોવા છતાં ઇરાદાપૂર્વક મેં ગામડામાં રહેવાનું પસંદ કર્યું હતું. ગરીબોની વહારે ધાનાર સહૃદયી ડૉક્ટર તરીકે મારું નામ જિલ્લાનાં છાપાંઓમાં જાહેર થઈ ચૂક્યું હતું. ગાંધીજી, જવાહરલાલ નહેરુ અગર સુભાષબાબુ દેશમાં ફરવા નીકળી પડે તો કદાચ ને આ ગામડામાં પણ આવે જ; તે વેળા તેમનું સ્વાગત કરવાનો લાભ મને ન મળે તો બીજા કોને મળે? હું મારું લખેલું—નહિ રે, છાપેલું!—ભાષણ વાંચતો હોઈશ ત્યારે સ્ત્રોઓની ભીડ વચ્ચેથી પણ ઈંદુ મારી તરફ દૃષ્ટિક્ષેપ કર્યા વિના નહિ જ રહે, ને હું પણ તેનો ઘટિત ઉત્તર આંખના ઇશારાથી જ આપવાનો, અને એમ કરવા જતાં ભાષણમાં કાંઈક ભૂલ પણ પડી જવાની! ઈંદુ કાંઈ ઓછી મસ્તીખોર છે? જ્યાં ત્યાં આમ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાખાનાનો દરવાજો આવી પહોંચતાં મારું સુખનું સોણલું અટકી પડ્યું. છતાં દરદીઓની તપાસ દરમિયાન એનો મોહક કેફ હજુ મારા મગજમાંથી ઊતર્યો નહોતો. એક સ્ત્રી દરદીને તપાસી લીધા પછી મારા મોં વાટે સીટી વાગી, ને તુરત મારું ધ્યાન જાગ્રત થયું. હું સહેજ શરમાયો પણ ખરો! અજાણપટે મોં વાટે સીટી વગાડવા જેટલો મારા આંતર મનને શો આનંદ થયો છે એ જાણવા હું જરા અંતર્મુખ બન્યો. ઈંદુના લાડભર્યા શબ્દો ત્યાં પડઘો પાડતા હતા: 'તમારા જેવાને પામવામાં પણ નસીબ જોરદાર જોઈએ છે. નહિ તો જુઓ ને પેલી સુધા?...તોબા છે એના ધણીથી તો! બિચારાને હસતાં પણ આવડતું હશે કે કેમ દૈવ જાણે!'

અને આ પણ મારા વિજયની જ એક નિશાની ખરી કે નહિ? ઈંદુ, કંઈબા, દવાખાનામાં આવનાર દરદીઓ, દરેકના દિલમાં મારી સુવાસ પુષ્પની પેઠે પમરી રહી હતી. જ્યારે વિશ્વનાથ? પથ્થર સરખો કઠોર – નઠોર – દયાહીન –

દરદીઓ બધા ચાલ્યા ગયા પછી મેં કમ્પાઉન્ડર પાસે હિસાબ માગ્યો. પોતાને ગામના નગરશેઠ તરીકે ગણાવતા વેપારી શેઠ ભડગાંવકરનું બિલ દોઢસો રૂપિયાનું કેટલા ય વખતથી લેણું રહેતું હતું. આજે એ રકમ વસૂલ થયેલી દેખાતાં મને વારંવાર આશ્ચર્ય થયું. એ આશ્ચર્યના જેટલો જ મેં આજે આનંદ પણ અનુભવ્યો. છેલ્લા ચાર પાંચ મહિનાથી ઈંદુ સોનાનાં ફૂલ વગેરે કાંઈ કાંઈ દાગીના કરવાની માગણી – હઠ કર્યા કરતી હતી. પણ એક બાજુથી ગરીબોનાં બિલોમાં પુષ્કળ છૂટ આપવી, ને બીજી બાજુથી દાગીના કરાવવા — પરંતુ પાણીમાં રહેવું ને મગર સાથે વેર બાંધવું કેમ પાલવે? એ કારણે જ ભડગાંવકર જેવા શેઠ પાસે પૈસાની ઉઘરાણી પણ થઈ શકે નહિ! અને ઈંદુની ડોંશ – માગણી તો સંતોષવી જ જોઈએ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધું કેમ બની શકે? હું મૂંઝાતો હતો. ઈંદુની સલાહ સાચી છે એમ હમણાં હમણાં મને પણ લાગવા માંડ્યું હતું. આકાશ ફાટે તેને થીંગડું દેવા કયાંથી જવાય? દુનિયામાં ગરીબો ઘણાં છે એની ના નથી; તેઓ ખરેખરે ભારે દુઃખી છે એ વાત પણ કબૂલ; પણ એમ છતાં એ સહુને પૈસાની મદદ પડોંચાડવી એ એકલદોકલ વ્યક્તિનું કામ તો નથી જ!

ઈંદુનું એ કથન સત્યથી વેગળું હતું એમ તો કેમ કહેવાય? નદીનાં પૂરને રોકવાં હોય તો તે કામ કાંઈ એકાદ પથ્થરથી થોડું જ સાધ્ય થવાનું છે? એને માટે તો મોટો બંધ જ બાંધવો જોઈએ. અને એવો બંધ—

દોઢસો રૂપિયાની નોટોનું બંડલ હાથમાં લેતાં જ પડેલો વિચાર મને એવો આવ્યો કે સીધા ઘેર પહોંચી જવું અને ઈંદુને ચકિત કરી દે તેવો સવાલ કરવોઃ 'બોલો રાણીસાહેબ! કયો દાગીનો ઘડાવવો છે?' બહાર નીકળવાને ઇરાદે હું બારીએ જરા ઊભો રહ્યો. બહાર ડોકિયું કરી જોયું તો આકાશમાં વરસાદ ઘટાટોપ જામ્યો હતો; તડતડ કરતા મોટા છાંટા પડવા માંડ્યા ને બે મિનિટમાં તો વરસાદ જોસભેર તૂટી પડ્યો. મને એ દશ્ય માણવાનું મન થયું. ત્યાં તો સામેની હોટેલમાંથી મૂછે ચોટેલી ચા લૂછતા લૂછતા ભડગાંવકર શેઠ બહાર નીકળતા દેખાયા. એમની પાસે છત્રી તો હતી જ નહિ. તેમણે મારી સામે જોયું, ને તુરત જ રસ્તો વીંધી તેમણે દવાખાનાના દાદરનાં પગથિયાં ચડવા માંડ્યાં.

મને પણ અત્યારે કુરસદ હતી, તેમ વાતોના તડાકા મારવાના રંગમાં પણ હું આજે હતો. એકદમ દોઢસો રૂપિયા જેવી રકમ આ મધ્યમવર્ગીય કુટુંબમાંથી કાઢી હશે એ મારે મન કોયડો જ હતો. વાતવાતમાં મેં કહ્યું: 'શેઠ! બધી રકમ એક સામટી આપી દેવાની શી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર હતી? એવી કયાં આપણે ઉતાવળ હતી?'

નરાતાળ જૂઠા શબ્દો હું ઉચ્ચારતો હતો. પણ સામાજિક સભ્યતા જેટલું ઢોંગી માનવીને બીજું કોઈ બનાવતું નથી. અને ભડગાંવકર શેઠ પણ સભ્યતામાં મારાથી ઊતરે એવા નહોતા! પોતાની વધેલી દાઢી ચચવાળતાં ચચવાળતાં તેમણે જવાબ આપ્યો: 'સાહેબ! એમ છે કે કોઈના દેવામાં રહેવું મને જરા ય ગમતું નથી! હું તો એમ સમજું છું કે કાલ સવારે મરણ આવવાનું છે એમ સમજીને દેવું આજે જ પતાવી દીધું સારું!'

છ મહિના સુધી દોઢસો રૂપિયાના બિલની રકમમાંથી એક રાતી પાઈ પણ ન પરખાવનારો આ ધર્માત્મા શેઠ (!) મને નીતિનાં વચન સંભળાવી રહ્યો હતો!

મેં ઈરાદાપૂર્વક કહ્યું: 'મેં તો ધાર્યું કે વેપારમાં આજે કયાંઈ ડહ્યો લાગ્યો હશે!'

'એ દિવસો હવે નથી રહ્યા, ડૉક્ટર સાહેબ!'

'કેમ?'

'કેમ શું? આ રોજ રોજ નવા નવા કેટલા ય કાયદા થતા જાય છે તે તમે કયાં નથી જાણતા? હવે એવું નીકળ્યું છે કે ધીરધાર કરનારે અમુક ટકા કરતાં વધારે વ્યાજ ન લેવું; અગર જમીનદારોએ અમુક જ પ્રમાણમાં વસૂલાત લેવી. પણ સાહેબ! આ બધી ચળવળનો અર્થ જ ઊંધો છે. આમાં તો બિલકુલ ચોર કોટવાળને દંડે એવી વાત છે. કાલે સવારે મિલો બંધ થાય તો મજૂરો ખાશે શું એનો કોઈ વિચાર કરે છે? પણ આજની દુનિયા જ ઊંધી ચાલે છે. જુઓ ને, ગયે મહિને મુંબઈમાં જે હડતાળ શરૂ થઈ હતી, તે હજુ પણ ચાલે જ છે! મુદ્દો શો છે, તો કે મજૂરોને પગાર વધારી આપો. અરે ભાઈ, કાલે ઊઠીને મજૂરો મોટર પણ માગશે! એમને મોટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યા પછી અમારે શું ટાંટિયા તોડતા રખડવા નીકળવું?'

પોતે ભારે વિનોદ કર્યો છે એમ સમજીને ભડગાંવકર જોરભેર હસ્યા: જાણે ઘોડો હણહણ્યો! પણ એમની દલીલે મને વિચાર કરતો કરી દીધો. આપણે જાણીએ છીએ તે કરતાં ઘણું મોટું અંતર ગરીબ અને શ્રીમંતોનાં દૃષ્टिબિંદુમાં રહેલું છે; એકના દુઃખમાં જ બીજાનું સુખ સમાયું છે. અને કોઈ વ્યક્તિ પોતાને મળતું સુખ શું એમ સહેજે જતું કરે છે? એમાં પણ આ સુખ તો પેઢીઓથી તેમણે અનુભવેલું—ભોગવેલું! એ હક્ક છિનવાઈ જતો કોઈ સહેજે સાંખી લે ખરું?

વરસાદ વરસતો હવે બંધ થઈ ગયો હતો. ભડગાંવકર ઊભા થયા. તે દાદરનાં પગથિયાં ઊતરવા માંડ્યા એટલે અરધો દાદરો ચડીને ઉપર આવેલ એક આદમી પાછો નીચે ઊતરી ગયો, અને ભડગાંવકર બધાં પગથિયાં ઊતરી બહાર રસ્તા પર પહોંચ્યા પછી દવાખાના ઉપર ચડ્યો. ત્રણ માઈલ દૂરને ગામડે રહેનારો એ એક કોળી હતો. એની સ્ત્રીના છૂટા છેડા કરાવવા હું એક વાર એને ઘેર ગયો હતો. તે વેળા ઘરમાં હતા તે પંદર આનાના છૂટા પૈસા મને આપતાં આપતાં કાનાએ આંખે ઝળઝળિયાં આણી કહેલું: 'સાહેબ! ભગવાન તમને સો વરસના કરે!' તે આખા દહાડામાં આવકને નામે હું મીંડું કમાયો હતો, પરંતુ પૈસા કરતાં પણ વધારે આનંદ આપી શકે એવી ચીજ હું તે દહાડે પામ્યો હતો.

કમળાં કાનો પોતાના દીકરા માટે દવા લઈ જતો હતો. છોકરો શરદીથી ભરાઈ ગયો હતો; નસીબ હોય તો જ એ જીવે એમ હતું. પણ વિજ્ઞાનની ગમે તેવડી મોટી આંખો હોય છતાં વાત્સલ્ય—માયા તો આંધળી જ હોય છે!

કાનો મારી પાસે આવી ઊભો રહ્યો. એણે ઓઢેલા કાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામળાને કાંઈ નહિ તો હજાર કાણાં હશે! એણે કામળો માથેથી ઉતારી બાજુ પર મૂક્યો, ત્યારે હું જોઈ શકયો કે તે ભીંજાઈને તરબોળ થઈ ગયો છે. મેં કહ્યું: 'ભલા માણસ! તારી પાંદડાંની છત્રી તો લાવવી હતી?'

તેણે કશો જવાબ ન આપ્યો. મારે એને બીજાં લૂગડાં કયાંથી આપવાં? મારા અસ્વસ્થ મનને શાંત કરવા સારુ મેં તુરત તેને પૂછ્યું: 'તારા દીકરાને હવે કેમ છે?'

'સાહેબ! એમનું એમ છે.' એના અવાજમાં દીનતા ઉભરાતી હતી.

તેને સાંત્વન આપવાને ખરાદે મેં કહ્યું: 'એમાં મૂંઝાવા જેવું કશું નથી. ધીરે ધીરે સારું થઈ જશે.'

'પણ દવા કર્યા વિના જ કાંઈ મટી જાય?'

'કેમ? અહીંથી દવા તો રોજ લઈ જાય છે ના?'

'સાહેબ! કમ્પાઉન્ડર દાદાએ ગઈ કાલે જ સંભળાવ્યું છે કે હવે તને દવા નહિ મળે.'

મેં કમ્પાઉન્ડરને બોલાવ્યો. 'આ કાનાને દવા આપવાની તમે કેમ ના પાડી?'

'એની પાસેથી બિલના પૈસા મળતા બંધ થયા છે, એટલે શું થાય?'

મેં કાના તરફ જોઈને તેને કહ્યું: 'કાના! હું તારે ઘેર જોવા આવું છું તેની વીઝીટ ફી કદી નથી લેતો તે તું જાણે છે; પણ દવાના પૈસા તો તારે આપવા જોઈએ કે નહિ?'

કશું બોલ્યા વિના તે નીચું જોઈ રહ્યો હતો.

'પહેલાં તો તું દવાના પૈસા આપતો જ હતો ના?'

'હા સાહેબ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો પછી હમણાં કાંઈ ઓછું કમાય છે?'

'ના જી, એવું નથી.'

'ત્યારે?'

'સાહેબ! ભાઈ મુંબઈમાં મિલમાં કામ કરતો હતો; પણ ત્યાં હમણાં હડતાળ પડી છે, સાહેબ! એટલે એ ભાઈ, એની બાયડી, ત્રણ છોકરાં, બધાં — એક કોરથી ખાનારાં વધ્યાં છે ને બીજી કોરથી ચોખાનો–દાણાનો ભાવ વધ્યો છે!'

'ચોખા મોંઘા થયા છે?' મેં નવાઈ પામી પૂછ્યું. ચોખાનો ભાવ વધવા માટે કોઈ લડાઈ જાગ્યાનું તો મેં જાણ્યું જ નહોતું!

વચ્ચે કમ્પાઉન્ડરે કહ્યું: 'આઠ રૂપિયાની ગુણના હવે દસ રૂપિયા કરી દીધા છે!'

'કોણે?'

'ભડગાંવકર શેઠે! ગામ આખું ય એની જ દુકાનેથી ચોખા ખરીદે છે.'

મોસમને ટાણે આખા વરસનો દાણો સંઘરી લેતા મારા જેવા પહોંચતા પામતા આદમીને બજારમાં ચોખાનો ભાવ વધ્યો છે એ જાણવાની પંચાત જ શા સારુ હોય? પણ કંપાઉન્ડરની હકીકતે આખી સાંકળના મંકોડા જોડી આપ્યા. ભડગાંવકરે મારા દોઢસો રૂપિયા તો જાણે ચૂકવ્યા, પણ તે પોતાની પાસેના ચોખાનો ભાવ હદ બહાર વધારીને! ગામમાં કાના જેવા તો ઘણા ય માણસો હશે. દિવસ આખો કાળી મજૂરી કરી અઢાર આના માંડ કમાય, અને એનો દાણો ખરીદે તો જ સાંજે કચ્ચાંબચ્ચાંના મોંમાં ઘેંશરોટલો જાય! નહિ તો—

ભડગાંવકર શેઠે આજે ચોખાનો ભાવ વધારી દીધો! પૈસાને લીધે આખી બજાર ઉપર એનો કાબૂ હતો. મૂડી હોવાને કારણે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજારો ગુણો સંઘરી રાખવાની એનામાં શક્તિ છે. એનું પરિણામ?— કાના જેવા ગરીબ આદમી પાસે દીકરા માટે દવા લેવાની દમડી પણ રહેતી નથી!

મેં કમ્પાઉન્ડરને કાનાને મફત દવા આપવાનો હુકમ કર્યો. તેણે આસ્તેથી સંભળાવ્યું: 'સાહેબ! એમ કરવા જશો તો કાલે ઊઠીને આખું ગામ તમારી પાસે મફત દવા લેવા આવશે!'

મને થયું, ધર્મ કરતાં ધાડ ઊભી થાય તે આનું નામ! સંસારનું ગાડું ચલાવવા કરતાં ધર્માદા દવાખાનું ચલાવવું ખરેખર ઘણું સહેલું છે.

સાઇકલ પર ચડતાં ચડતાં સહેજે હાથ ખીસામાં ગયો. દોઢસો રૂપિયાની નોટોનું થંડલ હાથે ધસાયું. જાણે દાઝ્યો હોઉં તેમ તુરત મેં હાથ પાછો ખેંચી લીધો! ચોખા મોંઘા થવાને પરિણામે ઘેરઘેર ગરીબોની આંખે જે આંસુ વહ્યાં હશે તે આ નોટોની પાછળ છૂપી રીતે ફરતાં તો નહિ હોય, એવી એક વિચિત્ર કલ્પના મારા મનને સ્પર્શી ગઈ.

ભારે અંતઃકરણ સાથે હું ઘર તરફ જઈ રહ્યો હતો. કાના જેવા ગરીબ માણસને હું દવા મફત આપતો હતો એ ખરું. પણ મુંબઈની આ હડતાળ, ચોખાના અહીં એકદમ વધી ગયેલા ભાવ, એ બધાનો નિકાલ શી રીતે આણવો? ઉપરથી મલમની પટ્ટીઓ ચોડવાથી કાંઈ ભયંકર દરદ દૂર ન જ થાય. એ સારુ દવા પેટમાં જ પાવી જોઈએ. જરૂર હોય તો વળી શસ્ત્રક્રિયા પણ કરવી પડે!

દરવાજામાં ફઈબા ઊભાં હતાં. મારા સામું જોઈને તેઓ હસ્યાં એટલે મારા મનને નિરાંત વળી! તેમણે એક કાગળ મારા હાથમાં આપ્યો. કાગળ ઉઘાડી હું શરૂઆતના થોડા લખાણ પર નજર ફેરવી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પૂજ્ય બાની સેવામાં—"

સહેજ હસીને કાગળ બીસામાં મૂકતાં હું મનમાં બોલ્યોઃ 'એમ! આખરે બચ્ચાળ ઠેકાણે આવ્યા ખરા!' અને ઘરમાં દાખલ થયો.

મારી પાછળ જ ઈંદુ પણ ઓરડામાં આવી પહોંચી. તેણે સવાલ કર્યોઃ 'કેમ હસવું આવ્યું?'

'દૈવ જાણે!'

'ભગવાનનું નામ લીધે કાંઈ ચોરી છાની નહિ રહે!'

'તો ભલે, રાણીસાહેબ ચોરની ઝડતી લે!'

કોટના બીસામાં હાથ નાખતાં એને પેલી નોટોનું બંડલ જડી આવ્યું. એ જોતાં જ મારી સામે આંખો ફાડી એ બોલીઃ 'ચોરને ઈનામ તો બરોબર આપવું પડશે!'

'ચોરને ઈનામ? બાસો ન્યાય છે, હો!' ફઈબાએ આપેલો કાગળ વાંચવામાં તલ્લીન થતે થતે હું બોલી ગયો.

વિશ્વનાથે લખ્યું હતું:—

"પૂજ્ય માતુશ્રીની સેવામાં, બાળક વિશ્વનાથના પ્રણામ.

"લખવાનું કે તારો કાગળ મળ્યો. તને મારું ઠેકાણું જડે નહિ એ માટે મેં ખૂબ યુક્તિઓ કરી પણ આખરે તે સફળ ન થઈ. હમણાં અહીં મજૂરોની હડતાળ મોટા પાયા પર ચાલે છે. એને માટે મારે જ્યાં ત્યાં ખૂબ ખૂબ જવુંઆવવું પડે છે. આવી રીતે ફરવામાં આપણા ગામનો કોઈ માણસ મને દેખી ગયો હશે એમ લાગે છે; અને પછી એણે મારું ઠેકાણું પણ મેળવી લીધું હોય તો ના નહિ. નાનપણમાં તો તું કોળિયો ન ભરાવે તો હું જમતો પણ નહિ! જરા મોટો થતાં હું મનમાં અનેક તરંગો ઘડ્યા કરતો કે મોટો થયા પછી ખૂબખૂબ કમાઈશ અને બાને સુખી કરીશ. તને આજે આ કાગળ લખનારો વિશ્વનાથ બિલાડીના બચ્ચા પાછળ ચોધાર આંસુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડનારો તારો વિશ્વનાથ જ હશે કે કેમ એની પણ તને શંકા આવે એવો સંભવ છે. પણ બા! ખાતરીથી જાણજે કે હું તારો એનો એ જ વિશ્વનાથ છું. હા, એટલું ખરું કે એ વિશ્વનાથ હવે પહેલાંનો વિશ્વનાથ નથી રહ્યો; આજે તે છેક બદલાઈ ગયો છે. નાનપણમાં ઈયળમાંથી પતંગિયું થાય છે એ સાંભળીને મને ભારે નવાઈ લાગતી; પણ આજે તારા ગોકળગાય જેવા વિશ્વનાથને પાંખો ફૂટી છે, ને તે ગગનવિહાર કરતો થઈ ગયો છે!

"બા! તને એમ લાગશે કે હું ભારે નિષ્ઠુર અને નિર્દય બની ગયો છું. પણ તારા સમ છે, બા! હું નિર્દય બન્યો જ નથી. બગીચામાં ખીલતાં ફૂલો કેવળ સુકાઈને ખરી પડે છે; પણ માનવી હૈયામાં ઊઘડતાં પુષ્પો તો ઘણી વાર પથ્થરોમાં ફેરવાઈ જાય છે!

"મારા મનમાં ચાલી રહેલી તાલાવેલી મારાથી શબ્દોમાં વર્ણવી જાય તેમ નથી. તે સાથે કોઈને કહ્યા વિના મનમાં મનમાં સમસમી રહેવું તે એથી ય અઘરું છે. તને એમ લાગે છે કે તારો વિશ્વનાથ તને કદી સંભારતો જ નહિ હોય! પણ તને સંભારી સંભારીને હું જેલમાં રોજ રડ્યા કરતો તેની સાક્ષી તો રાત આખી આંસુઓથી ભીંજાતો ત્યાંનો કાળો કામળો જ આપી શકે.

"હું જેલમાં ગયો હતો એ જાણીને તને ભારે આઘાત થશે. પણ તને હું બધું વિગતવાર જ લખવાનો છું.

"બા! હું મેટ્રિક થયો ત્યાં સુધી મારે મન દુનિયા એક ફૂલબાગ હતો. પિતાના સુખનો લહાવો મેં કદી લીધો નથી એ ખરું; પણ બા! તારી મીઠી હૂંફમાં મને એ ખોટ કદી ભાસી જ નથી. રહેવા માટે નાનું એવું ઘર અને પાછળ નાની એવી ઘરવાડી, એ ઉપરાંત આપણી માલેકીનું આ દુનિયામાં કશું જ નહોતું. છતાં આપણે બંને સુખી હતાં. તું કોઈને ત્યાં કથામાં ગઈ હો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં થોડોક પ્રસાદ મળ્યો હોય, તોપણ તું તારા વિશ્વનાથને માટે એ ઘેર લઈ આવતી. તેમ નિશાળમાં કોઈ ચોપડી મને ઈનામમાં મળતી તો ક્યારે ઘેર જઈને બાને બતાવું એમ તારા વિશ્વનાથને થયા કરતું. આપણે ગરીબ હતાં, પણ પ્રેમના અખૂટ ભંડારને કારણે આપણે કુબેર કરતાં પણ વધારે ભાગ્યશાળી હતાં.

"મેટ્રિક પાસ થતાં જ નોકરી શોધવાને ઇરાદે હું મુંબઈ આવ્યો. માળો છોડીને પહેલી વાર આકાશમાં ઊડનારા પંખીના બચ્ચા જેવી મારી દશા થઈ. પુષ્પોના પુંજમાંથી હું પથ્થરોના ઢગલા વચ્ચે જઈ પડ્યો! પાષાણોની આ સૃષ્ટિમાં દરેક ઠેસ મારા જીવને અકળાવી મૂકતી હતી; એનો દરેક જખમ—

"તને ચોખ્ખેચોખ્ખું જ લખી નાખવામાં શી હરકત છે? બા! આજના જમાનામાં દુનિયા ગરીબની નથી, પૈસાદારની છે. દુનિયાને માણસાઈની જરૂર નથી; એને મમતા નથી જોઈતી; સત્ય એને નથી ખપતું. દુનિયા વકીલને જ ઓળખે છે, કાયદાને જ ગણકારે છે ને સત્તાને જ નમે છે. ઓળખાણ અને લાગવગ વિના નોકરી જડવી અશક્ય છે; પૈસાને જ માન છે; મોટાઈ મોટરનાં ભૂંગળાં વગાડવામાં જ ગણાય છે! મારી સાથે ભણતો એક ઉજ-ળિયાત કોમનો વિદ્યાર્થી મેટ્રિક પાસ થયા પછી બીજે ક્યાંઈ નોકરી ન મળવાથી મિલમાં દાખલ થયો. એક ટંક ભૂખ્યા પેટે રહીને મહા મુશ્કેલીએ તે મેટ્રિક પાસ થયેલો. મિલમાં દાખલ થયા પછી છ મહિનામાં જ એને ક્ષય લાગુ પડ્યો ને બિચારો પથારીવશ થયો! દુનિયા કહે છે તે મરી ગયો—હું કહું છું એનું ખૂન થયું છે!

"મુંબઈનો એકેએક દિવસ અને એકેએક દૃશ્ય તારા વિશ્વનાથ-ના સૂતેલા દિલને ચટકા ભરીભરીને જગાડતું હતું. ફૂટપાથ ઉપર ટાઢે થરથરતો મજૂર સૂવાની જગ્યા શોધતો હોય, તો બાજુમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા આલેશાન બંગલામાં શેઠિયા લોકો નાચગાનમાં ગુલતાન બનેલા હોય; રાત આખી સૂઈ રહે માટે બાળકને અફીણની બાળગોળી કરાવીને મજૂરસ્ત્રીઓ મિલમાં કામે જતી હોય, તો બીજી બાજુ દરેક ચિત્રપટ જોવા માટે જર્યોર્જેટની તરેહતરેહની સાડીઓ સજીને પૈસાદારની સ્ત્રીઓ અત્તરના મઘમઘાટ કરતી મોટરોમાં બેસી થિયેટરોમાં ગિરદી મચાવતી હોય; ફાટલ કપડાં પહેરેલા અને હોટેલમાં બોય તરીકે મજૂરી કરતા ગરીબ નાના છોકરાઓ તમારા દિલમાં કરુણા અને અનુકંપા પેદા કરતા હોય, તો બીજી બાજુ પૈસાદાર પિતાની સંપત્તિ પર તાગડધિન્ના કરતાં શ્રીમંત બાળકો વરણાગિયા-વેડા કરી શહેર આખામાં રખડતાં તમારા દિલમાં જુગુપ્સા પેદા કરતાં હોય; રોજ ચાર આના પણ પૂરા પામવાની ખાતરી ન હોવાને કારણે જ દેહની દુકાન માંડીને દુર્ભાગી સ્ત્રીઓ પેટનો ખાડો પૂરતી હોય, તો બીજી બાજુ વાળને ફેશનેબલ રીતે મરોડદાર બનાવવા માટે શ્રીમંત સ્ત્રીઓ હજારો રૂપિયાનું પાણી કરતી હોય! આવાં આવાં દશ્યો તો તને કેટલાં ગણાવું? રોજ રાત્રે શરીર પથારીમાં લંબાવું છું ત્યારે હૈયામાં આ બધા વિચારોની હોળી સળગી ઊઠે છે; એમ થઈ જાય છે કે હું લેખક હોત તો કેવું સારું?

"પુસ્તકોનું વાંચન માણસને પંડિત – પૌરાણિક બનાવે છે, ત્યારે જીવનનો અનુભવ એને ગગનગામી ગરુડ થવા પ્રેરે છે. એ બધાં દશ્યોએ મારું મન ભમાવી દીધું હતું. એકાદી સારી નોકરી મેળવવી, સારી સુશીલ કન્યા સાથે પરણીને ઘર માંડવું, અને દાદીમાના ખોળામાં નાનાં બાળકોને રમતાં નિહાળવાં – આ બધી આકાંક્ષાઓ અતિ ક્ષુદ્ર છે એ હું જોઈ શકયો. જગતમાં હજારો – લાખો યુવાનો આજે એ વિના બીજું શું કરે છે? પણ હું મારી જાતને સમજાવી શકયો કે મારી માતાને કૂખે અવતરેલો આ વિશ્વનાથ કેવળ પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટ ભરવા જ જન્મ્યો નથી. વ્યક્તિનું સુખ એ તો ફૂલના સરખું ક્ષણજીવી છે. દેવમૂર્તિની પૂજા અર્થે ફૂલો જ જોઈએ એની ના નથી; પણ આજની દુનિયામાં દેવમૂર્તિની વાત તો બાજુએ રહી, દેવમંદિરોનાં પણ ઠેકાણાં રહ્યાં નથી! જે સુદૃઢ અને વિશાળ પાયા પર દેવમંદિર બાંધવાનું છે એના પાયાનું પણ હજુ પૂરું ચણતર થયું નથી. એ પાયામાં એક સામાન્ય પથરા રૂપે ગોઠવાઈ જવામાં જ જીવનનું સાર્થક છે એવી મારા મનની ખાત્રી થઈ ચૂકી અને—

"અને તારા વિષેનો મોહ—મમતાપાશ તોડવો ઘણો મુસ્કેલ જણાયાથી તને પત્રો લખવાનું જ છોડી દીધું! છેલ્લાં પાંચ વરસથી હું ગરીબોની હરકોઈ ચળવળમાં જોડાયલો જ રહ્યો છું. આ વરસો દરમિયાન ઘણી વાર જેલમાં પણ જઈ આવ્યો છું, અનેક ગામડાં ઢૂંઢી વળ્યો છું, અને છેવટે મિલની ચાલીઓમાં આવી અત્યારની આ હડતાળનો મોરચો સંભાળવામાં એક અદના સિપાઈ તરીકે જોડાઈ ગયો છું.

"કોઈને ગમે તેમ લાગે, દુનિયામાં આજે ગરીબવર્ગ અને પૈસાદારવર્ગની વચ્ચે એક જાતનું અવિરત યુદ્ધ મંડાઈ ચૂક્યું છે. પહેલાં તો આ યુદ્ધમાં ગરીબ લોકો લડવા માટે પણ તૈયાર થતા નહોતા! પણ હવે...અમે આજના સૈનિકો કદાચ ને આ યુદ્ધમાં ખપી જઈશું. પણ અમારા હાથમાં ફરકતો અણનમ ઝંડો ઉપાડી લઈ યુદ્ધને આગળ ચલાવનાર સૈનિકો આખરે તો વિજય હાંસલ કરવાના જ છે!

"બા! તારી માંદગીને વખતે મારે તારી પાસે આવવું જોઈતું હતું એ હું કબૂલ કરું છું. પણ આજે અહીં હડતાળનું કામ જબ્બેસભેર ચાલી રહ્યું છે. હજારો અને લાખો મિલમજૂરો આજે માત્ર સિદ્ધાંતની ખાતર અર્ધા ભૂખ્યા રહીને પણ હડતાળમાં જોડાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા છે. અમારી પાસે પૈસાનું જોર તો ઓછું હોય જ. આવી વિકટ સ્થિતિમાં મારા જેવો આદમી પોતાની જગ્યાએથી ઘડીભર પણ ખસે એ કેટલું ભૂલભરેલું ગણાય?

"વહાલી બા! કેટલાંએક બાળકો કીર્તિની રમત માંડે છે; કેટલાંએક બાળકો પૈસાના ખેલ ખેલે છે. બાળકોની આ રમત દેખી તેમની માતાઓનાં દિલ અભિમાનથી ફૂલે છે. એ જ રીતે મારી તો ખાત્રી છે કે મારું આ કામ દેખી મારી માતાનું હૈયું પણ ગજ ગજ ઊછળશે. હવે કાગળ પૂરો કરું છું. હડતાળિયાઓ માટે ફંડ એકઠું કરવા અત્યારે બહાર જવું છે. છતાં એક વાત તને લખી નાખું. આટલો લાંબો કાગળ લખવા છતાં, બા! મને લાગે છે કે મારે જે લખવાની ઇચ્છા હતી તે તો બધું બાકી જ રહી જાય છે!

"શરીરને સાચવજે.

તારો
વિશ્વનાથ."

× × ×

વિશ્વનાથનો કાગળ મેં એક વાર વાંચ્યો; ફરી વાર પણ વાંચ્યો. મારું મગજ ચકરાવે ચડ્યું. હજારો વિચારોના વંટોળમાં એ પછડાયા કરતું હતું. 'દુનિયામાં આજે ગરીબવર્ગ અને પૈસાદારવર્ગ વચ્ચે એક જાતનું અવિરત યુદ્ધ મંડાઈ ચૂકયું છે.' વિશ્વનાથના આ કથનમાં કેવું નગદ સત્ય સમાયું છે! હું ગરીબોને પક્ષે રહીને આ યુદ્ધમાં લડું છું એવા હું ભ્રમમાં હતો. પણ આજ સવારનો જ અનુભવ તપાસીએ તો? કેવળ બેચાર ગરીબોને છૂટક સહાય કરવાથી આ યુદ્ધમાં વિજય હાંસલ કરી શકાશે? અશકય! આ કામ માત્ર દયાનું નથી—આ કાર્ય અસાધારણ હિંમત અને પરાક્રમ માગી લે છે.

બારણામાં ઊભાં ઊભાં ઇંદુએ પૂછયું: 'હવે જમવું છે ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદુના રોજના આ સવાલનો જવાબ 'નહિ તો ભૂખ્યો રાખવો હશે!' એવો આપીને હું તેને ચીડવતો. આજે પણ આવી જ મશ્કરીની તેણે અપેક્ષા રાખી હોવી જોઈએ.

પરંતુ એના એ સવાલ પછી પણ મને ગંભીર–સ્તબ્ધ રહેલો દેખી તે પાસે આવી ને લાડભર્યા સ્વરે બોલી: 'કંઈ ગુસ્સે તો નથી થયા ના?'

'ગુસ્સે જ થયો છું.'

'મારા પર?'

'ના રે, મારી પોતાની જાત પર.'

'તમારી પોતાની જાત ઉપર? સોનાનાં ફૂલ આજે ન લવાયાં હોય તેમાં કાંઈ આટલું બધું જાત પર નારાજ થવાની જરૂર નથી! પેલા દોઢસો રૂપિયા આપ્યા છે ના? હવે તો આજે આપણે બંને જણાં સાથે બજારમાં જઈશું અને—'

'એ પૈસા મોકલી દઈએ તો?'

'કયાં?'

'મુંબઈ!'

'કોઈ ઝવેરીને ત્યાં?'

'ના ના; પેલા હડતાળિયાઓને મદદ તરીકે!'

ઇંદુ હજી હસતી હતી. તેના હાથમાં પેલો કાગળ સરકાવતાં મેં કહ્યું: 'ફઈબા મને પોતાના પેટના દીકરા જેવો ગણે છે એ તને બહુ જ ગમે છે, ખરું?'

'જરૂર.'

'તો એ ખાતર જ આ પ્રાયશ્ચિત્ત છે!'

ઇંદુ કાગળ વાંચવામાં તલ્લીન થઈ ગઈ.

'ઓહ, એમ છે ત્યારે!' કાગળ પૂરો કરતાં કરતાં તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ આપ્યો. અને ગંભીર બનતાં ઉમેર્યું: 'ત્યારે આપણે અત્યારે જ મુંબઈ જવું છે શું?'

'શા માટે?' નવાઈ પામી હવે મેં જ સવાલ કર્યો.

'હડતાળિયાઓની મદદે.'

'તું ન હોત તો હું જાત પણ ખરો!'

'પણ હું તો તમારી સાથે આવવા એક પગે તૈયાર છું!' ઉત્સાહમાં આવી ઇંદુ બોલી. એનો એ ઉત્સાહ જાણે કાશ્મીરની સહેલગાહ માટે જતાં હોઈએ એવો દેખાતો હતો.

હું આશ્ચર્યચકિત બન્યો.

ત્યાં તો ફઈબા અંદર આવતાં દેખાયાં. આવતાં આવતાં તેમણે ઉમેર્યું: 'ડૉક્ટર! આ દસ રૂપિયા મેં પંઢરપુર જવા માટે સાચવી રાખ્યા હતા, તે હવે અત્યારે જ વિશ્વનાથને મોકલી દો. મજૂરોનાં અધભૂખ્યાં છોકરાંથી ભગવાન કયાં જુદો છે?'

મારું મન કહેતું હતું, અમે પુરુષો સ્ત્રીઓને તડકામાં કરમાઈ જનારાં પુષ્પોની ઉપમા આપીએ છીએ. એ રીતે તો હું અને વિશ્વનાથ બંને પથ્થર જ ગણાઈએ! પોતાની માતાના હૈયાની સાચી પરખ વિશ્વનાથને થઈ જ નહોતી; અને ઇંદુ પણ ઘર આંગણે બગીચામાં ખીલતું ગુલાબનું ફૂલ છે એમ જ હું માનતો હતો. એ સાચું જ છે કે સ્ત્રીઓ પુષ્પો જેવી જ હોય છે; પરંતુ એ પુષ્પોનો રંગ ભલે અમર રહેતો ન હોય, પરંતુ એમની સુવાસ તો સદા ય પમાયાં જ કરે છે, એ વિધાનમાં પણ એટલું જ સત્ય સમાયેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીતળ લહરી

દૂરની કોઈ ઘડિયાળના ટકોરા સંભળાયા: એક – બે – ત્રણ – ચાર —

અગિયારમો ટકોરો સાંભળતાં જ વસંતરાવે મનમાં કહ્યું: 'બરાબર!'

પણ ટકોરા મારનાર ચોકીદારને વસંતરાવના મન સાથે શી લેવાદેવા હોય? એણે એક વધારે ટકોરો માર્યો.

ટકોરાનો ઘા ખરેખર પોતાના માથા પર જ પડ્યો હોય એટલા વસંતરાવ ગભરાઈ ઊઠ્યા! ઘેર પૂરું કરવા આણેલ ઑફિસના કામને બાર વાગતા સુધીમાં સફાચટ કરી નાખવાનો તેમણે મનમાં નિશ્ચય કરી રાખ્યો હતો. પણ ઈશ્વરની પેઠે ઘડિયાળ પણ માનવીના નિશ્ચયની કદી પરવા કરતું નથી!

વસંતરાવે ટેબલ પર નજર ફેંકી. પૂરા કરેલા કામના કાગળિયાનો થડકલો અને બાકી વાટ જોતા કાગળિયાનો થડકલો, બંને સરખા હતા: જાણે બંને જોડિયા ભાઈઓ જ ન હોય!

પેલી બાજુ ભરી રાખેલા લોટામાંથી વસંતરાવ પ્યાલો ભરીને પાણી ગટગટાવી ગયા! પણ પાણી પીવાથી તો સૂકાતું ગળું ઊલટું વધારે સૂકું થતું લાગ્યું. લોટાનું પાણી ગરમ થઈ ગયું હતું. જાણે પત્નીએ ઠંડા પાણીને બદલે સ્ટેશનને નળેથી ખરે બપોરે જ પાણીનો લોટો ભરી આણ્યો ન હોય?

પીવા માટે ઠંડું પાણી જ જોઈએ એ એ ટેવ પણ એક વ્યસન

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની જાય છે. એ તલબ સંતોષાય નહિ ત્યાં સુધી માણસને ચેન પડતું નથી. વસંતરાવ મનમાં મનમાં પત્ની ઉપર ખૂબ દાઝે બળ્યા. તેમનું ધ્યાન સામે પડેલા ઑફિસના કાગળિયાના થડકલા તરફ હતું. ચિડાઈને તે મનમાં કહી રહ્યા હતા: 'પતિઓને કેટલું કામ હોય છે એનું કશું ભાન ઘરમાં સ્ત્રીઓને હોતું જ નથી! તમારા જેવા કાગળના થોકડાઓને પણ અમે કેવી સખત મજૂરી કરીએ છીએ તે દેખાય છે, પણ ઘરમાં સ્ત્રીઓને એની કશી — અરે વાત જ કરો મા! અન્દરમાં આજ નવી ફેશનની કઈ સાડીઓ નીકળી છે તે જાણવું હોય તો તેમને પૂછો; ખુદ વેપારી કરતાં પણ એ બાબતમાં એમની યાદશક્તિ ચડી જાય! પણ પતિને રાત્રે ઠંડું પાણી પીવા જોઈશે એ વાત તેમને કદી પણ યાદ નહિ રહે! લોટાને એક ભીનો કકડો વીંટી રાખ્યો હોત તો શું બગડી જવાનું હતું? હવે તમે ગમે તેટલું પાણી ઢીંચો —'

તેમની માનસિક દશાના પડઘા રૂપે જ જાણે બહાર રસ્તા ઉપર મોટો કોલાહલ થતો સંભળાયો.

ગુસ્સાભર્યા વસંતરાવ બારીએ ડોકાયા. રસ્તે તોફાન મચાવતી જતી છોકરાઓની ઘીંધર જોતાં તેમને વિચાર થઈ આવ્યો: 'વરસના અંતવાળા આ માર્ચ મહિનામાં જ હુતાશનિ આવે છે એ એક જોતાં સારું છે. દિવસે ઑફિસમાં રોજ આઠ આઠ કલાક તણાઈ મરવું, ને તો ય પાછું ઘેર તો કામ લાવવું જ પડે! આમ ન જ ચાલે!'

સામેના મકાનની બારી બરાબર તેમની બારીની સામે જ આવેલી હતી.

એ બારીમાંથી શબ્દો સંભળાયા: 'કેમ વસંતરાવ! ઊંઘ નથી આવતી શું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસંતરાવના હોઠ સુધી જાણે શબ્દો આવી લાગ્યાઃ 'ભલા માણસ! હું તો કુંભકર્ણની જેમ ઘોરવા તૈયાર છું, પણ આફિસમાં પેલો બદમાશ ઉપરી બેઠો છે તેનું શું? લાગ ફાવે તો ઊંઘમાં પણ એ મને સખત મજૂરીએ જુતાડ્યા વિના ન રહે એવો છે! એ તો ઑફિસમાં હાજર થતાં જ સવાલ કરવાનોઃ "કેમ વસંતરાવ? કામ બલાસ થયું કે નહિ?" એને કાંઈ એવો જવાબ થોડો જ અપાય કે બચ્ચાજી તારી ચિટ્ઠની જેમ બાલી દમ બેંચવાથી કામ બલાસ થતું નથી!'

પરંતુ હોઠે આવેલા શબ્દો ઘણી ય વાર જાહેરમાં ઉચ્ચારી શકાતા નથી એવો જગતનો અનુભવ છે. વસંતરાવની બાબતમાં પણ એમ જ બન્યું.

'કાં, તમે કેમ છો, દામુઅણ્ણા?' કશોક જવાબ આપવો જ જોઈએ એ શિષ્ટતાને અનુસરી વસંતરાવે પૂછ્યું.

અરે ભાઈ! 'વાત કરો મા. જાણે બકાઈ જવાય છે! એક લેરખી ય આવતી નથી કે એક પાંદડું ય હલતું નથી! કોણ જાણે પવન ક્યાં સંતાઈ બેઠો છે!'

'એણે ય હડતાળ પાડી હશે કાં તો!'

દામુઅણ્ણા બડબડાટ હસી પડ્યા.

'હડતાળ કેવળ અમારા જેવા કારકુનો જ નથી પાડી શકતા! બાકી તો દુનિયા આખી આજે—'

'સ્ સ્.....' એટલો જ સહાનુભૂતિનો ઉદ્‌ગાર દામુઅણ્ણાએ કાઢ્યો.

વસંતરાવ પાછા ટેબલ પાસે આવ્યા. મનમાં મનમાં તે દાઝે બળી રહ્યા હતા. ન મળે બહાર પવનની લેરખી કે ન મળે ઘરમાં પીવાનું ઠંડું પાણી! મિલના મજૂરો તો હડતાળ પણ પાડી શકે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઑફિસના કારકુનોને – તેમાં ય ઘરમાં બૈરીછોકરાં હોય તેમને તો એ હક્ક પણ નથી રહેતો!

બાજુના ઓરડામાંથી નાનું બાળક રોતું હોય એવો અવાજ સંભળાયો. વસંતરાવ ગણુગણ્યા: 'દિનુ જ લાગે છે! ભલું હશે તો એ ઘોરતી પડી હશે, પણ મારે તો હજુ એ કલાક બેસવું પડશે ને! આ હેરાનગતિમાં વળી ઓછામાં પૂરું આ છોકરાનું એંએં! ખરેખર, પરણતી વેળા પુરુષને એમ લાગે છે કે દંપતીજીવન એટલે જાણે વસંતઋતુનો ઉલ્લાસ! હું કહું છું એ કેવળ ભ્રમ છે; દંપતીજીવન એટલે ખરેખર ધગધગતો ઉનાળો જ છે! એમાં વળી કોઈ વાર ઝાપટાં પડે તો તે ય પતિપત્નીના ઝઘડાનાં જ હોય, ને તેમાં ભાદરવાનાં ઝાપટાં તો ઊલટો બફારો જ વધારે!

× × ×

બત્તી બુઝાવીને વસંતરાવે પથારી પાથરી તે વેળા બે તો કચારના વાગી ગયા હતા. ગરમ થયેલું મગજ ઠંડું કરવાને ઈરાદે તે બારી પાસે ગયા. પવનની આછી લેરખી પણ આવતી નહોતી.

દામુઅણ્ણા સામેની બારીમાં જ ઊભા હતા.

'કાં દામુઅણ્ણા?'

'કાં વસંતરાવ?'

બે કેદીઓ સામસામે ખુશીખબર પૂછી લે તેવો એ દેખાવ હતો.

વસંતરાવે આવી પથારીમાં લંબાવ્યું. થાકી – કંટાળી ગયેલું શરીર તુરત નિદ્રાધીન થયું, પરંતુ તેમનું મન હજુ ય ભટકચા જ કરતું હતું. એક પછી એક સ્વપ્નાં આવે જતાં હતાં. એક સ્વપ્નમાં તેમણે એવું દૃશ્ય જોયું કે જાણે ઑફિસનો સાહેબ પોતાને તોપને મોંએ ચડાવે છે; બીજા સ્વપ્નમાં જાણે પોતે કાગળિયાઓના ગંજ તળે ચૂંગળાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લું સ્વપ્ન તો ભારે વિચિત્ર હતું. તેમને થયું, પોતે પોતાના ઘરમાં જ છે. તુરત એ ઘર જેલમાં ફેરવાઈ જાય છે. ધોતિયાને બદલે તંગડી દેખાય છે ને કાંડાનું ઘડિયાળ કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ જઈ તેને બદલે બેડીનો ખણખણાટ થતો સંભળાય છે! તેમનું ધ્યાન પોતા પર ચોકી કરતા વૉર્ડર તરફ જાય છે — ઓ બાપ રે! આ તો ખુદ પોતાની જ પત્ની!

અસ્વસ્થ ઊંઘને કારણે વસંતરાવ સવારે આઠ વાગે જાગ્યા. ચા પીને રોજની પેઠે તે દામુઅણ્ણાને ત્યાં છાપાં વાંચવા પહોંચ્યા. રાજકોટ પ્રકરણમાં મહાત્મા ગાંધીજીએ અપવાસ આદરવાનું જાહેર કર્યું છે એ વાંચતાં જ દિલ અસ્વસ્થ બની ગયું. ગાંધીજી પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. ગાંધીજીની દાંડીકૂચવાળો ફોટો તેમણે ખાસ ખરીદ્યો હતો. નાનકડો દિનુ એ ફોટા તરફ આંગળી બતાવી 'દાદાજી!' શબ્દ પોતાની કાલીઘેલી ભાષામાં ઉચ્ચારતો એનું વર્ણન મિત્રો પાસે કરતાં તેમનું દિલ ગજગજ ઊછાળા મારતું.

રાજકોટ પ્રકરણ અંગે દામુઅણ્ણા સાથે ચર્ચા કરતાં કરતાં દસ ક્યારે વાગી ગયા તેનું વસંતરાવને ભાન પણ ન રહ્યું. માથે બે લોટા પાણી રેડી તુરત તે પાટલા પર આવી બેઠા. થાળીમાં રોજના કરતાં ભાત વધારે પીરસ્યા હતા.

'થોડા ભાત કાઢી લે તો?'

'આજે રોટલી નથી બનાવી.'

ખાલી હાથે આવેલા દેણદાર તરફ જેવી નજરે પઠાણ જોઈ રહે તેવી મારકણી દૃષ્ટિએ તેઓ પત્ની તરફ તાકી રહ્યા!

જરા વારે પણ કડકાઈમાં જ ઉમેર્યું: 'ને તપેલીમાં ભાત પણ ક્યાં વધારે છે?'

'એક જણ માટે જ રાંધ્યા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારા માટે કે તારા માટે?'

'છિ:! તમે ય શું આવું બોલતા હશો? મારે તો આજે મંગળવાર છે.'

'મંગળવાર જ નહિ, અડવાડિયાના સાતે વાર ફરવાનું બૈરાંઓ માટે ફરજિયાત કરવું જોઈએ!'

'કાં?'

'ઘેર બેઠાં બેઠાં ખાધું પચે કેવી રીતે?'

પોતે આજે રોટલી નથી કરી એ જ વસંતરાવની આ સઘળી ચીડનું કારણ છે તે પત્નીએ તુરત પારખી લીધું. પણ તેણે શાંતિથી બધું સાંભળી લીધું.

પત્ની પર ચિડાતા ને બબડતા વસંતરાવ ઑફિસમાં જવા નીકળ્યા. પોતાને રોટલી જ ભાવે છે એ જાણવા છતાં પત્નીને એ કરવાનું કેમ ન સૂઝે? એનો અર્થ?—એમાં અર્થ શો કરવો'તો? પ્રીતિના રંગો ગમે તેટલા ચળકતા લાગે છતાં આખરે તે કાચા જ સમજવા! પરણ્યા પછી શરૂઆતનાં બે વરસ સુધી આ પત્ની પોતા માટે અછોઅછો વાનાં કરતી હતી; ને આજે રોજની ગમતી સાદી વાતનો વિચાર પણ તે ભૂલી ગઈ છે! પાન ખાવાની મને તો ટેવ જ નહોતી, છતાં રોજ આગ્રહ કરી અગાઉ એ બીડું તૈયાર કરી આપતી—ને આજે ધણી પેટ ભરીને જમ્યો છે કે નહિ તેની એને પરવા પણ નથી જણાતી! ખરેખર પત્ની એટલે ડાબા પગનું...'

પોતે બી.એ. થયા છે એ વાતનું સ્મરણ ન થયું હોત તો વસંતરાવે એ વાક્ય જરૂર પૂરું કર્યું હોત!

રસ્તે જતાં છાપાંના ફેરિયાઓની બૂમો જોરશોરથી સંભળાતી હતી: 'ગાંધીજીનું અનશનવ્રત! ગાંધીજીનું અનશનવ્રત!' પણ અત્યારે પત્નીએ રોટલી ન કરવાથી વસંતરાવનું મગજ ગરમ થઈ ગયું હતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને એ સમાચાર સવારના જેટલા હવે આકર્ષક ન લાગ્યા.

× × ×

સાંજે છ વાગતાં વસંતરાવ ઑફિસમાંથી બહાર આવ્યા તે વેળા તડકો ઘણો નમી ગયો હતો, છતાં ભાઈસાહેબના ગુસ્સાનો પારો ઊલટાનો ઊંચે ચડ્યો હતો! રાત્રે મોડે સુધી જાગતા રહી તેમણે કામ પૂરું કર્યું છતાં સાહેબે અંદરથી નાહક જાતજાતની ભૂલો કાઢી હતી—

ઘર પાસે પહોંચતાં જ બે ઓળખીતા મિત્રો મળી ગયા. 'કેમ વસંતરાવ! ચા બા પાશો ને?'

વસંતરાવને કોચવાતે મને પણ હા પાડ્યા વિના છૂટકો નહોતો.

મિત્રોને બહારના ખંડમાં બેસાડી પોતે અંદરના ભાગમાં ગયા. જોયું તો કીટલીમાં ચા તૈયાર હતી.

'બીજા બે કપ વધારે જોઈશે.'

'દિનુ સુઈ ગયો છે; તેનો અરધો કપ વધારે જ છે.'

'ને તું શું લઈશ?'

'મારું તો ચાલ્યું જશે. ને વળી આજે મંગળવાર છે એટલે સાંજે હું જમવાની પણ વહેલી જ છું ને?'

'ને મારે ક્યાં મોહું થવાનું છે? બે કપ ચૂલે વધારે ચડાવવાને બદલે—' ગુસ્સામાં ને ગુસ્સામાં અઢી કપ ચા વસંતરાવે બે જ કપમાં ભર્યો ને કપ ઊઠાવ્યા.

રકાબીમાં ઢોળાયેલ ચા છલકાતો હતો છતાં વસંતરાવ એ જ રીતે કપ બહાર લઈ ગયા.

માત્ર બે કપ જોતાં એક મિત્રે સવાલ કર્યો: 'ને તમે?'

'અરે ભાઈ! એ તો અંદર સાથે જ પીવાના!' બીજા મિત્રે ચાનો એક ઘૂંટડો લેતાં લેતાં કહ્યું. 'ઘરમાં રાણીસાહેબ કાંઈ એકલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાં જ પીએ? આપણે તો—'

વસંતરાવને રાત્રે આવેલું સ્વપ્નું તાજું થયું: જાણે ઘર જેલમાં ફેરવાઈ ગયેલ છે. તેમને વિચાર થઈ આવ્યો, કેદીને રાજા કહેવા કરતાં વધારે ક્રૂર વિડંબના બીજી કઈ હોય?

ખાલી કપ લઈ વસંતરાવ અંદર આવ્યા. પત્ની રિપરિટમાં ભીંજવેલો કાકડો ગોઠવી સ્ટવ પેટાવવા તૈયાર થઈ હતી.

'સાંભળ્યું, હું બહાર જાઉં છું.'

'ફક્ત પાંચ જ મિનિટ થશે. પછી જવાનું રાખો તો?'

જવાબ દીધા વિના જ વસંતરાવ બહાર આવ્યા.

તેમણે મિત્રોને પૂછ્યું: 'ચાલો, ફરવા જઈશું?'

'શા માટે નહિ? ઉનાળામાં પવન તો જોઈએ જ. હવામાં હજુ જરા ય ઠંડક વળી નથી, પણ—'

બીજાએ કશુંક સાંભરી આવ્યું હોય એવો અભિનય કરતાં કહ્યું: 'અરે, આપણે પેલા વૈદ્યને ત્યાં જવાનું હતું ના?'

પહેલાએ જવાબ વાળ્યો: 'હા, હા. એ તો ભૂલી જ જવાતું હતું. સાત પહેલાં તો એને લઈ જવાના છે, નહિ?'

વસંતરાવ એકલા ફરવા જવા ચાલ્યા. દૂર કયાંઈક એકાંતમાં બેસવાનું તેમને મન થઈ આવ્યું. પરંતુ રાતનો ઉજાગરો અને માનસિક અસ્વસ્થતાને કારણે શરીર છેક બેજાર બની ગયું હતું. તેમનું ધ્યાન સહજ ખૂણા ભણી ખેંચાયું. 'બ્રહ્મચારી' ફિલ્મની જાહેરખબર ત્યાં ચોડેલી હતી.

વસંતરાવ થિયેટરમાં દાખલ થયા ત્યારે ચિત્રની શરૂઆત થતી હતી. તેમણે એ ચિત્ર પહેલી વાર જોયું ત્યારે ઔદુંબરને (જીવનભર બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા કરનારું પાત્ર) તેમણે ગાંડામાં ગણી કાઢ્યો હતો. પણ આજે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે તેમનું મન કહી રહ્યું હતું, પોતાના સરખા ડાહ્યા માણસો કરતાં ઔદુંબર સરખા ગાંડા માણસો હજાર દરજ્જે સારા!

ઇન્ટરવલમાં તેમણે આસપાસ નજર ફેંકી. જરા દૂર પેલા સાંજવાળા બંને મિત્રો ગમ્મત ઉડાવી રહ્યા હતા. વસંતરાવને તેમની પાસે જઈને પૂછવાનું એક વાર મન પણ થઈ આવ્યું કે 'કાં ભાઈ! વૈદને શોધવા કાંઈ અહીં આવવું પડયું?' પણ તે બેસી જ રહ્યા. સાત સાત વરસના સતત સહવાસ છતાં પત્નીએ દર્શાવેલી બેદરકારી પાસે એ મિત્રોની બેદરકારી જરૂર તેમને ક્ષમાપાત્ર લાગી.

ચિત્ર પૂરું થતી વેળા વસંતરાવ ઔદુંબરને* ઉદ્દેશી મનમાં જ બબડયાઃ 'બેટમજી! આજે ભલે હસી લે, પછી જોઈ—'

તેમના એ ઉદ્‌ગારો સાંભળી બાજુમાંના પ્રેક્ષકથી હસ્યા વિના રહેવાયું નહિ.

નવ વાગી ગયા છતાં હવામાં જરા ય ઠંડક આવી નહોતી. શહેર ફરતા ચારે બાજુ ગોઠવાયલા સૂકા ટેકરાઓને કારણે ગરમી એટલી અસહ્ય જણાતી હતી કે હજુ રાત જાણે પડી જ નથી! સંતાઈ ગયેલાં બાળકો પેઠે પવનની લહરીઓ કોણ જાણે કયાં છુપાઈ ગઈ હતી.

વસંતરાવને લાગ્યું, અહીં બહાર આટલી ગરમી છે તો ઘરમાં ગયા પછી—

પત્ની જમીને સૂઈ ગઈ હશે એમ તેમણે ધાર્યું. તેમણે મનમાં ગાંઠ વાળી કે થાળી પીરસવા તે ઊભી થાય તોપણ તેને સંભળાવી દેવું કે આજે ભૂખ જ નથી લાગી! એક દિવસ ઉપવાસ કરવો પડે તો છો પડે, પણ આવું કશુંક કર્યા વિના એની આંખ નહિ ઊઘડે. ખરેખર, ઘરસંસારમાં પણ રાજકારણ જેવું જ છે. રાજકારણમાં ગાંધીજીના અનશનનો ઉપયોગ કયાં નથી થતો? સંસારમાં પણ—

* એણે છેવટે પ્રભુતામાં પગલાં માંડયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણામાં જ પત્ની ઊભી હતી. હર્ષમાં આવી તે બોલી ઊઠી: 'મને તો બા, એવી ચિંતા થયા કરતી હતી!'

વસંતરાવ તેને ધસાઈને અંદર દાખલ થવા જતા હતા ત્યાં જ તે બાજુએ ખસી જઈ બોલી ઊઠી: 'જાળવજો, હજુ નવેણમાં જ છું. મેં હજી પારણાં નથી કર્યાં!'

વસંતરાવ નવાઈ પામી જોઈ રહ્યા! પત્ની હજુ ય શું પોતા ખાતર જમી જ નથી? પોતે ઉપવાસ કરી તેને ઠેકાણે લાવવા માગતા હતા ત્યાં તો એણે જ ઉપવાસ કરી જીત મેળવી હતી!

પણ દાવની શરૂઆતમાં જ હરીફ પરાજય સ્વીકારે?

વસંતરાવ નજીક આવી કહે: 'ઉપવાસનું આ શું બધું ધતિંગ માંડી બેઠી છે?'

રસોડામાં દાખલ થતાં પત્નીએ જવાબ આપ્યો: 'હું હું, રખે બોલતા! દિનુ માટે મેં પાંચ મંગળવાર કરવાનું નીમ લીધું છે!'

'દિનુ માટે?'

'હા જ તો. કાલે રાત્રે તેને ફરી તાવ ચડ્યો'તો. મેં અંબા-માતાની માનતા લીધી. આખી રાત બિચારો જેવો તેવો નાખતો હતો! બોળામાં રાખીને જ રાત કાઢવી પડી.'

'ત્યારે મને જગાડ્યો કેમ નહિ?'

'તમારે ઑફિસનાં કામ કયાં ઓછાં હોય છે? હમણાં હમણાં તો રોજ રાતના બબે વાગ્યા સુધી જાગવું પડે છે તે શું હું નહિ જાણતી હોઉં? મારે બદલે કોઈ ભણેલીગણેલી આણી હોત તો થોડી ઘણી તમને મદદ તો કરત?' બોલતાં બોલતાં તેણે સ્મિત કર્યું. એ હાસ્યમાં જાણે તેનો સાત્ત્વિક પ્રેમ ઝરતો હતો.

સવારે રોટલી કેમ નહોતી કરી એ મહાપ્રશ્નનો ઉકેલ વસંત રાવને અત્યારે સાંપડ્યો. રાત આખી બિચારીએ મટકું ય માર્યું નહોતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં હજુ વસંતરાવનો ગુસ્સો–તોર ઊતર્યો નહોતો. તેમણે કહ્યું: 'ત્યારે ડૉક્ટરને બોલાવી લાવું?'

પત્નીએ હસીને જવાબ આપ્યોઃ 'ડૉક્ટરને ઘેર બોલાવીએ તો બાસઠ બે રૂપિયા માગે. તમે તો નક્કી કર્યું છે કે નવું રિસ્ટવૉચ હવે તુરત ખરીદી લેવું. એટલે દિનુનો તાવ સહેજ મોળો પડ્યો કે હું જાતે જ તેને ડૉક્ટરને ત્યાં લઈ ગઈ હતી. પાછી આવીને ચા કરતી હતી ત્યાં તો તમે આવી પહોંચ્યા—'

પત્નીએ ડૉક્ટરની ફીના બે રૂપિયા બચાવ્યા હતા, ત્યારે પોતે સિનેમા—

વસંતરાવ સીધા પત્નીના ઓરડામાં દાખલ થયા. દિનુને શરીરે હાથ લગાડી જોયો. હજુ તાવ છેક ઊતર્યો નહોતો.

તે રસોડામાં પાછા આવ્યા. પત્ની ભાતની તપેલીમાંથી બાસમણ નિતારી લેતી હતી; જરા દૂર બીજી તપેલી પણ પડી હતી. તે તરફ આંગળી બતાવી વસંતરાવે પૂછ્યું: 'પેલા ભાત કોને માટે છે?'

'આઠ વાગે પાછા ફરનાર માટે.'

'ને આ ચૂલા પર ચડે છે તે?'

'સાડા નવ વાગે ઘેર આવનાર માટે.'

'થાળીમાં ભાત તો સાવ થોડો પીરસ્યો છે?'

'તમને વધારે ભાત કયાં ભાવે છે?'

'પણ મારે પહેલાં પહેલી તપેલીમાંથી જ ખાવા છે!'

વસંતરાવે ઠરેલા અને ઊના બંને જાતના ભાત ખાવાની હઠ લીધી. પત્નીએ પીરસેલાં ઘેવર જોયાં ફૂલકાંનું બટકું ભાંગતાં ભાંગતાં તેમને વિચાર થયોઃ પુરુષનું દુઃખ બહારથી તપતા પૃથ્વી પરના ખડક સાથે સરખાવી શકાય, જ્યારે સ્ત્રીનું દુઃખ પૃથ્વીના પેટાળમાં રસરસતા લાવા જેવું છે. બહારથી તે દેખાય નહિ, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની દાહકતા શું ઓછી હોય છે?

× × ×

રસોડામાં ઢાંકોઢૂંબો કરી સાફસૂફ કરી પત્ની પોતાના સૂવાના ઓરડામાં આવી; જોયું તો દિનુ પથારીમાં નથી. ઘડીભર તે ગભરાઈ, પણ તુરત જ તેના મોં પર હાસ્યરેખા પ્રગટી ઊઠી. વસંતરાવની ઓરડીમાં પેસતાં જ તેણે જોયું કે દિનુ પથારીમાં સૂતો છે, અને વસંતરાવ તેને ધીરે ધીરે પંખો નાખી રહ્યા છે.

'દિનુને લઈ જાઉં?'

'ના ના!'

'કેમ વારુ?'

'દિનુ તારો એકલીનો જ નથી.'

'પણ તમારે ઑફિસનાં કામ પૂરાં કરવા જાગવું જ પડે છે. તેમાં વળી—'

'તેમાં બેમાં કાંઈ નહિ!'

'પણ દિનુ તમારો એકલાનો કયાં છે?'

'ત્યારે આપણે ભાગ પાડીએ. બે વાગતાં સુધી હું સાચવું, ને પછી તું સાચવજે!' કહેતાં કહેતાં વસંતરાવે મોં મલકાવ્યું.

તેઓ કેમ હસતા હતા તે પત્ની સમજી ગઈ. પોતે ખૂબ ઊંઘણશી છે એટલે અરધી રાતે ઊઠીને દિનુને લઈ જઈ નહિ શકે એ વિષે તેમના દિલમાં ખાતરી હોવી જોઈએ!

વસંતરાવે અગિયારના ટકોરા ગણ્યા; બારના પણ ગણ્યા. પરંતુ પછી આંખો ઘેરાવા લાગી. વચમાં જાગી જાય એટલે વળી પંખો લઈ દિનુને પવન નાખે; વળી પાછા ઝોકે ચડે.

અરધી કલાકે તે બરાબર જાગૃત થયા—કોઈના હસવાના અવાજે તેમને જગાડયા હતા! તેમણે આંખો ચોળી બરાબર જોયું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તુરત હસી પડ્યા. પથારીમાંથી આળોટતો દિનુ ક્યાંઈ દૂર ઓરડીને છેડે પહોંચ્યો હતો, ને પોતે દિનુને બદલે દિનુના રૂમાલને પંખો નાખતા હતા!

દિનુને શરીરે હાથ અડાડતાં જ પત્ની બોલી ઊઠીઃ 'ઓહો, કેટલો બધો પરસેવો છૂટ્યો છે! હાથે જશ તો ઘણો જ છે.'

'એ હાથ હવે મારો પોતાનો ક્યાં રહ્યો છે?'

'હું સમજી નહિ.'

'એ હાથ તો એક જણને ક્યારનો અપાઈ ચૂક્યો છે. જેને એ અપાયો છે એ બીજા હાથનો જ આ સઘળો પ્રતાપ છે!' અને વહાલભર્યું જોતા વસંતરાવ પત્નીની નજીક જઈ પહોંચ્યા.

એટલામાં સામેની બારીમાંથી અવાજ સંભળાયોઃ 'કાં વસંતરાવ, હજુ જાગો છો કે? ઉકળાટ તો એવો થાય છે કે ન પૂછો વાત!'

વસંતરાવે પોતાની ઓરડીની એ તરફની બારી વાસી લેતાં જવાબ વાળ્યોઃ 'ના રે, અત્યારે તો બહુ ઠંડો પવન નીકળ્યો છે!'

'હેં! ઠંડો પવન?' વસંતરાવને ગાંડા ગણતા હોય એવો ભાવ દામુઅણ્ણાના અવાજમાં હતો.

વસંતરાવ ગઈ કાલે જરૂર ગાંડા થયા હતા.

પણ આજે?

આજે તેમનું હૃદય કાવ્ય માણી રહ્યું હતું—

જીવનકલહના ધખધખતા ઉનાળામાં પણ સાત્ત્વિક પ્રેમની શીતળ વાયુલહરીઓ સદા લહેરાયા જ કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડિત મૂર્તિ

પુષ્પાનો કાગળ દાદાએ એક વાર, બે વાર, ત્રણ વાર વાંચ્યો છતાં તેમને સંતોષ વળ્યો નહિ. પોતાની આવી અતૃપ્તિથી તેમને પોતાને જ નવાઈ લાગી. ઘડીભર તેમને જાત વિષે હસવું પણ આવી ગયું. તેમને એવો પણ વિચાર થઈ આવ્યો કે એટલું સારું છે કે હું આ પત્ર વાંચું છું ત્યારે કોઈ આજનો નવલકથા–લેખક મારી પાસે હાજર નથી! નહિતર પચાસ વરસ પૂરાં કરી ગયેલ એક શિક્ષકના જીવનમાં પણ ઉન્મત્ત પ્રણયે કેવી રીતે પ્રવેશ કર્યો એની મનોવિશ્લેષણાત્મક એક નવલકથા તેણે ઉપજાવી કાઢી હોત! એ સાહિત્યકારને એવો ખ્યાલ પણ ન રહેત કે દાદા જે પત્ર વાંચે છે તે તેની પોતાની પુત્રીનો જ છે. એવા લેખકોને એ વિચાર આવે પણ ક્યાંથી? તેમના કોશમાં તો 'પ્રેમ' શબ્દનો એક જ અર્થ હોઈ શકે: પ્રેમ એટલે સ્ત્રીપુરુષ વચ્ચેનું શારીરિક આકર્ષણ! એમની સૃષ્ટિમાં વારેવારે વાંચવા જેવા જે કોઈ પત્રો હોય તો તે એક જ જાતના હોય: પ્રેમપત્રો!

સાંપ્રત મરાઠી લેખકો વિષે દાદાને કદી ઊંચો અભિપ્રાય હતો જ નહિ. તે હમેશાં કહેતા કે આજના લેખકો ગાંડા થઈ ગયા છે. માનવી જીવનની માત્ર એક જ બાજુ પકડી રાખી તેઓ તેની સાથે રમતચાળા કર્યા કરે છે–રમ્યા કરે છે. કોઈ પ્રેમની ફૂલઝર ચેતાવે છે તો કોઈ રાજકારણના બંદૂકિયા ટોટા સળગાવે છે! સાધારણ માનવીના જીવનમાં આવી અનેક બાબતોનાં પ્રતિબિંબો રોજ ઝાંખાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાંખાં ઊઠ્યા જ કરતાં હોય છે, એની કલ્પના તેઓ કરી શકતા નથી! વરસાદ, તડકો કે ચાંદની જેવું માનવી જીવન કાંઈ એકધારું – એકરંગી દૃશ્ય નથી; માનવી જીવન તો ઇંદ્રધનુષ્ય સરખું અંતરંગી મોહક સંમિશ્રણ છે! કોઈ નાનકડા ગામમાં, એક નાનકડી ઓરડીમાં જિંદગી ગુજારનાર પોતાના જેવો શિક્ષક પણ સમજી શકે તેવી આ વાત છે, પરંતુ કલ્પનાના વિમાને ચડી આકાશમાં જ ઉડ્ડયન કર્યા કરતા કલાકારોને તો...

પુષ્પાના પત્રનું ચોથું વાંચન શરૂ કરતા પહેલાં દાદાનું મન આટલું પરિભ્રમણ કરી આવ્યું – જાણે કે નવી સ્ફૂર્તિ આણવા માટે થોડો હવાફેર કરી લેવાની જરૂર એને ન હોય!

હવે એક છેલ્લી વાર કાગળ વાંચી લેવાનો નિશ્ચય કરી દાદાએ એના પર નજર ફેરવવા માંડી. તુરત તેમને લાગ્યું કે પોતે ફરીને હવે પત્ર નહિ વાંચવાનો કરેલો નિર્ણય પાળી નહિ શકે. પંકજ મલ્લિકના પેલા ગીતના જેવી જ આ પત્રે પોતાના ચિત્તની અવસ્થા કરી મૂકી છે.

બાજુમાં રહેતા હેડ માસ્તરને ત્યાં એ ગીતની રેકર્ડ અનેક વાર ચડાવવામાં આવેલી અને પોતે તે અનેક વાર સાંભળેલી; અને છતાં હજુ એથી સંતોષ નથી થયો! એ ગીતમાં સંધ્યાસમા મોહક રંગો જેટલું જ કોઈ અવિરત આકર્ષણતત્ત્વ સમાયેલું છે. પુષ્પાના આ પત્રમાં પણ—

અધીરા બની તેમણે પુષ્પાનો પત્ર વાંચવા માંડ્યો.

"પૂજ્ય દાદાની સેવામાં—"

વળી દાદા હસવું ખાળી ન શક્યા. તે વિચારે ચડ્યા: 'સમય કેટલો ઝપાટાભેર આગળ વધ્યે જાય છે – અને જતાં જતાં પ્રત્યેક બાબતમાં કેટલી કુશળતાથી ફેરફાર કરતો જાય છે?' પોતે કૉલેજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચ્યા ત્યારે જૂની પદ્ધતિને બદલે 'પૂજ્ય પિતાશ્રીની પવિત્ર સેવામાં, બાળક દાદાના સાષ્ટાંગ દંડવત પ્રણામ.' એટલું લખતાં લખતાં પણ પોતાને જ જરા નવાઈ લાગેલી; અને સહેજ મુશ્કેલી પછી જ 'બાળક' શબ્દને એમાંથી તિલાંજલિ આપી દીધેલી. છતાં 'પૂજ્ય' અને 'સાષ્ટાંગ દંડવત પ્રણામ'વાળા શબ્દોને તો પોતે રજા આપી જ શકયા નહોતા! આજે પુષ્પા સહજમાં એ બધાને ઉખેડી નાખી શકે છે! અને એની પછીની પેઢીમાં ખુદ પુષ્પાનો જ પુત્ર વળી 'પૂજ્ય' શબ્દનો પણ બહિષ્કાર નહિ કરે એની ખાતરી ન કહેવાય!

'પુષ્પાનો પુત્ર'વાળી કલ્પના સાથે દાદાના દિલના નાજુક તારો કંપી ઊઠ્યા, અને તે સાથે તેમણે હર્ષનો રોમાંચ અનુભવ્યો. પહેલી પચીશી વેળા પુરુષને જેમ સ્ત્રીનું આકર્ષણ રહે છે, તેમ પચાસ પૂરાં કરી 'વનપ્રવેશ' કરનાર માનવીને અપત્યવાત્સલ્ય ભારે જોસથી ખેંચતું હોય તો ના ન કહેવાય. દાદાનાં પત્ની એકલી પુષ્પાને પાછળ મૂકીને કચારનાં મૃત્યુને દ્વારે પહોંચી ચૂકયાં હતાં; સંભવ છે કે એ જ કારણે દાદાની વાત્સલ્યભાવના અતૃપ્ત રહી ગઈ હોય. ગમે તે કારણ હો, પણ દાદાની કલ્પનાચક્ષુ સામે એ ક્ષણે સુંવાળા સોનેરી વાળવાળા એક નાના બાલદેવે પોતાનું હસતું મોં ચમકાવી દીધું.

તુરત દાદાને પેલી 'ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ!'વાળી કહેવત યાદ આવી ને મોં મલકયું. પુષ્પાના પત્રમાંનો મુખ્ય સવાલ જ તેના લગ્ન અંગેનો હતો. પુષ્પા એક યુવાનના પ્રેમમાં પડી હતી. એ યુવાન કોઈ પૈસાદારનો નબીરો હોત તો દાદાની કલ્પનાચક્ષુએ પૌત્રના દૃશ્યને બહુ જ કર્યું ન હોત. આજ સુધીમાં એવા બેત્રણ ધનિક યુવકોને પુષ્પા ગમી ગઈ હતી; એમાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકે તો પુષ્પા ઉપર પ્રેમપત્રો પણ પાઠવ્યા હતા. છતાં હરેક દાખલામાં લગ્ન એ જ સાચી પ્રીતિનો નિકષ હોઈ શકે એ કડવું સત્ય એમણે અનુભવ્યું હતું. ટ્રેનમાં મુસાફરી કરતી વેળા વખત પસાર કરવો હોય ત્યારે પડોશી મુસાફર સાથે આપણે તરેહ તરેહનાં ગપ્પાં મારીએ છીએ. ઘણી વાર આપણે સાથે ભાતું ખાવાનું એને આમંત્રણ પણ આપીએ છીએ, અને છૂટા પડતી વેળા વર્ષોની ઓળખાણ હોય તેમ 'કાગળપત્ર લખતા રહેજો'ની ભલામણ પણ કરીએ છીએ! પણ પ્લેટફૉર્મ છોડી સ્ટેશન બહાર પગ દેતાં જ આપણે એ પડોશીને કદી સંભારવાની તસ્દી પણ લેતા નથી! આજનાં જુવાન છોકરા-છોકરીઓના પ્રથમ પરિચયનો અંત પણ એવો જ આવે છે.

એત્રણ વખતના આવા કડવા અનુભવ-દંશ પછી પુષ્પાનું મન કોઈ બીજી બાબતમાં કાયમ ગૂંથાયેલું રહે તો સારું એ વિચારે દાદાએ એને મુંબઈમાં એક નિશાળમાં નોકરી મેળવી આપી હતી. અને પુષ્પાના આજના પત્ર ઉપરથી તો એમ લાગતું હતું કે પુષ્પા કોઈ શુભ ચોઘડિયે સારાં શુકન જોઈને જ મુંબઈમાં નોકરી કરવા ગઈ હોવી જોઈએ.

અધીરા બની દાદાએ પત્રના મધ્ય ભાગના લખાણ ઉપર આંખો ફેરવવા માંડી.

"...છેલ્લા ચાર દિવસ થયાં તમને કાગળ લખવા હાથ ધર્યો છે. લખી લખીને ફેંકેલા કાગળો ફાક્યા હશે એની તો ગણતરી કરવી જ નકામી છે! પ્રેમપત્રો લખવા કરતાં પણ વડીલવર્ગને પ્રેમની હકીકત દર્શાવતો કાગળ લખવો વધારે અઘરો છે એનો હું આજે પ્રત્યક્ષ અનુભવ લઈ રહી છું. આજે જો બા જીવતી હોત તો આ કાગળ તમને લખવાની હું હિંમત જ કરત નહિ.

"બા જીવતી હોત તો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી બા જીવે જ છે! હું તમને 'દાદા' કહી બોલાવતી હોઉં તોપણ–મારી બા ઈશ્વરના ધામમાં ગઈ છે એમ આખી દુનિયા કહેતી હોય તોપણ–મારી ખાતરી છે કે મારી બા જીવતી જાગતી બેઠી છે. દાદા! તમે જ મારી બા છો.

"હું અંગ્રેજી ભણવા માંડી ત્યારે આપણી કામવાળી કૃષ્ણા નાનપણમાં હું કેવા કેવા હઠ કરતી તેની અનેક વાતો મને કહેતી. એની પાસે જ્યે હું માથું ન ગૂંથાવું તો તમે પોતે દાંતિયો લઈ મારી વેણી ગૂંથી દેતા. બોલો, સાચી વાત છે ને? અને એક વાર તો હઠે ભરાઈ મેં મારી પેઠે તમારે કપાળે પણ કંકુનો ચાંદલો કરાવેલો! પછી નિશાળમાં જવાની ઉતાવળને લીધે તમે એ ભૂંસી નાખવાનું ભૂલી ગયેલા, અને વર્ગમાં દાખલ થતાં જ બધા છોકરાઓએ જે હસાહસ માંડેલી તેની વાત—

"દાદા! મેં તમને કેટકેટલી બાબતમાં સતાવ્યા હશે, નહિ?

"આજે પણ—

"સ્ત્રીના મનને લજ્જાવતીના છોડ સાથે કોઈ કવિએ સરખાવ્યું છે. ખરેખર, એ તુલનામાં ઘણું મહાન સત્ય સમાયેલું છે!

"પણ—

"અમારી નિશાળમાં એક કાશીનાથ પટવર્ધન નામે શિક્ષક છે એ તો મેં તમને આ પહેલાંના પત્રોમાં લખ્યું જ છે. એ પટવર્ધન સાહેબ ઇતિહાસ બહુ સુંદર રીતે ભણાવે છે. ઈંગ્લાંડનો ઇતિહાસ ભણાવતી વેળા પણ તેઓ છોકરાછોકરીઓના દિલમાં દેશપ્રેમની પ્રબળ ભાવના ખડી કરે છે. ચર્ચાસભામાં તેઓ જ્યારે બોલવા ઊભા થાય છે ત્યારે તેમનું ભાષણ કલાકોના કલાકો સુધી જાણે સાંભળ્યા જ કરીએ એમ લાગે છે. આ બધી વાત મેં તમને અગાઉ લખી છે. પણ એક વાત તમને લખવી રહી ગઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આજે એ લખ્યા વિના છૂટકો નથી.

"દાદા! કાશીનાથ મને ચાહે છે અને મારું દિલ પણ—

"આ વાંચીને તમે શું ધારશો એની પૂરેપૂરી કલ્પના મેં કરી લીધી છે. તમે માનશોઃ 'મારી પુષ્પા કેવી ભોળી છોકરી છે! કાશીનાથ એને જો સાચે જ ચાહે છે અને કાશીનાથ પ્રત્યે એને પણ સાચે જ જો પ્રેમભાવ પેદા થયો છે, તો આવું લાંબુંલાંબું ટાયલું લખવા કરતાં તાર જ કાં નથી કરી દેતી કે લગ્ન માટે જ હાજર થાઓ? 'મિયાંણીમી રાજી તો કચા કરેગા કાજી?' વાળી કહેવત આ વીશ વરસની માસ્તરાણીને પણ નહિ સમજતી હોય?'

"દાદા! હું બધું બધું સમજું છું. પણ—

"અમે બંને પરસ્પર ચાહતાં હોઈએ છતાં—

"કાશીનાથનો સ્વભાવ જરા વિચિત્ર છે. રાત્રે દસના સિનેમા શોમાં જવાની કેવી મજા હોય છે? છતાં એકે વાર તે મારી સાથે આવ્યા નથી. ડૉક્ટરની પીએચ.ડી.ની પદવી માટે તેમણે એક લાંબો નિબંધ પણ તૈયાર કર્યો છે. એ નિબંધ યુનિવર્સિટી તરફ મોકલી આપવા હું તેમને રોજ કહ્યા કરું છું, પણ હરેક વેળા તે એક યા બીજી જાતનું બહાનું કાઢી વાતને ધકેલે રાખે છે, ને મને ઓલતી બંધ કરી દે છે. ચાર દિવસ પહેલાં મને સંભળાવી પણ દીધુંઃ 'જો મારે ડૉક્ટોરેટની પદવી લેવી હોત તો હું આર્ટ કૉલેજને બદલે મેડિકલ કૉલેજમાં જ દાખલ ન થાત?'

"ગયે અઠવાડિયે મેં બધા શિક્ષકોની હાજરીમાં એક વર્ગમાં એક પાઠ આપ્યો હતો. 'ઢીંગલી'ની વાર્તાવાળો એ પાઠ હતો. એ પાઠમાં છોકરીઓના દિલમાં છેક બાલ્યાવસ્થાથી વાત્સલ્યભાવ શી રીતે પેદા થાય છે એનું સુંદર સૂચન હતું. મારી પાઠ શીખવવાની રીત અમારી શાળાના બધા શિક્ષકોએ ખૂબ વખાણી. ન વખાણનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષક બીજા કોઈ નહિ પણ...કાશીનાથ હતા!

"સાંજે અમે બંને જણાં સાથે ફરવા ગયાં ત્યારે તેમણે મને કહ્યું: 'તારો આજનો પાઠ મને જરા ય ગમ્યો નથી.'

"મેં છણકો કર્યો: 'અણમાનેતીનું મીઠું ય મોળું જ હોય!'

"તેમણે હસતે હસતે જણાવ્યું: 'માનેતી મીઠું પીરસે તોપણ સ્વાદ તો એનો ખારો જ હોય! કન્યાઓના દિલમાં છેક બાળપણથી વાત્સલ્યભાવ પેદા થાય છે એમ તારું કહેવું છે, ખરું? કહે, આ મહાસત્ય તેં કયાંથી શોધી કાઢયું?'

"મેં ફુઆબ્રેર મારી છાતી પર આંગળી ધરી રાખી સામો જવાબ આપ્યો: 'અહીંથી!'

"પણ તુરત તેમણે ગંભીરતા ધારણ કરી દીધી.

"એમને મારા પ્રત્યે પ્રેમ છે. પણ એ પ્રેમ પુરુષનો છે. ભાવિને એ મારી નજરે દેખી જ શકતા નથી. એ ભાવિ સુખનાં સ્વપ્નાં હું તો ઉઘાડી આંખે જોઈ શકું છું — કાશીનાથ પ્રોફેસર થયા છે; એના સરખા હોશિયાર અને પ્રેમળ પતિ મેળવવા માટે બહેનપણીઓ હમેશાં મારી મશ્કરી–ઈર્ષ્યા કરે છે; તમે અમારા બંગલામાં એક બાજુ વરંડા(ઓશરી)માં આરામખુરશીમાં પડયા પડયા કશું વાંચી રહ્યા છો અને બે ગભરુ બાળકો 'દાદાજી, દાદાજી!' કરતાં તમારા હાથમાંની ચોપડી ખેંચી લઈ બોળામાં ચડવા ધમપછાડા કરી રહ્યાં છે–

"અરે! હું તો કયાંની કયાં ઊતરી ગઈ, નહિ?

"કાશીનાથ એ રીતે સ્વભાવે જરા વિચિત્ર છે છતાં મારી અને એમની ગમતી બાબતોમાં કેટલું બધું સામ્ય છે! રજામાં હું તમારી પાસે આવી હતી ત્યારે પડોશમાં પેલા હેડમાસ્તરને ત્યાં મેં 'પિયા મિલનકો જના' વાળું ગીત સાંભળ્યું હતું. અહીં આવ્યા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુરત જ મેં એ રેકર્ડ ખરીદી. કાશીનાથને પણ એ ગીત મારી જેટલું જ ગમી ગયું છે. ઓરડીમાં દાખલ થતાં જ એમનું પહેલું વાકય એ જ હોય છે: 'પુષ્પા! ચલાવ; પેલું પિયા મિલનકો જના.' એ વેળા મને એમને સંભળાવવાનું મન થઈ જાય છે કે 'એ ગીત માત્ર સાંભળવાનું નથી; એ પ્રમાણે આચરવું પણ પડશે!'

"પણ એ શબ્દો કોઈ રીતે મારા મોં વાટે બહાર નીકળતા નથી!

"મારી પેઠે એમને પણ વાદળી રંગ ખૂબખૂબ ગમે છે. ગુલાબ કરતાં મને જેમ રાતરાણીનું ફૂલ વધારે પસંદ છે તેમ તેમને પણ—

"એક કહેતાં અનેક બાબતોમાં તેમનું અને મારું ગમવાપણું બરોબર મળતું જ આવે છે! પણ—

"તમે કહેશો કે કોઈ બાબતમાં તારું અને એનું ગમવાપણું મળતું આવતું ન હોય એમાં હું શું કરી શકું?

"દાદા! એક વાત તમે નથી જાણતા. કાશીનાથને તમારા પ્રત્યે બહુ માન છે—તમારા પ્રત્યે ભક્તિભાવ છે! એનું સાચું રહસ્ય મને ગઈ કાલે જ મળ્યું. તમને તે ગુરુસ્થાને ગણે છે. ગઈ કાલે હું તેમને ત્યાં ગઈ ત્યારે મને જોતાં જ ટેબલ પર પડેલ એક ફાઈલ જેવું કશું એમણે ઝડપભેર ટેબલના બાનામાં સંતાડી દઈ બાનાને તાળું મારી દીધું. તુરત પાસે પહોંચી મેં કહ્યું: 'કોઈના પ્રેમપત્રો લાગે છે!'

"તેમણે હકારાર્થે ડોકું હલાવ્યું.

"મારી એ બનાવટ કરે છે એ તો હું તુરત સમજી ગઈ હતી. છતાં સંશયની વાત ભૂંડી છે. દાંતમાં ભરાયેલ કસ્તરની પેઠે માણસને એ શાંત રહેવા જ ન દે!

"મેં હઠ પકડી એટલે આખરે એમણે બાનું બોલ્યું. અંદર એક નાનકડું આલ્બમ હતું. ઉપર લખ્યું હતું: 'મારા ગુરુદેવ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં કાશીનાથને કહ્યું: 'ભારે લુચ્ચા લાગો છો! અંદર કોઈ નટીના ફોટા ગોઠવીને લોકોને ભરમાવવા માટે ઉપર 'ગુરુદેવ' નું લેબલ માર્યું છે, ખરું?'

"તેમણે કશો ઉત્તર આપ્યો નહિ; માત્ર હસ્યા.

"એ આલ્બમનું ઉપરનું પૂંઠું ઉઘાડતાં જ હું દિગ્મૂઢ બની!

"એ આલ્બમમાં પહેલો ફોટો ખુદ તમારો જ હતો! શાળાના કોઈ સંમેલનમાંથી એ એમણે જુદો તૈયાર કરાવી લીધો હતો. આજ સુધી એ હકીકત મારાથી છુપાવી રાખી હતી, પણ—"

× × ×

એ શબ્દો પર આંખો ફરતી હતી ત્યાં તો દાદાની દૃષ્ટિમાંથી કાગળ જાણે સરકી ગયો. તેરચૌદ વર્ષની કિશોર વયના કાશીનાથની મૂર્તિ એમની કલ્પનાચક્ષુ સામે ખડી થઈ ગઈ. ગામમાં તાજેતરમાં જ એક સહભોજન એ વેળા થયું હતું. એમાં ભાગ લેવાને નિમિત્તે ગામના ઘણા લોકોએ દાદાનો બહિષ્કાર કર્યો હતો. પણ એ બહિષ્કારથી દાદા જરા યે ડગ્યા તહિ. ઊલટાનું બહિષ્કાર પોકારનારને ઊધડા લે તેવું એક જુસ્સાદાર જાહેર ભાષણ તેમણે આપ્યું. વ્યાખ્યાનને અંતે દાદા બોલ્યા: 'હરેક રૂઢિ–રિવાજની શરૂઆત કોઈ વિશિષ્ટ સંજોગોને કારણે થાય છે. પરંતુ એ કારણો વિલાઈ જવા છતાં રૂઢિ પાળવાનું ચાલુ રાખવામાં કેવળ મૂર્ખાઈ જ છે. ખંડિત થયેલી મૂર્તિની કોઈ પૂજા નથી કરતું! એવી ખંડિત બનેલી મૂર્તિને તો જળસમાધિ આપી તેને સ્થાને નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરવી એ જ હરેક આદમીનું કર્તવ્ય બને છે!'

કોઈ ઊંચા ડુંગરની નજીક જતાં જેમ પોતાના જ બોલેલા બોલનો સામેથી મોટો પડઘો ઊઠે તે પ્રમાણે વ્યાખ્યાનને દિવસે 'ખંડિત થયેલી મૂર્તિની કોઈ પૂજા નથી કરતું!' વાળુ વાક્ય વારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારે દાદાના કાનમાં અથડાયા કરતું હતું.

તે રાત્રે એક બીજો વિચિત્ર બનાવ બન્યો. કાશીનાથ પટવર્ધન નામનો દાદાના વર્ગનો જ એક માજી વિદ્યાર્થી રૂમાલમાં ગુલાબનાં ફૂલો લઈને દાદાને ઘેર આવ્યો. એ કિશોરના મોંમાંથી કોઈ શબ્દો નીકળતા નહોતા, પરંતુ અતિશય ભક્તિભાવે એણે દાદાને ચરણે એ ફૂલોનો ઢગલો કર્યો. દાદાને મન શંકા થઈ આવી કે આ છોકરો ગાંડો તો નહિ થયો હોય! એ વિદ્યાર્થી બહુ જ ગરીબ છે તે વાત દાદા જાણતા હતા; એક સસ્તામાં સસ્તી બીડીમાં એ જમતો હતો તેની એમને માહિતી હતી. જ્યારે દાદાએ જાણ્યું કે રાત્રે ભોજન ન કરવાનો નિશ્ચય કરી એ બચતમાંથી એણે ગુલાબનાં ફૂલો ખરીદ્યાં છે ત્યારે એમનું હૃદય હલી ઊઠ્યું—દ્રવી ઊઠ્યું. કાશીનાથ તો એક ગાંડાની જેમ દાદાના મોં સામે તાકીને બેઠો હતો. આખરે દાદાએ એને પોતાને ત્યાં જ તે રાત્રે જમાડ્યો. વાળુ પછી ઘેર જતી વેળા એણે દાદાને કહેલું: 'ગુરુજી! આજના તમારા બોલ—તમારું પેલું વાક્ય મેં બરાબર મારા હૈયાના ઊંડાણમાં કોતરી રાખ્યું છે. એ વાક્ય હું કદી ય વીસરનાર નથી—"ખંડિત થયેલી મૂર્તિની કોઈ પૂજા નથી કરતું!"

એ રાત્રિનો આ બનાવ દાદાને અનેક વાર સાંભરી આવતો; પણ આ વિદ્યાર્થી કાશીનાથ એ જ પુષ્પાની શાળા માંહેનો શિક્ષક કાશીનાથ પટવર્ધન હશે એવો ખ્યાલ તો પુષ્પાનો આ કાગળ વાંચતાં સુધી દાદાને કદી આવ્યો નહોતો.

દાદાને મનમાં થયું: દૈવની ગતિ ખરેખર શેતરંજની રમતના સરખી છે; એની છેલ્લી ચાલની તૈયારી ઘણા વખત અગાઉથી જ ગોઠવાતી હોય છે. પોતા પ્રત્યે આવો અનન્ય ભક્તિભાવ સેવનાર કાશીનાથ અને પુષ્પા વચ્ચે પ્રેમ બંધાય, એ ખરેખર બહુ આનંદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાયક ઘટના છે! પુષ્પા સારી રીતે ભણીગણીને ડિગ્રી મેળવે એ માટે દાદાએ પોતાની સઘળી મૂડી વાપરી નાખી હતી; પણ પરિણામ એવું આવ્યું કે પુષ્પાના લગ્નના સવાલનો સહેલો નિકાલ આવવાને બદલે એ પ્રશ્ન ઊલટો વધારે વિકટ બન્યો! આથી પુષ્પા અને કાશીનાથ એક સ્થાને બેઠાં ગયાં એ બિના દાદાને મન સદ્‌ભાગ્યની બની. બનવા જોગ છે કે પુષ્પા લખે છે તેમ કાશીનાથ જરા વિચિત્ર સ્વભાવનો પણ હોય; પણ એ પોતાના વચનને ઉથાપશે તો નહિ જ. કેટલા ભક્તિભાવે તેણે તે દહાડે પેલાં ફૂલો પોતાને ચરણે ધર્યાં હતાં!

એટલામાં પડોશમાં હેડમાસ્તરને ત્યાં કોઈએ ગ્રામોફોન ચાલુ કર્યું. ગીતની શરૂઆતના પાર્શ્વસંગીતના સૂરો કાને પડતાં જ દાદાએ રોમાંચ અનુભવ્યો. એ એમનું મનગમતું ગીત હતું—

'પિયા મિલનકો જના!'

દાદા બારીમાં ઊભા રહી ગીત સાંભળવા લાગ્યા.

અભિસારિકાને તેની એક કોઈ સખી કહેતી હતી: "ચાલ ઉતાવળી થા; જલદી કર. પ્રિયકરને મળવા ચાલ. સંભવ છે, રસ્તામાં કંટકો વેરાયેલા પડ્યા હોય; સંભવ છે, મુશળધાર વરસાદ પડતો હોય! પરંતુ પ્રેમ કંટકોથી ડરતો નથી, પ્રેમ વરસાદથી ડગતો નથી..."

દાદા મનમાં બોલતા હતા: 'મારી પુષ્પા ખરેખર નસીબદાર છે; કાશીનાથ મારા વચનને ઉથાપશે નહિ જ!'

× × ×

દાદા મુંઝાઈ પડોંચ્યા. કાશીનાથને તેમણે પુષ્પાની ઇચ્છાઓ, તેની અપેક્ષાઓ, વગેરે બધું સારી રીતે સમજાવ્યું. તેમણે ધાર્યું હતું કે કાશીનાથ તો એવો જવાબ આપશે: 'દાદા! પુષ્પાએ વિના કારણે તમને અહીં બોલાવ્યા. તેણે પોતે અહીં જ જે બધી વાત મને કરી હોત તોપણ—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ કાશીનાથે આવો કશો જ જવાબ વાળ્યો નહિ. દાદાની સઘળી હકીકત સાંભળી લીધા પછી તેના મોં પર ઊલટાની વધારે ગંભીરતા છવાઈ.

દાદાએ માન્યું કે કદાચ કાશીનાથ શરમાતો હશે. તેમાં પણ થોડી વારે જ્યારે કાશીનાથે જ હસીને કહ્યું કે 'તમારી માગણીનો જવાબ હું સાંજે આપીશ', ત્યારે તો તેમના દિલની પાકી ખાતરી થઈ ચૂકી કે સાંજે કાશીનાથ હકારમાં જ જવાબ આપશે. એના સંમતિદર્શક જવાબ પછી બંનેને એકાંતનો લાભ મળી શકે તે ખાતર સાંજે પોતે કયા મિત્રને મળવા જવાનું બહાનું આગળ ધરવું તે પણ તેમણે મનમાં ગોઠવી રાખ્યું.

સાંજે કાશીનાથ પુષ્પાની ઓરડીએ આવ્યો. વાદળી રંગની સાડી પહેરેલી પુષ્પાએ હાજર કરેલી ચાને તેણે આવકાર આપ્યો, અને પછી એક બંધ કરેલું કવર દાદાના હાથમાં સેરવી તે ગ્રામોફોન તરફ વળ્યો. પંકજ મલ્લિકના સ્વરે વાતાવરણ જમાવ્યું—

'પિયા મિલનકો જાના!'

પણ અત્યારે પુષ્પાનું ધ્યાન એ સંગીતમાં નહોતું. દાદાના હાથ માંહેના પત્રમાં તેનું ચિત્ત પરોવાયું હતું—દાદાના મોં પર છવાયેલ નિરાશાની ઘેરી છટાએ તેના દિલને આવરી લીધું હતું.

દાદાએ લંબાવેલો કાગળ પુષ્પાએ પોતાના હાથમાં લીધો.

દરમિયાન કાશીનાથે રેકર્ડની બીજી બાજુ ચાલુ કરી હતી, ને તેના ઘેરા સૂરો વાતાવરણમાં પથરાતા હતા—

'યૂં દર્દ ભરે...'

પુષ્પાને થયું, પોતાના અંતઃકરણમાંથી પણ એવા જ દર્દભર્યા સૂરો જાણે ઊઠી રહ્યા છે.

કાશીનાથે પત્રમાં લખ્યું હતું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મુરબ્બી દાદાસાહેબ!

"પુષ્પાને મેં છેતરી નથી. જે પ્રેમ હું પુષ્પાને આપી શકું તેમ નથી તે તેને આપવાનો મેં કદી ઉચ્ચાર પણ કર્યો નથી.

"અવશ્ય અમે એકબીજાને ચાહીએ છીએ. પરંતુ અમારાં ભાવિ જીવનનાં સ્વપ્નો વિષે પૂછશો તો તે સાવ ભિન્ન ભિન્ન તરેહનાં છે. એને બંગલામાં જીવન વ્યતીત કરવાનું ગમે છે; મને ગરીબગુરબાંઓનાં ઝૂંપડાંઓમાં આથડવાનું પસંદ છે. મજાનાં ગભરુ બાળકો અને પૈસાદાર પતિ મળવામાં પુષ્પા સુખ માને છે; પ્રેમાળ પત્ની અને ગભરુ બાળકો મને સંતોષ આપી શકે તેમ નથી.

"પુષ્પા મને કહે છે, ચાલો રાત્રિના દસના સિનેમા શોમાં જઈએ. પણ હું જે રાત્રિશાળાનો વર્ગ ચલાવી રહ્યો છું — એમાં ચીંથરેહાલ દશાનાં પણ જીવતાં જાગતાં હૈયાવાળાં જે માનવીઓ આવે છે — આવતી કાલની સુખી દુનિયાનાં જે સ્વપ્નો હું સેવું છું — દાદા! સિનેમાની કેવળ બનાવટી પ્રેમકથાઓ કરતાં મને આ બધી બાબતો વધારે આકર્ષે છે.

"હું કેવળ રુક્ષ જિંદગી જીવવા નથી માગતો; અરસિક રહેવું મને પણ નથી ગમતું. સંગીત મને પ્રિય છે; ફૂલો મને આકર્ષે છે. વાદળી સાડી પહેરેલી પુષ્પા વેણીમાં રાતરાણીનાં ફૂલો ખોસે છે ત્યારે મને એમ થઈ આવે છે કે હું કવિ થયો હોત તો ઘણું સારું. પણ મને જેમ રુક્ષ જબ્બર અરસિક જીવન નથી ગમતું, એટલે જ અંશે મોજીલું જીવન પણ હું નથી ઇચ્છતો. ગૃહસ્થના સુખી જીવન કાજે હું આદર્શનો ત્યાગ કરવા નથી માગતો!

"દાદા! તમે મને એવી સલાહ જરૂર આપવાના કે પૈસા કમાઈને પણ શું સમાજસેવા નથી થઈ શકતી? એક સામાન્ય શિક્ષક હોવા છતાં હરિજનોના હક્કો માટે શું હું નહોતો ઝૂઝ્યો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું પણ એવું કંઈક કરી શકે.'

"દાદા! મારા જીવતરને ઉચ્ચગામી કરનારા પ્રથમ ગુરુ તમે જ છો. દસબાર વરસો પહેલાં તમે જે જાતની સમાજસેવા કરી દાખવી હતી તે એ કાળે યથાર્થ હશે. પણ આજે—

"દાદા! આજે મુંબઈમાં માનવીઓ કબૂતરખાનાંનાં પંખીઓની જેમ દિવસો કાઢે છે; ગામડાંઓમાં કરોડો જીવો રસ્તે રખડતાં બિલાડીનાં બચોળિયાંની પેઠે રવડે છે. આ બધું આમ ને આમ જ ચાલવા દેવું છે?

"તમારા તે દહાડાના શબ્દો હજી મારા કાનમાં ઘૂમે છે: 'ખંડિત થયેલી મૂર્તિની કોઈ પૂજા નથી કરતું!'

"સમાજસેવાની તમારી પેઢીનો એ આદર્શ એક ખંડિત મૂર્તિ જેવો છે. પુષ્પાની સુખી જીવનની કલ્પના પણ આવી ખંડિત મૂર્તિ જ છે. મારું દિલ આ તરેહની ખંડિત મૂર્તિને પુષ્પો ચડાવવાની આજે ના પાડે છે. હું કોઈ નવી મૂર્તિ—"

પુષ્પાએ કાગળમાંથી ઊંચે દૃષ્ટિ કરી. તેની આંખો આંસુથી છલકાઈ રહી હતી.

પંકજ મલ્લિકના મધુર કંઠે રેલાતા સૂરો વાતાવરણને નવરાવી રહ્યા હતા; કાશીનાથ તલ્લીન બની માથું ડોલાવતો હતો—

"સંભવ છે, તારે રસ્તે કંટકો વેરાયેલા પડ્યા હોય; સંભવ છે, મુશળધાર વરસાદ પણ વરસતો હોય. પરંતુ પ્રેમ કંટકોથી ડરતો નથી; વરસાદથી ડગતો નથી. ચાલ, આગે કદમ બઢાવ; ઉતાવળ કર!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિન્ન જગત

દુનિયામાં એવો આદમી કોઈ ભાગ્યે જ હશે જેને પોતાના ધંધા વિષે અભિમાન ન હોય. ચારે મુખો વાટે સતત વેદપઠન કરતાં કંટાળી જઈ પ્રજાપતિ બ્રહ્મા કોઈ વાર સત્યલોકમાંથી આ મૃત્યુ-લોકમાં ઊતરી આવે, અને કદાચ ને તેમનો ભેટો અહીં પ્રતિ-પ્રજા-પતિ એટલે કુંભારની સાથે થઈ જાય તો તેમની વચ્ચે કેવો અજબ છતાં મનોરંજક વાર્તાલાપ થાય તેનું આબેહૂબ ચિત્ર તો *અત્રે જ આપી શકે. પણ એ વાતચીતમાં આ મૃત્યુલોકના પ્રજાપતિ હારે તો નહિ જ એની મને ખાતરી છે! બ્રહ્મા પોતે કેવી સરસ મનુષ્ય-સૃષ્ટિ પેદા કરી છે તેનાં જો વખાણ કરવા માંડે તો તુરત કુંભાર પણ પોતે જે જાતજાતનાં માટલાં અને મોરિયા ઘડ્યા છે તે રજૂ કરી બ્રહ્માનાં ચારે મોં જરૂર બંધ કરી દે, અને બ્રહ્માને એની સામે નિરુત્તર જ બની જવું પડે! બ્રહ્માએ પોતાની સૃષ્ટિનિર્મિતિના કલશરૂપે જે માનવ પ્રાણી સર્જ્યું તેનું માથું—મગજ ઘણી વાર મોરિયા જેવું જ—કોપરા જેવું જ બોદું બોડતું હોય છે એ પ્રત્યક્ષ અનુભવ કોને નહિ હોય?

પોતાના ધંધા પ્રત્યેનું આ અભિમાન કેવળ પોકળ હોય છે એવું તો ન જ કહેવાય. પુરુષની શોભાનો કાંઈ નહિ તો અરધો જશ જન્મને અને સ્ત્રીઓના સૌંદર્યનો અરધો જશ દરજીને ભાગે જ

* પ્રા. અત્રે; મહારાષ્ટ્રના અર્વાચીન પ્રસિદ્ધ નાટક લેખક, સાહિત્ય-કાર અને ચિત્રપટના નિર્માતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય એમ કહીએ તો જરાય અતિશયોક્તિ કરી નહિ ગણાય. કહેવત પણ છે, એકનૂર આદમી ને સોનૂર કપડાં; હજારનૂર ટાપટીપ ને લાખનૂર નખરાં! અનવા જોગ છે કે કોઈ શહેરમાં હજામ લોકો હડતાળ ઉપર જાય તો પોતાના પતિરાજોનાં મોં પર દેખાતાં જંગલનાં દૃશ્યોથી ડરીને પત્ની હજાર ગાઉ નાસી જાય, અને દરજીઓ અસહકાર કરે તો આજે સુભદ્રા જેવી રૂપવતી પત્ની કાલે હિડિંબા જેવી રાક્ષસી બનેલી દૃષ્ટિએ પડતાં જ પતિરાજને ઘટસ્ફોટ માટેની આવશ્યકતાનાં ભાષણો કરવા મંડી પડે!

આમાં અપવાદ પણ છે. કારકુન લોકો તેમ જ ગોરપદું કરનારા બ્રાહ્મણો પોતાના ધંધાની મોટે ભાગે નિંદા કરતા જ નજર આવે છે; છતાં તેમની એ નિંદા એક રીતે તેમના પોતાના ધંધા પ્રત્યેના પ્રેમનું વિકૃત પ્રદર્શન હોઈ શકે છે. એમ તો માતા પણ પોતાની વહાલી દીકરીને ઘણી વાર 'રાંડ' કહીને સંબોધે છે એ આપણે કયાં નથી જાણતા? છતાં એ જ કારકુનને કચેરીમાં અને ગોરને તીર્થધામમાં સરામણું કરાવતી વેળા જોઈ લેવા! એ લોકોનું પોતાના ધંધા પરત્વેનું અભિમાન અને અન્ય પ્રત્યેની ઉપેક્ષાનો ખ્યાલ ત્યાં જ આવી શકશે. કારકુન જાણે સંભળાવતો હોય છે: 'યાદ રાખો બચ્ચાજી! આ કલમને ગોદે તમને ફાંસીએ લટકાવવાનું જોર મારામાં છે!' અને ગોર જોરજોરથી બોલાતા મંત્રો દ્વારા જાણે ગર્જીને જગતને સુણાવતો હોય છે: 'આ મંત્રનું જોર જોયું? પણ જો ભૂલથી પણ એમાં પાકેર થશે તો તમારા સઘળા પિતૃઓને સ્વર્ગમાંથી ધક્કો મારીને કાઢી મૂકતાં વાર નહિ લાગે!'

માનવીને પોતાના ધંધાના ગૌરવ અંગે જે આવું અસાધારણ અભિમાન હોય છે તેના મૂળમાં કેવળ આંધળો અહંકાર છે, કે આત્મરક્ષણની ઊંડી ઇચ્છા રહેલી છે કે કોઈ બીજું કારણ છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્કી કરવાનું આપણે માનસશાસ્ત્રીઓને ભલે સોંપી દઈએ. પરંતુ સિનેમાનટી જેટલા અભિમાનથી પોતાનાં ઢંગધડા વિનાનાં છાયા-ચિત્રો પડદા ઉપર જોતી હોય છે, એટલા જ અગર એથી ય વધારે અભિમાનપૂર્વક કોઈ રેઢિયાળ રાંધવાવાળી પોતાની રાંધેલી બેસ્વાદ વાનીઓ પણ જમનારને પીરસતાં પાછી પાની કરતી નથી!

માનવીનું આ સ્વભાવદર્શન તો અતિ સહજ છે. દાદામાસ્તર એમાં શી રીતે અપવાદરૂપે હોઈ શકે? તેઓ સરલ સ્વભાવના, હાડે ગરીબ અને અન્યને સહાયભૂત થવામાં ભારે આનંદ માનનારા જરૂર હતા. છતાં આખરે તે પણ મનુષ્ય તો હતા જ. ગામનો એક હરિજનવિદ્યાર્થી પોતાને લીધે ભણે. પાસ થયો એ સમાચારે આજે એમનું દિલ હર્ષથી નાચી ઊઠ્યું હતું. હાથ માંડેનો તાર વંચાતો હતો તે દરમિયાન જીવનના એ સઘળા જૂના પ્રસંગોનું કલ્પનાચિત્ર તેમની આંખ સામે સતત દોરાયા કરતું હતું.

× × ×

એ વાતને દસ-અગિયાર વર્ષ થયાં હતાં.

સાંજે નિશાળમાં રજા પડે એટલે ઘેર આવી ચા પીવી, પત્નીને પૂછવું: 'કેમ, ઘઉં વિણાવું?' અને પત્ની હસીને કહે: 'શું તમે ય આવું પૂછતા હશો?' કે તુરત 'ઘરવાળી વીણવામાં મહેનત લીધી હોય તો પછી ઘઉં તો વીણવા જ પડે!' એવી કશી મજાક ઉડાવવી એ તેમનો નિત્યનો રિવાજ હતો. પોતે ડ્રોઇંગશિક્ષક અને પતિદેવ બન્યા ત્યારથી એ નિયમ તેમણે સતત પાળ્યા કર્યો હતો! પણ રોજરોજની એ ગમ્મત છતાં ન તો તેમનાં પત્નીને એથી કંટાળો આવ્યો હતો કે ન તો દાદાસાહેબ પોતે કદી કંટાળ્યા હતા! વિદ્યા આવવા માટે ચોપડીમાં સાચવી રાખેલી સાપની કાંચળી વારેવારે જોવામાં બાલવિદ્યાર્થી કદી કંટાળ્યો છે? અને એક દૃષ્ટિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ તો દરેક માનવી નાના બાળકની તોલે જ ઘણી વાર આવે છે!

સાંજને વખતે દાદા ગામ નજીકની એક ટેકરી પર જઈ છાપાંઓ વાંચતા બેસતા. તેમણે આ જ સ્થાન શા કારણે પસંદ કર્યું હશે એ નક્કી કરવું મુશ્કેલ હતું! ઘણું કરીને એક ઘાએ બે પક્ષીઓ મારવાનો દાદાનો મનસૂબો હોવો જોઈએ. એક તો ટેકરી ચડતાં ફરવાનો લાભ મળે, વળી એકાંત પણ મળે અને છાપાંમાંથી જરા બહાર નજર નાખતાં અનાયાસે આસપાસનું સૃષ્ટિસૌંદર્ય દેખાય. દાદાને સૃષ્ટિસૌંદર્યનો તો ભારે શોખ હતો. કોઈ મોટા ચિત્રકાર થવાને સર્જાયેલ એ જીવ ઉપજીવિકા અર્થે શાળામાં બાળકોને ડ્રૉઇંગ બૂકમાં તાળાકૂંચી ચીતરી દેતો હતો! પણ એ નિર્જીવ ચિત્રણમાં એનું મન આનંદ પામે એ અશક્ય હતું. ટેકરી પર બેઠાં બેઠાં સહેજે ચોપાસ નજર ફરતાં જ દાદાની આંખમાં કોઈ નવું ચેતન પુરાતું. આસપાસ રંગને નામે તો લીલો જ રંગ હોવા છતાં કેટલાં એનાં વિવિધ રૂપો–કેટલી એની ભિન્ન ભિન્ન છાયાઓ પ્રગટી રહેતી! ટેકરી પર ઊગેલું ઘાસ, કાજુનાં ઝાડનાં પાન, નાળિયેરીને માથે ઝળૂમતાં પંખા જેવાં છત્રો, જરા દૂર દેખાતી તલાવડીનાં પાણી ઉપર જામી ગયેલી લીલનું ઘાટું પડ–આ સઘળા તરફ કોઈ નાના બાળકની જિજ્ઞાસાથી તેઓ વારેવારે નજર માંડી લેતા હતા. કલાકારનું હૈયું ખરેખર બાળકના જેવું જ હોય છે એમાં શંકા નથી! જિજ્ઞાસા અને મનની મોજ એ બંને લક્ષણો કલાકાર અને બાળક, બંનેમાં પ્રમુખપણે પ્રગટી આવતાં કોણે નહિ જાણ્યાં હોય?

દાદાને કશું સંતાન નહોતું; તેમની સુપ્તકલાને સ્ફૂર્તિ આપે એવી સજીવ વ્યક્તિ કોઈ તેમને ઘેર અવતરી નહોતી. પરિણામે તેમની સઘળી કોમળ લાગણીઓ દબાઈ–દટાઈ રહી હતી. માત્ર ટેકરી પર બેસી એકાંતમાં શાંતિથી છાપાંઓ વાંચવામાં તેમની અતૃપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છાઓને થોડી તૃપ્તિ મળતી. છાપાંમાં કોઈ પણ હકીકત વાંચતાં જ તેનું સાક્ષાત્ દૃશ્ય તેમની નજર સામે તત્કાળ ખડું થઈ જતું. કોઈ તળાવ કે કૂવે હરિજનોને પાણી ભરવા દેવામાં નથી આવ્યું એવું વાંચતાં જ તેમનું દિલ બોલી ઊઠતું: 'નાહકના અહીં સડ્યા કરવામાં શો અર્થ છે? નથી મારે કાંઈ છૈયું છોકરું! એ હરિજનોની વહારે એમના પક્ષ તરફથી લડવા જવાનું અને તો કેવું સારું?' અંગાળાના રાજદ્વારી કેદીઓની હકીકત વાંચતાં તેમને વિચાર થઈ આવતો: 'સાચો કેદી તો હું જ છું. આ નીરસ, પ્રાણહીન જીવનક્રમ જીવવાની જેલ શું હું રોજ ભોગવતો નથી? અંગાળનાં જુવાન સ્ત્રીપુરુષો દેશકાજે—દેશના સ્વાતંત્ર્ય કાજે હસતે મુખે પોતાનાં બલિદાન દઈ રહ્યાં છે ત્યારે હું શું કરું છું? સવારે શાક લાવવું, બપોરે જમવું, અને શાળામાં જઈને પાટિયા પર છોકરાઓને જેડા અગર દાતરડાનું ચિત્ર શીખવવું! ચિત્રમાં તલવાર ચીતરી હોય તોપણ જાણે રાજદ્રોહ થઈ જશે કે શું, એવી તો ગભરામણ થાય! ખરેખર, આવું જીવતર જીવવામાં શો સાર છે?'

ગૂંચવાતો ધુમાડો હવામાં જેમ અનેક આકારો ધારણ કરે અને બીજી પળે તુરત વિલાઈ જાય, એવી જ સ્થિતિ દાદાની દબાયેલી ભાવનાઓની થતી. પણ એક દહાડો એ સઘળો ધુમાડો અદૃશ્ય થઈને ભભૂકતી જ્વાલાએ દર્શન દીધું. ટેકરી ઉપર ઢોર ચારવા સારુ ગણપતિ નામનો એક અંત્યજ બાળક રોજ આવતો. એક વાર એ ટોળામાં એક માતેલો પાડો હતો તે એક વાછરડા સાથે મસ્તીએ ચડ્યો. વાછરડાને બચાવવા સારુ ગણપતિ વચ્ચે આડો પડ્યો. પણ છસાત વરસના બાળકમાં કેટલુંક જોર હોય? ગભરાઈને તે ઘૂમાઘૂમ કરવા લાગ્યો. પાસેની શિલા પર બેસીને છાપાં વાંચતા દાદાને કાને તેનો ગભરાયેલ કરુણ અવાજ સંભળાયો. દાદા દોડતા ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ પહોંચ્યા. બરાબર વખતસર જો દાદા ત્યાં પહોંચ્યા ન હોત તો એ છોકરાને પછાડીને પાડાએ એના ફોદેફોદા ઉડાડી દીધા હોત!

ગણપતિ સાથે દાદાએ વાતો કરી. છસાત વરસનો હોશિયાર બાળક ઢોર ચાર્યા કરે એ હકીકત દાદાને ભારે નવાઈ જેવી લાગી. તેઓ ગણપતિને ઘેર ગયા, તેના બાપને સમજાવ્યો; અને આખરે ઢોર ચારવા જતાં મળતા પૈસા પોતે તેને આપશે એમ દાદાએ કબૂલ કર્યું ત્યારે માંડ ગણપતિને નિશાળે ભણવા મોકલવાની બાપે હા પાડી! પણ પ્રાથમિક શાળામાં આભડછેટની છિતછાત કરનારા એક માસ્તર હતા. હાથમાં સોટી લઈ પોતે ગણપતિને મારે તો અડવાથી અભડાઈ જવાય એ બીકે તે હમેશાં ગણપતિ પર છૂટી આંકણીનો જ ઘા કરતા! એક વાર માસ્તર સાહેબના આ ડરામણા મારથી ગભરાઈ જઈ ગણપતિ ઘેર નાસી ગયો; ને તે પછી તો કેમે કરી શાળાએ ભણવા આવવાની એ હા જ પાડતો નહોતો! આખરે દાદાએ ગણપતિને આશ્વાસન આપ્યું, પેલા માસ્તરને જરા ધમકાવ્યા, અને એમ ફરી પાછું ગણપતિએ નિશાળે ભણવા જવાનું શરૂ કર્યું!

વારતહેવારે દાદાને ત્યાં ગણપતિ આવે. એનું મીઠું મોઢું કરાવવા તેઓ પત્નીને કહેતા. છોકરો તો ફળીમાં બેસીને જ ખાવાનો આગ્રહ રાખતો, પણ દાદા તેનો હાથ પકડી તેને ઓશરીમાં બેસાડી બરાવતા; ચોપડીઓ, કપડાં, વગેરે જે જે ચીજ જોઈએ તે દાદા હોંશે હોંશે તેને અપાવતા. લોકોએ તો વાત પણ ઉડાડી કે દાદામાસ્તર આ અંત્યજના બાળકને જ પોતાનો દીકરો કરીને રાખવાના છે!

પણ આવા લોકાપવાદથી ગભરાય એવા દાદા કાંઈ કાચાપોચા નહોતા. પોતાની લાગણીઓ જેના પર ઠાલવી શકાય એવો એક જીવતો જીવ તેમને સાંપડ્યો હતો. મરાઠી ચાર ધોરણ પૂરાં કરી ગણપતિ અંગ્રેજી નિશાળમાં દાખલ થયો. ઝપાટાબંધ ધોરણ પછી ધોરણ પૂરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો ગણુપતિ આગળ વધતો હતો. ભણવામાં તે હોશિયાર હોઈ કાયમ સારે નંબરે રહેતો. યથાકાળે તેણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી.

તે પછી બીજાં ચાર વર્ષો પસાર થઈ ગયાં! હરિજન તરીકે પછાત કોમની સરકારી સ્કૉલરશિપ હવે ગણપતિને મળતી હતી; એને લીધે દાદાને માથેથી ગણપતિનો ઘણો ભાર ઓછો થઈ ગયો હતો. પણ એક વાર તે મુંબઈ જવા તૈયાર થયો ત્યારે તેની પાસે કાંઈ પૈસા નહોતા. દાદા પાસે સિલિકમાં (આજ સુધીની સઘળી મૂડીમાં) રૂા ૫૦) હતા. આ પચાસમાંથી ઓગણ પચાસ રૂપિયા દાદાએ તે વેળા ગણપતિના હાથમાં હોંશભેર ધરી દીધા! ગણપતિએ એ પૈસા લીધા–ભારે હૈયે એણે એ બીસામાં પણ મૂકચા, પણ તેની આંખે ચોધાર આંસુ ચાલ્યાં; છૂટે સાદે તે રડી પડચો. એને શાંત કરતાં દાદાને પણ ભારે મહેનત થઈ પડેલી!

અંગ્રેજી ભણવા માંડચા પછી દાદાએ ગણપતિને કાયમ રોજનીશી લખતા રહેવાની ટેવ પાડી હતી. કૉલેજમાં દાખલ થયા પછી થોડા દહાડા એણે એ બંધ રાખેલું, પણ દાદાએ એક વાર સહેજ ઇશારો કરેલો: 'નિયમિત રોજનીશી તો લખાય છે ના?' અને ત્યાર પછી હમેશાં ડાયરી લખવાનું ગણપતિ કદી ચૂકચો નહોતો.

જ્યૂનિયર બી.એ.માં ગણપતિ ભણતો હતો ત્યારે એક વાર દાદા માંદા પડચા; ટાઇફૉઈડનો તાવ જણાયો. ખબર પડતાં જ ગણપતિ દોડાદોડ પાછો પોતાને ગામ જઈ પહોંચ્યો. દાદાનાં પત્નીને સથવારો કરાવવાના ઇરાદે તે ઓશરીમાંજ સૂઈ રહેતો. એક દહાડો વહેલી સવારે દાદાએ આંખો ખોલી; જોયું તો ગણપતિ પોતાના ખાટલા ફરતો પ્રદક્ષિણા ફરે છે. પણ ગણપતિએ દાદાની આંખો ઊઘડેલી જોતાં જ ત્યાંથી પોબારા ગણ્યા! હૂમાયુંના પલંગ ફરતા આંટા મારતા બાબરનું સ્મરણ આ વખતે દાદાને થઈ આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

× × ×

ગણપતિ બી.એ. પાસ થયાનો તાર દાદાના હાથમાં એમ ને એમ રહી ગયો, ને તેમનું મન ભૂતકાળમાં આટલો લાંબો પ્રવાસ કરી આવ્યું. જે ગામમાં પોતાનું બાળપણ વીત્યું હોય, તે જ ગામમાં કાખમાં બાળકને લઈને ફરવામાં તરુણ સ્ત્રીને જે વિશિષ્ટ પ્રકારનો આનંદ મળે છે, તેવો જ આનંદ દાદાને આ સંસ્મરણોમાં ફરી આવતાં થતો હતો. તેમના સ્વપ્નશીલ મનને જીવનનાં અનેક સ્વપ્નો માણવાનો અવસર પણ કદી સાંપડ્યો નહોતો. જીવનમાં તેમણે એક જ સ્વપ્નું જોયું, અને સદ્‌ભાગ્યે એ સ્વપ્નું સત્ય સૃષ્ટિમાં ઊતર્યાનું તેમણે પ્રત્યક્ષ અનુભવ્યું! જીવનમાં કશુંક કરી જવાની તેમની આકાંક્ષા આજે સફળ થઈ હતી. ચિત્રકલામાં તેમનો હાથ સુંદર કામ કરતો હતો છતાં પરિસ્થિતિને કારણે તેઓ આગળ અભ્યાસ કરી શક્યા નહોતા. પોતે એક સામાન્ય ચિત્રશિક્ષક હોવા છતાં એક ગરીબ હરિજન બાળકને પદવીધર બનાવી શકાયાનો આત્મસંતોષ તેઓ માણી શકતા હતા! વિરોધ, નિંદા, ટીકા, મશ્કરી – આમાંથી કોઈથી તે ડર્યા હોત તો ગણપતિ નામનો હરિજન બાળક આજે પણ મજૂર જ રહ્યો હોત, ગ્રહણને દિવસે 'ધરણનાં દાન કરજો...' ની ધૂમ પાડતો ગામમાં ફરતો હોત, અને સાંજ પડ્યે પરસેવો ઉતારીને મળેલી બે આનાની મજૂરીના પૈસા દારૂ પાછળ વેડફી દેતાં શરમાયો ન હોત! દાદાને થયું કે પોતે ગણપતિને એક દુનિયામાંથી ઉઠાવીને બીજી નવી ઉચ્ચ – ઉદાત્ત એવી દુનિયામાં તેનો પ્રવેશ કરાવ્યો છે. એ દુનિયામાં ગણપતિ સારી હોદ્દાની નોકરી પામશે, હરિજનસેવા અર્થે પોતાનાં તન–મન–ધન અર્પણ કરશે, અને હરિજનકોમમાં પણ પોતામાંથી આવો એક સારો ભણેલોગણેલો ઉચ્ચ પદવીધર પેદા થયો એ વિચારે અજબ સ્ફૂર્તિ – જાગૃતિ પેદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે! દાદાનું મન આ બીજા સ્વપ્નમાં વિહાર કરવા માંડ્યું.

અને જીવન પણ સ્વપ્નોની પરંપરા નહિ તો બીજું શું છે?

દાદાને પોતાનો ચિત્રશિક્ષકનો–ડ્રૉઇંગમાસ્તરનો ધંધો ગમતો જ નહોતો. તેમના સાથીઓમાંથી ઘણા ઊંચી પાયરીએ ચડ્યા હતા –ઈયળમાંથી પતંયિું અને તેમ! એક વર્ગમિત્રનાં ચિત્રો તેઓ એક માસિકમાં દર મહિને છપાયેલાં જોતા હતા, તો એક બીજો મિત્ર કોઈ રાજાની મહેરબાનીથી સારી કમાણી કરતો હતો; પણ પોતે તો રોજ રોજ નિશાળમાં એનાં એ તાળાં, એની એ કૂંચી, એ જ જોડા અગર બૂટ અને એ જ દાતરડાનાં ચિત્રો બાળકો પાસે દોરાવતા રહ્યા હતા–દાદાને એ વિષે પૂરો તિરસ્કાર છૂટ્યો હતો. પોતાને મનગમતી બાબત પણ જ્યારે રોજ રોજ અને ત્યારે માણસને જો અણગમો પેદા થતો હોય, તો આ ચિત્રો ચીતરતાં શીખવવાનું તો દાદાને ગળે એક મોટું ધૂંસરું જ વળગ્યું હતું, પછી એમનો અણગમો વધી જાય તેમાં શી નવાઈ?

પણ ગણપતિ બી.એ. પાસ થયાનો તાર વારેવારે વાંચી જતી વેળા જીવનમાં પહેલી જ વાર દાદાને પોતે શિક્ષક થયા બદલ અભિમાન પેદા થયું! પોતે શિક્ષક હતા તો જ ગણપતિને ભણાવવાની ગોઠવણ તેઓ કરી શક્યા હતા; પોતે નિશાળમાં ભણાવતા હતા તેથી જ ગણપતિને નિશાળમાં ભણવા આવવાનું સરલ બની શક્યું. આવા આવા અનેક મુદ્દાઓ તેમના માનસપટ પરથી પસાર થઈ ગયા. જો આ ક્ષણે કોઈએ મુલાકાત લીધી હોત તો તેને, "શિક્ષકના ધંધા જેટલો પવિત્ર ધંધો દુનિયામાં બીજો એકે ય નથી, અને ભગવાન આવતે જન્મારે તારે શું થવું છે એમ પૂછે તો 'હે ભગવાન! ભવોભવ મને ચિત્રશિક્ષક જ બનાવજે!' એવી માગણી પણ કરું." એ તરેહનું વકતૃત્વકલાભર્યું ભાષણ અવશ્ય તેમણે સંભળાવ્યું હોત!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણુપતિને મુંબઈમાં જ નોકરી મળી ગઈ. તુરત તેણે પોતાની જ્ઞાતિની જ એક કન્યા સાથે લગ્ન કર્યાં. છોકરીએ ચાર અંગ્રેજી ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. દાદા અનિવાર્ય કારણે લગ્ન વખતે જઈ શકયા નહોતા. પણ એમણે પોતાની પત્નીને તો મજાક ઉડાવતાં કહેલું જ કે ગણુપતિ પરણીને વહુને લઈને પગે લાગવા આવે ત્યારે તારે તેને દીકરાની વહુ પેઠે ખોળામાં બેસારીને તેનું ગજ્યું મોં કરાવવાનું છે, એ ન ભૂલતી!

દિવસો પછી દિવસો પસાર થયે જતા હતા. ગણુપતિ ખુશીખબરનો પત્ર દાદાને અવારનવાર લખ્યા કરતો. પરંતુ રોજ છાપાં વાંચતાં વાંચતાં દાદાના મનમાં એક વિચાર તો પસાર થઈ જ જતોઃ આજ નહિ તો કાલ, ગણુપતિ પોતાની અસ્પૃશ્ય કોમને માટે કશુંક મહાન કાર્ય કરી બતાવશે, છાપાંઓમાં તેનું નામ મોટા અક્ષરે છપાશે અને—

છાપાં વાંચતાં વાંચતાં આવું એકાદ સ્વપ્ન દાદાને ન આવ્યું હોય એવો એક પણ દિવસ આવી જતો નહિ.

એક વરસ પછી ગણુપતિનો કાગળ આવ્યો તેમાં તેને ઘેર પુત્રજન્મ થયાના આનંદસમાચાર હતા. પણ આઇસક્રીમનો ચમચો મોંએ અડાડતાં જેમ દાંતમાં એક વખત ઠંડીનો આંચકો આવી જાય તેમ આ આનંદવર્તમાન સાથે એક સંતાપદાયક વિચાર પણ દાદાના મનમાં ઊઠી આવ્યો. ગણુપતિની જિંદગી શું આમ ને આમ પસાર થઈ જશે? ગૃહસ્થજીવનમાં, બાળકો અને પત્નીથી ઘેરાઈ બેસવામાં જરૂર આનંદ રહેલો છે એમાં શંકા જ નથી. પણ માનવી જીવનનું સર્વસ્વ એટલામાં જ સમાઈ નથી જતું! આખું ગામ પોતાની મજાક ઉડાવતું હોવા છતાં, સગાંવહાલાં પોતાને મૂરખમાં ગણી કાઢતાં હોવા છતાં પોતે ગણુપતિને અપનાવ્યો, પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણ્યો; જરૂર પડતાં પોતા પાસેની છેવટની પાઈ પણ એના ભણતર ખાતર વાવરી નાખી! પોતે ન લઈ શક્યા તે કૉલેજની કેળવણી ગણપતિને મળે તેવી સગવડ પોતે કરી આપી, અને એમ કરીને તેને એક નવી દુનિયા–ઉચ્ચ કોટીના સમાજમાં ચડાવ્યો. પોતે કરેલા આ સઘળા ત્યાગનું શું પરિણામ આવ્યું?

એમ તો ગણપતિના પત્રો દાદા પર આવ્યા જ કરતા હતા. પણ હમણાં હમણાં એમને એ પત્રો દમ વિનાના લાગ્યા કરતા. રોજના ક્રમ મુજબ તેઓ ટેકરી પર જઈને છાપાં વાંચતા ત્યારે તેમાંની હકીકતોનાં ચિત્રો તેમની દૃષ્ટિ સામે ખડાં થતાં. સત્યાગ્રહની ચળવળ, નાકરની લડત, સમાજસત્તાવાદ વગેરે અનેક બાબતો તેમના મગજમાં રમ્યા કરતી. કોઈ વાર વળી આ બધાંની વચ્ચે છ-સાત વરસના ઢોર ચારતા ગણપતિની અને બાવીશ વરસના ગ્રેજ્યુએટ ગણપતિની મૂર્તિ પણ ખડી થતી. પોતાના દિલમાં વિષાદની ઘેરી છાયા શા માટે ફરી વળે છે એ નક્કી થતા પહેલાં જ તેમનું મન ઉદાસ બની જતું. પોતાનું એવું કયું ઇચ્છિત કાર્ય વિફળ થયું છે એ શરૂ શરૂમાં તો તેઓ પોતે પણ જાણી શક્યા નહોતા. પણ છેવટે તેમના વિચારસ્વપ્નમાં ચોખ્ખો પ્રકાશ પડ્યો: ગણપતિની બાબતમાં પોતે જે મધુર મીઠાં સ્વપ્નાં સેવેલાં તે આજે વિલાઈ જતાં દેખાય છે તેનું જ આ પરિણામ હોવું જોઈએ! પણ પોતે સેવેલું આ સ્વપ્ન શા માટે વિલાઈ જાય છે એનો જવાબ તેઓ જલદી મેળવી ન શક્યા.

× × ×

આ તરેહની માનસિક વેદનાથી અકળાઈને આખરે એક દિવસ અચાનક દાદામાસ્તર મુંબઈ આવી ચડ્યા. ગણપતિએ તેમનું સ્વાગત કરવામાં ભારે કૃતકૃત્યતા અનુભવી. દાદાને પણ ગણપતિનો બાળપુત્ર અને સ્નેહાળ પત્ની જોઈ આનંદ થયો. પરંતુ વાદળાંમાંથી આવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યનો પ્રકાશ જેમ ધૂસર બની જાય તેવી જાતની મંદતા દાદાના આનંદમાં ઊંડેઊંડે ડોકિયું કરતી હતી, તે ગણુપતિ પણ સમજી તો ગયો જ.

સાંજે ફરવા ગયા ત્યારે વાતચીતના રંગમાં આવી દાદાએ પૂછ્યું: 'પણ અહીં તારો આખો દિવસ શી રીતે પસાર થાય છે?'

'દિવસ પસાર થવામાં શી મુશ્કેલી હોય? સવારે ઊઠી પરવારી શાકપાંદડું લાવી આપું ત્યાં તો જમવાનું તૈયાર થાય; ને તુરત લોકલ ટ્રેનનો વખત થાય. સાંજે ઑફિસમાંથી છૂટ્યા પછી કાં તો સિનેમા જોવા જઉં અગર—"

દાદા પોતા તરફ ફાટી આંખે જોઈ રહ્યા છે એ તરફ ગણુપતિનું ધ્યાન જતાં જ તે આગળ બોલતો અટકી ગયો.

'મુંબઈમાં તારી જ્ઞાતિના બીજા ઘણા રહેતા હશે, ખરું?'

'દાદા! એની તો વાત ન પૂછો. રોજ કોઈ ને કોઈ આવીને વળગ્યું જ હોય. કોઈને ભણવામાં મદદની જરૂર હોય, કોઈને ઓળખાણ અગર ભલામણનો કાગળ જોઈતો હોય; કાંઈ કહેવાની વાત નહિ! આ બધી પંચાત જોતાં ઘરમાંથી એ તો ભારે ચિડાઈ ઊઠે છે. એનું એમ કહેવું છે કે "ગોળ છે ત્યાં સુધી માખીઓ આવવાની!" એને સમજાવીને શાંત કરતાં કરતાં જ મારે નાકે દમ આવી જાય છે! હું કહું છું: "દુનિયામાં એમ જ ચાલે!"

આટલું કહી ગણુપતિ હસ્યો. પણ દાદાના દિલમાં એ હાસ્યે અસ્વસ્થતા પેદા કરી.

દાદા કશું બોલ્યા નહિ.

સાંજે જમતી વેળા ગણુપતિએ દાદા માટે ભાવથી ઘણાં પકવાન્ન અને ફળો મગાવ્યાં. સહુને નારાજ નહિ કરવા ખાતર અંદરથી બે બટકાં મીઠાઈ અને થોડી ફળની ચીરો દાદાએ મોંમાં મૂકી; પણ જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ઊંડા જખમવાળા આદમીનું ધ્યાન એ પીડા વિના બીજી કોઈ બાબતમાં ચોંટી જ ન શકે, એવી દશા દાદાની થઈ હતી. અને ખરી વાત છે કે દાદાના હૃદયમાં થયેલો કારી ઘા કાળજાના ઊંડાણ સુધી પહોંચી ગયો હતો!

નાસ્તો આટોપી રહ્યા પછી વળી દાદાએ વાતચીતમાં ગણપતિને પૂછ્યું: 'કેમ ભાઈ, હજુ રોજનીશી—ડાયરી લખે છે ખરો?'

તુરત જ ગણપતિએ છેલ્લાં પાંચ વર્ષની પોતાની ડાયરીઓના થોકડા દાદા પાસે હાજર કરી દીધા, અને અભિમાનપૂર્વક દાદા સામે જોઈ ઘરમાં આખો રડતો હતો તેને છાનો રાખવા પોતે અંદર ચાલ્યો ગયો.

દાદાએ અનુક્રમે એક પછી એક ડાયરીઓ ફેરવવા માંડી.

પહેલી ડાયરી ગણપતિ કૉલેજમાં દાખલ થયો તે સાલની હતી! તેમાં લખેલી નીચેની હકીકત વાંચતાં વાંચતાં દાદાનું હૈયું અને આંખો બંને ભરાઈ આવ્યાં.

"કૉલેજની આ સુંદર ઓરડીમાં પણ મને વારેવારે મારી ગામડાની ઝૂંપડી યાદ આવ્યા કરે છે! એ ઝૂંપડીમાં કશી સગવડ નથી, સુખસામગ્રી નથી; પણ એમાં મારાં ગણ્યું તેવાં માનવીઓ વસે છે. દાદાસાહેબ જેવા ભગવાનના માણસ એ ગામડામાં જ વસે છે. ગમે તેટલું ભણું છતાં હું મારી જન્મભૂમિને કદી નહિ વીસરું!

"આજે નિશાળમાં અંગ્રેજીમાં 'શહેર સારું કે ગામડું' એ વિષય ઉપર એક નિબંધ લખવાનો હતો. ગામડાનો પક્ષ મારા જેટલી સુંદર રીતે કોઈએ રજૂ કર્યો નહોતો! મેં મારા બાળપણનો પેલો કિસ્સો તો બાસ એ નિબંધમાં વર્ણવ્યો છે. આવી મુશ્કેલીમાં શહેરમાં કોઈ બાળકની મદદે માણસો દોડી બણ જાત; પરંતુ એને બચાવી લઈ બહુ તો તેઓ તેને ઘેર પહોંચાડી આવત! દાદા જેવે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ નિરપેક્ષ પ્રેમ બતાવનારી વ્યક્તિ તો માત્ર ગામડામાં જ મળી શકે!"

એ જ ડાયરીમાં આગળ જતાં નીચેનાં વાક્યો વાંચતાં દાદાને હર્ષની ઊર્મિઓ થઈ આવી.

"હમણાં અંજીર સસ્તાં થયાં છે એ કારણે આળકો બધાં હરખમાં આવી ગયાં છે. પણ આ અંજીરોની મીઠાશ હું તો સમજી જ શકતો નથી. અને અંજીર બહુ સસ્તાં થયાં છે એટલે શું? તો કે' ત્રણ આને શેર! કહીએ અમારા ગામડામાં તો પૈસાના પચીસ પાકા કાજુ મળે છે! એ ખટમધુરા કાજુની મીઠાશ આ મોં ભાંગી નાખે તેવા ગળ્યા અંજીરમાં કદી નથી સાંપડવાની!"

દાદાએ બીજી ડાયરીનાં પાનાં ફેરવવા માંડ્યાં. એક સ્થળે નીચે મુજબની હકીકત તરફ ધ્યાન જતાં જ તે આશ્ચર્ય પામી ઊઠ્યા —

"એક વરસમાં માનવી કેટલો બધો બદલાઈ જતો હોય છે! ગયે વરસે દિવાળી ઉપર ઘેર જવા મન કેટલું તલપાપડ થઈ રહ્યું હતું? પણ આ વરસે એમ લાગે છે કે આખો મહિનો એ કંગાળ ગામડામાં જઈને ગાળવા કરતાં કોઈ જેલમાં જઈને રહેવું શું ખોટું?

"હા; હજુ બાને અંગે અંતર ખેંચાયા કરે છે. પણ જેના માથાનાં જંટિયાંએ મહિનો મહિનો સુધી તેલનાં દર્શન કર્યાં નથી, કોઈએ આપેલી ઊતરેલી સાડી પહેરીને સૂપડાં અને ટોપલીઓ વેચતી જે ગામ આખું રખડ્યા કરે છે, કોઈ એકવાડના વધેલા ચાર ટુકડા ખોળામાં નાખે તો જેને સ્વર્ગ મળ્યા તુલ્ય હરખ થઈ આવે છે, એવી એક સ્ત્રી મારી બા હોય — એ વિચાર જ શરીરે કંપારી આણે છે! કાલ સવારે હું રળવા માંડું એટલે કાંઈ નહિ તો મહિને દહાડે પાંચ દસ રૂપિયા તો એને હું જરૂર મોકલીશ. પણ એની સાથે રહેવું પડે તો? — છટ્, એ વાત હવે આપણાથી બની શકે તેમ નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદાએ એ ડાયરી બાજુએ હડાવી દઈ ત્રીજી ડાયરી ઉપાડી. તેનાં પાનાં ઉથેળતાં ઉથેળતાં દાદાનું ધ્યાન નીચેના લખાણ પ્રત્યે દોરાયું—

"આ પુષ્પલતા ખરે કોઈ અજબ છોકરી છે; કઈકને એણે રમાડ્યા છે! ગમે તેમ હોય; જે થોડા દિવસ એની સાથે મોજ માણવાના સાંપડ્યા તે! એક અંત્યજ હરિજન વિદ્યાર્થી સાથે પ્રેમમાં પડવાનો એણે પણ આ સ્ટંટ નહિ કર્યો હોય એમ કેમ કહેવાય? એટલું ખરું કે આ બલા જરા મોંઘી પડી જાય છે ખરી! પણ જગતમાં સૌંદર્ય પામવાનું દુર્લભ હોઈ એમાં ખર્ચ તો થાય જ ના? પુષ્પલતાને સાથે લઈ ચિત્રપટ જોવા જવું હોય એટલે બૉક્સમાં જ બેસવું પડે. આજે જ સવારે બાનો કાગળ આવ્યો છે; એને ખાસ જરૂર હોઈ ગમે તેમ કરી પાંચ રૂપિયા મોકલી આપવાનું એણે ભાર દઈને લખ્યું છે. પણ આ બાજુ આ પુષ્પલતાને આજે સિનેમા બતાવવા લઈ જવાનું હું વચન આપી ચૂક્યો છું! મેં વિચાર કર્યો કે બા તો જનમ ધારીને ગરીબાઈમાં જ ઊછરી છે; ગમે તેમ કરી વેળા વટાવી જવાનું તેને આવડે છે. પણ પુષ્પા તો નાજુક પ્રકૃતિનું પંખીડું કહેવાય. એક વાર જો એની તબિયત લથડી તો— આ આખરનો નિર્ણય કરતાં મનમાં કંઈકંઈ થઈ જતું હતું. પણ હવે થોડા દહાડામાં હું કમાતો થઈ જાઉં એટલે એ બધા પૈસા બાને જ મોકલવાના છે ના? તે દહાડો કાંઈ આ પુષ્પલતા થોડી જ આડે આવનાર છે?"

એ પાનાં બંધ કરી દઈ દાદાએ ચોથી ડાયરી ઉઘાડી.

"આજથી બરોબર અભ્યાસ કરવાનું નક્કી કરી દીધું છે. આપણે શું? આખરે હરિજન ગણાઈએ. બી.એ. પાસ થતાં જ સરકારી નોકરી તૈયાર જ હશે. નિશાળમાં ભણતો તે વેળા દેશ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ, સમાજસેવા, વગેરે શબ્દોથી હું ભારે મોહાઈ જતો હતો! પણ કૉલેજનાં આ ચાર વર્ષોમાં જેટલું ભણ્યો તેટલું બધું કદાચ ને ભવિષ્યમાં ભૂલી જાઉં તોપણ એક બાબત હું જીવતર આખામાં કદી ભૂલવાનો નથી — દુનિયામાં દરેક જણે સૌએ પ્રથમ પોતાની જોગવાઈ પાકી રાખવી! પરીક્ષકો તરીકે ચૂંટાઈ આવવા માટે મોટામોટા પ્રૉફેસરો પણ કેવું કેવું માખણ લે છે? આવી રીતે ઢસરડેલા પૈસામાંથી જ તેમના બંગલા કેમ બંધાય છે, પંડિત જવાહરલાલ અગર સુભાષચંદ્ર બોઝને કૉલેજમાં બોલાવવાનો સવાલ આગળ આવતાં જ પ્રૉફેસરો પૈકી અરધા કરતાં વધારેનાં ગાત્રો કેવાં વિગલિત બની જાય છે, પોતાની કૉલેજની સંખ્યા ઘટી ન જાય તે સારુ આ પરીક્ષક પ્રૉફેસરો જાતજાતની ખટપટ કરીને પોતાના જ વિદ્યાર્થીઓને શી રીતે ફર્સ્ટક્લાસમાં આણી દે છે, આવી કંઈક હકીકતો આ ચાર વર્ષના અનુભવે જોઈ શકયો છું. એક વખત એવો હતો કે જે વેળા ગ્રામોદ્ધાર, સમાજસેવા, વગેરે વગેરે શબ્દો મારા મનમાં રમ્યા જ કરતા. પરંતુ કૉલેજમાં આવીને આ પ્રૉફેસરો અને વિદ્યાર્થીઓનાં જીવનનો ઝીણો અભ્યાસ કરતાં એમ જ લાગ્યું કે આવા શબ્દો માનવીના જીવન કરતાં એના શબ્દકોશમાં જ સચવાઈ રહે એમાં જ શોભા છે. મારા મનમાં એ વિષે હવે લેશ પણ આશંકા રહી નથી!"

દાદાના હાથમાંથી એ ડાયરી સરી પડી! પોતાના પવિત્ર ધંધા પરત્વેનું તેમનું અભિમાન પળવારમાં ઓસરી ગયું! કોઈ મૃતદેહ તરફ જોતા હોય એવી કરુણ, દીન નજરે દાદાસાહેબ એ ચારે ડાયરીઓ તરફ જોઈ રહ્યા. હવે પાંચમી ડાયરી ઉઘાડવાને તેમનું દિલ ના પાડતું હતું. પણ મન અસ્વસ્થ થયા પછી હાથ કાંઈક પણ ચાળા તો માગે જ એ ન્યાયે તેમણે બાજુમાં પડેલી એ પાંચમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાયરીનાં પાનાં આડધડે ઊંચાં નીચાં કરવા માંડ્યાં. અચાનક જે પાના સામે દાદાસાહેબની નજર ગઈ, તેમાંનું લખાણ તેમણે નજર તળે લેવા માંડ્યું —

"ઘરમાંથી બાપાની બાએ આજે વાત કરી તે જ સાચી છે! પાકા તાજા કાજુ માટે ઠેઠ કોંકણ સુધી લાંબા થવાની શી જરૂર છે? હમણાં અહીં પીચ (ફળો) આનાના અકેક લેખે જોઈએ તેટલાં મળે છે! એ કાંઈ મોંઘાં ન ગણાય. એ પીચ પણ કેવાં ખટમધુરાં ને સુંદર હોય છે!—"

ઓરડામાંથી બહાર પાછા આવતા ગણપતિનાં પગલાં સંભળાયાં. દાદાએ તુરત ડાયરી બંધ કરી દીધી.

ગણપતિ સહેજ અચકાતે સ્વરે કહેવા લાગ્યોઃ "મનમાં જે જે વિચારો આવે તે સઘળા નોંધી લેવા એ વાત તમે જ મને સમજાવી હતી, ખરું?"

એક વિચિત્ર હાસ્ય સાથે દાદાએ જવાબ આપ્યોઃ 'માટે તો આ કોયડા પર આટલો પ્રકાશ પડ્યો!'

'કોયડો? કયો કોયડો?'

'તું મારાથી દૂર ને દૂર જતો જાય છે તે.'

'તમારાથી દૂર જાઉં છું? અશક્ય! દાદાસાહેબ! તમારા જેટલું નજીકનું માનવી મારે આ દુનિયામાં કોઈ જ નથી.'

દાદાસાહેબ જોઈ શકયા કે ગણપતિના એ શબ્દો તેના સાચા દિલની લાગણીથી ઉભરાતા હતા. છતાં તેમનાથી રહેવાયું નહિ. તેમણે ઉમેર્યું: "પણ તારામાં અને મારામાં આજે કેટલો મોટો તફાવત પડી ગયો છે?'

'તફાવત?'

'હા, આખી દુનિયાનો તફાવત. તેં મારી દુનિયાનો ત્યાગ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નવી – બીજી જ દુનિયામાં પ્રવેશ કર્યો છે!'

દાદાના કથનનો ભાવાર્થ ગણુપતિ સમજી ન શક્યો! પણ દાદાએ જિંદગીભર સેવેલા સ્વપ્નના ખંડિત અવશેષો તેમની સામે ગણુપતિના રૂપે જ પ્રત્યક્ષ પડ્યા હતા! એ અવશેષો જાણે દાદાને સંભળાવી રહ્યા હતા: "જે દહાડો આ બે ભિન્ન દુનિયાની એક જ દુનિયા બની જશે – એમની વચ્ચેનાં અંતરો દૂર થશે, કેવળ તે દહાડો જ તારા જેવાનાં સ્વપ્નાં સાચાં પડશે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી દુનિયા

સૂર્ય અસ્તાચળ પર જઈ રહ્યો હતો. અસ્ત થતા એ સૂર્યને દેખતાં જ એકાએક વામનને મૃત્યુ સાંભરી આવ્યું. અસ્ત પામતા એ સૂર્યબિંબને એક વાદળાએ ઢાંકી દીધું હતું. ફાંસીએ ચડાવતી વેળા માણસના મોં પર કાળો બુરખો ઓઢાડી દેવાય છે એવું કયાંક વાંચ્યાનું એને યાદ આવ્યું. સૂર્યાસ્તનું એ દૃશ્ય તેને આબાદ પેલી ફાંસીના દૃશ્ય જેવું ભાસ્યું. અને એ વિચાર મનમાંથી પસાર થતાં જ એણે શરીરે રોમાંચ અનુભવ્યો.

મૃત્યુ — ફાંસી —

સંધ્યાના રમણીય સમયે આવી બિહામણી કલ્પના પોતાને શી રીતે સૂઝી એ વિષે એ મનમાં નવાઈ પામી રહ્યો. ભૂતપિશાચ પણ અંધારી રાતે જ ભટકવા નીકળી પડે છે એમ કહેવાય છે. માંડ મૂછનો દોરો ફૂટતો આવતો હતો એવા પોતાસમા જુવાનજોધના મગજ પર અમાસ સરખી આવી ઘેરી છાયા શા માટે પથરાઈ હશે? આ ભયંકર સ્વપ્ના સરખી અવસ્થામાંથી જાગ્રત થવા તેનું મન તલપાપડ થઈ રહ્યું.

એ એને સમજાવી રહ્યું હતું: સંધ્યાકાળનો સમય સદા ય ખૂબ રમણીય હોય છે! પોતે પાંચમી ભણતો હતો ત્યારે સંધ્યાવખત થતાં જ પેલી બાલકવિની સુંદર મધુર કડીઓ પોતે હમેશાં ગણગણ્યા કરતો. એમાંની કલ્પના કેવી મોહક છે! સૂર્ય ભગવાન સંધ્યાના રંગમહેલમાં પ્રવેશી રહ્યા છે; ત્યાં —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામને એ કડીઓ યાદ કરવા ઘણી મહેનત કરી. પણ જૂના થઈ ગયેલા કોઈ ફોટોગ્રાફની પેઠે પોતાનું ગોખેલું એ સઘળું હવે ઘસાઈ-ભુંસાઈ ગયું છે એમ તે જોઈ શક્યો. તે મનમાં મનમાં હસી પડ્યો. મૅટ્રિક પાસ થયાં પણ આજે ત્રણ વરસ પૂરાં થઈ ગયાં છે! એ મહિના કોઈ મોટરના કારખાનામાં કારકુની કરી, બે મહિના કોઈ ડેરીમાં હિસાબ લખવાનું કામ કર્યું, બે મહિના બીજું કાંઈ કર્યું તો બાકીનો ઘણો વખત બેકારીની ચિંતામાં જ પસાર કર્યો! ત્રણે વરસ આવી રખડપાટમાં વીત્યાં હતાં. કવિતાનું એવું છે કે માત્ર એક વાર ગોખી લીધે એ કાયમ મોંએ નથી રહેતી; અવારનવાર એનાં પુનરાવર્તનો પણ થયા કરવાં જોઈએ. જ્યારે પોતે તો આ ત્રણે વરસ દરમિયાન એક જ વાત ગોખ્યા કરી હતી — નોકરી! કાયમી નોકરી — છેવટ હંગામી નોકરી — ગમે ત્યાં અને ગમે તે જાતની નોકરી — છેવટ પચીસ રૂપયડીની કારકુનની નોકરી!

પણ આજના કાળમાં નોકરી એ પણ આકાશ માંહેના ચંદ્રની પેઠે દુષ્પ્રાપ્ય બની છે એનો જાતઅનુભવ પોતે લઈ રહ્યો હતો. અનેક આજીજીઓ કરીને, જ્યાં ત્યાંથી ભલામણચિઠ્ઠીઓ મેળવીને કચાંઈક નોકરી મેળવવાની એણે ખૂબ મહેનત કરી હતી. પણ જે જે કૂવામાં ભારે આશાથી એણે પોતાનો ઘડો નાખ્યો હતો ત્યાં દરેક સ્થળે ખાલી ઘડાનો ખખડાટ જ તેને કાને અથડાયા કરતો હતો. એકાદ ચાપું ય પાણી મળવાની આશાએ અનેક વાર એણે એ ઘડો અંદરના ખડક સાથે અફાળી જોયો હતો; પરિણામે હવે એ ઘડો જ બોખરો થઈ ગયો હતો!

જાણે ઘણના ઘા પડતા હોય એવાં એ વાક્યો —

"મૅટ્રિક પાસ થયેલા આદમીએ નિરાંતે જીવતર જીવવાની આશા જ શા માટે ધરવી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારે ચાર નહિ ને ચાળીશ ભાંડુઓ હોય, તેનું અમારે શું? ખરું તો તારાં માબાપે જ એમાં ધ્યાન રાખવું'તું!"

"બાપુ! માણસને પેટ અવતાર ધરવામાં જ પાપ છે. મજ્જનો ઘોડો થયો હોત તો ચંદીના તોબરામાં ભરપૂર ચંદી પામત! જુલફાં-વાળું કૂતરું થયો હોત તો સિનેમાનટીઓના ખોળામાં જ્યોર્જેટની સાડીઓ ખૂંદવાનું સાંપડત! તેં માણસનો અવતાર લીધો એ જ મોટી ભૂલ છે. તેમાં ય ગરીબાઈમાં હેરાન હેરાન બનીને છેવટે મૅટ્રિક પાસ થયો એ તો વળી એથી ય વધારે મોટો ગુનો છે! એ ગુનાની સજા—"

છેલ્લા બોલ તો એક વિચિત્ર ડોસાના હતા. પણ એનો અક્ષરે-અક્ષર વામનને વારેવારે યાદ આવ્યા કરતો હતો.

તેણે ફરી પશ્ચિમ તરફ નજર દોડાવી. સૂર્ય એ વેળા આથમી ચૂક્યો હતો. તેને વિચાર થઈ આવ્યો: "મારી જીવવાની આશા પણ આ રીતે કચારની આથમી ચૂકી છે. શા માટે મારે જીવતા રહેવું? કોની ખાતર જીવવું?" છેલ્લા સવાલના જાણે જવાબરૂપે હોય તેમ પાંચ દીન મોં તેની નજરે તરવરી રહ્યાં: સતત માંદી રહ્યા કરતી પોતાની માતા અને એક એકથી નાનાં એવાં ચાર નાનાં ભાંડુઓ!

ગયે વર્ષે વામન બાને મળવા માટે બે દિવસ વતનમાં ગયો હતો. તે વેળા નાની બહેને લેરિયા ભાતની ચૂંદડી માટે હઠ લીધી હતી! અને કાગળની પચીશ પચાસ હોડીઓ બનાવ્યા છતાં નાનો બાબુ કોઈ રીતે મનાતો નહોતો; એને જમીન ઉપર દોડનારી આગ-બોટ જોઈતી હતી! આખરે પોતે માંડ સમજાવીને કહેલું: 'છાનો રહે, ભાઈ! હું હવે આવીશ ને, ત્યારે તારે માટે જરૂર એવી એક આગબોટ લેતો આવીશ!'

પણ તે પછીના આ આખા વરસમાં પોતાના જ પેટનો ખાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શી રીતે પૂર્યો હતો તે તો એકલો વામન જ જાણતો હતો. દર મહિને માને પાંચ રૂપિયાનો મનીઑર્ડર કરવો તો બાજુએ રહ્યો પણ એક વખત તો પોતાને જ મા પાસેથી પૈસા મગાવવા પડેલા! નિશાળમાં ભણતી વેળા 'કાકોપિ જીવતિ ચિરાય બલિં ચ ભુંક્તે' વાળું સુભાષિત પોતે વારંવાર બબડ્યા કરતો, અને તે દરેક વેળા તે વિચારતો કે જીવનમાં કાંઈક તો સારું કામ કરવું જ છે! પરંતુ જીવનના કટુ અનુભવોથી દાઝેલું તેનું દિલ હવે તેને જવાબ આપતું હતું: 'સુભાષિતવાળો કાગડો ખરેખર ભાગ્યશાળી ગણાવો જોઈએ, કેમકે કાંઈ નહિ તો પેટપૂર ખાવાનું તો તે પામતો હતો! હું તો એટલું ય—'

આકાશમાં માળા તરફ પાછા ફરતા કાગડાની ટોળી જોઈ વામનને તેમની ઈર્ષ્યા થઈ આવી. તેને થયું, આ કાગડાઓએ ગમે ત્યાંથી પણ પોતાનાં બચ્ચાંઓ માટે કશું ના કશું ચાંચમાં આણ્યું જ હશે. પણ હું? ગામડામાં વતનમાં મા અને નાનાં ભાંડુઓને મળવા જતાં પણ હું સંકોચ અનુભવું છું! મારે પણ આશરો—ઘર—તો છે, પણ—'

એની વિચારમાળા અહીં અટકી પડી. ખીસામાં ગયેલા હાથ સાથે અથડાયેલ આજની ટપાલનો કાગળ વચ્ચે જ ચિત્કાર કરી ઊઠ્યો: 'તારો એ ગામડાનો આશરો પણ હવે તારો રહ્યો નથી! એ તો—'

ખીસામાંથી કાગળ કાઢી તેણે એ ફરી વાંચ્યો. બપોરે મળેલા માતાના એ પત્રનાં અનેક વાંચન તેણે આંસુઓ સાથે કર્યાં હતાં. એ અખંડ અશ્રુધારાઓ એ પત્રમાંના કોઈ અક્ષરોને ભૂંસી શકી ન હતી. જૂનું રૂપિયા બસોનું દેવું અને તે પર આજ સુધી ચડેલું વ્યાજ ગણતાં આજે એનું ગામડાનું ઘર હવે શાહુકારની માલેકીનું થવાની તૈયારી હતી. કોઈ ક્રૂર શિકારી માળો વીંખી નાખી એમાંનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંખ પણ ન ફૂટેલાં નાનાં બચ્ચાંઓને ભોંય ઉપર ફેંકી દે ત્યારે એ પંખી માદાના હૃદયમાં કેવી કેવી વેદનાઓ થતી હશે તેનો ખ્યાલ વામનને પોતાની માતાના કાગળના અક્ષરેઅક્ષરે આવતો હતો.

પણ એ કાગળનો પોતે શો જવાબ આપી શકે તેમ હતું? બસો રાતી પાઈનું પણ ઠેકાણું ન હોય એવા આદમીએ બસો કલદાર રૂપિયા કયાંથી પેદા કરવા એ મહા પ્રશ્ન હતો. વામનનું તરફડતું હૃદય કહી રહ્યું હતું, હરિચંદ્ર રાજાના જમાનામાં એટલું ય સુખ હતું કે માણસજાતની બજારમાં વેચાતાં કાંઈકે પણ કિંમત આવતી હતી! આજના જમાનામાં તો—

પડખેની મિલના કર્કશ ભૂંગળાએ તેને જાગ્રત કર્યો. મિલ-મજૂરો છૂટયા હતા. થોડી વારે મજૂરોનાં ટોળેટોળાં પેલી બાજુની સડકેથી પસાર થવા માંડયાં. એ ટોળામાં પુરુષો હતા, સ્ત્રીઓ હતી, બાળકો હતાં; એમાં મુસલમાન હતા ને હિંદુ પણ હતા. જાતજાતની માનવમેદની એ પ્રવાહમાં એકઠી થઈ હતી.

જિજ્ઞાસાભરી આંખે વામન એ નવી જાતની દુનિયાને નિહાળી રહ્યો. સ્ત્રીઓનાં કપડાં સાવ મેલાં અને ફાટેલ દશામાં હતાં; પુરુષોની હજામતો ચડી ગયેલી હતી; કેટલાયના હાથમાં ઘેાયા પડેલા ને ડાઘાવાળા ભાતાના ડબ્બાઓ હતા; કેટલાયના પગમાં ગામડિયા-શાહી ધિંગા જોડા હતા—વામને આ કોઈ નવી જ દુનિયા દેખી!

થોડો વખત પસાર થયો ત્યાં તો મિલમાં રાતપાળીએ કામે ચડનારા મજૂરોનાં ટોળાં આવતાં દેખાયાં. એ માનવીઓ પણ ઘડી પહેલાં મિલમાંથી બહાર પડનારાં માનવીઓ જેવા જ દેખાવનાં હતાં! એ બધાં વચ્ચે ચાલી રહેલ હાસ્યવિનોદે વામનના દિલમાં કોઈ વિચિત્ર જાતની ન સમજાય એવી લાગણી પેદા કરી! પોતે એકેડો હતો ત્યાંથી ઊભા થઈ તેણે ધીરેધીરે ચાલવા માંડયું. હજુ દોઢબે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફર્લાંગ એ ભાગ્યે જ ચાલ્યો હશે ત્યાં એક સ્થળે એક ટોળું જમેલું એણે જોયું. ટોળામાં ગિરદી સારી એવી હતી. શું હશે એ જાણવાની ઇચ્છાથી વામન ટોળામાં અંદર ઘૂસ્યો. એક કૂવાને કાંઠે એક જુવાન સ્ત્રીનું મડદું તાજું જ બહાર કાઢેલું પડ્યું હતું. એ તો સ્પષ્ટ જ હતું કે એ બાઈએ આપઘાત કર્યો હશે. લોકોમાં ચાલતી ઝીણી ઝીણી વાતચીત તેણે સાંભળી; સાસુના જુલમથી કંટાળીને એ જુવાન બાઈ એ કૂવામાં પડતું મૂક્યું હતું!

વામન એ મૃતદેહને ધારીધારીને જોઈ રહ્યો. પગ તળે કોઈ ભયંકર સાપ આવ્યો હોય એમ તે એકાએક ચમકી ઊઠ્યો. તેને ભાસ થયો કે સામે પડેલ મૃતદેહ એક તરુણ સ્ત્રીનો નથી: પોતે જાતે જ નિર્જીવ બની મુડદારૂપે જાણે ત્યાં પડ્યો છે!

પોતે અનુભવેલ એ ભયાનક કલ્પના—દૃશ્યને વીસરી જવાને ઇરાદે તેણે ઝડપભેર ત્યાંથી ચાલવા માંડ્યું. ઘણે દૂર ગયા પછી તેણે પાછું વાળી જોયું. હવે એ કૂવો, એના ફરતું જમેલું માણસોનું ટોળું, કશું દેખાતું નહોતું. ઘડીભર તેણે નિરાંતનો શ્વાસ લીધો. પણ ફરી પેલી અભાગી સ્ત્રીનો ચહેરો એની આંખ સામે તરવા લાગ્યો. ને ત્યાં તો પાછી એને બદલે એણે પોતાની જ મુખમુદ્રા એ સ્થળે ખડી થતી દીઠી. વામન ગભરાઈ ઊઠ્યો.

તેનું હૃદય પોકારીને જાણે કહેતું હતું: એ જુવાન બાઈને એની સાસુ પજવતી હતી; તને તારી પરિસ્થિતિ પજવી—મૂંઝવી રહી છે. આપઘાત કરવાથી એ બાઈ તો છૂટી; પણ તું?—

વેગભેર દોડી રહેલી મોટર ઢાળ ઊતરવા માંડે અને એ જ પળે એની બ્રેક કામ કરતી અટકી જાય, એવી દશા એ કલ્પનાએ વામનના દિલની કરી દીધી. એની ખાતરી થઈ ચૂકી કે પોતે ભોગવી રહેલ યાતના ને મનની મૂંઝવણમાંથી છૂટવાનો આત્મહત્યા સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો કોઈ માર્ગ છે નહિ. માવઠાના વરસાદ વેળા જેમ પળવારમાં આકાશ મેઘો વડે ઘનઘોર છવાઈ જાય, તેમ આત્મહત્યાના વિચારે એના મનને ઘેરી લીધું. અજાણપણે જ હોય તેમ એના પગ રેલવેના પાટાની દિશા તરફ વળ્યા.

રેલના પાટા પર બેસી તે વિચારે ચડ્યો. અંધારામાં ચમકી રહેલું તારાગંડળ, દૂરથી ઝબકારા કરતા શહેરના વીજળીના દીવા, શરીરે આછો રોમાંચનો અનુભવ કરાવતી વાયુની મંદમંદ લહરીઓ, સઘળું ચરાચર વિશ્વ જાણે એને સંભળાવી રહ્યું હતું: 'જીવવામાં જ ખરો આનંદ સમાયેલો છે!' પણ તેનું હૃદય અંદરથી પોકારતું હતું: 'શા સારુ જીવવું? રોજ ઊઠી પેટનો ખાડો પૂરવાની ચિંતા કરવા ખાતર જીવતા રહેવું? કસાઈખાને કપાવા જતાં બકરાંને છેલ્લા એક જ દિવસનું દુઃખ હોય છે. પણ જેને રોજ ઊઠી દુઃખી જીવતર સામે ઝૂઝવું પડતું હોય એણે શા સારુ જીવતા રહેવાની નાહક ઉપાધિ વેંઢારવી?'

ધીરેધીરે પાટાઓની કુજરી વધતી જતી હતી. ટ્રેન નજીક આવતી હતી. દૃઢ નિશ્ચય કરીને વામન પાટા પર સૂઈ ગયો.

ઘડીકમાં જાણે પોતાને કોઈ પાછું ખેંચી રહ્યું છે એવો વિચિત્ર ભાસ એને થયો. સહેજ માથું ઊંચું કરી એણે નજર ફેરવી. ઘડી પહેલાં કૂવામાં પડી આત્મહત્યા કરનારી પેલી બાઈ જ જાણે તેની પડખે ઊભી હતી.

એને આખે શરીરે પરસેવો છૂટ્યો. એકદમ ઊઠીને દૂર નાસી જવાનું એને મન થઈ આવ્યું, પણ વળી પાછો આત્મહત્યા કરવાનો નિશ્ચય એણે પાકો કર્યો. મનમાં મનમાં તે વિચારી રહ્યો હતો: 'બીજાને ઘેર વૈતરાં કરતી પોતાની માતાને દેખવી એ કરતાં કાયમને માટે એ આંખો બંધ જ થઈ જાય તો શું ખોટું? પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈઓને કે બહેનને તે ભણાવી શકે તેમ તો નથી; તેમને સારાં કપડાં પણ પોતે સંપડાવી શકે તેમ નથી; કદી મીઠો કોળિયો મોંમાં પોતે મુકાવી શકે તેમ નથી! એ બધું જોવા–અનુભવવા કરતાં પળવારમાં આ દુનિયામાંથી કાયમને માટે વિદાય લેવી શી ખોટી?'

પાકો નિશ્ચય કરી તે શાંતિથી પાટા ઉપર પડી રહ્યો. એ ક્ષણની ચિત્તની સ્વસ્થતાથી તેને પોતાને પણ નવાઈ લાગી. મૃત્યુ પછી નજરે પડનારી દુનિયા કેવી તરેહની હશે એના કલ્પનાવિહારમાં એ ઘડીભર ડૂબી ગયો.

પણ બીજી પળે એનું શરીર ધ્રૂજી ઊઠ્યું. સિગ્નલ ન અપાયાને કારણે હોય અગર સ્ટેશન પાસે આવવાને કારણે હોય, પરંતુ ટ્રેને ભારે કર્કશ સ્વરે સીટી મારી. એ અવાજ કાને પડતાં જ એનું હૈયું ધડ-ધડી ઊઠ્યું. પાટા પરથી ખસી જઈ એકદમ તે બાજુમાં જઈ ઊભો—

ને ત્યાં તો ખડખડાટ અને ધડધડાટ કરતી ટ્રેન તેની સામેથી પસાર થવા માંડી. ત્રીજા વર્ગના બધા ડબ્બાઓમાં ખીચોખીચ ગિરદી હતી. કેટલાય મુસાફરો સામાન ઉપર જ બેઠા હતા; એક બાઈ તો પોતાના ધાવણા બાળકને છાતીએ વળગાડી એક બારી પાસે સંકોચાઈને–દબાઈને ઊભી હતી! ત્રીજા વર્ગના ડબ્બા પછી તુરત બીજા વર્ગના ડબ્બા આવ્યા. એક ખાનામાં એક સ્થૂળકાય આદમી બેઠો બેઠો ચિરૂટ ફૂંકતો હતો.

ટ્રેન પસાર થઈ ગયા છતાં વામન એ જ સ્થળે ઊભો રહ્યો. વારેવારે પેલી બારી પાસે બાળકને લઈને ઊભેલી સ્ત્રીનું ચિત્ર તેની નજર સામે બહુ થતું હતું. સતત ઊભા રહેવાને પરિણામે એ બાઈનું શરીર કેટલું અકડાઈ ગયું હશે? છતાં એ બધી મુશ્કેલી શું એ આનંદથી સહી લેતી નહોતી? તો પછી પોતે જ શા માટે—

વામનના પગોએ એને શહેર તરફ ખેંચવા માંડ્યો. થોડું ચાલતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ શહેર બહારના એક વિશાળ બંગલાનું ઝગમગાટ કરતું અજવાળું આવ્યું. અંદર કોઈ મિજબાની ચાલી રહી હતી. રસ્તા પરથી નજર નાખી શકાય એવી બારીમાંથી એની નજર અંદર પડી. અંગ્રેજી પહેરવેશમાં સજ્જ થયેલા પુરુષો, નટીઓની મિસાલે શણગાર સજેલી સ્ત્રીઓ—તેણે બીજી તરફ જોયું. છરીકાંટાના ખખડાટો વચ્ચે જ ગ્રામોફોનના સૂર ઊઠી આવ્યા:

*'માઝા ગુલાબ અંગણિં ફુલલા ગ!'

શૂન્ય ચિત્તે વામન સામેની દિશામાં જોતો હતો. મિલની ચિમનીઓમાંથી નીકળતા ધુમાડાના ગોટેગોટા. મિલની અંદર મજૂરો પોતાની ફરજ કેટલી પ્રામાણિક રીતે બજાવી રહ્યા છે એ દર્શાવતા હતા. માત્ર મોજશોખમાં મશગૂલ બનેલા એ બંગલા પાસે એક ઘડી પણ રોકાવું એને ગમ્યું નહિ. તેણે ઝડપભેર પગલાં ઉપાડ્યાં. હજુ પણ પેલા ગ્રામોફોનના ગીતના સૂર ભલે સદંતર અસ્પષ્ટપણે પણ તેના કાને અથડાયા કરતા હતા. તેને વિચાર થઈ પડ્યો: આંગણે ગુલાબ ખીલવી રહેલા આ માનવીઓને એ ગુલાબોનો ગુલાબી—લાલ રંગ કોના લોહીમાંથી પેદા થયો હશે એનો ખ્યાલ કદી આવતો હશે ખરો?

વામન મિલ પાસેની મજૂરોની વસ્તીમાંથી પસાર થયો. એ ઘર નહિ કેવળ ધૂડિયાં ઝૂંપડાં જ હતાં! એને સ્વતંત્ર ફળિયાં તો હોય જ શાનાં? અને તો પછી એમાં ગુલાબો ખીલવાનો સવાલ જ કયાંથી આવે?

એક ઝૂંપડા પાસે ગરમીના ઉકળાટને લઈ પાંચદસ માણસો બહાર ખુલ્લામાં સૂતા હતા. એમના એ ચીંથરા જેવા ગાભા જોતાં જ ઘડી પહેલાં બંગલામાં નજરે ચડેલ એક રમણીની જ્યોર્જેટની

* સખિ, મારો ગુલાબ આંગણામાં કેવો ખીલી ઊઠ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાડી તેને સાંભરી આવી.

વામને પોતાનાં પગલાં ધીમાં પાડ્યાં. એક ઘરમાં કોઈ ભજન ગાતું હોય એમ લાગ્યું. ધ્યાનથી એણે એ સાંભળવાનો પ્રયત્ન કર્યો. એ તુકારામનો અભંગ હતો—

'જેથે જાતોં તેથે તૂં માઝા સાંગાતી,!
ચાલવિસી હાતીં ધરુનિયાં!'

ઘડી પહેલાં ગ્રામોફોનમાંથી સંભળાતું 'માઝા ગુલાબ અંગણિં ફુલલા ગ!' વાળું ગીત અને હવે સંભળાતી આ તુકારામના ભજનની કડી—બંને પરસ્પર ભિન્ન પ્રકારની દુનિયાઓ જાણે એકબીજાને છેક ઘસાઈને જ જીવે છે એમ વામનને લાગ્યું!

દૂર જઈ એક પથરા પર તેણે શરીરને ગોઠવ્યું. ઘણી વાર સુધી તે કશોક વિચાર કરતો હતો. તેણે જોયું કે 'જિંદગી એ એક મહાયુદ્ધ છે.' એ સુવાક્ય ભલે આ નિરક્ષર લોકોએ કદી સાંભળ્યું પણ ન હોય; પરંતુ તેઓ સતત એ પ્રમાણે જ જીવતર જીવી રહ્યા છે. જ્યારે પોતાના જેવી ભણેલી કહેવાતી દુનિયા?— આવાં અનેક સુભાષિતો ગોખે જવાં, અને એને આચરણમાં મૂકવાનો ખરો વખત આવે ત્યારે ત્યાંથી પીઠ ફેરવીને નાસી જવું, એટલું જ એ કેળવાયેલ વર્ગ કરી શકે છે!

ત્યાં તો કૂકડો બોલ્યો. સાડાચારનું મિલનું ભૂંગળું વાગ્યું. મિલમાં રાતપાળી પર ગયેલા મજૂરો બહાર આવતા હતા. એમને જોતાં જ વામનના દિલમાં વિચાર સ્ફૂર્યો: 'આ લોકો જ સાચા સૈનિકો છે. પોતે તો માત્ર ખરે વખતે ભાગી છૂટનાર બીકણ, કરપોક, ફોશી માણસો પૈકીનો જ એક છે!'

---

* જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં તું જ મારો સોબતી છે; હાથ પકડીને (તું જ મને) દોરી રહ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ વિચારમાં એની આંખ મીંચાઈ. વારેવારે તેને એક જ સ્વપ્નું આવ્યા કરતું હતું—

જાણે અસંખ્ય સૈનિકો કયાંકથી યુદ્ધ ખેલી રહ્યા છે. દેહમાંથી લોહીની પિચકારીઓ ઊડતી હોવા છતાં એ કહી રહ્યા છેઃ 'અમે નવી દુનિયાના સૈનિકો છીએ; આખરે વિજય અમારો જ છે!'

એ સૈનિકોમાં જોડાઈ જવાની અદમ્ય ઈચ્છા વામનને થઈ આવી.

એ જાગ્યો તે વેળા પૂર્વ તરફ સૂર્યબિંબ ઉદયાચળે ચડી રહ્યું હતું. તેણે ચોપાસ નજર ફેરવીઃ જાણે કોઈ નવી દુનિયામાં પોતે પ્રવેશતો હોય એમ તેને લાગ્યું. મિલ તરફ જઈ રહેલા મજૂરોની ટોળીમાં એ પણ ભળી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફિરસ્તો

માનવીનો સ્વભાવ તેના ધંધા પરથી ઘડાય છે, કહો કે ધંધાની છાપ એના સ્વભાવ પર પડે જ છે, એમ હું તો માનું જ છું. મારી આવી માન્યતા અંગે કોઈને હસવું આવવાનો પણ સંભવ છે. એવા પૈકી કોઈ વળી જે મહાભારતનો અભ્યાસી હશે તે તો તેમાંના ખાટકીનું ઉદાહરણ પણ સામે જરૂર ટાંકી બતાવશે. કસાઈનો ધંધો કરતે કરતે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવાની શક્તિ ધરાવતા એ કસાઈ પ્રત્યે મને માન છે એ હું કબૂલ કરું છું. પરંતુ મહાભારતના રચયિતા વ્યાસ ભગવાનની અજબ કલ્પનાશક્તિ વિષે સંપૂર્ણ આદર સાથે મારાથી કહ્યા વિના રહેવાતું નથી કે એ કલ્પનાશક્તિએ નિર્માણ કરેલ એ ધર્મશીલ કસાઈ એક અદ્‌ભુતરમ્ય વ્યક્તિ જ ગણવી જોઈએ. આપણા જેવા સામાન્ય માનવી સમાજમાં આવી વ્યક્તિ ભાગ્યે જ સાંપડે!

આવી બાબતોમાં તો ખાંડીભાર કલ્પના–તર્ક કરતાં તલભાર પણ અનુભવ વધારે કિંમતી છે એની કોઈથી ના કહી શકાય નહિ. હું મારો જ દાખલો આપું. કૉલેજની ચર્ચાસભામાં મેં ભૂલેચૂકે પણ કદી ભાગ લીધો નહોતો કે અક્ષરે બોલ્યો નહોતો. પોતાના રોજિંદા જીવન સાથે જેને કશો સંબંધ નથી એવી બાબતો અંગે પણ રાડો પાડી પાડીને હોલ ગજવી મૂકતા વિદ્યાર્થીઓને જોઈ મને ભારે નવાઈ થઈ આવતી. એ વેળા હું મારી જાતને મનાવતો કે પ્રતિભા અને ગાંડપણને અતિ નિકટનો સંબંધ હોવા વિષેની બાબત વકતૃત્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળાને પણ લાગુ પડતી હોવી જોઈએ. અને છતાં મારા જેવો શાંત અને સરળ સ્વભાવનો આદમી ભવિષ્યમાં ન્યાયાસન આગળ ભારે જબ્બરા વિતંડાવાદ મચાવશે અને ઝીણી ઝીણી બાબતમાં પણ મચક નહિ જ આપે એવી આગાહી કરવાની હિંમત કોઈ ભાગ્યે જ કરી શકત!

એ વિના ભવિષ્યને અદૃષ્ટ તરીકે પણ કાંઈ અમસ્તું જ ઓળખવામાં આવતું હશે? બી.એ. થયા પછી નિશાળમાં બહુ તો સવાસો દોઢસોના પગાર સુધી પહોંચવાની આશામાં બેસી રહેવા કરતાં કોંકણમાં એક નાનકડા શહેરમાં જઈ મામાની સાથે વકીલાતમાં જોડાવામાં જ વધારે ફાયદો છે એમ ઘરમાં સહુ માનતાં હતાં; મારે ગળે પણ એ વાત ઊતરી. અને ખરી વાત એ પણ છે કે માણસો વચ્ચે મતભેદ કાવ્ય અને તર્કશાસ્ત્રમાં ઊભા થાય છે, ગણિતશાસ્ત્રમાં નહિ! એ નાના સરખા શહેરમાં પણ મામા માસિક ત્રણસો રૂપિયા સહેજે કમાઈ શકતા હતા. આથી એમ.એ.નાં સંસ્કૃતનાં કાવ્યશાસ્ત્રનાં પુસ્તકોને તિલાંજલિ આપી મેં 'રોમન લૉ' અને 'પિનલકોડ'ને પાસે લીધા.

એલએલ.બી.ની પરીક્ષા પાસ કરતાં સુધી પણ અગાઉની પેઠે જ છેક મૂંગો, કોઈની પંચાતમાં ન ઊતરનારો, બળતામાં ઘી હોમવા કરતાં પાણીના બંબાની નાળો રેડવામાં માનનારો હું સરલ આદમી રહ્યો હતો. પણ મામાની સાથે રહી મેં વકીલાત કરવાની શરૂઆત કરી—અને પાંચ જ વરસના અવધિમાં ભગવાન્ ગૌતમબુદ્ધને બદલે ખપ્પરધારી મહાકાલીનું રૂપ મેં ધારણ કરી દીધું! માનવી જીવન કોઈ ઋષિનો આશ્રમ નહિ પરંતુ એક દારૂનું પીઠું છે એ દુન્યવી અનુભવ વકીલાતના ધંધા જેટલો બીજા કોઈ ધંધામાં મળી શકે જ નહિ! આજની દુનિયામાં માનવીનું બહિર્મન શણગારેલા કોઈ દીવાન—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાના જેવું છે. એમાં વચ્ચે વચ્ચે સુંદર વિચારોરૂપી ચિત્રો લટકાવેલાં સાંપડે છે; મીઠાંમધુરાં વચનોરૂપી ખીલેલાં મજ્જેદાર પુષ્પોની ફૂલદાનીઓ ગોઠવેલી દેખાય છે; અતિથિસત્કારાર્થે પોચા સ્પ્રિંગવાળા મોટા કોચ સ્વાગત કરતા પડ્યા હોય છે. પરંતુ દીવાનખાનાની પાછલી ઓરડીનું બારણું સહેજ ઉઘાડી જોતાં જ મહીં અનેક જાળાં, ફૂટી ગયેલી શીશીઓ, ભંગારનાં વાસણો, ફાટેલ સાદડીઓ, જૂનાં છાપાંઓ અને એવા કૂચાકચરા વિના બીજું કશું જ સાંપડી નહિ શકે! માનવીના આંતર મનમાં પણ એ જ રીતે ઊંડા ઊતરીએ તો અંદર કામ, લોભ અને મત્સર આદિ વિકારોની અજબ ભૂલભુલામણી વિના કશું જ નીકળશે નહિ. ફોજદારી કેસો હાથ ધરનાર વકીલને તો માનવી મનનું આ સિવાયનું બીજું કોઈ પાસું નજરે પડવાનું જ નહિ!

પણ આ તો ભારે વિષયાંતર થયું. ધંધાની અસર માનવીના સ્વભાવ ઉપર પડ્યા વિના રહેતી નથી એનું જ આ પ્રત્યક્ષ ઉદાહરણ ગણો ને! વકીલે કેસનો મુદ્દો રજૂ કરવા માંડ્યા પછી એ ટૂંકામાં આટોપી લે એમ કદી બને ખરું? થોડા દહાડા પહેલાં અમારે ત્યાંના વાચનાલયની સભામાં કેવી ધમાલ થઈ અને આખરે વાર્ષિક ઉત્સવ અર્થે કૅમરેડ ઘાટને બોલાવવાનું અમે કેવી રીતે ઠરાવ્યું એટલી જ મુદ્દાની વાત મારે કહેવી હતી. પણ હું તો—

ધંધાને લીધે માનવીનો સ્વભાવ છેક બદલાઈ ગયાનો પૂરેપૂરો અનુભવ મને તે દહાડો મળ્યો. કાર્યવાહક મંડળના સભ્ય તરીકે હું એ સભામાં માત્ર હાજર રહ્યો હતો; વાર્ષિક ઉત્સવની વેળા આમંત્રિત મહેનત તરીકે કોને બોલાવવા તે અંગે જે ચર્ચા ચાલતી હતી તેમાં મારું જરા ય ધ્યાન નહોતું. મારા હાથમાં એક માસિકનો નવો અંક હતો, અને હું તેનાં પાનાં ફેરવ્યે જતો હતો. મુખપૃષ્ઠ પર છાપેલ એક સિનેમાનટીના ફોટાએ મારું ધ્યાન ખેંચ્યું. એ જોઈ લીધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી અંદરની એક પ્રેમકથા વાંચવાનો વિચાર થયો. નાયિકાનો પરિચય થતાં જ એ પ્રેમકથાનો નાયક એનું ચુંબન લેવા વાંકો વળતો હતો એ ભાગ સુધી હું પહોંચ્યો હતો. ત્યાં તો—

ત્યાં તો મારી બાજુમાં બેઠેલા બાવડેકર વકીલે મને ખભો ઝાલી હલાવ્યો. તેઓ પૂછતા હતા: 'તમારો શો મત છે?'

'મારો મત?'

નાયક પેલી નાયિકાનું ચુંબન લે એમાં મારા મતે જરા ય હરકત જેવું નહોતું. એટલું ખરું કે પ્રત્યક્ષ દુનિયામાં આમ કદી બનતું નથી; અને કદાચ ને એવો કિસ્સો બની જાય તો અમે વકીલો વિનયભંગ (modesty)ની કલમ રજૂ કરવા ખડે પગે તૈયાર જ હોઈએ છીએ! અર્થાત્ પ્રત્યક્ષ જીવનમાં આવા ચુંબનનો અનુભવ બહુ મોંઘો પડી જાય છે. પરંતુ કાવ્યો અને નવલકથાઓમાં— અને એ તો ખરું જ છે કે કાવ્ય એ કાંઈ ન્યાયદાનની કચેરી નથી!

મને સાવ મૂંગો રહેલો જોઈ બાવડેકર વકીલે મારી પાસેથી પેલા માસિકનો અંક ઝૂંટવી લીધો અને સામે ટેબલ પર ફેંકી દઈ તેમણે ફરી કહ્યું: 'બોલો, તમારો શો મત છે?'

'શી બાબતમાં?'

'ચાલુ સાલે વાર્ષિક ઉત્સવ વેળા મંત્રી તમારે થવાનું છે! એ વેળા આમંત્રિત મહેમાન તરીકે કોને આણવા છે? અમારામાં એ અંગે ભારે મોટો મતભેદ ઊભો થયો છે માટે તમે તમારો.....'

પણ એ વાક્ય પૂરું થાય તે પહેલાં ટેબલ પર પડેલા કાગળો-માંથી ઝટ કરતી મેં રજૂ થયેલ નામોની યાદી કાઢી તે પર નજર ફેરવી લીધી. યાદીમાં પહેલું નામ અમારી બાજુના રાજ્યના દીવાન-સાહેબનું હતું અને બીજું નામ—

એ બીજું નામ જોતાં જ હું ચકિત થઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું નામ કૉમરેડ ઘાટેનું હતું!

હજુ થોડા દહાડા પહેલાં જ મુંબઈમાં પડેલી હડતાળના જે અઠવાલો છાપાંઓમાં આવતા હતા તેમાં આ નામનો વારેવારે ઉલ્લેખ આવ્યા કરતો. તે વેળા મેં જાણી લીધેલું કે કૉમરેડ ઘાટે અમારી નજીકના જ એક ગામડાના વતની હોઈ અંગ્રેજી ચોથીપાંચમી સુધી તો તે આવડેકર વકીલની સાથે જ ભણતા હતા.

તુરત આ વાદવિવાદનો મૂળ મુદ્દો શો હશે તે મારા ધ્યાનમાં આવી ગયું. કાર્યવાહક મંડળના બુઝુર્ગ લોકોની મરજી પેલા દીવાન-સાહેબને આણવાની હશે; ઊલટ પક્ષે આવડેકર જેવા જુવાન સભાસદોની મરજી એ બુઝુર્ગ વર્ગની ચાલબાજીને ઊંધી વાળવાની હતી. આ કારણે જ તેમણે કૉમરેડ ઘાટેનું નામ સૂચવ્યું હતું.

બંને બાજુ સરખા મત થતા હતા; અર્થાત્ હવે જે બાજુ હું મત આપું તે પક્ષ જીતે એમ હતું. વૃદ્ધ લોકોએ ઘાટેની અકારણ નિંદા કરવાનો આરંભ કરી દીધો, ને કૉમરેડ, રશિયા, લેનિન, સ્ત્રી-પુરુષના સંબંધો વગેરે જાતજાતની બાબતો વિષે ફાવે તેમ ભરડવું! કૉલેજમાં ભણતો તે વેળા જો મારી હાજરીમાં આવો વાદવિવાદ જામી પડ્યો હોત તો મેં ત્યાંથી ઊભા થઈ ચાલતી પકડી હોત. પણ આજે તો મારામાંહેનો વકીલઆત્મા જાગી ઊઠ્યો. મેં આવડેકરના પક્ષમાં મારો મત આપ્યો અને અમારા ઉત્સવના આમંત્રિત મહેમાન કૉમરેડ ઘાટેને બનાવવાનું નક્કી થયું.

× × ×

ઉત્સવના સેક્રેટરી – મંત્રી તરીકે ઘાટેને લખેલા આમંત્રણપત્રમાં મેં જણાવ્યું હતું કે 'માતૃભૂમિનું આ આમંત્રણ તમારે સ્વીકારવું જ પડશે.' તેમ જ અહીં આવો ત્યારે 'આવડેકર વકીલને ત્યાં અગર મારે ત્યાં જ ઊતરવાનું કબૂલ રાખવું પડશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે મારી પહેલી માગણીનો તુરત સ્વીકાર કર્યો. મારા પત્રના જવાબમાં તેમણે લખ્યું હતું—

"કામનું પુષ્કળ દબાણ હોવા છતાં તમારા આમંત્રણને હું આનંદભેર સ્વીકારું છું. તમારો કાગળ વાંચતાં વાંચતાં મને મારું બાળપણનું દૃશ્ય સાંભરી આવ્યું. ત્યાંની એ અંગ્રેજી નિશાળ, નિશાળના શિક્ષકોની જાતજાતની ઉડાવેલી ગમ્મતો—અમારા સંસ્કૃતના શિક્ષક કોટના ઉપલા ખીસામાં શેકેલી સીંગોના દાણા (ચિનાઈ સીંગ) રાખતા, અને 'હરેઃ હર્યોઃ હરીણામ્' ગોખાવતાં અકેક દાણો મોંમાં નાખવાની તેમને ટેવ હતી! એક દહાડો ભાઈસા'બ રીસે ભરાઈને એક વિદ્યાર્થીને શિક્ષા કરવા સહેજ નીચા નમ્યા; અને નળમાં એકદમ પાણી આવે તેમ પેલા સીંગદાણા નીચે ખરવા માંડ્યા! ફળિયામાં ચોખાના દાણા વેરતાં જ ચકલાં જેમ ટપોટપ એ ચણવા માંડે તેમ વર્ગમાંહેના બેચાર હિંમતબાજ છોકરાઓએ ચપોચપ એ દાણા વીણવા પણ માંડેલા!

"પણ હું ક્યાં આડે ઊતરી પડ્યો! નદીમાં વહેતા પાણી સાથે ખેંચાયે જવાનું જેમ સહુને ખૂબ ગમે છે, આ બાળપણનાં સંસ્મરણોનું પણ તેના જેવું છે. અકેક વાત સંભારતાં હર્ષનાં રોમાંચ અનુભવાય છે!

"તમારા આ આમંત્રણને હું કોઈ રીતે પાછું ઠેલી શકતો નથી. તમારા ગામની બાજુમાં જ જે જાંબુડિયું ગામ છે ત્યાં જ મેં મારું બાળપણ વીતાવ્યું હતું. કમળોથી શોભી ઊઠતી ત્યાંની મજેની તલાવડી, કાંઠાથી ખીલી ઊઠતી એની પડખાની ટેકરીઓ, બ્રહ્મેશ્વરનું ત્યાંનું ભવ્ય શિવમંદિર: એ સઘળું ફરી વખત જોવાનું સાંપડશે એ વિચારે હું ખૂબ હર્ષ પામું છું."

'ભાઈ' લોકોમાં પણ કવિઓ ઘાકે છે ખરા, એમ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર વાંચતાં સહેજે મારાથી બોલાઈ જવાયું. પણ નવાઈની વાત એ લાગી કે કૉમરેડ ઘાટેએ અમારું આમંત્રણ સ્વીકાર્યા છતાં એ પત્રમાં પોતે કોને ત્યાં ઊતરશે એ વિષે તેણે મૌન સેવ્યું હતું.

મારી વકીલાતની બુદ્ધિએ કલ્પનાના ઘોડા દોડાવવા માંડ્યા. મને લાગ્યું કે ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે કૉમરેડ ઘાટેને લાવવામાં જેને અમે હરાવ્યા હતા તે પૈકી કોઈ ગૃહસ્થે અમારા પર વેર વાળવાને ઇરાદે ઘાટેને અમારી અગાઉ પોતાને ત્યાં ઊતરવાનું નિમંત્રણ આપ્યું હોવું જોઈએ! હવે જો ઘાટે એ લોકો પૈકી કોઈના મહેમાન થાય તો એમાં ચોખ્ખેચોખ્ખું અમારું અપમાન હતું.

મેં અને બાવડેકર બંનેએ મળી ફરી ઘાટેને પત્ર લખ્યો. એમાં બાવડેકરની સાથે જ એ ભણતા હતા એ બાબત પર ખાસ ભાર મૂક્યો હતો, અને અંતે ગમે તેમ કરીને પણ ઘાટેએ અમારા બે જણા પૈકી જ એકને ત્યાં ઊતરવું એવી આગ્રહભરી વિનતિ કરી હતી.

મને ખાત્રી હતી કે ઘાટે અમારી આ વખતની વિનતિનો અસ્વીકાર નહિ જ કરે. અતિ ઉત્સુક બની અમે એમના જવાબની રાહ જોતા હતા.

પણ ઘાટેએ આપેલો જવાબ વાંચી હું સ્તબ્ધ બની ગયો!

ઘાટે મારે ત્યાં ઊતરવાના નહોતા; બાવડેકરને ત્યાં પણ નહિ ઊતરું એમ જણાવ્યું હતું; તે સાથે શહેરના બીજા કોઈ પ્રતિષ્ઠિત ગૃહસ્થને ત્યાં પણ પોતે નહિ ઊતરે એમ ભારપૂર્વક લખ્યું હતું. તેમણે તેમાં ઉમેર્યું હતું: 'હું એક દેવદૂતને ત્યાં ઊતરવા ધારું છું.'

ઊતરવા માટે એમણે ભારે અજબ યજમાન શોધ્યો હતો! એનું નામ વાંચીને હસતાં હસતાં મારું પેટ દુખવા આવ્યું.

તેઓ બાવાજી શંકરગરને ત્યાં ઊતરવાના હતા! જાંબુડિયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવદૂત, જાંબુડિયાના બ્રહ્મેશ્વરના પૂજારી, અતીત બાવા શંકરગરને ત્યાં!

શંકરગરને ત્યાં ઊતરવાની ઘેલછા ઘાટેને શા માટે ઉત્પન્ન થઈ હશે એ મારે મન કોયડો થઈ પડ્યો. સંભવ છે કે ઘાટેનું બાળપણ જાંબુડિયામાં વીત્યું હોય; બનવા જોગ છે કે જે સગાને ત્યાં તેઓ ઊછર્યા હતા તે આજે જાંબુડિયામાં રહેતા જ ન હોય; તે વેળાની શંકરગરની સાથે તેમને સારી એવી ઓળખાણ પણ હોય—પરંતુ એ કારણે જે ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે તેઓ આવવાના હતા એના ખુદ મંત્રીનું ઘર છોડીને એક બાવાને ત્યાં તેઓ ઊતરે?

શંકરગર બાવાની છબી મારી નજર સામે ખડી થઈ. બ્રહ્મેશ્વરની જાત્રાને દિવસે બાળકોની ખાતર પણ મારે જાંબુડિયે અવારનવાર જવું પડતું. તે વેળા હું શંકરગરને એક શ્રીફળ પણ આપતો. સૂકલકડી શરીરવાળો, વાંસે વળી ગયેલો એ બાવો શ્રીફળ લઈ શંકર ભગવાનને ચરણે ધરતો ત્યારે એ દૂબળો દેહ ઊલટો વધારે દૂબળો દેખાતો. શ્રીફળ ચરણે ધરતી વેળા એનાં એ વાંકચૂંક જરા વધારે પડતાં નાકમાંથી ઉચ્ચારીને શ્રીફળ વધેરી એનું અડધિયું, સાથે થોડાં ફૂલ અને આશકા-ભસ્મ લઈ પાછાં આપતો હોય અગર અમસ્તો જ મંદિરમાં ફર્યા કરતો હોય તે વેળાનો શંકરગરનો દેખાવ જોયો હોય તો એમ જ લાગે કે કોઈ તેજહીન ચહેરાનો ડોસો કેવળ એક યાંત્રિક ક્રિયા પ્રમાણે જ આ બધું કર્યે જાય છે. તેની સ્ત્રી, તેનો એકનો એક છોકરો, ઉછેરીને મોટી કરવા પોતાને ઘેર રાખેલી કોઈ દૂરના સગાની દીકરી—સઘળાં તેરચૌદ વરસ પહેલાંના પ્લેગમાં એકસામટાં ગુજરી ગયાં હતાં. ત્યારથી શંકરગર મંદિરની બાજુના પોતાના નાનકડા ઘરમાં કાયમ એકલો જ રહેતો. મનમાં આવે તો ખીચડી કે બાજરા લોટનો રોટલો કોઈ વાર ઘડી બાય, અને બાકીનો બધો વખત મંદિરમાં અગર આસપાસ ભૂતની જેમ આંટા માર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે! ઘાટે આવા માણસને ત્યાં ઊતરવાનું પસંદ કરે એમાં તો એમણે જાણીબૂઝીને હેરાનગતિ નોતરી લીધા જેવું જ હતું.

આ કારણે મેં તેમને ત્રીજી વાર આગ્રહભર્યો પત્ર લખ્યો.

તેમણે જવાબ લખ્યો—

"આ વેળા એક દિવસ કરતાં વધારે વખત હું ત્યાં રોકાઈ શકું તેમ નથી. આ ટૂંકા સમય દરમિયાન જેટલો વધારે વખત હું શંકરગરના સહવાસમાં વિતાવી શકું તેટલો વિતાવવાની મારી ખાસ ઇચ્છા છે!"

મને લાગ્યું કે આ 'ભાઈ લોકો' માથાના ફરેલા કહેવાય છે તેમાં કશું ખોટું નથી. કદાચને કૉમરેડ ઘાટેનો આ એક સ્ટંટ – નુસખો પણ હોય! આ કૉમરેડ લોકો પોતાને ગરીબના બેલી ગણાવે છે, એટલે પોતે કેવા સિદ્ધાંતવાદી છે એ બતાવવા ખાતર પણ તેમણે એ ભંગડ બાવાને ત્યાં ઊતરવાનો નિશ્ચય કાં ન કર્યો હોય?

શંકરગર યજમાન અને કૉમરેડ ઘાટે એના મહેમાન! કેવળ એ વિચારે પણ હું હસવું ખાળી શકતો નહોતો. વસ્તુતઃ એ બંને જણામાં કઈ બાબતમાં સરખાપણું હતું? શંકરગરે જનમ ધારીને ય કદી ચાર હાથ કરતાં લાંબું પંચિયું ભાગ્યે જ કેડે વીંટ્યું હશે, ત્યારે ઘાટે તો અપટુડેટ સૂટમાં જ કાયમ રહેતા હશે! ગળે ઘૂંટડો પાણી પણ ઉતાર્યા વિના નકોરડા અપવાસ ખેંચનાર શંકરગર બાવો, ત્યારે મટન વિના જેમનું ભોજન ન હોય એ પંથના ઘાટે અનુયાયી હોવાનો વધારે સંભવ! અને આ સઘળા વિરોધની વાત બાજુએ રાખીએ તોપણ આંખો જન્મારો અંધશ્રદ્ધાથી શંકરના લિંગને નવરાવ્યા કરનારા શંકરગર બાવાની સાથે ઘાટે જેવા અટલ નાસ્તિક અને તર્કવાદી માણસને કઈ જાતનો આનંદ મળવાનો હતો?

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા જાતજાતના સવાલો મારા મનમાં ઘોળાયા કરતા હતા. એમ કરતાં આખરે ઉત્સવનો દિવસ આવી પહોંચ્યો. ઘાટે આવી પહોંચ્યા, અને વિવેકની ખાતર જાંબુડિયામાં શંકરગર આવાને ત્યાં તેમને પહોંચાડવા સવારે હું તેમની સાથે પણ ગયો.

પણ શંકરગર આવાની નજરે ઘાટે ખડા થતાં જ આવાની નિસ્તેજ આંખોમાં કોઈ અજબ તેજ ચમકી ઊઠ્યું !

બપોરના ફરીને વ્યાખ્યાન માટે ઘાટેને બોલાવવા હું શંકરગરને ત્યાં પહોંચ્યો. આવાજીએ ચા તૈયાર કરી હતી. એક કાળીમેશ તપેલીમાં બનાવેલ લાલચોળ ચા, કાન તૂટેલા કપમાં, ઘાટે રસપૂર્વક પી રહ્યા હતા. એ ચાનો એક ઘૂંટડો પણ ગળે ઉતારતાં મેં કમકમાં અનુભવ્યાં.

'કેમ, ચા કેવી થઈ છે?' શંકરગરે ઘાટેને પૂછ્યું.

'આસ્વાદ!' તેમણે જવાબ ફેંકયો. 'તે દિવસે રાત્રે તમે ચા પાઈ હતી તેના જેવી જ બરાબર આ ચા પણ છે!'

એમ કહી ઘાટે હસ્યા; સામે શંકરગર પણ હસ્યો.

રાતની ચા? આ વળી શો ચમત્કાર છે? હું મૂંઝાઈ રહ્યો અને હું વિચારે ચડ્યો: બાળપણમાં ઘાટે જાંબુડિયામાં રહેતા હશે ત્યારે રાત બેરાત તે આ આવાની મઢૂલીએ આવતા હશે, એટલું તો આ વાતચીત પરથી જાણે ચોખ્ખું દેખાતું જ હતું. પણ આમ મોડી રાત્રે આવાજીને ત્યાં ઘાટેને આવવાનું શું કારણ હશે? મંદિરની બાજુમાં દેવદાસીઓ રહે છે...

ફોજદારી ખટલા ચલાવનારો મારામાં રહેલો વકીલ હવે જાગી ઊઠ્યો. મેં નક્કી કર્યું કે કોઈક આવી ભાંજગડને કારણે જ આ આવા અને ઘાટેને ભાઈબંધી થઈ હોવી જોઈએ! નહિતર આવી ઊંચી પાયરીએ પહોંચેલો માણસ એક સામાન્ય આવાને ત્યાં ખાસ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શા માટે ઊતરવા જાય? અને કદાચ ને ગયો, તોપણ ખાબોચિયાના ડહોળા પાણી જેવી ચાને 'આબાદ!'ના વિશેષણથી શા માટે વખાણે? અમારા વકીલમંડળ પૈકી એક ઘરડા વકીલ તો કાયમ કહ્યા જ કરે છે કે સાચી મૈત્રી તો વ્યસનમાં જામેલી મૈત્રી જ હોઈ શકે! મને એ વાક્ય સાંભરી આવતાં જ મેં નિશ્ચય કર્યો કે આ બંને વચ્ચેની મૈત્રી પાછળ પણ આવું જ કોઈ દૂષિત કારણ હોવું જોઈએ.

ઘાટે પરત્વેનો આ વિચિત્ર તરેહનો સંશય તેમનું ભાષણ અરધે સુધી પહોંચ્યું ત્યાં લાગી મારા મનમાં ઘોળાયા કરતો હતો. પણ પછી તો હું મારી જાતને પણ ભૂલી ગયો. ભાષણમાં દેખાઈ આવતી એમની કુશાગ્ર બુદ્ધિ, હૃદયની તાજાવેલી અને દિલનો ઉદાત્ત ભાવ, એ સહુનો એવો સુંદર મેળ જામ્યો હતો કે આ આદમીને હાથે કોઈ અઘટિત કૃત્ય થયું હશે એવો મનમાં વહેમ લાવતાં પણ મને શરમ ઊપજી. દ્રાક્ષની વેલ ઉપર કદી કારેલાં ઊગ્યાં જાણ્યાં છે?

વ્યાખ્યાન પૂરું થતાં જ હું વળી પાછો ઘાટને શંકરગર આવાને ત્યાં પહોંચાડવા સાથે ચાલ્યો. ઘાટે ઘણે લાંબે વખતે કોંકણમાં આવ્યા હોઈ એનું સંધ્યા સમયનું સૃષ્ટિસૌંદર્ય નિહાળવામાં એ મશગૂલ બન્યા હતા. પરંતુ મારા મનનો સંશય મને સ્વસ્થ રહેવા દેતો નહોતો. આખરે હિંમત આણી મેં કહ્યું: 'તમને એક સવાલ પૂછવાનું મન છે.'

મારા તરફ જોઈ હસીને તેમણે કહ્યું: 'હજુ વ્યાખ્યાનનો જ વિચાર કરતા હો એમ લાગે છે!'

મેં ડોકું ધુણાવી ના પાડી.

'ત્યારે?' તેમણે સવાલ કર્યો.

મેં જરા અચકાતાં અચકાતાં પૂછ્યું: 'આ શંકરગર આવાની સાથે તમારે આટલી બધી મત્રી શા કારણે—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે વચ્ચે જ કહ્યું: 'શા કારણે કેમ? શંકરગર આવાજી તો મારા ગુરુ છે!'

ગામડાનો એક સાધારણ આવો એક પ્રસિદ્ધ સામ્યવાદીના ગુરુસ્થાને છે એ જાણી મેં આઘાત અનુભવ્યો. મારું દિલ એ વાતનો સ્વીકાર કરવાની જ ના પાડતું હતું! મારા મોં પર ફેલાયલા આશ્ચર્યે ઘાટેનું પણ ધ્યાન ખેંચ્યું. તેમણે કહ્યું: 'હરકોઈ સાંભળનારને જરૂર અચંબો પેદા કરે તેવી જ આ બિના છે. અને ઘણી સત્ય ઘટનાઓ કલ્પનાચિત્ર કરતાં પણ વધારે અદ્‌ભુત હોય છે, નહિ?'

તેમના એ વિધાનથી તો હવે આખી ય હકીકત સંપૂર્ણપણે જાણી લેવા વિષે મારી ઉત્સુકતા વધી પડી.

રસ્તાની બાજુએ થોડે દૂર એક નાનો ચોતરો દેખાતો હતો. તે તરફ આંગળી બતાવી ઘાટેએ કહ્યું: 'પેલો સતીનાં પગલાંવાળો ચોતરો છે ના, ત્યાં આપણે જઈએ ને પાંચદસ મિનિટ નિરાંતે બેસીએ. ત્યાં બેઠાં ઠંડી બજ્જની હવા પણ મળશે ને તમારે જાણવી છે તે હકીકત પણ હું તમને કહી શકીશ.'

આ રસ્તે હું અનેક વાર પસાર થઈ ગયો હતો. પણ એ બાંધેલો ચોતરો સતીનાં પગલાંનો છે એ વાત તો હું પણ જાણતો નહોતો.

એ ચોતરા પાસે જતાં જતાં મારા મનમાં બે શબ્દો વારેવારે ઘોળાયા કરતા હતા: સતી, અને શંકરગર આવો!

ત્યાં જઈને બેસતાં જ ઘાટેએ પોતાની વાત કહેવા માંડી —

"મારાં માબાપ તો હું બહુ નાનો હતો ત્યારે જ ગુજરી ગયાં હતાં. તે વેળા મારા એક દૂરના સગા આ જાંબુડિયામાં રહેતા હતા. તેમણે મને અહીં આણ્યો.

બેત્રણ ગામડાંમાં ગોરપદું ચલાવવાની એમની યજમાનવૃત્તિ હતી. એ બધે સ્થળે પહોંચી વળવા તેમને એકાદ મદદગારની જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હતી. છઠ્ઠે વર્ષે જ મને જનોઈ દઈને એમણે મને બટુક બનાવ્યો અને ગોરપદું ચલાવવામાં 'બ્રાહ્મણ' સહાયક ઊભો કર્યો.

પરચુરણ ગોરપદું કરતાં કરતાં હું મરાઠી ચાર ચોપડી સુધી ભણ્યો. મારા પાલકની ઇચ્છા આટલું ભણતર થતાં હવે મારે અટકી જવું એવી હતી, પરંતુ મારી અંતરની ઉત્કટ ઇચ્છા વધુ અંગ્રેજી ભણીને કોઈકે રથળે મામલતદારી અગર મુનસફગીરીએ પહોંચવાની હતી. આખરે એ સગાએ જો દહાડે ગોરપદાનું કશું કામ ન હોય તે દહાડે ભણવા જવાની શરતે મને તમારા ગામની અંગ્રેજી નિશાળે ભણવા આવવાની છૂટ આપી. તે વેળા મારી ટૂંકી પોતડી, માથા પરની લાંબી ચોટલી અને ગોરપદાનો ધંધો: એ બધાની છોકરાઓએ એવી તો મશ્કરી કરેલી કે ન પૂછો વાત!"

એ જૂના સ્મરણથી ઘાટે હસી પડ્યા; સામે હું પણ હસ્યો. પણ હું તો તેમની જીવનકથા સાંભળવા જ ઉત્સુક બન્યો હતો, એટલે વાતને વચ્ચેથી ન અટકાવવાને ઇરાદે મૂંગો જ બેસી રહ્યો.

ઘાટેએ વાત આગળ ચલાવી—

"ગોરપદાને કારણે વરસમાં લગભગ અરધા દિવસો શાળામાં હું ગેરહાજર રહેતો છતાં વર્ગમાં પહેલો નંબર રાખતો. આમ ત્રણચાર વરસ સુધી ચાલ્યું. પણ તે પછી શાળામાં ગેરહાજર રહ્યા છતાં પહેલો નંબર રાખવાનું હવે બની શકે તેવું નથી એ વિષે મારી ખાતરી થઈ ચૂકી. પરિણામે શાળામાં ગેહારજર રહેવાને બદલે મેં ધંધામાં ગેરહાજરી પુરાવવા માંડી!

પણ મારા સગાને આ વાત પોસાય અગર રુચે તેમ નહોતી. આખરે મારે ભણવું કે ગોરપદાને ધંધે વળગી જવું એનો નિશ્ચય કરવા સારુ શંકરનો 'કોલ' લેવાનો એમણે નિર્ણય કર્યો. સત્યનારાયણની કથા, માનતાઓ, વ્રતોપવાસ વગેરેના સંસ્કારો તો છેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચપણથી મારા મન પર કાયમ પડ્યા જ કરતા હતા. શંકરગર આવાના શરીરમાં મહાદેવનો પ્રવેશ થયા પછી તો ડોલતાં ડોલતાં તે જે જે વાત કહે તે સઘળી ગામલોકો કશા ય વિરોધ વિના પૂરેપૂરી માની બેસતા એ જોયા પછી તો મહાદેવ અને શંકરગર આવા વિષે મારા મનમાં કોઈ અજબ તરેહની શ્રદ્ધા જામી ગઈ હતી.

મારા સગાએ શંકરગર આવા પાસે મહાદેવનો 'કોલ' માગ્યો. જમણી બાજુનું બીલીનું પાંદડું ખરે તો મારે ગોરપદાને ધંધે વળગી જવું અને જો ડાબી બાજુનું ખરે તો મારે અંગ્રેજી ભણવા જવું એમ ઠરાવ્યું હતું!

મારા દુર્ભાગ્યે જમણી તરફનું જ બીલીપત્ર નીચે પડ્યું. તે વેળા મેં એને મારું દુર્ભાગ્ય માન્યું હતું; આજે હું એમ નથી ગણતો.

સંપૂર્ણ નિરાશા સાથે હું ઘેર પાછો ફર્યો. ઘરને છાને ખૂણે બેસી હું બેચાર કલાક ખૂબ ખૂબ રડ્યો પણ ખરો. રાત્રે પથારીમાં સૂતો ખરો પણ કેમે કરી ઊંઘ આવતી નહોતી! મને વારેવારે એ વિચાર આવ્યા કરતો હતો કે હું અંગ્રેજી ભણું એમાં મહાદેવજીનું શું બગડી જવાનું હતું? ગામના બીજા છોકરા પણ અંગ્રેજી તો ભણે જ છે! આખરે મને એક તુક્કો સૂઝ્યો. મહાદેવે 'કોલ' આપવામાં જરૂર કોઈકે ભૂલ કરી હશે; ફરી 'કોલ' માગ્યો હોય તો?—

હું પથારીમાં બેઠો થઈ ગયો. મેં ચારે પાસ જોયું, કોઈ જાગતું નહોતું. કોઈ ન જાણે એમ બિલાડીને પગલે હું બહાર નીકળ્યો અને અંધારામાં સીધો બ્રહ્મેશ્વરના મંદિરને રસ્તે ચાલવા લાગ્યો.

જેમ જેમ હું મંદિરની પાસે જતો હતો તેમ તેમ એક બીજો સવાલ મારા મનને સતાવવા લાગ્યો. 'કોલ' લેવા માટે પૂજારી આવાની જરૂર પડે. આ અરધી રાત્રે શંકરગરને ક્યાંથી લાવવો? વળી વિચાર કર્યો કે આવોફાવો કાંઈ નહિ; 'કોલ' આપણે જાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ લેવો! મંદિરની બાજુમાંની તળાવડીમાં ડૂબકી મારી એમ ને એમ નીતરતે કપડે મંદિરમાં પેસીને —

શું કરવું તે વિષે હું નિર્ણય કરી ન શક્યો. પણ હું મંદિર પાસે પહોંચ્યો ત્યારે મંદિરના આગલા સભામંડપમાં કોઈ આંટા મારતું હોય એવો ભાસ થયો. ભૂતના વિચારે મારું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું. છતાં હિંમત રાખી દીપમાળના સ્થંભની આડે છુપાઈ રહી થડકતે હૈયે એ શું છે તેની ખાતરી મેં કરવા માંડી.

એ આંટા મારતી વ્યક્તિ બીજી કોઈ નહિ પણ ખુદ શંકરગર બાવો જ હતી! આનંદથી મારું હૈયું નાચી ઊઠ્યું. જઈ ને બાવાને પગે પડી, કાલાવાલા કરી, ગમે તેમ કરી તેને મહાદેવનો 'કોલ' લેવા સમજાવવો અને જરૂર શંકર ભગવાન પ્રસન્ન થઈ મને મન-ગમતો નિકાલ જ આપશે—

હર્ષભેર હું સભામંડપમાં પેઠો. મારાં પગલાંનો અવાજ સાંભળીને બાવાએ નવાઈ પામી મારી સામે જોયું. નજીક પહોંચતાં જ તેણે પૂછ્યું: 'છોકરા! સાથે કશો દીવો લીધા વિના જ અંધા-રામાં આવ્યો છે?'

'હા.'

'ને કાંઈ જનવર પગ તળે આવ્યું હોત તો?'

'તો આ ત્રાસમાંથી કાયમને માટે છૂટી જાત!'

નજીક આવી મારા વાંસામાં પ્રેમભર્યો હાથ ફેરવતાં ફેરવતાં બાવાજીએ કહ્યું: 'આવાં ગાંડાં ન કાઢીએ, ભાઈ! હજી તો ઘણાં ય વર્ષો બાકી છે!'

'એ બધાં વર્ષો પણ આ ગોરપદું કરવામાં જ વિતાવવાનાં છે ના?' મેં તુરત જ જવાબ આપ્યો.

બપોરનો મારો મહાદેવના 'કોલ'વાળો પ્રસંગ યાદ આવતાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરગર હસી પડ્યો.

મેં આસ્તેથી તેનો હાથ પકડી કહ્યું: 'બાવાજી! મારું એક કામ કરશો?'

તેણે મૂંગા મૂંગા માથું હલાવી હા પાડી.

'અત્યારે જ ફરી શંકરભગવાન પાસે મારે એક કૉલ લેવો છે.'

'શા અંગે?'

'મારે અંગ્રેજી ભણવું કે નહિ તે માટે.'

'તારા મનમાં ખરી વાત શી છે?' તેણે સવાલ કર્યો.

'મારી તો ભણવાની જ મરજી છે!'

'તો છાનોમાનો ભણ્યા જ માંડ!'

'પણ શંકરભગવાનના 'કૉલ'નું શું થાય? બપોરે તો તેમણે મારે ન ભણવું એમ જવાબ આપ્યો છે!'

બાવાજીએ વિકટ હાસ્ય કર્યું. એ ભયંકર હાસ્યનો અર્થ હું તે વેળા સમજી ન શક્યો!

જરા વારે ધીરેથી મારો હાથ ઝાલી તે મને મહાદેવના ગર્ભ-મંદિરમાં ખેંચી ગયો. ત્યાં જઈ શંકરનાં લિંગ તરફ મીટ માંડી તેણે કહેવા માંડ્યું: 'બચ્ચાજી! તને કોણે કહ્યું કે આ દેવ સાચા છે?'

હું સ્તબ્ધ બની ગયો! શંકરગર બાવો ગાંડો તો નથી થયો? મનમાં ભયની શંકા થવાથી મારું હૃદય ધ્રૂજી રહ્યું. છતાં હિંમત આણી તેને રોકવાને ઇરાદે મેં જાણી જોઈને વળી પૂછ્યું: 'શંકરગર! તમારામાં મહાદેવનો પ્રવેશ થાય છે એ વાત તો સાચી ખરી કે નહિ?'

'એ બધું સાવ જૂઠું છે!'

'જૂઠું?' સખત આંચકો અનુભવતાં હું બોલી ગયો.

'હા; જૂઠું, જૂઠું, જૂઠું: સાડીસાત વાર જૂઠું. બચ્ચા! આ પેટની ખાતર માણસને હજાર જાતના વેશ ભજવવા પડે છે, સમજ્યો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારામાં થતો મહાદેવનો પ્રવેશ પણ એવું જ એક ધતિંગ છે. ખુદ મહાદેવ પોતે જો મારા શરીરમાં પ્રવેશ કરતા હોત તો – તો મારાં બાયડીછોકરાં પ્લેગમાં તરફડીને મૂઆં, એ બનત ખરું? છોકરા! તું આ મહાદેવ પાસે 'કૉલ' લેવા આવ્યો છે પણ આ મહાદેવ કેટલા બોટા કૉલ આપે છે, તું જાણે છે? સાંભળ ત્યારે. પ્લેગથી મારી સ્ત્રી બાટલે પડી ત્યારે મેં મહાદેવનો 'કૉલ' લીધો કે મારે તેને શંકરનું તીર્થ પિવડાવવું કે કોઈ દવા આણવી? મહાદેવે તીર્થ પિવડાવવાનો કૉલ આપેલો. એના એ તીર્થને પરિણામે મેં મારી સ્ત્રી ગુમાવી – એ જ રીતે સગા દીકરાને પણ સાથરે સુવાડ્યો – ઉછેરવા આણેલી કોઈકની છોકરી પણ મૃત્યુવશ થઈ! એ ત્રણે વાર આ જ મહાદેવે મને ભરમાવ્યો, છેતર્યો! ઊલટાનું ગામમાં જે જે માણસોએ ડૉક્ટરની દવા કરાવી તેમનાં ઘરનાં સહુ માણસો બાટલે પડેલાં ઊભાં થયાં, અને જેમણે ભગવાનને ભરોસે – 'કૉલ' ને આધારે રહેવાનું સ્વીકાર્યું તેનાં સઘળાં —'

આગળ તે બોલી ન શક્યો. તેની આંખે શ્રાવણભાદરવો ચાલી રહ્યા હતા.

શંકરગરને અંદરથી બહારના સભામંડપમાં હું બેંચી લાવ્યો. થોડી વારે તેનો શોકાવેગ નરમ પડતાં તે શાંત થયો.

'ભાઈ!' તેણે કહ્યું, 'કૉલ શંકર પાસેથી લેવાનો નથી હોતો; કૉલ તો પોતાનું હૈયું જ આપે છે! તારી મરજી અંગ્રેજી ભણવાની છે, બરું? તો હું કહું છું કે શંકરની લેશ પણ ભીતિ કે પરવા કર્યા વિના તું ભણવા જ માંડ! ખૂબખૂબ ભણજે, અને માણસો ભગવાન પર આવી ઘેલી શ્રદ્ધા રાખતા બંધ થાય એવું કાંઈક કરજે!'

એટલું કહી મને એ પોતાની ઓરડીએ લઈ ગયો. અંદરના એક નાના ગોખલામાંથી એક ચીંદરડી આણી તેની ગાંઠે બાંધેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચ્ચીશ રૂપિયા છોડી એણે એ મારા હાથમાં ધર્યા. મને કહેઃ 'આ લઈને તું અહીંથી અત્યારે સીધેસીધો રસ્તો પકડ! મુંબઈ જા, કાંઈક ધંધો કર, છેવટ ભીખ માગ, ગમે તે કર; પણ ભણવાની તારી ઊંડી મરજી છે તો એ કરવું છોડીશ નહિ! જા, સુખી થા!'

શંકરગર આવાએ આપેલા એ પચ્ચીશ રૂપિયા અને એક જૂનું ફાનસ લઈ મેં અરધી રાત્રે એની રજા લીધી. પ્રેમભર્યા ગદ્‌ગદ્‌ અવાજે તેણે કહ્યું: 'બેટા! દીકરો ઘેરથી પરગામ જાય છે ત્યારે ઘરમાંથી મા અગર અન્ય બૈરાં તેને દહીં ખવરાવીને મોકલે છે. મારા જેવા ફક્કડને ઘેર દહીં તો કયાંથી હોય? પણ જરા ઊભો રહે; હું તને ચા કરી દઉં, તે પીને પછી રવાના થજે.'

એ ભાંગતી રાત્રે ખાસ મારા માટે બનાવેલી એ ચા સાવ કડચી હતી. પણ એવી ચા પાઈને પણ એણે ભાવભેર મારું મીઠું મોં કરાવ્યું! ઘેરથી મંદિર તરફ જતી વેળા હું હૈયાકૂટો અને આંધળો હતો; પણ શંકરગરની રજા લઈ ગામ છોડી નીકળ્યો ત્યારે મારી આંખો પૂરેપૂરી ઊઘડી ગઈ હતી, મને નવો પ્રકાશ સાંપડ્યો હતો! આજથી બાર વરસ પહેલાં હું પહેલવહેલો મુંબઈ ગયો. તે વખતે ત્યાં હડતાળ ચાલતી હતી—''

સામેથી એક વ્યક્તિ અમારા તરફ આવતી દેખાઈ. 'પેલા શંકરગર આવાજી જ તમને શોધતા આવતા જણાય છે.' મેં કહ્યું.

નજીક આવી રહેલી આવાજીની એ દેહયષ્ટિ તરફ અમે બંને જણા જોતા હતા. સંધ્યાના એ ઝાંખા મંદ અજવાળામાં જાણે કોઈ ફિરસ્તો પોતે જ આ મૃત્યુભૂમિ પર આવી રહ્યો હોય એવો ભાસ મને એની એ કૃશકાય મૂર્તિ દેખતાં થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોફાન

માનસશાસ્ત્ર અંગેનું એ બહુ સુંદર પુસ્તક હતું. છતાં એનો વાચનમાં મારું મન ચોંટતું નહોતું. એકાદ પાનું વાંચું, વળી પુસ્તક બંધ કરું, વળી બોલું, થોડું વાંચું અને વળી—

કોઈ જુવાનને આવા ચાળા કરતો દેખીએ તો જરૂર એને પ્રેમજ્વર લાગુ પડ્યો છે એમ જ માની લેવાય. પણ મારી બાબતમાં આવો દાખલો આપી શકાય તેમ નહોતો. બાજુની ઓરડીમાં જ મારી પત્ની 'કુંકૂ' માંહેનું ગીત ગણુગણુતી હતી—

'મન સુદ્ધ તુઝં ગેાષ્ટ હાય પૃથિવીમોલાચી' *

મારા જેવા માનસશાસ્ત્રના પ્રોફેસરની પત્નીનો આ ગીતનો પુરાવો શું ઓછો હતો?

એના કર્ણકટુ સ્વરને લીધે વાંચનમાં હું એકાગ્ર નહોતો બની શકતો એમ કદાચ કોઈ શંકા કરે. પણ અહીં તો એવી શંકાને પણ સ્થાન મળે તેમ નહોતું. શ્રીમતી અત્યારે જે ગીત ગણુગણુતી હતી તેમાં સમાયલા સિદ્ધાંત પર જો એનો વિશ્વાસ હોત તો મને એનાં દર્શન કોઈ સિનેમાની રૂપેરી પડદા પર જ થાત—એક સિનેમા-નટી તરીકે! પણ પ્રેમજ્વર ઉપરની દવા તરીકે કડવા ઓસડને બદલે મને શરબતનો પ્યાલો પીવા મળે એવી વિધાતાની જ ઇચ્છા હતી, નહિતર ઘેર બેઠાં બેઠાં જ દુનિયાદારીના પાકા અનુભવી ગણાય

૧ આ મરાઠી ફિલ્મનું હિંદી રૂપાંતર 'દુનિયા ન માને' નામે થયેલ છે.

* દુનિયા આખી ન્યોચ્છાવર કરી દઈએ એવું શુદ્ધ તારું દિલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા અમારાં શ્રીમતીના પૂજ્ય પિતાજી સિનેમાસૃષ્ટિ જેવી ટંકશાળ પડાવનારી દુનિયાને માનવીના ચારિત્ર્યને ખલાસ કરનારાં સ્થાનો તરીકે ગણી કાઢત નહિ.

અંદરથી ગાયનની લહરીઓ વહેતી હતી—

* 'જે વળખિતસે ઔક્ષ મ્હંજી મોટિ લડાઈ'

મેં સંભળાય તેમ જોરથી કહ્યું: 'બરાબર, સાચી વાત છે!'

હસતાં હસતાં બહાર આવી શ્રીમતીએ પૂછ્યું: 'શું?'

બુદ્ધ, શંકરાચાર્ય, ઈશુખ્રિસ્ત વગેરેનાં ચિત્રો માંહેનું ગાંભીર્ય મોં પર ધારણ કરવાનો પ્રયત્ન કરતાં મેં જવાબ આપ્યો: 'જીવન એ એક મહાન યુદ્ધ જ છે.'

શ્રીમતી મારા સામે તાકી રહ્યાં.

ધારણ કરેલી ગંભીરતા જાળવી રાખીને જ મેં ચલાવ્યું: 'નહિતર ઘેરઘેર પતિપત્ની એકબીજાના વારેવારે જીવ ખાઈ જાય છે તે બનવા ન પામત! જીવન એ ખરેખર એક મહાન યુદ્ધ જ છે!'

ઝપટભેર આગળ વધી તેણે મારા બંને હાથ પકડી લીધા.

મેં ગંભીરતાપૂર્વક કહ્યું: 'મને કેદ કરીને કંઈ સજા આપવાનો રાણીસાહેબે હુકમ કાઢવા ધારે છે?'

'ચા પીવાનો!'

'ચા? અત્યારે? એ કરતાં તો કાળું પાણી શું ભૂંડું?'

'કબૂલ! ચામાં દૂધ નહિ નાખું; પછી છે કાંઈ?'

મીનાએ હાજર કરેલા ચાનો ઘૂંટડો લેતાં લેતાં મેં કહ્યું: 'કુંવર જોતો હતો ત્યારે પેલા ગાયનનો અર્થ બરાબર સમજાયો નહોતો. પણ ઘડી પહેલાં....'

હોઠે માંડેલો ચાનો કપ સહેજ બાજુ પર કરતાં મીના મારી

* જીવનને જે એક મહાન યુદ્ધ તરીકે ગણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે એવી તો કંટાઈને જોઈ રહી કે હાથણીની પેઠે શાંતિથી ચાલી જતી ભેંશ ઘડીકમાં ડોળા કાઢી શીંગડાં કેમ માંડતી હશે તેનો મારે મન સવાલ થઈ પડ્યો!

મેં હસીને જણાવ્યું: 'જીવન એ એક મહાન યુદ્ધ જ છે' એ સત્યની પ્રતીતિ હરેક મુંબઈવાસીને ઉનાળો શરૂ થતાં જ થઈ જાય છે. શરીરે પરસેવાના રેલા ચાલી રહ્યા છે, 'પાણી પાણી'ની વારેવારે ધૂમો સંભળાય છે—'

'રાખો હવે, બહુ થયું!' ડોકને આછો મરોડ આપતાં મીના બોલી. 'ઉનાળામાં પણ અહીં મુંબઈ જ પડ્યા રહેવાની તમને કોઈએ સજા તો કરી નથી ના? અપ્પાસાહેબનો ચાર દિવસથી કાગળ આવ્યો છે, પણ તમારે મુંબઈ છોડવી જ ન હોય તેનું શું થાય? દર વરસે અપ્પાસાહેબ કોંકણમાં તેડાવે છે અને દરેક વરસે ગમે તે બહાનું બતાવીને ત્યાં જવાનું આપણે મુલતવી રાખીએ છીએ. અને વાત તો ત્યારે એવી કરો છો કે અમે બંને દિલોજાન દોસ્ત છીએ!'

'દિલોજાન દોસ્તીનો તારો આ અર્થ તો કાંઈ અજબ દેખું! તારે મન તો છ છ મહિના સહકુટુંબ સહપરિવાર જે બીજાને ત્યાં જઈ ધામા નાખે તે જ સાચો મિત્ર, કાં? સત્તર આના વાત! હું તો કહું કે હે ભગવાન! આવા મિત્રથી મને કાયમ બચાવજે!'

× × ×

ઘણી વાર એવું બને છે કે કોઈ ચીજ આપણે ખૂબ ખૂબ સાચવી સંભારીને રાખી મૂકીએ પણ જરૂર પડતાં કોઈ રીતે તે જડે જ નહિ. કોંકણમાં અપ્પાને ત્યાં જવાના સારા નિશ્ચય અંગે આમ જ બન્યા કરતું હતું. ચાર વરસ સુધી કોલેજની રેસીડન્સીમાં અમે બંને એક જ રૂમમાં સાથે રહ્યા, છતાં એક પણ વખત હું તેની સાથે કોંકણમાં જઈ શક્યો નહિ! ઉંમરલાયક કન્યાનો બાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં ઘણી વાર ધારે છે કે 'આ વરસે તો હવે નક્કી પતાવી દેશું!' પણ વરસ નીકળી જાય, એમ હું પણ અપ્પાસાહેબને વાયદા આપે જતો હતો. અને છતાં સંજોગ એવા બનતા કે હું જઈ જ શકતો નહિ! ગયે વર્ષે તો થાકી જઈને તેણે બીક પણ બતાવેલીઃ 'હવે તો મીનાભાભીને લઈ જાઉં ને તેઓ માંદાં છે એવો તાર ન કરું ત્યાં સુધી તું આવવાનો જ નથી!' અને છતાં અપ્પાસાહેબનું એ બ્રહ્માસ્ત્ર પણ કારગત નીવડ્યું નહોતું!

આખરે એક દિવસ સવારના પહોરમાં અમે બંને ખરેખર અપ્પાસાહેબને આંગણે જઈ ઊભાં રહ્યાં! એની નવાઈનો પાર નહોતો. 'ભલા માણસ! એક સાદું પત્તું તો લખવું'તું?' આવકારમાં હસીને મારા વાંસામાં ધબ્બો લગાવતાં તેણે કહ્યું.

મેં સામો સવાલ કર્યોઃ 'કેમ, સ્વાગતાધ્યક્ષને ભાષણ લખવાનો અવસર ન સાંપડ્યો, એ ન ગમ્યું?'

પણ એને ત્યાંના આદરાતિથ્ય–સ્વાગતમાં કશી ખામી નહોતી. ખરું જોતાં એના ઘરમાં અપ્પા સિવાયનાં બધાં માણસો મારાથી તો અજાણ્યાં જ હતાં. પણ એના વૃદ્ધ પિતાજી અને માતા, એના મોટા ભાઈ અણ્ણા અને નાની બહેન 'તાઈ', એ બધાંની સાથે થોડા કલાકના સહવાસમાં અમે એવાં તો હળીમળી ગયાં અને એટલી તો છૂટથી રહેવા લાગ્યાં કે અજાણ્યો માણસ અમે આજે જ હજુ મહેમાન તરીકે આવ્યાં છીએ એમ કહીએ તો માને પણ નહિ! એમાં વળી નાની ભાભી તો અમારે ત્યાં આવી પણ ગયાં હતાં.

જૂનાં રોજનાં રમકડાંથી કંટાળી ગયેલા બાળકને નવાં રમકડાં મળે ને આનંદ થાય તેવી અમારી બંનેની દશા થઈ હતી. ફૂલઝાડોની વિપુલતા માણવી હોય તો મુંબઈમાં મલબાર હિલ ઉપર જવું પડે! પણ અહીં તો પગંલમાં પડ્યાં પડ્યાં જરા પડખું ફેરવીએ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને એમ જ લાગે કે જાણે બગીચામાં જ બેઠા છીએ! ઊંચે ઊંચેનાં ફૂલો ઉતારવા જ્યારે અપ્પાના પિતાશ્રી આંકડી લઈને બગીચામાં જતા ત્યારે તેમની સાથે રખડવામાં મને બેહદ મજા આવતી; તેમની સાથે વાતોના તડાકા મારવાનો આનંદ અનેરો હતો. તાજાં ખીલેલાં ફૂલોની સુંદરતા અદ્‌ભુત હતી! ઉનાળો હોવા છતાં વહેલી સવારનાં દવબિંદુઓ જાણે ફૂલો ઉપર ગુલાબજળ છાંટયું હોય એમ શોભી ઊઠતાં. સોળ વર્ષની કુમારિકા સહેજ શરમાતાં પરસેવાનાં બિંદુઓ એની મોહક મુદ્રા પર જે અનેરી શોભા આણે એનાથી પણ આ બાગનાં ખીલેલાં પુષ્પોની સુંદરતા મારી દૃષ્ટિએ ચડી જાય તેવી હતી!

કુદરતી સૌંદર્યમાં માનવીને યુવાની બક્ષવાની શક્તિ રહેલી છે એ તો નિઃસંદેહ વાત છે. કાયાકલ્પ માટે કઈ કઈ વનસ્પતિઓ આવશ્યક છે એ તો હું નથી જાણતો; પરંતુ અપ્પાસાહેબના એ સાદગીભર્યા આંગણામાં લીલાંછમ વૃક્ષોની છાયામાં ફરતાં ફરતાં હું મારી વિદ્યાર્થિદશા જાણે ફરી ઉપભોગી રહ્યો છું એમ લાગી જતું. સદા ય ડામરની સડકો જોવા માટે જ ટેવાયેલી આંખોને વૃક્ષોને પાંદડે-પાંદડેથી ઉભરાઈ રહેલો લીલો રંગ અસાધારણ આકર્ષક લાગે છે. કેળના સુંવાળા થડ પરથી હાથ ફેરવતાં મને જેટલો આનંદ થતો તેટલો જ આનંદ ધોળા ચંપાના ખરબચડા થડને જોઈને થતો. ઊંચે આકાશમાં લટકી રહેલી નાળિયેરીનાં પાંદડાંઓ તરફ જ હું કેવળ તાકી રહેતો એમ નહિ; જમીનમાંથી પોતાના હાથ સહેજ બહાર કાઢી રસિકોને 'આવકાર' આપતા ભોંયચંપા જોવામાં પણ મને એટલી જ મજા પડતી. ચિત્રવિચિત્ર દૃશ્યો – અનુભવો જોવા – જાણવા માટે માનવીનું મન સદા ય ભૂખ્યું જ હોય છે!

વિચિત્ર અનુભવોની આ અદમ્ય ભૂખને કારણે જ ત્યાં પહેલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ દિવસે એક પ્રસંગ બની ગયો. કૂવાનું પાણી કાઢવા માટે અપ્પા-સાહેબના વડીલે એક ઢીંકવો ગોઠવ્યો હતો. એની રચના પદાર્થ-વિજ્ઞાનશાસ્ત્રના કયા નિયમ ઉપર ગોઠવાઈ છે એ હું એ મુરબ્બીને જરૂર ઘણી સહેલાઈથી સમજાવી દેત; પણ જ્યારે એ વૃદ્ધ ઢીંકવાથી પાણી સીંચીને મને નવરાવવા હાજર થયા, ત્યારે મારી મૂંઝવણ વધી પડી. કયો જુવાન વૃદ્ધ માનવી પાસે પોતાને માટે મહેનત કરાવવાનું પસંદ કરે? પરંતુ માનસશાસ્ત્રમાં હું ગમે તેવો કાબેલ હોઉં પરંતુ ઢીંકવાને તો મેં આપગોતર દેખ્યો નહોતો! હવે શું થાય?

પણ આ પ્રશ્નનો પૂરતો વિચાર કરવાની તક એ વડીલશ્રીએ મને સાંપડવા ન દીધી. પાણી ખેંચતાં ખેંચતાં તેમણે જ મને સંભળાવવા માંડ્યું: 'પ્રોફેસર! હું તો ખાત્રીથી માનું છું કે તમારી પેઢી સ્વરાજ મેળવી જ શકવાની નથી!'

નહાવા માટે તૈયાર થઈ હું તો પથ્થરના બાજોઠ પર ઊભો હતો. ત્યાંથી હું તેમને શો જવાબ આપું? કૂવાની છાબડી ઊંચકીએ તેટલી સહેલાઈથી તેમણે પાણીની ભરેલી ત્રાંબાકૂંડી મારા તરફ આણતાં કહ્યું: 'અમારા અપ્પાની જ વાત કરો ને? નાનપણ બધું અહીં વીત્યું છે પણ એને આ રીતે પાણી ખેંચતાં આવડે તો મારા જ સમ!'

ઢીંકવેથી પાણી ખેંચવાને અને સ્વરાજ મેળવવાને શો સંબંધ છે એ તો જાણે મારા મગજમાં કોઈ રીતે ઊતર્યું નહિ; પરંતુ એમના ઉદ્‌ગારોએ મારા ઊંડાણમાં ભરાયેલા અહંને પ્રહાર તો કર્યો જ હશે. મારાથી બોલ્યા વિના ન રહેવાયું, 'બોલો, એમાં શી મોટી વાત છે? એ તો મને પણ આવડે!'

ખરેખર કરી બતાવવાની જ માથે આવી પડશે એમ તો મેં માનેલું નહિ; પણ ડોસાજીએ તો તુરત બાજુ પર બસી જાણે પ્રત્યક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી બતાવવાનો પડકાર જ આપ્યો ! નાઇલાજ મારે કૂવાને કાંઠે જઈને ઊભા રહેવું પડ્યું.

હરકોઈ નજીવા દેખાતા કામમાં પણ કેટલી કુશળતાની જરૂર રહેલી છે એનો ખરેખરો ખ્યાલ મને તે વેળા જ આવ્યો. મેં ઢીંકવાનું દોરડું હાથમાં તો પકડ્યું પણ કૂવા પર આગળ વધી ઊભા રહેવું કે ન રહેવું એ વિષે ક્ષણભર મારા મનમાં મેં અસાધારણ મૂંઝવણ અનુભવી. બીજી બાજુ પેલા ડોસાજી તો જાણે પરીક્ષા લેવા ઊભા હોય તેમ મારી સામે તાકીને જ જોઈ રહ્યા હતા ! વૃદ્ધ પાસેથી જુવાનને ઉત્તેજન મેળવવાની વેળા દુનિયાના ઇતિહાસમાં પણ એ પહેલવહેલી જ કદાચ ઊભી થઈ હશે !

આખરે મનમાં હિંમત આણી હું આગળ વધ્યો. દોરડા પર ચાલવાની જાણે કસરત જેવું જ એ કામ હતું. નીચે પાણી, એક બાજુ પેલા વૃદ્ધ જોઈ રહ્યા છે—અને પગ તો થરથર ધ્રૂજી રહ્યા છે ! ઢીંકવાની ડોલ પાણીમાં બુડાડવી શી રીતે એનું જ્ઞાન ન હોવાથી મેં ખૂબ જોસબંધ ખેંચવા માંડયું. પરિણામે મેં સમતોલપણું ગુમાવ્યું અને હું જ અધવચ્ચ તોળાઈ રહ્યો !

જાણે કે કશો અકસ્માત તો ન થયો, પણ અપમાન તો પૂરેપૂરું થઈ ચૂક્યું ! મારા પગ જમીનને અડે તે પહેલાં જ ઘરનાં બધાં માણસો કૂવા પર હાજર થઈ ગયાં હતાં; બેશક, મીના પણ એમાં હાજર હતી જ ! એ વખતે તો જાણે એના ય હોશકોશ ઊડી ગયા હતા, પણ રાત્રે એણે એવી તો મશ્કરી કરી કે ન પૂછો વાત ! એ વેળા પુરાણકાળમાં સીતા અને દ્રૌપદીએ કરેલાં 'પણ'નું મને ખરેખરું મૂલ્ય સમજાયું. મેં પણ મનમાં પ્રતિજ્ઞા લીધી કે ઢીંકવાથી પાણી ખેંચીને આ મીનાને ઠંડીથી થરથરવા માંડે ત્યાં સુધી તરબોળ ન કરું તો હું માનસશાસ્ત્રનો પ્રોફેસર નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં યુક્તિ કરી. બપોરના ભોજન પછી સહુ જરા આડે પડખે થાય એટલે હું મીની બગે બહાર નીકળી કૂવા પર જઈ પહોંચતો, અને ઢીંકવાથી પાણી ખેંચવાનો પ્રયોગ કરી અનુભવ લેતો. ચારપાંચ દિવસમાં તો એ કામમાં હું એવો પાવરધો બની ગયો કે મીનાના એરિંગનું એકાદું મોતી કૂવામાં પડયું હોત તો તે શોધી કાઢવા હું એકલો આખો કૂવો ઉલેચી નાખવાની જરૂર હામ ભીડત!

મારી આ તાજેતરમાં હસ્તગત કરેલી વિદ્યાનો પ્રયોગ હવે મીનાને ક્યારે કરી બતાવું એની હું તક શોધવા લાગ્યો. અને એ તક તુરત સાંપડી. અપ્પાના વડીલ પૂજ્યમાં તલ્લીન બન્યા હતા; બંને ભાઈઓ દૂરના રાનમાં નાળિયેરો ઉતરાવવા માટે માણસો લઈને વહેલી સવારના ચાલ્યા ગયા હતા, અને એક કલાક સુધી હજુ પાછા ફરે તેમ નહોતા; માજી નવેણે રસોડામાં રસોઈ કરવામાં રોકાઈ રહ્યાં હતાં, અને ભાભીશ્રી પોતાના લાડીલા અરવિંદને રમાડવામાં મશગૂલ બન્યાં હતાં. ઓશરીમાં બેઠાં બેઠાં બોળામાં તેઓ અરવિંદને રમાડી રહ્યાં હતાં તે તેમના બોલ પરથી જણાઈ આવતું હતું. ઘણુંખરું તેમની પાસે મૉટરનું રમકડું હશે. તેઓ અરુને પૂછતાં હતાં: 'બેટા અરુ! તું ક્યાં બેસીશ?' 'અને દાદાજી?' 'અને માજી?' અને સામેથી બાળક અરુ પણ એ વેંત એકની મૉટરમાં ઘરનાં એકએક માણસ માટે બેસવાની જગ્યા નક્કી કરી રહ્યો હતો! એવડી નાનકડી જગ્યામાં સહુને દાબીદાબીને ભરી દેવાની અરવિંદની ગોઠવણને ભાભી સકૌતુક આવકારી રહ્યાં હતાં.

અને મારાં રાણીસાહેબ અમને મળેલી ખાસ અલગ રૂમમાં બેઠાં બેઠાં કેશભૂષા કરવામાં રોકાઈ રહ્યાં હતાં! ધીમે રહી તેની છેક નજીક જઈ મેં કહ્યું: 'ચાલ, એક ગમ્મત બતાવું.'

'ગમ્મત બતાવવા જાણે હું નાનકડું બાળક જ હોઈશ, ખરું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઓહો! હજુ બાળક થયું નથી ત્યાં જ મોટી ડોશી બની ગઈ ને શું? ચાલ ચાલ, આવી અજબ ચીજ જોવાનું તો જન્મારામાં પણ નહિ ધાર્યું!'

'કેમ, કોઈ નવી જાતનો સાપ છે શું?'

'સ્ત્રીની જાત આખરે બીકણ ને બીકણ જ રહી!'

'એ વાતમાં જાણે કાંઈ માલ નથી, સમજ્યા? તે દિવસે નમ પુરુષોની હિંમતનો દાખલો પ્રત્યક્ષ ક્યાં નથી જોયો?'

મારી ત્રિશુંકી જેવી બનેલી ઢીંકવા પરની દશા વિષે આ ઉલ્લેખ હતો! ટકોર કરી હસતાં હસતાં મીનાએ પોતાના જમણા હાથનાં આંગળાં એવી ખૂબીથી હોઠ પર ગોઠવ્યાં કે એ દૃશ્ય જોતાં જ જોનાર મોહાઈ પડે! પણ અત્યારે મોહને બદલે મારા પર ક્રોધે જ વિજય મેળવ્યો હતો.

'ન આવવું હોય તો છો રહ્યું!' મેં તિરસ્કારથી કહ્યું.

જરા ડોળા કાઢી બતાવતાં નાનું બાળક કેવું ગભરાઈ જાય છે? સદા કાળ નાનાં બાળકોની સાથેનો જ સહવાસ હોવાથી સ્ત્રીજાતિમાં પણ આ ભીતિ પેસી ગઈ લાગે છે! ઊઠી ઊભા થતાં થતાં મીનાએ કહ્યું: 'ટીચકું ચડતાં કાંઈ વાર લાગે છે?'

'માટે તો આમ નકટા થવું પડે છે! નહિ તો—'

હવે મારા ટીચકાને બદલે મીનાનું ટીચકું ચડવાનો વારો આવ્યો હતો. આવો ગુસ્સો પણ પતંગિયા જેવો જ હોય છે—ઘડી અહીં, ઘડી તહીં—

કૂવા પર પહોંચી મેં તુરત ઢીંકવાનું લાકડું પકડ્યું.

'હું, હું!' મીનાએ ગભરાઈ ઊઠતાં કહ્યું.

'સ્ત્રીઓ બીકણ જ હોય છે!' મેં હસતાં હસતાં ટકોર કરી. અને એકદમ આગળ વધી મેં ઢીંકવાની કાડી નમાવી ડબ્બો પાણીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠુમાડ્યો, અને રોફભેર મીના તરફ જોયું. માનવીની જંગલી અવસ્થામાં પોતાના વાલમે કોઈ હિંસ્ર પશુને માર્યા પછી તેની પ્રિયતમા ભરીભરી નજરે એના પરાક્રમની કદર કરતી હશે, એવો જ ભાવ અત્યારે મીનાની દૃષ્ટિમાં ઊતર્યો હતો!

મેં પાણીનો ભરેલો ડબ્બો બહાર કાઢ્યો અને આંખના પલકારામાં એ પાણી મીનાના શરીર પર છાંટ્યું. વરસાદમાં ભીંજાયેલ પંખીની પેઠે શરીર થથરાવી તેણે એ પાણી ખંખેરી નાખ્યું, અને ઊંચું મોં કરી મારા તરફ ક્રોધભરી નજરે જોતાં બોલી: 'અરે, પણ કોઈ જોઈ જશે તો શું કહેશે?'

'શું કહે વળી? કહીશ કે ચિત્રની તૈયારી કરું છું!'

'ચિત્રની?'

'હા; સ્નાન કરતી રમણીનું ચિત્ર હું ચીતરવાનો છું. વળી એ ચિત્ર પૃષ્ઠભાગ તરફથી ખેંચેલું નહિ પણ—'

અને ઝડપ કરતાં બે ડગલાં ભરી મેં મીનાના હાથ પકડી લીધા. મનનાં એમ જ લાગતું હતું કે અમે અત્યારે કોઈ લતાકુંજમાં છીએ. કોઈ જોઈ જશે એવો ભય ન હોય ત્યારે કોઈ પણ જાતની ક્રીડામાં ઓર રંગ જામે છે. એ નિયમમાં પ્રણય કાંઈ અપવાદ રૂપે તો ન જ હોય!

અમારી આ ક્રીડાએ કેટલો સમય લીધો હોત તે કહેવાય નહિ. પણ જરા દૂરની નાળિયેરી પાછળ કોઈ હલચલ થતી હોય એમ મને લાગ્યું. તુરત મીનાના હાથ છોડી દઈ હું સહેજ બાજુ પર ખસી ગયો.

એ તાઈ જ હતી. અમારા તરફ જોઈ રહેલી એની આંખોમાં કેવા કેવા વિચિત્ર ભાવો ભર્યા હતા! મને વિચાર થયો: આ કાળી, કૂબડી, બઠ્ઠી બાઈને મીનાના સૌંદર્યની ઈર્ષ્યા તો નહિ આવતી હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાઈ પૈતાની સાથે બધાની પેઠે ખુલ્લા દિલથી વાતો કરતી નથી એવી મીનાએ મને એકાદ બે વાર ફરિયાદ પણ કરેલી. આવા હેતાળ કુટુંબમાં એક આ દીકરી જ બળિયેલ સ્વભાવની હોય તેથી મને ભારે નવાઈ લાગ્યા કરતી. પણ મેં મારા મનને સમજાવ્યું કે દુનિયાના મોટા વાડામાં એકાદ કડવી તૂંબડી નીકળી જાય, એમાં જ માનવી સૃષ્ટિની વિશિષ્ટતા – વિચિત્રતા રહેલી છે.

કૂવા પર બની ગયેલા આ અમારા પ્રથમનાટકમાં અલ્પપુરુષ પેઠે તાઈ એકાએક આવી ઊભી. પરંતુ રાત્રે ચાંદનીમાં ફરતી વેળા તે અમારી વચ્ચે આવી વિઘ્નરૂપે નહે તેમ નહોતી. ઘરમાં સોપો પડ્યા પછી મીના અને હું ચોરપગલે દાદર પરથી ઊતર્યાં. ભય-મિશ્રિત પ્રેમની મીઠાશ પણ અનેરી હોય છે...પાકેલો પીચના ફળ સમી જાણે!

બહારના આંગણામાં વૃક્ષોની છાયા વડે ચાંદની જાણે રાંગોળી પૂરતી હતી. મીનાનો હાથ પકડી હું એમાં આગળ વધતો હતો તે વેળા જાણે ક્ષીણભર્યાં સાગરનાં મોજાંઓ પર જ અમે ઝૂલી રહ્યાં છીએ એમ મને લાગતું હતું. ફાટક વાસી દેતી વેળા મેં ઘર તરફ નજર ફેંકી. એક ઓરડામાં દીવો પૂર પ્રકાશમાં જલી રહ્યો હતો.

'એ કોનો ઓરડો છે? ભાભીની સાથે નિરાંતે હૃદય ખોલી વાતો કરવાને બદલે અપ્પા શું કોઈ કેસનાં કાગળિયાં વાંચતો હશે?'

'એ ઓરડો તો તાઈનો છે!' મીનાએ કહ્યું.

'અત્યાર સુધી જાગે છે? એવડું બધું શું એને કામ હશે?'

'નવલકથાઓ વાંચવાનું!'

આગળ વાડીમાં જઈ મીના સાથે વાતો કરવામાં હું આ હકીકત પછી ભૂલી જ ગયો. વાડીમાં પથરાયેલી સામાન્ય માટી પણ રાત્રે ચાંદનીમાં જાણે ચમકી રહી હતી. એવે સ્થળે પછી અમારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈયાનાં પુષ્પો સોળે કળાએ ખીલી ઊઠે એમાં શી નવાઈ?

એ ખીલેલાં ફૂલોની સુવાસના કેફે અમને સમયનું ભાન પણ ભુલાવી દીધું. મધરાત થઈ ગયાનું પણ ખ્યાલમાં ન રહ્યું. બાજુની કેડીએથી એક વ્યક્તિ પસાર થતી દેખાઈ. આગળ ચાલી એ અમારા ઘરમાં જ દાખલ થતી હોય એમ જણાયું. ઘણું કરીને તે અણ્ણા જ (મોટા ભાઈ) હતા. મને થયું કે કોઈ મંદિરમાં કશી કથા અગર ભજન સાંભળવા ગયા હશે. ગામડામાં આવું તો રોજ ચાલતું જ હોય!

આંગણામાં આવી પગથિયાં ચડતાં ચડતાં સહેજે મારી નજર ઊંચે ગઈ. તાઈના ઓરડામાં હજુ પણ દીવો બળતો હતો. દુનિયામાં લખાયેલી સઘળી નવલકથાઓ વાંચી કાઢવાનો જાણે એણે નિશ્ચય કરી લીધો હોય એમ લાગ્યું!

પ્રકૃતિના અને મીનાના એ સૌંદર્યભર્યા સહવાસમાં કોંકણનું પખવાડિયું જાણે બેપાંચ પળોની પેઠે જ પસાર થઈ ગયું. ત્યાંના કોકમના પન્હાની મીઠાશ તો જાણે પીતાં ન ધરાઈએ એવી જ હતી; પણ તેમાં ય સહુ સાથે બેસી એક વાર અમે પન્હું પીતાં હતાં ત્યારે નજરચૂકથી કરી, ચોરીને, મીનાએ પોતાનો પીધેલો અજીઠો કપ મને પાયો ત્યારની એની મીઠાશ તો હજારગણી વધી ગઈ હતી! અમારાં લગ્ન થયાંને બે વરસ વીતી ગયાં હતાં; પરંતુ મધુરજનીનો સાચો આનંદ તો અમે અહીં જ માણ્યો.

ચા પીતી વેળા અગર સહુ સાથે બેસી ભોજન કરતા હોઈએ તે વેળાની વાતોનો રંગ પણ અજબ જામતો. અણ્ણા ગામડાની વાતો કહીને હસાવતા; અપ્પા પોતાના અસીલોના અને કોરટના અનુભવો કહી સંભળાવતો; અને માનસશાસ્ત્રના પ્રોફેસર તરીકે એ સઘળા દાખલાઓ પર હું મારું નવું દૃષ્ટિબિંદુ માંડી સહુને એ રીતે જોતાં શીખવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે એક વખત વાતો ચાલતી હતી. એક નાના બાળકે કેવી સિફતથી ચોરી કરી હતી તેનું વર્ણન અપ્પા આપતો હતો. અણ્ણાએ કહ્યું: 'હમણાં ચોરીઓનું કામ બહુ વધી પડ્યું છે. એવા હલકટ લોકોને તો બરાબરની યાદ રહી જાય તેવી શિક્ષા થવી જોઈએ!'

મેં સરલ ભાવે કહ્યું: 'દુનિયામાં ચોર કોણ નથી?'

તે જ વખતે કશું પીરસવાને નિમિત્તે તાઈ મારા ભાણા સામે જ આવી પહોંચી હતી. તેની દૃષ્ટિમાં એક અજબ ચમકારો પસાર થઈ ગયો. પણ એ વખતે હું એનો વિચાર કરવાની દશામાં નહોતો. મારા કથનથી નવાઈ પામી અપ્પાના વડીલ તે વખતે મારી સામે તાકી રહ્યા હતા.

મેં આગળ ચલાવ્યું: 'ચોરી કર્યાની જવાબદારી ચોરને માથે ઓઢાડી દઈ આપણે છટકી જઈએ છીએ. પણ માનવી શું જન્મથી જ ચોર હોય છે? સમાજને સાજની માણસો ગમે છે – જોઈએ છે ખરા; પરંતુ માનવીની સાથે સમાજ એવું વર્તન દાખવે છે કે પરિણામે સાજની માણસો કરતાં ચોરો જ વધારે પેદા થાય! એમ શું, મેં પણ નાનપણમાં ચોરી કરેલી!'

મીના મારા તરફ ક્રોધભરી નજરે જોતી હતી, પણ તાઈની નજરમાં ક્રોધનું નામનિશાન નહોતું; તિરસ્કાર પણ નહોતો. એની દૃષ્ટિમાં કેવળ ઉત્કંઠા જ માત્ર ભરી હતી.

ગરીબાઈને કારણે મારે પુસ્તકો મેળવવાની મુશ્કેલી પડતી. મારે જોઈતી બે ચોપડીઓ એક પૈસાદારના છોકરા પાસે હતી; સિફતભરી રીતે મેં એ બંને ઉઠાવી લીધી, અને એ પુસ્તકોની મદદ મળી તો જ હું મેટ્રિકમાં ઊંચે નંબરે આવ્યો અને મને સ્કોલરશીપ પણ મળી. મેં મારા એ પરાક્રમનું વર્ણન બરાબર મીઠું મરચું ભભરાવીને કર્યું. છેવટે મેં કહ્યું: 'જો એ ચોરી મેં કરી ન હોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મને કૉલેજમાં દાખલ થવાનો અવસર સાંપડત નહિ, અને તો આ મીનાબાઈ મારા ગળામાં વરમાળા પણ આરોપત નહિ!'

મારા છેવટના વાક્યે સહુને ખડખડાટ હસાવ્યાં. છતાં હું કોઈ વિપરીત સિદ્ધાંતનું પ્રતિપાદન કરું છું એવો ભાવ દરેકના મોં પર સાફસાફ દેખાઈ આવતો હતો. એ બધામાં તાઈ માત્ર નિર્વિકાર હોય એમ લાગ્યું.

પણ ચોરીનું આવું સમર્થન સાંભળીને અપ્પાએ ગોખી રાખેલો પિનલકોડ કાંઈ છાનો રહે? એણે જોસભેર લગાવ્યું: 'એ ચોરી કરતાં તું જો પકડાઈ ગયો હોત તો બરોબરની બો ભૂલી ગયો હોત!'

મેં હસતાં હસતાં જવાબ આપ્યો: 'મારી વાત જાણો કે જવા દઈએ! પણ સમાજ એટલે કાંઈ જેલખાનું તો ન જ હોઈ શકે. છતાં સમાજમાં દરેક માનવીને પોતાનું જીવતર સ્વતંત્ર રીતે ઘડવાની છૂટ છે ખરી? દરેકને પોતાની લાયકાત બતાવી આપવાની – કશું પરાક્રમ કરી બતાવવાની તક સાંપડે છે ખરી? જે સમાજ આવી જાતની મોકળાશ – સ્વાતંત્ર્ય આપી શકતો નથી, તે સમાજમાં ચોરીઓ તો થવા જ કરવાની. પછી એ ચોરીઓ ચાહે તો પૈસાની બાબતમાં બને અગર તો કોઈ બીજી બાબતમાં બને!'

× × ×

એવા અતિ વહાલભર્યા કુટુંબની રજા લઈ મુંબઈ આવતી વેળા અમે તેમને સહુને મુંબઈ અમારે ત્યાં આવવાનો ખૂબખૂબ આગ્રહ કર્યો. એ આગ્રહમાં અમે–મીનાએ તાઈને પણ છોડ્યાં નહોતાં! મીનાએ તો તાઈને અમારા ઘરનું પાકું વિગતવારનું સરનામું, જગ્યાની સુંદરતા, એ બધાનું વર્ણન કરી સમજાવ્યું હતું.

અને ખરેખર અમે એમ તો નહોતું જ ધાર્યું કે આટલા અમારા આગ્રહને લીધે તુરત અમારે ત્યાં કોઈ ઊતરી પડશે! મીનાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ખાત્રી હતી કે આ બધું વહેવારની રીતે બોલાયા કરે. પણ અમારા મુંબઈ પહોંચ્યા પછી ચોથે જ દહાડે રાત્રે અચાનક અપ્પાએ અમારા બારણાની ઘંટડી વગાડી ત્યારે અમારી નવાઈનો પાર ન રહ્યો. અપ્પા આવીને અંદર બેઠા ત્યારે પણ 'કાં, આવી પહોંચ્યા?' એટલો સાદો વિવેક કરવાનું પણ હું ભૂલી ગયો!

અપ્પાના ચહેરા પર ઉદાસીનતા છવાઈ હતી. મને તરત થયું કે કશા અણઘટતા સમાચાર નક્કી છે. તેનાં માબાપ હવે બડચું પાન જેવાં જ હતાં, એટલે—

અપ્પાએ મારો હાથ પકડ્યો, પણ એનો હાથ થરથર ધ્રૂજતો હતો. એણે આખરે કહી નાખ્યું: 'શી વાત કરું? ગજબ કર્યો છે! રાં... દુષ્ટાએ અમારી આબરૂના કાંકરા કર્યા!'

'એટલે?'

'તાઈ ઘેરથી નાસી ગઈ છે!'

'નાસી ગઈ છે?'

'કોઈને કહ્યા વિના જતી રહી છે. તું ગયો તે પછી બીજે જ દિવસે એ ચાલી નીકળેલી. ગામમાં ચારે કોર શોધ્યું. પછી અમને એમ થયું કે હમણાં જ તું આવી ગયો હતો અને તારું સરનામું પણ એણે બરાબર જાણી લીધું હતું એટલે કદાચ અહીં આવી હોય!'

'પણ એ અહીં આવી હોત તો અમે તુરત તમને તારથી જ ખબર આપત ને?'

'નાનપણથી તાઈને ફૂલની જેમ સાચવી ત્યારે આખરે આ લાભ આપ્યો!'

તાઈનું ચિત્ર મારી કલ્પનાચક્ષુ સામે બહુ થયું: કાળી, કૂબડી, ઘૂંઘડા જેવી જાડી! આવી સ્ત્રી ઘરમાંથી નાસી જાય? એને કોણે ભગાડી હોય? અથવા પ્રેમ આંધળો હોય છે, એ કહેવત શું સાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડશે? તાઈ મીંઢડી છે એમ મને મીના કહેતી તો હતી—

મેં સવાલ કર્યોઃ 'કશો કાગળબાગળ પણ નથી?'

'કાગળ તો ઘણો મોટો લાંબો લખતી ગઈ છે! પણ એ કાગળનું કરવું શું? એ કયાં ચાલી ગઈ હશે તે જાણવાનું કશું સાધન નથી. જો તાઈ પાછી ન આવે તો અમારાં નાક પૂરેપૂરાં કપાઈ જાય! પૂનાના એક સગાને ત્યાં તે ગઈ છે એવું ગપ્પ મારી હાલ તો પાડોશીઓનાં મોં બંધ કર્યાં છે. પણ—" બંને હાથ કપાળે જોરથી દાબીને દીન વદને અપ્પા મારા તરફ જોઈ રહ્યો.

એની એ ગરીબડી દશા જોઈ મને તાઈ પર પુષ્કળ ક્રોધ ચઢ્યો! નીચ કૃતઘ્ની કહીંની! જેમણે એને ફૂલની જેમ સાચવી હતી એમનાં જ હૈયાં પર ધગધગતા અંગાર ચાંપીને એ પલાયન થઈ ગઈ! ઘરમાં એને શાની ખોટ હતી? માબાપ, ભાઈ, ભોજાઈ, બે વખત પેટ ભરીને ભોજન—માનવી પશુ કરતાં પણ ઘણી વાર હીન બની જાય છે એ જ સાચું છે!

અપ્પાએ બીસામાંથી એક પાકીટ કાઢી મારા હાથમાં મૂક્યું. પાકીટ બોલેલું જ હતું. ખૂબ ઉત્કંઠા સાથે મેં તે વાંચવા માંડ્યું—

"પૂજ્ય બાની સેવામાં,

છોરુ તાઈના સાષ્ટાંગ દંડવત પ્રણામ.

"બા! આજે તને મૂકીને દૂર દૂર ચાલી જાઉં છું. કુટુંબમાંથી ચાલ્યા જવાની વેળા તો દરેક દીકરીને જાણે આવે જ છે; પણ એ સમય ભારે આનંદનો—હરખનો હોય છે! તે વેળા બાને મૂકીને નીકળતી દીકરીને પતિનો આધાર મળેલો હોય છે; ગૃહલક્ષ્મી તરીકેનાં અનેક મીઠાં મધુરાં સ્વપ્નાં તેની નજરે એ વેળા નાચતાં હોય છે!

"પણ બા! આજે તો હું એકલી જ બહાર ચાલી જાઉં છું. બહાર ઘોર અંધકાર ફેલાયેલ છે એ હું જાણું છું. પણ ઘરમાં મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલ્લી હવા મળતી નથી તેથી મારો જીવ મૂંઝાય છે એટલે શું કરું? અહીં ગૂંગળાઈ મરવા કરતાં અંધારામાં ઠેબાં ખાઈને મરી જવામાં શો વાંધો છે? મારી આ મુસાફરીમાં અનેક ઠેસો લાગવાની જ છે; પગે લોહી પણ વહેશે. પણ મારામાં મારે પગે ચાલવાની શક્તિ છે, હું લૂલી કે લંગડી નથી બની ગઈ, એ અભિમાનને જોરે જિંદગી આખી હું એ અંધકારમાં રખડવા તૈયાર છું.

"બાળકો મોટાં થાય એટલે તેઓ માબાપથી અળગાં થાય છે—દૂર જતાં રહે છે. હું પણ એ જ રીતે તારાથી અળગી થઈ છું. દૂર જઈ આંખો ખોલી હું જોઉં છું તો મારે નજીકનું—મારે નજીકનું એવું કોઈ નથી! મને એવું લાગ્યું કે આ ભર્યાભાદર્યા ઘરમાં હું જાણે એકલી અટૂલી રણની વચ્ચે ઊભી છું. બા! હું પૂરું જમું નહિ તો તું તાણ કરી કરીને મને પીરસે છે; મને સખત તાવ ચડી આવે તો તારી આંખો આંસુભીની બની જાય છે. માબાપ બાળકોના શરીરનું જતન કેટલું બધું કરે છે? પણ બાળકોના મનનો વિચાર?—

"ઈશ્વરની પણ જાણે એવી જ મરજી હોય એમ લાગે છે કે બાળકના મનમાં શું ચાલી રહ્યું છે તે માબાપ જાણે નહિ. શરમથી, દબાણથી કે ભયને કારણે બાળકો પોતાની માન્યતાઓ છુપાવ્યા કરે છે! અને બાઈપી ઊતરેલા તથા પ્રભુસેવામાં પરાયણ થવા માગતા સમાજના વડીલો આમ સંતાડવાની રીતને જ નીતિનું નામ આપ્યા કરે છે, અને ભોળાં માબાપો એને સત્ય માની શાંત રહે છે! પણ બીજી બાજુ આ સંતાડાયેલાં મન ગૂંગળામણ અનુભવે છે. એમાંનો મોટો ભાગ જ્યાં હોય ત્યાં જ મૃતપ્રાય બની સૂધબૂધ વીસરી જાય છે; કેવળ મારા સરખી કોઈક છોકરીનું મન—

"બા! આમ લખીને મેં કરેલી ભૂલની હું વકીલાત કરતી નથી, બચાવ પણ કરતી નથી! મારા કશા ગુના વિના જે જે મને ખૂંચ્યું, જે જે દિલમાં ભોંકાયું, એની આમાં કથની છે.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અહીંની ચાર ચોપડી પૂરી કરતાં જ મને બહારગામ ભણવા મોકલવાનો સવાલ ઊભો થયેલો. અપ્પા દસ વરસનો હતો ત્યારે જ તને મૂકીને દૂર ભણવા જતો રહ્યો હતો. એ ભણ્યો ને વકીલ થયો. એનાથી એ જ વરસે હું નાની છું, પણ મારે ઘરમાં જ બેસી રહેવું પડયું. છોકરીને એકલી પરગામ શી રીતે રખાય? ચા બનાવવી અને રોટલી વણવી એ મારી જિંદગીનો આદર્શ ગણાયો!

"જીવનના એ આદર્શમાં પણ હું મારી જાતને તે વેળા ધન્ય માનત. એ ચા મને જિંદગીમાં આનંદ કરાવનારી વ્યક્તિ માટે કરવાની હોત, એ રોટલીઓ 'મને રોટલી! મને રોટલી!' કહી હઠ કરનારાં મારાં બાળકો માટે મારે વણવી પડતી હોત, તો જરૂર મને એટલું દુઃખ ન થાત.

"પંદરમા વરસથી મને પરણવું એટલે શું એ વાત સમજવા લાગી; પણ તમારી નજરે હું બાળક જ હતી! ભલે હું કાળી હતી પણ તે વેળા આજના જેવી જાડી ને વરવી નહોતી થઈ ગઈ. કદાચ તે વેળા કોઈએ મને પસંદ કરી પરણી પણ લીધું હોત! પણ બા, સાચે-સાચું કહું? તે વેળા મને ન પરણાવવામાં તમારો સ્વાર્થ જ હતો! મોટી ભાભી ક્ષયથી પથારીએ હતાં, તેમ બબ્બે વરસે તને સુવાવડ આવતી અને એ ભાંડુ ચાલ્યું જતું. એવે વખતે પંદરસોળ વરસની ઘરનું બધું કામ કરે એવી દીકરીને બહાર મોકલી દેવાનું કોને ગમે?

"પણ એકને લાભ થાય ત્યારે બીજાને નુકસાન જ થાય. મારી બાબતમાં પણ એવું જ બન્યું. મોટી ભાભીનો વખત જાય, માંદગીમાં તેમના મનને જરા શાતા વળે, એટલા સારુ મેં તેમને નવલકથાઓ વાંચી સંભળાવવા માંડી. એ નવલકથાઓમાં ચીતરાયલા પ્રેમપ્રસંગો વાંચતાં વાચતાં મારું મન જાણે બહેર મારી જતું, ઉઘાડી આંખે જાણે સ્વપ્નાં આવતાં. એક જાતની મીઠી મોહક ઝુજારીથી દિલ વારેવારે અસ્વસ્થ બની જતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ દરમિયાન પાંચસાત ઠેકાણેથી મારાં માગાં આવ્યાં, મને જોઈ ગયા, અને એકબે જગ્યાએ તો મને પસંદ પણ કરવામાં આવી. પરંતુ દાયજાની રકમ બહુ મોટી જણાયાથી મોટા ભાઈએ એમને ના સંભળાવી દીધી! મોટા ભાઈને મન અપ્પાને કૉલેજમાં ભણાવવા પૈસા મોકલવા પડતા તેનો સવાલ હતો; કચાંઈકની થોડી જમીન સસ્તામાં મળી જતી હતી તે પણ તેને ખરીદી લેવી હતી. 'ભિખારીની છોકરી પણ પરણી જાય છે તો પછી આપણી તાઈને માટે શા સારુ ચિંતા કરવી?' એ મોટા ભાઈના તે વખતના શબ્દો હું હજુ ભૂલી નથી. ભિખારીની દીકરી ઝટ પરણી શકે છે એ વાત તો સાચી છે; પણ તેનું કારણ એ હોય છે કે તેમને પૈસાદાર જમાઈ શોધવાનો હોતો નથી; ભીખ માગવામાં મદદગાર તરીકે એક કુટુંબીજન વધે એમ ઇચ્છતું તેઓ માને છે!

"આગળ જતાં મોટી ભાભી ગુજરી ગયાં. થોડા દહાડા તને મદદ કરવા બાપુજીએ એક રસોયણ રોકી. ભાઈનાં લગ્ન જલદી ઉકેલી લેવા માટે તેમણે દોડાદોડી કરવા માંડી, પણ મારી વાત સાંભરતી નહોતી! વચગાળાનાં પાંચ વરસમાં મારું શરીર ફૂલ્યે જતું હતું. મારા જેવી કાળી ને વરવી કન્યા કોણ પસંદ કરે? હા, ભારોભાર પરઠણ આપ્યું હોત તો — પણ એવા પૈસા આપવા મોટા ભાઈ ઇચ્છતા નહોતા! ભાભી ગુજરી ગયા પછી તેમણે પેલી મંદિરવાળી બાઈને રાખેલી. એ બાઈને ત્યાંથી મોટા ભાઈ રાત્રે અગિયારબાર વાગે પાછા આવે ત્યારે એમને માટે બારણું ઉઘાડવાનું કામ પણ મારે માથે જ હતું. તમારે સહુને મન હું હજુ બાળક હતી! રખાતને ત્યાંથી પાછા ફરતા મોટા ભાઈને બારણું ઓલી ઘરમાં દાખલ કરાવતી વેળા વીસ વરસની અપરિણીત બહેનના મનમાં કેવાકેવા તરંગો ઊઠતા હશે એનો તમે કોઈએ કદી વિચાર સરખો કર્યો હતો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પેલી રસોયણબાઈને મળવા તેનો એક ભત્રીજો અવારનવાર આવ્યા કરતો. એ કયાંઈક કારકુન હતો. પણ કારકુની કરવા છતાં એના સરખો ઉમદા દિલનો, સશક્ત અને હસતા મોંવાળો જુવાન મેં તો જાણે જોયો જ નહોતો. એ આવતો ત્યારે મારા મનમાં હર્ષની ઊર્મિઓ ઊછળતી! કારણ ન હોય તોપણ તેની ફરતી ફર્યા કરું એમ મને થયા કરતું. પણ એ રસોયણબાઈએ એટલા પરથી સહેજ મારી મશ્કરી કરી, ત્યારે તું તે સહી ન શકી! તું, બાપુજી, મોટા ભાઈ, અપ્પા, બધાં પ્રતિષ્ઠિત અને કુળવાન હતાં! તમે તમારી દીકરી એ કારકુનને આપી હોત તો દીકરી તો સુખી થાત; પણ તમારી પ્રતિષ્ઠામાં પૂળો મુકાત તેનું જ તમને દુઃખ હતું!

"તે પછી અપ્પાનાં લગ્ન થયાં. નાનપણમાં અપ્પાનાં લગ્ન વખતે નાનેરી નણંદી તરીકે મહાલવાના મારે હૈયે કોડ હતા. હું તને અને બાપુજીને ત્યારે વારેવારે પૂછતી પણ ખરી કે અપ્પાનાં લગ્ન જલદી કેમ નથી કરતાં? પણ જ્યારે એનાં લગ્ન ખરેખર થવાનો વારો આવ્યો, તે વેળા મારા મનની સ્થિતિ બદલાઈ ગઈ હતી. નાનકડી નણંદી તરીકે મહાલવાને બદલે મારી આંખે વહેતી ગંગાજમનાનાં જળ છાની રીતે લૂછવામાં જ હું રોકાઈ રહેતી હતી. પરણવાનો જે આનંદ અત્યારે ભાઈ માણવા તૈયાર થયો હતો, એ સુખ મારે માટે સર્જાયું હશે કે કેમ એવી ચિંતા મારા અંતરને કોતરી રહી હતી!

"ઘરમાં નાની ભાભીનાં પગલાં થયાં. એમનો સ્વભાવ તો એવો વહાલસોયો છે! મને તો એમ જ કે એ મારાં ભાભી નથી પણ સગી બહેન જ છે! પણ છતાં એ ભાભી અપ્પાનાં જ હતાં; મારે શું? રાત્રે બાજુના ઓરડામાં એ વરવહુ ગમ્મત કરતાં હોય, હું તો મારા ઓરડામાં ચોધાર આંસુએ રડ્યા કરતી! મને કેમે કરી ઊંઘ આવતી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોઈ કોઈ વાર ઘેર છાપાંઓ પણ આવતાં. એમાં ગાંધીજીની લડતમાં સ્ત્રીઓ પણ જોડાયાની વાતો આવતી. મને પણ આવું કશુંક કરવાનું મન થઈ આવતું. હવે કોઈ મને પરણવા તૈયાર થાય એમ તો હતું નહિ. મને થતું, હું ભલે કાળી અને વરવી હોઉં તોપણ મારી સેવા તો લોકો સ્વીકારશે ના?

"પણ એ બાબતમાં પણ હું સ્વતંત્ર ક્યાં હતી? મામલતદાર આપણે ત્યાં ઉતારો કરે એમાં જ મોટા ભાઈ ખુશીખુશી! અપ્પાને મન વકીલાત અને રૂપાળી પત્નીમાં આખી દુનિયા સમાઈ જતી. તું તારાં વ્રતઉપવાસમાં મશગૂલ ને બાપુજી ગીતાજીના શ્લોકનો કયો અર્થ વધારે સાચો છે એની કડાકૂટમાં તલ્લીન! દેશભક્તિના વિચારો ચારછ મહિના મારા મગજમાં ઘોળાયા કર્યા, પણ આ સ્થાનમાં કોઈ કાયમ રહેવા દે એવું એમને ન લાગતાં એ વિચારો પણ બિચારા ગચ્છન્તિ કરી ગયા!

"મારા માનસિક મૃત્યુની હવે શરૂઆત થઈ. કહેવાય છે કે દુઃખો ભૂલી જવા માટે માનવી દારૂનું વ્યસન સેવતો થાય છે. મેં મારા માટે એક નવી જાતનો દારૂ શોધી કાઢ્યો. વાળ ઓળવામાં કલાકો પસાર કરવા — નજીકમાં જ જરા દેવદર્શને જવું હોય તોપણ એક પછી એક સાડી પહેરી જોઈ કઈ વધારે શોભશે તે જોવું — મારી આ ચેષ્ટાઓ, મારાં એ નખરાં સામે તમે કોઈએ વાંધો પણ ન લીધો. તલસી રહેલા આત્માને ઘેનમાં નાખવા માટે હું આ તરેહનો તેને કેફ પાતી હતી. રાતના બબ્બે વાગ્યા સુધી જાગીને હું નવલકથાઓ વાંચ્યા કરતી; એમાંથી કેટલી ય નવલકથાઓ છેક નિર્માલ્ય જેવી હતી. પણ મારા તરસ્યા જીવને અમૃત મળતું નહોતું એટલે આવું ડોળું પાણી પીને પણ હું મારી પ્યાસ છિપાવતી હતી.

"પિયેર પુત્રીને સ્વર્ગ કરતાં પણ વધારે પ્રિય લાગે છે. પણ મારે મન એ એક અંધારી કોટડી જેવું થઈ ગયું હતું. પણ એમ ગુસ્સે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાથી અગર ચિડાયાથી કદી જીવનના પ્રશ્નોનો ઉકેલ આવે છે?

"આ અરસામાં અપ્પાના મિત્ર પેલા માનસશાસ્ત્રના પ્રોફેસર અને તેમનાં પત્ની આપણે ત્યાં આવી ચડ્યાં! એમનો પરસ્પરનો પ્રેમ દેખીને—બા! તને સાચી વાત કહું? એ સુંદર મીનાને દેખીને—મને મનમાં એવો ભયંકર વિચાર થઈ આવ્યો કે એ બાઈને જો માતા નીકળે અને એનું મોં કદરૂપું બની જાય તો પછી તેના પર પેલા પ્રોફેસર જ્યારે દાઝે બળે ત્યારે કેવી જોવા જેવી ગમ્મત થઈ પડે! ખરેખર, મારામાંથી માણસાઈ પરવારી ચાલી હતી!

"મને મારી જાતનો ભય લાગ્યો. આમ સડ્યા કરવા કરતાં જો ઘર બહાર ચાલી જાઉં તો—તો એક પત્ની તરીકે ભલે ન હોય, માતા તરીકે પણ ભલે ન હોય, પરંતુ એક માનવી તરીકે તો તાઈ જીવતી રહી જ શકશે! અહીં રહ્યાં તો અસલ તાઈ મરી જશે અને તેનું સ્થાન એક જીવતી જાગતી ડાકણ લેશે, એમ હું બરાબર જોઈ શકી. પોતાની જાતના જ ભૂતથી ડરીને મારું મન નાસભાગ કરવા લાગ્યું. છતાં તે ઘર બહાર ડગલું દેતું નહોતું તારી પ્રત્યેની માયા, બાપુજી અને ભાઈઓનું વહાલ, ભાભીના અંતરના ભાવ, અરવિંદના કાલાકાલા બોલ, એ બધું ત્યજીને ચાલી નીકળવું સહેલું નહોતું! પણ જો ઘરમાં જ રહું તો—તો મન સડ્યા કરેતું હતું, અને એ સડાની ભયંકર દુર્ગંધ મગજને બહેરું કરી રહી હતી!

"મીનાબેનના પતિ એક દિવસ વાતવાતમાં જમતી વેળા બોલી ગયા હતા કે દુનિયામાં એકેએક માણસ ચોર હોય છે! એમના એ શબ્દોએ મારામાં અજબ હિંમત આપી. અને બા! તું જ વિચારી જો; આપણે માનવીઓ આપણાં મન બરેબર બીજા પાસે કાયમ ખુલ્લાં કરીએ છીએ બરાં? બાપુજીની પાસેથી જિંદગીભરમાં એક વાત કઢી સંતાડી નથી એમ તું પોતે પણ છાતી ઠોકીને કહી શકીશ બરી? બસ, એમાં બધું સમજી જા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારું મન સડ્યા ન કરે, મારામાં રહેલી માણસાઈ રાક્ષસી-પણામાં ફેરવાઈ ન જાય, તે ખાતર હું આ ઘરનો ત્યાગ કરું છું. મારે માટે તું વિના કારણ કશી ચિંતા ન કરતી. માતાને પોતાના બાળકને સાચવવાની શિખામણ જેમ દેવી જરૂરની નથી, તેમ જ પોતાનું ચારિત્ર્ય કેમ શુદ્ધ રાખવું તે અંગે સ્ત્રીને સમજાવવું પડતું નથી. જિંદગીમાં ક્યાંઈ પ્રેમ સાંપડે તો હું તે મેળવવા જાઉં છું. હું કદરૂપી હોઉં તેથી મેં મારું મન કાંઈ થોડું જ વેચી દીધું છે?

"તને દુઃખી કરવાની લેશ પણ ઇચ્છા ન હોવા છતાં તને દુખ થાય એવું વર્તન હું અત્યારે આચરવા તૈયાર થઈ છું! તમે સહુએ મને સુખી કરવા માટે આજ સુધી આટલી મહેનત કરી પણ હું સુખી થઈ છું? ખરી વાત એમ છે કે જગતમાં હરેક માનવીએ પોતાનું સુખ પોતે જ શોધી લેવું પડે છે.

"બાપુજીના ગુસ્સાનો પાર નહિ રહે. તું એમને સમજાવજે. મને શોધવાની ખટપટમાં કોઈ ન પડશો. મારું ઠેકાણું હું જ તમને લખી જણાવીશ. નાની ભાભીને સંભાર્યાનું કહેજે; વહાલા અરુને મારા વતી એક બચી લેજે.

તારી તાઈ."

"તા૦ક૦ આવડો મોટો લાંબો કાગળ મેં શી રીતે લખ્યો તેની મને જ નવાઈ લાગે છે! નવલકથાના વાચનનો છેવટે આ રીતે ય લાભ મળ્યો ખરો! તાઈ."

પત્ર પૂરો થતાં જ હું પણ સ્તબ્ધ બની ગયો. તાઈની આ કેફિયત માંહેના કેટલાએક મુદ્દાઓ સ્પષ્ટ નહોતા, છતાં એકંદરે બધો દોષ તેને માથે મૂકવાનું મુશ્કેલ હતું.

અપ્પાને સમજાવવાને ઇરાદે હું તેની સાથે વાત કરવા વિચા-રતો હતો ત્યાં જ બારણે ઘંટડી વાગી. બારણું ખોલીને જોઉં તો સામે તાઈ પોતે જ ઊભી હતી! મારી પાછળ તે પણ અંદર આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપ્પાને જોતાં પહેલી વાર તો જરા તે મૂંઝાઈ ગઈ લાગી, પણ તુરત પછી હસીને બોલી: 'ભાઈ! તમે અહીં ક્યાંથી?'

'તું આવી ચડી તેમ હું આવી ચડ્યો!'

'એટલે તું પણ ઘેરથી નાસી આવ્યો છે શું?' પણ તુરત ટેબલ પર પડેલા કાગળ તરફ નજર જતાં જ બોલી ઊઠી: 'ઓહો! તમે બધી વાત જાણી ગયા છો ને શું? હું અહીં પ્રોફેસર સાહેબને એમ કહેવા આવી હતી કે મારા ખુશીખબરના સમાચાર તેઓ તમને લખી જણાવે!'

અને એ શબ્દો પૂરા થતાં જ તે પાછી વળી ગઈ.

અપ્પા એકદમ કૂદકો મારી ઊભો થઈ ગયો ને બરાડી ઊઠ્યો: 'ઊભી રહે, હવે ક્યાં જાય છે?'

'પરેલ જાઉં છું. મને જરાય ફુરસદ નથી. મિલ માંહેની સ્ત્રીઓને હું ભણાવું છું; તેમને લખતાંવાંચતાં શીખવું છું.'

'તાઈ—'

'શું છે?' બારણામાં ઊભાં ઊભાં તેણે પૂછ્યું.

'તાઈ! ઘેર પાછી ચાલ. તું ન આવે તો—'

'તો શું?'

'લોકો નાહક અનેક તર્કકુતર્ક કરશે, ગામમાં ભારે તોફાન ઊભું થશે.'

'ખરું તોફાન તો ક્યારનું શમી ગયું છે—મારા દિલ માંહેનું.' બારણું વાસી લેતાં લેતાં તાઈ બોલી ગઈ.

બાજુના ખંડમાંથી મીનાના સૂર સંભળાતા હતા:

"મન સુદ્ધ તુઝં ગોષ્ટ હાય પૃથિવીમોલાચી!"

[સમાપ્ત]

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ગ્રંથાવલિ

[શરૂઆત સને ૧૯૩૫ થી]

સને ૧૯૪૨

૨૯ છાયાનટ — ર. વ. દેસાઈ ૩-૮
૩૦ રખારણ — રમાકાંત ગૌતમ ૩-૮
૩૧ નીલરેખા — ગુ. આચાર્ય ૪-૦
૩૨ રાધેશ્યામ — રસિકલાલ ત્રેપી ૪-૮

સને ૧૯૪૩

૩૩ રસબિંદુ — ર. વ. દેસાઈ ૨-૦
૩૪ ભીરુ સાથી ૧-૨ — પન્નાલાલ પટેલ ૫-૦
૩૫ બે મિત્રો — ગો. રા. અમીન ૪-૦
૩૬ ક્રૌંચવધ — વિ. સ. ખાંડેકર ૫-૮

સને ૧૯૪૪

૩૭ દરિયાવાટ — ગુ. આચાર્ય ૪-૮
૩૮ યૌવન—૧ — પન્નાલાલ પટેલ ૩-૮
૩૯ યૌવન—૨ — ,, ૩-૮
૪૦ પહાડનાં પુષ્પો (પૂ.) — ર. વ. દેસાઈ ૨-૮

સને ૧૯૪૫

૪૧ અધૂરી વાત — બચુભાઈ શુકલ ૪-૮
૪૨ ઉન્નયન — સુંદરમ્ ૩-૮
૪૩ ઉલ્કા — વિ. સ. ખાંડેકર ૪-૮
૪૪ પહાડનાં પુષ્પો (ઉ.) — ર. વ. દેસાઈ (છપાય છે)

સને ૧૯૪૬

૪૫ ગિરનારને ખોળે — ગુ. આચાર્ય ૪-૦
૪૬ અધૂરું જીવન — બચુભાઈ શુકલ ૫-૮
૪૭ સુલભા — વિ. સ. ખાંડેકર ૪-૮
૪૮ પ્રલય — ર. વ. દેસાઈ (છપાય છે)

સને ૧૯૪૭

૪૯ માનવીની ભવાઈ — પન્નાલાલ પટેલ ૫-૦
૫૦ ઢાળેલાં ઢેયાં — વિ. સ. ખાંડેકર ૩-૮
૫૧ ઝંઝાવાત-૧ — ર. વ. દેસાઈ ૫-૦
૫૨ સૂનાં મંદિર — વિ. સ. ખાંડેકર ૪-૮

ગ્રાહક થવા વિગતવાર યોજના મંગાવો.

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ગ્રંથમણકો

આનંદ ગ્રંથાવલિ

આ ગ્રંથાવલિનાં શરૂઆતનાં ચાર પુસ્તકો મેસર્સ વોરા ઍન્ડ કંપનીએ પ્રગટ કર્યાં હતાં. તે પછી એ આખી યોજના અમે ઉપાડી લઈ ચાલુ રાખી છે

ગ્રંથાવલિનાં પ્રગટ થયેલાં પુસ્તકો

૧	શ્રાવણી મેળો	ઉમા૦ ત્રેશી	૧-૮	૧૪ મળેલા જીવ	પન્નાલાલ ૪-૦
૨	હીરાકણી	સુંદરમ્	૧-૮	૧૫ ઊભી વાટે	ગુ. બ્રોકર ૩-૮
૩	ત્રણ અધુરી	એ ઉમા૦ ત્રેશી	૧-૮	૧૬ વળામણાં	પન્નાલાલ ૨-૦
૪	કલ્યાણયાત્રા	દર્શક	૧-૮	૧૭ ત્રિપુટી	ગો. રા. અમીન ૨-૮
૫	સુખદુઃખના સાથી	પ૦ પટેલ	૩-૮	૧૮ જગતના મંદિરમાં	આચાર્ય ૪-૮
૬	આશાવરી	રમાકાંત ગૌતમ	૨-૮	૧૯ રૂપાં	બચુભાઈ શુકલ ૩-૦
૭	વીરાંગનાની વાતો-૨	અ૦ ઠા૦	૪-૦	૨૦ પાનેતરના રંગ	પન્નાલાલ ૩-૮
૮	ધરતીની ઝુરણ	બકુલેશ	૨-૮	૨૧ ભદ્રા	નાથાલાલ દવે ૩-૮
૯	રંગનાં ચટકાં	ગો.રા.અ૦	૧-૪	૨૨ દિનરાત	સ્વપ્નસ્થ ૪-૦
૧૦	ચોરાની વાતો	મયુર	૨-૮	૨૩ નવોઢા	ચિનુભાઈ પટવા ૩-૮
૧૧	પરબનાં પાણી	મુ૦ ઠાકુર	૨-૮	૨૪ સૂરતી રસથાળ	સૌ. સગુણા ૫-૦
૧૨	કાટનાં માળખાં	૨૦ ત્રિવેદી	૩-૮	૨૫ માડીજાયો	ગો. રા. અમીન ૨-૮
૧૩	ચમેલી	ભો. દ્વિવેદિયા	૨-૮	૨૬ જૂનું અને નવું	,, ૨-૮
				૨૭ ત્રિવિધ તાપ	ગો. રા. અમીન ૨-૦-૦

વિરાટ ગ્રંથાવલિ

આ ગ્રંથાવલિનાં છેલ્લાં બાર પુસ્તકો

૪૯	સાગરકથાઓ	હું. ધ. સંપટ	૪-૦	૫૫ અપ્સરા ખંડ-૩	ર. વ. દેસાઈ ૫-૦
૫૦	ઊર્મિ અને વિચાર	૨ દેસાઈ	૪-૦	૫૬ ગોરા ભાગ-૧લો	ટાગોર ૫-૦
૫૧	જીવનસ્વપ્ન	'સુધીર'	૪-૮	૫૭ ગોરા ભાગ-૨જો	,, ૪-૮
૫૨	દીનાનાથ	ર. ધી. શાહ	૪-૮	૫૮ ગુલાબ અને કંટક	ર. વ. દેસાઈ ૫-૦
૫૩	મારી જન્મટીપ	પૂ. સાવરકર	૪-૦	૫૯ અમે બધા	દવે અને મહેતા ૫-૦
૫૪	મારી જન્મટીપ	ઉ. સાવરકર	૫-૦	૬૦ અપ્સરા ખંડ-૪	ર. વ. દેસાઈ ૪-૮

આ ગ્રંથાવલિની યોજના માટે વિગતવાર સૂચિપત્ર વંચાવો.
ગ્રાહક થવા માટે લખો

આર. આર. શેઠની કંપની : : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar